॥ अर्हं ॥

# પરમેષ્ઠિ નમસ્કાર

—: લેખક :—

પૂ. પંન્યાસજી મહારાજ—

શ્રી ભદ્રંકરવિજયજી ગણી.

ઝવેરી નવીનચંદ્ર ચીમનલાલ તરફથી

ભેટ.

'જ્ઞાની બનવું હોય તો તમે નવકારના શરણે જાઓ, લયલીન બનો. ચૌદ પૂર્વના સાર નવકારમાં જે પ્રયત્ન કરે છે, તે જ ચૌદ પૂર્વોનાં રહસ્યોને સમજવા લાયક બને છે.'

卐

'હે પરમ મંગલ નવકાર! તારા શરણે આવેલો હું એ માગું છું કે તારા અચિંત્ય પ્રભાવથી નિયમિત, અખંડ રીતે, ઉત્સાહથી અને એકાગ્રતા સાથે તને આરાધવાનું સામર્થ્ય મારામાં પ્રગટો! મને બીજું કશું જ જોઈતું નથી.'

卐

'તમને જોઈતી વસ્તુઓ માટે તમે તે વસ્તુઓ તરફ ન દોડો; નવકારને તે વસ્તુઓ તમારી પાસે લાવવા દો: તમે તો કેવળ નવકારનું સ્મરણ જ કરો!'

શ્રી

# પરમેષ્ઠિ-નમસ્કાર

[શ્રી નવકારમહામંત્ર]

લેખક
પૂ. પંન્યાસજી મહારાજ
**શ્રી ભદ્રંકર વિજયજી ગણી**

卐

ઝવેરી નવીનચંદ્ર ચીમનલાલ તરફથી ભેટ

પ્રકાશકો:-
શા. નવીનચંદ્ર ચીમનલાલ ઝવેરી ૫૦૦
સોમચંદ ડી. શાહ ૫૦૦

પ્રથમાવૃત્તિ - ૧૦૦૦
વિ. સં. ૨૦૧૪ પર્યુષણાપર્વ

મુદ્રક-જીવણલાલ પુરૂષોત્તમદાસ પટેલ
શ્રી ઉત્કૃષ્ટ મુદ્રણાલય
ગાંધીરોડ-પુલ નીચે અમદાવાદ.

ઝવેરી ચીમનલાલ મગનલાલનાં ધર્મપત્ની



અ. સૌ. શ્રીમતી માણેકબેન.

# નિવેદન

'પરમેષ્ઠિ નમસ્કાર' નામનું આ પુસ્તક પ્રસિદ્ધ કરીને બહાર પાડતાં અમને આનંદ થાય છે. આ પહેલાં 'પ્રતિમા પૂજન' નામનું એક પુસ્તક પૂજ્ય પંન્યાસજી મહારાજશ્રીનું લખેલું **તપસ્વી મુનિ શ્રી ચંદ્રાનન વિજયજી** (અમારા પૂજ્ય પિતાશ્રી)ની ભાગવતી દીક્ષાના સ્મરણાર્થે અમે બહાર પાડયુ હતું અને તેનો ઘણો સારો લાભ લેવાયો હતો. આ પુસ્તક અમારાં પૂજ્ય માતુશ્રી માણેકબ્હેને કરેલા વિવિધ તપોના ઉદ્યાપન નિમિત્તે **પૂજ્ય પંન્યાસજી શ્રી ભદ્રંકરવિજયજી** મહારાજના હાથે જ તૈયાર કરાવીને બહાર પાડતાં અમને અતિશય આનંદ થાય છે. 'પ્રતિમા પૂજન'ની જેમ જ આ પુસ્તકનો પણ ભાવુક આત્માઓ સારો લાભ ઉઠાવશે, એવી અમે આશા રાખીએ છીએ.

ચાલુ સાલના વૈશાખ માસમાં મુનિ સંમેલન પ્રસંગે એકત્ર થયેલા પૂ. આચાર્યદેવો આદિ મુનિવરોના મોટા સમુદાયનો લાભ મળે એ ઉદ્દેશથી અમારા પૂજ્ય (સંસારી) પિતાશ્રીએ અને માતુશ્રીએ કરેલી અનેકાનેક તપશ્ચર્યાનું ઉદ્યાપન કરવાનો પવિત્ર મનોરથ અમારા અંતઃકરણમાં જાગવાથી તેને સફળ કરવા માટે નીચે મુજબ શ્રી સંઘ આમંત્રણ પત્રિકા કાઢવામાં આવી હતી.

# શ્રી વિવિધ તપશ્ચર્યાઓની મંગલ આરાધના નિમિત્તે ઉદ્યાપન તથા અષ્ટાન્હિકા મહોત્સવ પ્રસંગે

# શ્રી સંઘ આમંત્રણ પત્રિકા

**वृक्षो यथा दोहदपूरणेन, कायो यथा षड्रसभोजनेन ।**
**यथोक्तशोभां लभते यथोक्ते-नोद्यापनेनैव तथा तपोऽपि ॥**

સ્વસ્તિ શ્રી..............નગરે જિનધર્મોપાસક શ્રેષ્ઠિવર્ય ......................આદિ સકળસંઘની સેવામાં અમદાવાદથી લી. રસિકલાલ ચીમનલાલ ઝવેરી તથા નવીનચંદ્ર ચીમનલાલ ઝવેરીના જયજિનેન્દ્ર વાંચશો.

જણાવતાં હર્ષ થાય છે કે અમારાં પૂ. માતુશ્રી અ. સૌ. માણેકબેને શ્રીજ્ઞાનપંચમીતપ, શ્રીવીશસ્થાનકતપ, શ્રી વર્ધમાનતપની ૨૪ ઓળી, શ્રીઉપધાનતપ વગેરે કલ્યાણકારી અનેક તપ આરાધ્યાં છે તથા અમારા પૂ. પિતાશ્રી ચીમનલાલ મગનલાલ ઝવેરીએ (હાલ પૂ. તપસ્વી મુનિરાજ શ્રી ચંદ્રાનનવિજયજી મહારાજે) ઉપર્યુક્ત તપ ઉપરાંત સંયમજીવનમાં ૬૦ થી ૭૦. અઠ્ઠાઈઓ: નવ, દસ, સોળ ઉપવાસની તપશ્ચર્યાઓ; સિદ્ધિતપ, ચત્તારી-અઠ્ઠ-દસ-દોય તપ, પાંચ વર્ષીતપ છઠ્ઠથી, એક વર્ષીતપ ઉપવાસથી, ચાર ચોમાસામાં ક્રમશઃ ઉપવાસને પારણે આયંબીલ, છઠ્ઠને પારણે આયંબિલ, અઠ્ઠમને પારણે આયંબિલ અને ચાર ઉપવાસને પારણે આયંબિલ, એ રીતે દરેક ચોમાસામાં ચાર માસ અખંડ તપ; દોઢમાસી, અઢીમાસી, છમાસીતપ, ૬૮ વર્ધમાનતપની ઓળીઓ, કાયમ નવપદની ઓળીઓ અને પ્રત્યેક પદના અક્ષરો પ્રમાણે ઉપવાસ કરીને શ્રીનવકાર મહામંત્રની આરાધના વગેરે આકરી અને કઠીન તપશ્ચર્યાઓ નિર્વિઘ્ને આરાધી છે. તેના હાર્દિક અનુમોદનરૂપે શ્રી

ઉદ્યાપન તથા શ્રી શાંતિસ્નાત્ર સહિત અષ્ટાહ્નિકા મહોત્સવ ઉજવવાનો અમોએ નિર્ણય કર્યો છે.

સંઘસ્થવિર વયોવૃદ્ધ પૂ. આ. દે. શ્રીવિજય સિદ્ધિસૂરીશ્વરજી મહારાજ, પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ, પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ, પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ આદિ આચાર્ય મહારાજાઓ, પ. પૂ. પન્યાસજી શ્રીમદ્ ભદ્રંકરવિજયજી ગણિવર (અમારા સંસારી પિતાશ્રીના ગુરૂજી) તથા પૂ. તપસ્વી મુનિશ્રી ચંદ્રાનન વિજયજી મ. આદિ મુનિવરોના સાનિધ્યમાં શુભ અવસરે અમોને આ પ્રસંગ યોજતાં અત્યંત આનંદ થાય છે.

## —: ઉત્સવનો કાર્યક્રમ :—

વૈશાખ વદ ૬ શુક્રવાર નવપદજીની પૂજા.
,, વદ ૭ શનિવાર પંચજ્ઞાનની પૂજા.
,, વદ ૮ રવિવાર શ્રી કુંભસ્થાપના તથા બારવ્રતની પૂજા.
,, વદ ૯ સોમવાર અંગરચના.
,, વદ ૧૦ મંગળવાર બપોરે ૨ વાગે બહેનો પૂજા ભણાવશે.
,, વદ ૧૧ બુધવાર નવગ્રહ પૂજન.
,, વદ ૧૨ ગુરૂવાર શ્રીશાન્તિસ્નાત્ર ૧૨-૧૫ વાગે.
,, વદ ૧૩ શુક્રવાર સત્તરભેદી પૂજા.

મહોત્સવના આઠે દિવસોએ પ્રભુજીને સુંદર અંગરચના થશે તો આપ સર્વેને પૂજા, ભાવના અને પ્રભુદર્શનનો લાભ લેવા અમારી આગ્રહભરી વિનંતી છે.

ક્રિયા કરાવવા માટે જૈન વિદ્યાશાળાની ટોળી આવશે.

તા. ૧-૫-૫૮ વિ. સં. ૨૦૧૪, વૈશાખ સુદ ૧૩

એ મુજબ આમંત્રણ આપીને ઉદ્યાપન મહોત્સવ કર્યો હતો.

અમને જણાવતાં હર્ષ થાય છે કે ઉદ્યાપન તથા અષ્ટાન્હિકા મહોત્સવનો સારી રીતે લાભ લેવાયો હતો. વિશાળ મુનિ સમુદાય તથા શ્રાવક સમુદાયો નિત્ય ઉજમણાનાં તથા અંગરચનાથી ભૂષિત શ્રી પ્રભુજીનાં દર્શન માટે પધારતા હતા. પૂજાઓમાં તથા શ્રીશાન્તિસ્નાત્રમાં પૂ૦ આચાર્ય ભગવંતો આદિ વિશાળ મુનિ મંડળે પધારી અમારા ઉત્સાહમાં તથા શાસનની શોભામાં ઘણી વૃદ્ધિ કરી હતી.

જ્ઞાનભક્તિ માટેની અમારી ઉત્કંઠા પૂર્ણ કરવા માટે પૂ. મહારાજશ્રીનો અમે આભાર માનીએ છીએ તથા તે ઉદ્યાપનની પૂર્તિ રૂપે આ પુસ્તક છપાવીને ભવ્ય આત્માઓના કરકમલમાં સમર્પણ કરતાં અમે સવિશેષ આનંદ અનુભવીએ છીએ.

ઝવેરી પોળ, ઝવેરીવાડ.<br>
અમદાવાદ, વિ. સં. ૨૦૧૪<br>
દ્વિ. શ્રાવણ સુદ ૧૫ શુક્રવાર.

લી. નવીનચંદ્ર ચીમનલાલ<br>
ઝવેરી

# પ્રાસ્તાવિકમ્

'પરમેષ્ઠિ નમસ્કાર' નામના આ પુસ્તકમાં નમસ્કાર સંબંધી-કેટલાક અગત્યના વિચારોનો સંગ્રહ છે. શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કાર એ શ્રી જૈનશાસનનું અણમોલું રત્ન છે. ઘરમાં આગ લાગે ત્યારે બુદ્ધિમાન મનુષ્ય જેમ બીજી બધી વસ્તુઓનો ત્યાગ કરીને સઘળી આપત્તિઓનો પાર પમાડવામાં સમર્થ એવા એક જ મહારત્નને ગ્રહણ કરે છે, તેમ શાસ્ત્રો કહે છે કે ધીરબુદ્ધિવાળા અને ઉત્તમલેશ્યાવાળા સાત્વિક પુરૂષો સર્વ નાશના સમયે અનન્ય શરણ્ય દ્વાદશાંગના રહસ્યભૂત એવા આ એક જ 'પરમેષ્ઠિ નમસ્કાર' રૂપી મહારત્નને ગ્રહણ કરે છે. પરમેષ્ઠિ નમસ્કારરૂપ ભાવરત્નનું મૂલ્ય સમજવું ઘણું કઠીન છે. એને સમજવા માટે જેટલું વિચારાય અને લખાય તેટલું ઓછું છે. કેવળ શબ્દો અને વિચારો વડે જ તેનુ માપ કાઢવું દુષ્કર છે. એનું મૂલ્ય સમજાવવા માટે શાસ્ત્રકાર ભગવંતોને પણ ઉપમાઓ અને રૂપકોનો આશ્રય લેવો પડ્યો છે. જેમ કે પાપરૂપી પર્વતને ભેદવા માટે વજ્રસમાન, કર્મરૂપી વનને બાળવા માટે દાવાનલસમાન, દુઃખરૂપી વાદળોને વિખેરવા માટે પ્રચંડ પવનસમાન, મોહરૂપી દાવાનલને શાંત કરવા માટે નવીન મેઘસમાન, અજ્ઞાનરૂપી અંધકારને ટાળવા માટે મધ્યાહ્નના સૂર્યસમાન, કલ્યાણરૂપી કલ્પવેલડીના અવંધ્ય બીજસમાન, દારિદ્રય રૂપી કંદને જડ

મૂળથી ઉખેડવા માટે વરાહની દાઢાસમાન, સમ્યક્ત્વરૂપી રત્નને ઉત્પન્ન થવા માટે રોહણાચલની ધરતી સમાન, વગેરે અનેક ઉપમાઓ વડે 'પરમેષ્ઠિ નમસ્કાર'ને શાસ્ત્રકારોએ બિરૂદાવ્યો છે-તેને ઓળખાવાવા માટે પ્રયાસ કર્યો છે. શ્રી નવકાર-ફળ-પ્રકરણમાં કહ્યું છે કે-

" किं एस महारयणं, किं वा चिंतामणिव्व नवकारो ।
किं कप्पदुमसरिसो, नहु नहु ताणं त्रि अहियपरो ॥१॥"

'પરમેષ્ઠિ નમસ્કાર' એ શું મહારત્ન છે! અથવા ચિંતામણિ સમાન છે? અથવા કલ્પવૃક્ષ સમાન છે? નહિ, નહિ! એ તો તે સૌથી પણ અધિકતર છે. ચિંતામણિ રત્ન અને કલ્પતરૂ વગેરે એક જ જન્મમાં સુખના હેતુ છે, જ્યારે શ્રેષ્ઠ એવો નવકાર તો સ્વર્ગાપવર્ગને આપનારો છે.

રૂપકો અને ઉપમાઓ વડે 'પરમેષ્ઠિ નમસ્કાર' નો મહિમા કાંઈક અંશે બુદ્ધિગોચર થાય છે, તો પણ તેનો ખરો મહિમા સમજવાનું એકનું એક સાધન તો તેની વિધિયુક્ત અખંડ આરાધના છે. શ્રી મહાનિશીથસૂત્રમાં તે વિધિ બતાવતાં કહ્યું છે કે—

" तिविहकरणोवउत्तो, खणे खणे सीलसंजमुज्जुत्तो ।
अविराहिअवयनियमो, सो विहु अइरेण सिज्झेज्जा ॥१॥"

ત્રણ કરણોથી ઉપયોગવાળા થઈને, પ્રતિક્ષણ શીલ અને સંયમમાં ઉદ્યમી રહીને તથા વ્રત અને નિયમોનું અખંડ પાલન કરીને જે શ્રી તીર્થંકરોનું નામ ગ્રહણ કરે છે, તે જીવ અલ્પકાળમાં સિદ્ધિગતિને પામે છે. (૧)

પરમેષ્ઠિ નમસ્કારનો ખરો પ્રભાવ તેની સાધનાથી પ્રાપ્ત થાય છે, તો પણ તે સાધનામાં ઉત્સાહિત થવા માટે તેના શાબ્દિક પરિચયની અપેક્ષા રહે છે અને તે માટે ઉપમાઓ, રૂપકો તથા અલંકારોની પણ આવશ્યકતા રહે છે. તે બધી વસ્તુઓ વિચાર કરવામાં પ્રેરે છે, શાસ્ત્રોમાં એને અનુપ્રેક્ષા સ્વાધ્યાય કહેલો છે. અનુપ્રેક્ષા સ્વાધ્યાયને રત્નશોધક અનલની ઉપમા આપવામાં આવી છે. રત્નને પ્રાપ્ત થએલો અગ્નિ જેમ રત્નના મળને બાળી નાંખી શુદ્ધિને પેદા કરે છે, તેમ આત્મરત્નને પ્રાપ્ત થએલો અનુપ્રેક્ષારૂપી અગ્નિ કર્મમલને બાળી નાંખી આત્મશુદ્ધિને પેદા કરે છે. અનુપ્રેક્ષા વિચાર-સ્વરૂપ છે. જોયેલા, સાંભળેલા, અને અનુભવેલા પદાર્થો ઉપર ફરી ફરી વિચાર કરવો, ચિંતન કરવું, એનું નામ અનુપ્રેક્ષા છે. એથી જ્ઞાન પરિપક્વ થાય છે, પ્રતીતિ દૃઢ થાય છે. પ્રતીતિ પૂર્વકનું દૃઢ જ્ઞાન સંવેગ અને વૈરાગ્યની વૃદ્ધિ કરે છે તથા ચિત્તવૃત્તિને કૈવલ્ય અને મોક્ષ તરફ વાળે છે.

'પરમેષ્ઠિ નમસ્કાર' પરની અનુપ્રેક્ષામાં એ બધા ગુણો રહેલા છે. ઉપરાંત કુતર્કોથી ઉત્પન્ન થતા મિથ્યા-વિચારોને ભગાડી દેવાનું પણ એનામાં સામર્થ્ય છે. એથી એના પઠન, પાઠન, શ્રવણ, મનન, પ્રતિપ્રત્તિ, સ્વીકાર વગેરેમાં મન લાગે છે; તેના જાપ, ધ્યાન વગેરેમાં પ્રવૃત્તિ થાય છે; અનુક્રમે સ્થિરતા આવે છે અને સિદ્ધિ મળે છે. સિદ્ધિ માટે સ્થિરતા જોઇએ, સ્થિરતા માટે પ્રવૃત્તિ જોઇએ અને પ્રવૃત્તિ માટે ઇચ્છા જોઇએ. એ ઇચ્છા પેદા કરવાનું

સામર્થ્ય અનુપ્રેક્ષા સ્વાધ્યાયમાં રહેલું છે. એકની એક વાતનો પુનઃ પુનઃ શાસ્ત્રાનુસારી વિચાર કરવાથી કુતર્કોનું બળ ઘટી જાય છે તથા ઈચ્છા અને પ્રવૃતિમાં પ્રતિબંધક કુવિકલ્પો શમી જાય છે.

'પરમેષ્ઠિ નમસ્કાર'ના મૂળમાં 'ગુણરાગ' રહેલો છે. ગુણરાગ એ ગુણહીન જીવોની ઉન્નતિમાં મુખ્ય હેતુ છે. જ્યાં સુધી જીવમાં દોષ રહેલા છે, ત્યાં સુધી તે દોષોમાંથી મુક્ત થવા માટે જેમ તેની પુનઃ પુનઃ નિન્દા અને ગર્હા આવશ્યક છે, તેમ જ્યાં સુધી જીવમાં ગુણોનો અભાવ છે, ત્યાં સુધી તે ગુણોની પ્રાપ્તિ માટે ગુણસ્તુતિ અને ગુણ-પ્રશંસા પણ તેટલી જ જરૂરની છે. દોષોના સેવનમાં શાસ્ત્રકાર મહર્ષિઓએ જે પ્રાયશ્ચિત બતાવ્યું છે, તેના કરતાં દોષોનું સેવન કર્યા બાદ તેની નિંદા, ગર્હા, આલોચના કે પ્રાયશ્ચિત નહિ કરનારને તે ઘણું વધતું જાય છે, અનતંગુણું પણ બની જાય છે. એ જ નિયમ ગુણોના વિષયમાં પણ લાગુ પડે છે. કોઈ ગુણ જીવમાં ન હોવો એ તેટલું દોષ પાત્ર નથી, જેટલું પોતામાં ગુણ ન હોવા છતાં જે ગુણવાન છે, તેની સ્તુતિ કે પ્રશંસા, વિનય કે ભક્તિ નહિ કરવામાં દુષ્ટતા–દોષપાત્રતા રહેલી છે. એ કારણે દોષના પ્રતિક્રમ-ણની જેમ ગુણોની સ્તુતિને પણ શાસ્ત્રકારોએ એક આવશ્યક કર્તવ્ય તરીકે પ્રબોધેલ છે. ગુણ સ્તુતિ વિના નિર્ગુણતા નિવારણનો બીજો કોઈ ઉપાય શાસ્ત્રકારોએ જોયો નથી. જ્યાં સુધી ગુણસ્તુતિના માર્ગે જીવ વળે નહિ, ત્યાં સુધી

નિર્ગુણઅવસ્થામાંથી મુક્તિ મળવાની આશા આકાશ-કુસુમવત્ છે.

'પરમેષ્ઠિ નમસ્કાર' એ ગુણ સ્તુતિરૂપ છે. સ્તુતિ ગુણવાનની જ હોય. પંચપરમેષ્ઠિ પરમ ગુણવાન છે, તેથી તેમની સ્તુતિરૂપ 'પરમેષ્ઠિ નમસ્કાર' ઉત્કૃષ્ટ મંત્રરૂપ બને છે. સુવિહિત શિરોમણિ આચાર્ય ભગવંત શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ દેવતાની સ્તુતિને વિશિષ્ટ મંત્રરૂપ કહે છે.

"जपः सन्मंत्रविषयः, स चोक्तो देवतास्तवः ।
दृष्टः पापापहारोऽस्माद्विषापहरणं यथा ॥१॥"

**અર્થ**:-જેમ તથાપ્રકારના મંત્રોથી વિષાપહાર થાય છે, તેમ દેવતાની સ્તુતિરૂપ સન્મંત્રોથી પાપનો અપહાર થાય છે. (યોગબિન્દુ શ્લોક-૩૮૧)

'પરમેષ્ઠિ નમસ્કાર' એ ત્રણે કાળ અને ત્રણે લોકમાં થઈ ગએલા, થઇ રહેલા, અને ભવિષ્યમાં થનારા મહર્ષિઓને પ્રણામરૂપ હોવાથી પરમ સ્તુતિરૂપ છે અને તેથી જ મહામંત્રરૂપ પણ છે. તેનાથી સર્વ પાપનો સર્વથા નાશ થાય છે. એટલું જ નહિ, તેનાથી સર્વ કાળ અને સર્વ લોકના સર્વ મહર્ષિઓનો અનુગ્રહ પ્રાપ્ત થાય છે. સાથે જ તેમના પર પરમ ભક્તિભાવને ધારણ કરનારા ચારે નિકાયના દેવો અને દેવેન્દ્રો, અસુરો અને અસુરેન્દ્રો, વિદ્યાધરો અને નરેન્દ્રોનો પણ અનુગ્રહ પ્રાપ્ત થાય છે. પાંચે પ્રકારના ભૂતો અને સમગ્ર સચરાચર સૃષ્ટિ અનુકુળતાને ધારણ કરનારી બને છે. ગુણ સ્તુતિનું આ ઉત્કૃષ્ટ ફળ છે.

ગુણરાગનો પ્રભાવ વર્ણવતાં સકલ સિદ્ધાંતવેદી મહોપાધ્યાય શ્રી **યશોવિજયજી** મહારાજ ફરમાવે છે કેઃ-

"**गुणी च गुणरागी च, गुणद्वेषी च साधुषु ।**
**श्रूयन्ते व्यक्तमुत्कृष्टमध्यमाऽधमबुद्धयः ॥१॥**
**ते च चारित्रसम्यक्त्वमिथ्यादर्शनभूमयः ।**
**अतो द्वयोः प्रकृत्यैव, वर्तितव्यम् यथाबलम् ॥२॥**"

**અર્થ:**-ગુણી, ગુણરાગી અને ગુણદ્વેષી, ત્રણ પ્રકારના મનુષ્યો હોય છે. શાસ્ત્રમાં તેને અનુક્રમે ઉત્કૃષ્ટ, મધ્યમ અને અધમબુદ્ધિવાળા કહ્યા છે. તેઓ અનુક્રમે ચારિત્ર, સમ્યક્ત્વ અને મિથ્યાત્વની ભૂમિકા પર રહેલા છે. માટે પ્રથમની બે ભૂમિકા માટે શક્તિ મુજબ પ્રયત્નશીલ રહેવું જોઇએ (૧-૨)

સ્વયં ગુણી એ ચારિત્રવાન્ છે, માટે ઉત્કૃષ્ટ છે. ગુણરાગી એ સમ્યક્ત્વવાન્ છે, માટે મધ્યમ છે.. ગુણદ્વેષી એ મિથ્યાદૃષ્ટિ છે, માટે અધમ છે. પોતાનામાં અધમતા ન આવી જાય તે ખાતર ગુણવાન ન બની શકાય તો પણ ગુણરાગી તો રહેવું જ જોઇએ. ગુણરાગી આત્મા ગુણવાન ન હોવા છતાં ગુણસ્તુતિ અને ગુણપ્રશંસાના યોગે સમ્યક્ત્વવાન્ રહી શકે છે. 'પરમેષ્ઠિ નમસ્કાર' એ ગુણ સ્તુતિ અને ગુણરાગરૂપ હોવાથી સમ્યક્ત્વની ભૂમિકાને ટકાવી રાખનાર છે, તેથી પ્રત્યેક સમ્યગ્દૃષ્ટિ જીવોનો તે આધાર છે, પ્રાણ છે, આશ્રય છે, પરમ આલંબન છે.

સ્તુતિકાર શ્રી સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી એક સ્થળે ફરમાવે છે કે—

" त्वं मे माता पिता नेता, देवो धर्मो गुरुः परः ।
प्राणाः स्वर्गोऽपवर्गश्च, सत्त्वं तत्त्वं मतिर्गतिः ॥१॥"

'હે ભગવન્! તું મારે માટે ઉત્કૃષ્ટ માતા છે, પિતા છે, નેતા છે, દેવ છે, ધર્મ છે, ગુરુ છે, પ્રાણ છે, સ્વર્ગ છે, અપવર્ગ છે, સત્ત્વ છે, તત્ત્વ છે, મતિ છે અને ગતિ છે. (૧)

સમ્યગ્દૃષ્ટિ આત્મા માટે ગુણરાગ એ મુખ્ય ચીજ છે. તેના વિના એનું આંતરજીવન-અંતરાત્મભાવ ક્ષણવાર પણ ટકી શકતો નથી. 'પરમેષ્ઠિ નમસ્કાર' એ ગુણરાગ અને ગુણસ્તુતિરૂપ હોવાથી સર્વ લોકમાં રહેલા સર્વ સમ્યગ્દૃષ્ટિ આત્માઓનો તે શ્વાસ છે. શ્વાસની જેમ સર્વ સમ્યગ્દૃષ્ટિ આત્માઓ તેને કંઠને વિષે ધારણ કરે છે. સમ્યક્ત્વની ભૂમિકા ટકાવી રાખવા માટે તે અનિવાર્ય છે.

ત્રણ પ્રકારના આત્માનાં લક્ષણો બતાવતાં શ્રી અધ્યાત્મસાર પ્રકરણના યોગાનુભવ અધિકારમાં કહ્યું છે કે—

" विषयकषायावेशः, तत्त्वाऽश्रद्धा गुणेषु च द्वेषः ।
आत्माऽज्ञानं च यदा, बाह्यात्मा स्यात्तदा व्यक्तः ॥१॥"

**અર્થ**:-વિષય કષાયનો અભિનિવેશ, તત્ત્વની અશ્રદ્ધા, ગુણનો દ્વેષ અને આત્માનું અજ્ઞાન, એ બહિરાત્માનું લક્ષણ છે.

આથી નક્કી થાય છે કે—ગુણદ્વેષ ટળ્યા વિના બહિરાત્મભાવ જતો નથી. અને અંતરાત્મભાવ આવતો નથી.

ચતુર્થ ગુણસ્થાનકથી માંડી બારમા ગુણસ્થાનકની પ્રાપ્તિ સુધીની અવસ્થા અંતરાત્મભાવની અવસ્થા છે. એમાં સમ્યક્ત્વ, વિરતિ, અપ્રમાદ અને શ્રેણિનું આરોહણ અંતર્ભાવ પામે છે. ક્ષપક શ્રેણિના અંતે પરમાત્મભાવ પ્રાપ્ત થાય છે. કેવળજ્ઞાન, યોગનિરોધ, કર્મનાશ અને સિદ્ધિનિવાસ, એ પરમાત્મભાવનાં લક્ષણો છે. એ રીતે ગુણરાગ પરમાત્મ-ભાવનું બીજ બની જાય છે.

'પરમેષ્ઠિ નમસ્કાર' એ ગુણરાગનું પ્રતીક છે. એનાથી ગુણરાગ ન હોય તો જાગે છે અને હોય તો વધે છે. અંતરાત્મભાવને લાવનાર, તેને ટકાવનાર, વધારનાર અને છેવટે પરમાત્મભાવ સુધી પહોંચાડનાર 'પરમેષ્ઠિ નમસ્કાર' છે. તેથી માર્ગાનુસારીની ભૂમિકાથી માંડી સર્વ સમ્યગ્દૃષ્ટિ, દેશ-વિરતિ અને સર્વવિરતિધર જીવોનું 'પરમેષ્ઠિ નમસ્કાર' એ પરમ આવશ્યક કર્તવ્ય થઈ પડે છે. ધર્મના પ્રારંભથી અંત સુધી પ્રત્યેક ધર્માર્થી આત્માની ઉન્નતિમાં તે પરમ સહાયક થઈ પડે છે. એથી જ પૂ. ઉપાધ્યાયજી મહારાજે કહ્યું છે કે—

'સવિ મંત્રમાં સારો, ભાખ્યો શ્રી નવકાર;
કહ્યા ન જાયેરે એહના, જેહ છે બહુ ઉપકાર.' (૧)

શ્રી નવકાર એ સર્વ મંત્રમાં સારભૂત છે. એના ઉપકાર એટલા બધા છે કે તે વાણીથી વર્ણવી શકાય તેમ નથી.

તેના ઉપર જેટલો વધુ વિમર્શ થાય, જેટલી વધુ અનુપ્રેક્ષા થાય, તેટલી એકાંત હિતકર છે. એમ માનીને

જુદા જુદા પ્રસંગોએ પરમેષ્ઠિ નમસ્કાર ઉપર જુદા જુદા વિચારો સ્ફુર્યા, તેને લિપિબદ્ધ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. જે જે ગ્રન્થ, સાહિત્ય કે લખાણના વાંચનથી આ લખવામાં પ્રેરણા મળી હોય, તે સર્વ ગ્રન્થકારો અને લેખકો પ્રતિ કૃતજ્ઞતા ભાવ દર્શાવીએ છીએ અને સિદ્ધાંતથી વિરૂદ્ધ જે કાંઇ લખાયું હોય, તેનો મિચ્છામિ દુક્કડં દેવા-પૂર્વક આ લઘુ પ્રસ્તાવના પૂરી કરીએ છીએ.

**નવાડીસા**
વિ. સં. ૨૦૧૪, પ્ર૦ શ્રાવણ સુદી ૧.
ગુરૂવાર, તા. ૧૭-૭-૧૯૫૮.

**પં. ભદ્રંકરવિજયગણી**

卐 卐 卐

# પરિચય

**પરમેષ્ઠિ નમસ્કાર** નામના આ પુસ્તકમાં એકંદર જુદા જુદા વિષયોને આશ્રીને પરમેષ્ઠિ નમસ્કાર મહામંત્રના મહિમાને સમજાવનારા લેખોનો સંગ્રહ છે. પ્રાસ્તાવિક સાથે તેના લેખક **પૂજ્ય પંન્યાસજી મહારાજ શ્રી ભદ્રંકર વિજયજી ગણિવર** છે. સિદ્ધાન્તના સારભૂત શ્રી પરમેષ્ઠિ નમસ્કાર વિષયક તેઓનું ચિન્તન અને મનન આ ગ્રન્થમાં સંગ્રહેલું છે. નમસ્કાર મહામંત્રનો મહિમા જગતના જીવોને સમજાય અને તેની આરાધના દ્વારા સૌ કલ્યાણ કરી શકે એ ઉદ્દેશથી તેઓએ વિવિધ રીતે આ સંગ્રહમાં પરમેષ્ઠિ નમસ્કારના મહત્વની છણાવટ કરી છે. તેઓના આ શુભ પ્રયાસથી અનેક ભવ્ય આત્માઓને પરમેષ્ઠિ નમસ્કાર પ્રત્યે શ્રદ્ધા અને આદર વધવાનો સંભવ છે. છેલ્લા વર્ષોમાં તેઓશ્રીએ મુંબઈ ઉપરાંત શિવ, અંધેરી, શ્રી શંખેશ્વરજી-તીર્થ, ભુજપુર (કચ્છ), વગેરે ભિન્ન ભિન્ન ક્ષેત્રોમાં પરમેષ્ઠિ નમસ્કારના જપની આરાધના સમૂહબદ્ધ વિધિ વિધાનથી કરી-કરાવી છે અને શ્રી સંઘનું લક્ષ્ય મહામંત્ર શ્રી પરમેષ્ઠિ નમસ્કારની આરાધના તરફ વળે તે માટે લેખો અને વ્યાખ્યાનો દ્વારા પ્રયત્ન કર્યો છે. અધ્યયન અને ચિંતનના બળે તેઓશ્રીને પરમેષ્ઠિ નમસ્કારનો જે મહિમા સમજાયો છે તેને 'શ્રી નમસ્કાર મહામંત્ર' નામના આ પુસ્તક તથા લેખો દ્વારા પ્રકાશિત કરવા પ્રયાસ કર્યો છે. તેઓનું

જીવન તપ-જપ-ધ્યાનની સાધનામય હોવાથી અનુકરણીય બન્યું છે, તેઓના પરિચય માત્રથી ભવ્ય જીવો આરાધનામાં જોડાઈ જાય છે. એથી સમજાય છે કે સ્વ-પર કલ્યાણ માટે નવકાર મહામંત્રની સાધના ભૂમિકારૂપ છે. આ પુસ્તકમાં આપેલા લેખો મનન પૂર્વક વાંચવાથી શ્રી નવકાર મહામંત્રની વિવિધ વિશેષતાઓ જાણવા મળશે. વાચકે પ્રત્યેક લેખને પરમેષ્ઠિ નમસ્કારનો પરિચય કરાવનાર અનુભવોનો એક ખજાનો સમજીને આદર પૂર્વક વારંવાર વાંચવા યોગ્ય છે.

**પરિશિષ્ટો**માં પરમેષ્ઠિ નમસ્કાર સંબંધી પૂર્વ પરમર્ષિઓના વિચારોનો સંગ્રહ કરનારી ગાથાઓ, શ્લોકો, તથા તેની ટીકાના પાઠો અર્થ સાથે આપ્યા છે, સિવાય પણ જૈન ભંડારોમાં નમસ્કાર મહામંત્રનું વિશિષ્ટ સાહિત્ય હોવાનો સંભવ છે. વર્તમાનમાં અનેકવિધ યાતનાઓમાં ફસાએલા જીવોના કલ્યાણ માટે એ સાહિત્યનો જેટલો વધુ પ્રચાર થાય તેટલો આવશ્યક છે-ઉપકારક છે.

મનોવિજ્ઞાનની દૃષ્ટિએ તથા મંત્ર જપની દૃષ્ટિએ પણ આધુનિક અન્ય વિદ્વાનોના વિચારો દર્શાવતા બે લેખો છે અને અંતમાં નમસ્કાર મહિમા ગર્ભિત ગીતો આપીને ગ્રન્થને પૂર્ણ કરવામાં આવ્યો છે.

આ પુસ્તકને વાંચવા પૂર્વે પરમેષ્ઠિ નમસ્કારનો પ્રાથમિક પરિચય કરાવનાર તેઓનું લખેલું 'શ્રી નમસ્કાર મહામંત્ર' નામક પુસ્તક વાંચવું આવશ્યક છે. તેનો અભ્યાસ આ પુસ્તકના ચિંતન-મનનમાં ઘણો સહાયક થશે. તે

પુસ્તકનું વાંચન પરમેષ્ઠિ નમસ્કાર ઉપર વિચારની સામગ્રી પુરી પાડે છે અને આ પુસ્તકથી તેના વિચારમાં વધારે ઉંડા જવાની સામગ્રી મળી રહે છે.

આ ગ્રન્થના પ્રૂફો જોવાનું કાર્ય મળવાથી મને પણ અનુમોદનીય લાભ થયો છે. તેમાં દૃષ્ટિદોષ, અજ્ઞાનતા કે અનુપયોગપણાથી રહી ગએલી ક્ષતિઓ માટે હું જવાબદાર છું અને તેનો મિચ્છામિ દુક્કડં દઉં છું. વાચકો તેને સુધારી લેશે, એવી આશા રાખું છું.

પ્રાન્તે પ્રેસનું સઘળું કામ સંભાળી લેવામાં રાજનગર સુરદાસ શેઠની પોળમાં રહેતા શા. **શાન્તિલાલ ચુનીલાલે** દાખવેલો આદર-ખંત અનુમોદનીય છે અને પ્રેસ માલિક પટેલ **જીવણલાલ પુરૂષોતમદાસે** પણ આખો ગ્રન્થ સુંદર રીતે છાપવામાં દાખવેલું સૌજન્ય નોંધ પાત્ર છે. ગ્રન્થનું કામ જલ્દી થવામાં તેઓ બન્નેનો ફાળો મુખ્ય છે.

| | |
|---|---|
| વિ. સં. ૨૦૧૪ અધિક શ્રાવણ સુદ ૮–**સાણંદ** | પૂ. આ.મ.**શ્રી વિજયમનોહર-સૂરિવર**–શિષ્ય **ભદ્રંકરવિજય** |

# વિષયોની અનુક્રમણિકા


| વિષયો | | પૃષ્ઠો |
|---|---|---|
| ૧ | પ્રકાશકનું નિવેદન | ૧ |
| ૨ | પ્રાસ્તાવિક | ૫ |
| ૩ | પરિચય | ૧૪ |
| ૪ | વિષયાનુક્રમણિકા | ૧૭ |
| ૫ | શ્રી નમસ્કાર મહામંત્રની લોકોત્તરતા | ૧ |
| ૬ | શ્રી નમસ્કાર મહામંત્રની સર્વદૃષ્ટિતા | ૯ |
| ૭ | પંચ પરમેષ્ઠિ નમસ્ક્રિયાનો પ્રભાવ | ૧૨ |
| ૮ | શ્રી નમસ્કાર મહામંત્રની અચિંત્ય કાર્યશક્તિ | ૧૫ |
| ૯ | શ્રી નમસ્કાર મહામંત્રની વ્યાપકતા | ૧૮ |
| ૧૦ | શ્રી નમસ્કાર મનુષ્યનો સ્વભાવસિદ્ધ ધર્મ | ૨૮ |
| ૧૧ | શ્રી નમસ્કાર મહામંત્રની સર્વશ્રેષ્ઠ ઉપાદેયતા | ૩૬ |
| ૧૨ | આંતરિક ધન શ્રી નવકાર | ૪૬ |
| ૧૩ | નમસ્કારની ધારણા | ૫૬ |
| ૧૪ | શ્રી નમસ્કાર મહામંત્રનું ધ્યાન | ૫૯ |
| ૧૫ | શુભધ્યાનના પ્રકારો અને નમસ્કાર મહામંત્ર | ૬૪ |
| ૧૬ | ભાવમંગલ શ્રી નવકાર | ૭૧ |
| ૧૭ | શ્રી નવકારનું આહ્‌વાન–ઘોષણા | ૭૫ |
| ૧૮ | સ્વાધ્યાય અને નવકાર | ૭૭ |

૧૯ નમસ્કાર મહામંત્રનો ઉપકાર (૧) ૮૧
૨૦ નમસ્કાર મહામંત્રનો ઉપકાર (૨) ૮૫
૨૧ નમસ્કાર મહામંત્રનો ઉપકાર (૩) ૯૦
૨૨ નમસ્કાર મહામંત્રનો ઉપકાર (૪) ૯૭
૨૩ નમસ્કાર મહામંત્રનો ઉપકાર (૫) ૧૦૪
૨૪ નવકારમાં નવરસો ૧૧૪

## પરિશિષ્ટો ૧ થી ૮

(૧) પરમેષ્ઠિ નમસ્કાર મહામંત્ર સાર્થ ૧૨૬
(૨) આત્મરક્ષાકરં વજ્રપંજરાખ્યં સ્તોત્રં સાર્થ ૧૨૭
(૩) શ્રી મહાનિશીથસૂત્રોક્ત નામગ્રહણવિધિ અને ફળ ૧૩૦
(૪) યોગબિન્દુ ગ્રન્થોક્ત શ્રી નમસ્કારનો મહિમા અને જપનું વિધાન ૧૩૧
(૫) નમસ્કારના અર્થની ભાવના યાને બાલાવબોધ ૧૩૫
(૬) મનોવિજ્ઞાનદૃષ્ટિએ શ્રી નમસ્કાર મહામંત્ર ૧૪૬
(૭) મંત્રજપ ૧૫૬
(૮) શ્રી નમસ્કાર મહામંત્રનાં ગીતો ૧૬૨
શુદ્ધિપત્રકમ્ ૧૬૭

卐 卐 卐

॥ अर्हं ॥

॥ नमः श्रीजिनप्रवचनाय ॥

॥ नमोऽर्हत्सिद्धाचार्योपाध्यायसर्वसाधुभ्यः ॥

# શ્રીનમસ્કારમહામંત્રની લોકોત્તરતા

જેનો પાઠ કરવા માત્રથી કાર્યની સિદ્ધિ થાય તેને મંત્ર કહે છે અને જેને સિદ્ધ કરવા માટે જપ, હોમ, હવન, આદિ ક્રિયા કરવી પડે તેને વિદ્યા કહે છે.

શાસ્ત્રોમાં બીજી રીતે પણ વિદ્યા અને મંત્રનો ભેદ બતાવ્યો છે, કહ્યું છે કે જેની અધિષ્ઠાતા દેવતા સ્ત્રી હોય તે વિદ્યા અને જેના અધિષ્ઠાતા દેવ પુરૂષ હોય તે મંત્ર છે. વળી મંત્ર એ શું વસ્તુ છે? તેને વિશેષ સમજાવવા માટે શાસ્ત્રકાર મહર્ષિઓ ફરમાવે છે કે મંત્ર એ અક્ષર કે અક્ષરનો સમૂહ છે, અક્ષર કે અક્ષરના સમૂહને છોડીને મંત્ર બીજી કોઇ વસ્તુ નથી. વળી 'निर्बीजमक्षरं नास्ति' અથવા 'नास्त्यनक्षरं मंत्रम्' અર્થાત્ એવો કોઇ અક્ષર નથી કે જેમાં મંત્ર શક્તિ ન હોય, અથવા અક્ષરને છોડીને મંત્ર બીજી કોઈ વસ્તુ નથી. અક્ષર કે અક્ષરના સમૂહાત્મક શબ્દમાં

અપરિમિત શક્તિ રહેલી છે એમ આજે સર્વ કોઇ બુદ્ધિ-શાળી વર્ગને સ્વીકારવું પડે છે. ગાવું અને બજાવવું, હસવું અને રોવું, ઇત્યાદિ પણ વાતાવરણ ઉપર અમુક પ્રકારની અસર નાંખે છે અને તે પણ વર્ણાત્મક નહિ તો ધ્વન્યાત્મક શબ્દ શક્તિનો જ એક પરિચય છે. રણસંગ્રામમાં સુરીલાં વાજાં જે અસર ઉપજાવે છે તે અસર અન્ય પ્રસંગનાં વાજાંઓ નથી જ ઉપજાવતાં, આકાશમાં મેઘની ગર્જના જે ભાવ પેદા કરે છે તે જુદો હોય છે અને રણસંગ્રામમાં તોપોની ગર્જના જે ભાવ ઉત્પન્ન કરે છે તે વળી જુદોજ હોય છે. જેમ ધ્વન્યાત્મક શબ્દોની જુદી જુદી અસર છે તેમ વર્ણાત્મક શબ્દોની તેથી પણ મહાન્ જુદા જુદા પ્રકારની અસર માનેલી છે અને તે પ્રત્યક્ષ અનુભવમાં પણ આવે છે. એક વ્યાખ્યાતાના મુખમાંથી નીકળેલા ઉત્સાહ પ્રેરક શબ્દો વાતાવરણને ઉમંગી બનાવે છે અને તે જ વ્યાખ્યા-તાના મુખમાંથી નીકળેલા નિરાશાજનક શબ્દો વાતાવરણને ગમગીન બનાવી દે છે. વિવિધ પ્રકારના રસોનું પોષણ થવામાં વક્તા કે લેખકની શબ્દ શક્તિ સિવાય બીજા કોનો પ્રભાવ છે?

શબ્દશક્તિ અચિન્ત્ય છે, માત્ર તેના યોજક યોગ્ય પુરૂષની જ જરૂર હોય છે. કયા શબ્દોના મિલનથી કેવા પ્રકારની શક્તિ પેદા થાય છે? તેના જાણનાર આ જગતમાં દુર્લભ છે, પરન્તુ જ્યારે જાણનારના હાથમાં અક્ષરો કે શબ્દો આવે છે ત્યારે તે વિવિધ પ્રકારની શબ્દ રચના દ્વારા શ્રોતાઓના ચિત્તના સંતાપ અને દિલનાં દુઃખોને ક્ષણ-વારમાં શાંત કરી દે છે. પૂર્વધરોની દેશના શક્તિ કેવળજ્ઞાની

તુલ્ય દેખાય છે, તે આ જ દૃષ્ટિએ સમજવાનું છે. 'શ્રુતકેવલી' શબ્દની એક વ્યાખ્યા એવી કરી છે કે તેઓ સર્વાક્ષર-સન્નિપાતી હોય છે, સર્વ અક્ષરો અને તેના પરસ્પર મિશ્રણથી થતા સર્વ અર્થોને તેઓ જાણતા હોય છે અને તેથી જ તેઓની ઉપદેશ શક્તિ અમોઘ બને છે.

મંત્રોમાં કેવળ અક્ષરોની કાર્યસાધન શક્તિ હોય છે એટલું જ નહિ, તેમાં બીજી શક્તિઓ પણ કામ કરે છે અને તે છે મંત્રના યોજકની શક્તિ, મંત્રના વાચ્ય પદાર્થોની શક્તિ, મંત્રયોજકના હૃદયની ભાવના તથા મંત્રસાધકના આત્મામાં રહેલો મંત્રશક્તિ ઉપરનો ભાવ, અખંડ વિશ્વાસ, નિશ્ચળ શ્રદ્ધા, વગેરે વગેરે. તાત્પર્ય એ છે કે મંત્ર કેવળ અક્ષર કે પદ સ્વરૂપ જ નથી, પણ પદ, પદાર્થ, પદના યોજક તથા પદના પ્રયોજકની ભાવનાઓ અને શક્તિઓના એકંદર સરવાળા રૂપ છે. મંત્રની શક્તિ એ ચારને અનુરૂપ હોય છે. મંત્રનો યોજક ક્લિષ્ટ પરિણામી હોય તો મંત્ર મારક બને છે અને અસંક્લિષ્ટ પરિણામી-નિર્મળ બુદ્ધિવાળો હોય તો તેનો યોજેલો મંત્ર તારક બને છે.

લૌકિક મંત્રશક્તિનો પ્રયોગ મુખ્યત્વે આકર્ષણ, વશીકરણ, ઉચ્ચાટન, વિદ્વેષણ, સ્તમ્ભન, સમ્મોહન, આદિ લૌકિક કાર્યો માટે જ થાય છે. કોઈ વ્યક્તિને પોતા તરફ ખેંચવા, કોઇને વશ કરવા, કોઈ પ્રતિપક્ષીને ઉડાવવા, કોઈ દુશ્મનનો નાશ કરવા, કોઇને સ્તમ્ભિત કરવા, કે કોઇને મોહિત કરવા માટે લૌકિક મંત્રશક્તિનો ઉપયોગ હોય છે અને તે મંત્રની સફળતાનો આધાર મંત્રનો પ્રયોગ કરનાર

સાધકની સાધના શક્તિ વગેરે ઉપર રહે છે. કોઈ પ્રયોગ કરનાર સાચો ન હોય પણ ધૂર્ત હોય તો મંત્ર નિષ્ફળ જાય છે, સાધક સત્ય હોય પણ મંત્ર અશુદ્ધ હોય, અથવા મંત્ર શુદ્ધ હોય પણ તેનું ઉચ્ચારણ અશુદ્ધ હોય, અથવા ઉચ્ચારણ શુદ્ધ હોય પણ પ્રયોજકનું ચિત્ત એકાગ્ર ન હોય કે શ્રદ્ધા રહિત હોય, તો પણ મંત્રશક્તિ કાર્યકર થઈ શકતી નથી. જ્યાં એ બધી-વસ્તુ શુદ્ધ અને પૂર્ણ હોય ત્યાં જ મંત્રશક્તિ ધાર્યું કાર્ય નિપજાવી શકે છે.

શ્રી નમસ્કાર મહામંત્ર આ દૃષ્ટિએ વિશ્વના સમસ્ત મંત્રોની અંદર અગ્રસ્થાન ધરાવે છે. તેની શક્તિ અતુલ છે, કારણ કે તેના યોજક લોકોત્તર મહાપુરૂષો છે. અર્થથી તીર્થંકરો અને સૂત્રથી ગણધર ભગવંતો યોજક છે, તેનો વાચ્યાર્થ લોકોત્તર મહર્ષિઓને પ્રણામ રૂપ છે, તેના અક્ષરોનો સંયોગ અને પદોની રચના સરળ અને સ્પષ્ટ છે. સૌ કોઈ સહેલાઈથી અને સરળતાથી તેનો પાઠ કે ઉચ્ચારણ કરી શકે અને તેનો અર્થ સમજી શકે તેમ છે. તેનું સ્મરણ તથા જાપ મોટે ભાગે સમ્યગ્દૃષ્ટિ, ભવથી નિસ્પૃહ અને એક મુક્તિસુખના જ કામુક ઉત્તમ પુરૂષો કરનારા હોય છે.

વિશ્વના અન્ય મંત્રો જ્યારે કામના કરવાથી તેની પૂર્તિ કરે છે, ત્યારે શ્રી નમસ્કાર મહામંત્ર નિષ્કામપણે જપવાથી સઘળી કામના પૂર્ણ કરે છે. એ તેની આશ્ચર્ય-કારકતા છે અને તેના પ્રણેતાઓની અપૂર્વ નિષ્કામતાનું પરમ પ્રતીક છે.

શ્રી નમસ્કાર મહામંત્રની બીજી વિશેષતા એ છે કે-

તેના દ્વારા જે પુરૂષોની આરાધના કરવામાં આવે છે. તે બધા વીતરાગ અને નિઃસ્પૃહ મહાત્માઓ છે, જ્યારે વિશ્વના *અન્યમંત્રોના આરાધ્ય દેવો સંસારી, સ્પૃહાવાળા અને* સરાગી આત્માઓ છે. શ્રી નમસ્કાર મહામંત્ર સર્વાધિક શક્તિશાળી હોવાનું કારણ એ મંત્રના અધિનાયકોની પરમ વિશુદ્ધિ જ છે, કારણ કે સરાગીની શક્તિ ગમે તેટલી મોટી હોય તો પણ વીતરાગતાની અચિન્ત્ય શક્તિમત્તા અને પ્રભાવશાળીતાની આગળ તે એક બિન્દુ જેટલી પણ હોતી નથી.

શ્રી નમસ્કાર મહામંત્રની ત્રીજી વિશેષતા એ છે કે—જ્યાં અન્ય મંત્રોમાં દેવતા અધિષ્ઠાતા તરીકે છે, ત્યાં આ મંત્રમાં દેવતા સેવક રૂપે રહે છે, અર્થાત્ એક જગ્યાએ દેવોને સેવવાપણું છે, અન્ય જગ્યાએ દેવો પણ સેવક બને છે. લૌકિક મંત્ર માત્ર દેવાધિષ્ઠિત હોય છે, તેનો જાપ–કરવાથી મંત્રનો સ્વામી દેવતા વશ થાય છે ત્યારે તે મંત્ર સિદ્ધ થયેલો કહેવાય છે. પરમેષ્ઠિ નમસ્કાર મહામંત્રમાં તેથી જુદું છે, તેનો સ્વામિ હોવાની શક્તિ કોઈ દેવતામાં પણ નથી, દેવો પણ તેના સેવક થઈને રહે છે, જેઓ તે મહામંત્રની આરાધના કરે છે, તેઓની મંત્ર પ્રત્યેની ભક્તિને વશ થઈને દેવો તે આરાધકોના પણ સેવક બનીને રહે છે. એથી સિદ્ધ થાય છે કે કોઈ દેવતાની શક્તિના કારણે શ્રી નમસ્કાર મહામંત્ર શક્તિશાળી કે પ્રભાવસંપન્ન નથી, પણ શ્રી નમસ્કાર મહામંત્રની પોતાની શક્તિ અને પોતાનો પ્રભાવ જ એવો અચિન્ત્ય છે કે દેવોને પણ તેને વશ રહેવું પડે છે

શ્રી નમસ્કાર મહામંત્રની ચોથી વિશેષતા એ છે કે-અન્ય મંત્રો જ્યારે અત્યંત ગૂઢાર્થક તથા ઉચ્ચારણમાં ક્લિષ્ટતર હોય છે ત્યારે શ્રી નમસ્કાર મહામંત્ર શબ્દથી અતિસ્પષ્ટ અને અર્થથી અત્યંત સરળ છે. બુદ્ધિમાનથી માંડી બાળક પર્યંત સૌ કોઈ તેનો પાઠ સરળતાથી અને તેનું ઉચ્ચારણ શુદ્ધ રીતિએ કરી શકે છે તથા તેના અર્થનું જ્ઞાન પણ સહેલાઈથી મેળવી શકે છે.

શ્રી નમસ્કાર મહામંત્રની આ સરળતા અને-સ્પષ્ટતા જોઈને કેટલાકને તેના ઉપર અશ્રદ્ધા અને અવિશ્વાસ થતો પણ જોવાય છે. તેઓની એ માન્યતા હોય છે કે-મંત્ર તો ગૂઢાર્થક જ હોવો જોઇએ અને ઉચ્ચારણમાં પણ તે કઠિનતા-વાળો હોવો જોઇએ. પરન્તુ તેઓની આ માન્યતા ઉચિત નથી, જે મંત્રનું જેવું કાર્ય હોય તેને અનુરૂપ જ તેની શબ્દરચના હોવી જોઇએ. શ્રી નમસ્કાર મહામંત્ર મુક્તિ દાતા છે, પરમપદને આપનારો છે, તેથી તેની રચના તેને અનુરૂપ જ હોવી જોઇએ. મોક્ષાભિલાષી પ્રત્યેક જીવ, પછી તે બાળક હો, વૃદ્ધ હો, સ્ત્રી હો, પુરૂષ હો, પઠિત હો, કે અપઠિત હો, સર્વને એક સરખી રીતે ઉપયોગી થાય તેવી જ તેની રચના હોવી જોઇએ. શ્રી નમસ્કાર મહામંત્રની સરળતા અને સ્પષ્ટતાની પાછળ તેના પ્રણેતાઓનો આ ગંભીર અને ઉદાત્ત આશય છે, તેને પ્રકાશનારાઓ અનંત જ્ઞાનના ભંડાર અને અનંત કરૂણાના નિધાન છે, તેથી સર્વ હિતાર્થી જીવોનું એક સરખું હિત થઈ શકે તેવી જ તેની રચના હોય એ સ્વાભાવિક છે. જેનો વિષય સમગ્ર

વિશ્વને એક સરખો ઉપયોગી હોય, સર્વનું એકાંત હિત કરનારો હોય, તેની રચના એવી જ હોવી જોઈએ કે જેનું ઉચ્ચારણ સુખપૂર્વક થઈ શકે અને જેનો બોધ પણ આબાલ-ગોપાલ સર્વને વિભ્રમ રહિત થઈ શકે. શ્રી નમસ્કાર મહામંત્રની આ વિશેષતા અન્ય મંત્રોમાં ઉતરી શકતી નથી, ઉતરી શકે તેમ પણ નથી. તેથી પણ તેની સર્વ-મંત્રોમાં શિરોમણિ અથવા મંત્રાધિરાજની ઉપમા યથાસ્થાને તથા સુઘટિત છે.

શ્રી નમસ્કાર મહામંત્રની પાંચમી વિશેષતા એ છે કે-અન્ય મંત્રો અનુગ્રહ-નિગ્રહ, લાભ-હાનિ, ઉભય માટે ઉપયોગમાં આવે છે, નમસ્કાર મંત્રથી કોઈને હાનિ કરી શકાતી નથી પણ તે કેવળ લાભમાં જ હેતુ બને છે.

છટ્ઠી વિશેષતા એ છે કે-અન્ય મંત્રો લૌકિક-પુરૂષો ઉપર આકર્ષણ, વશીકરણ, વગેરે કરે છે જ્યારે નવકાર એ લોકોત્તર પદાર્થનું આકર્ષણ, વશીકરણ, વગેરે કરે છે. કહ્યું છે કે—

"आकृष्टिं सुरसपम्दां विदधति मुक्तिश्रियो वश्यता-
मुच्चाटं विपदां चतुर्गतिभुवां विद्वेषमात्मैनसाम् ।
स्तम्भं दुर्गमनं प्रति प्रयततां मोहस्य संमोहनं,
पायात् पञ्चनमस्क्रियाऽक्षरमयी साऽऽराधना देवता ॥१॥"

અર્થ-તે પંચ પરમેષ્ઠિ નમસ્ક્રિયા રૂપ અક્ષરમયી આરાધના દેવતા [તમારૂં] રક્ષણ કરો કે જે સુરસંપદાઓનું આકર્ષણ છે, મુક્તિરૂપી લક્ષ્મીને વશવર્તિ કરે છે, ચાર-

અંતિમાં થનારી વિપદાઓનું ઉચ્ચાટન કરે છે, આત્માનાં પાપો પ્રત્યે વિદ્વેષણ (દ્વેષ) કરે છે, દુર્ગતિ પ્રતિ ગમન કરવાને-પ્રયત્ન કરતા જીવોને અટકાવે છે અને જે મોહનું પણ-સંમોહન કરે છે-મુંઝવે છે.

ઉપરની વિશેષતાઓના કારણે શ્રી નમસ્કાર મહામંત્ર એ સર્વ મંત્રોમાં શિરોમણીભૂત મંત્ર છે અને એની સાધના બીજા સર્વ મંત્રોની અપેક્ષાએ સરળ હોવાથી સર્વ કોઈને એક સરખી રીતે સુલભ છે. અધમાધમ જીવો પણ એ મહામંત્રના પવિત્ર અક્ષરો કાનમાં પડવા માત્રથી દુર્ગમ દુર્ગતિરૂપી ગહનગર્તામાં પડતા ઉગરી ગયા છે. ક્રૂરમાં ક્રૂર તિર્યંચો પણ એના શ્રવણ માત્રથી લઘુકર્મી બની ભવસમુદ્રને તરી જાય છે. આવી અદ્‌ભુત શક્તિ અને છતાં આટલું અદ્‌ભુત સારલ્ય બીજા કોઈ મંત્રમાં સંભવી શકતું નથી તેથી જ જ્ઞાનીઓએ સ્વમુખે આ મંત્રરાજનો મહિમા ગાયો છે, એ મહિમાના મર્મને સૌ કોઈ સ્પષ્ટપણે સમજે અને તેના સાચા આરાધક બને, એ જ એક મહેચ્છા.

卐 卐 卐

**શ્રીનવકાર મહામંત્ર એ સારની પોટલી છે, રત્નની પેટી છે અને સર્વઇષ્ટનો સમાગમ છે.**

卐 卐 卐

# શ્રી નમસ્કાર મહામંત્રની સર્વદૃષ્ટિતા.

૧–મંત્રશાસ્ત્રની દૃષ્ટિએ નમસ્કાર મહામંત્ર સર્વપાપ-રૂપી વિષનો નાશ કરનાર છે.

૨–યોગશાસ્ત્રની દૃષ્ટિએ પદસ્થધ્યાન માટે એમાં પરમ-પવિત્ર પદોનું આલંબન છે.

૩–આગમસાહિત્યની દૃષ્ટિએ સર્વશ્રુતમાં અભ્યંતર રહેલો છે તથા ચૂલિકા સહિત તે મહાશ્રુતસ્કંધની ઉપમાને પ્રાપ્ત થએલો છે.

૪-કર્મસાહિત્યની દૃષ્ટિએ એક એક અક્ષરની પ્રાપ્તિ માટે અનન્તાનન્ત કર્મ સ્પર્ધકોનો વિનાશ અપેક્ષિત છે તથા એક એક અક્ષરના ઉચ્ચારણથી પણ અનંત અનંત કર્મરસાણુઓનો વિગમ થાય છે.

૫–ઐહિકદૃષ્ટિએ આ જન્મની અંદર પ્રશસ્ત અર્થ, કામ અને આરોગ્યની પ્રાપ્તિ તથા તેના યોગે ચિત્તની પ્રસન્નતા પ્રાપ્ત થાય છે.

૬–પરલોકની દૃષ્ટિએ મુક્તિ, તથા મુક્તિ ન મળે ત્યાં સુધી ઉત્તમ દેવલોક અને ઉત્તમ મનુષ્યકુળની પ્રાપ્તિ કરાવે છે, તેના પરિણામે જીવને થોડા જ કાળમાં બોધિ, સમાધિ અને સિદ્ધિ મળે છે.

૭–દ્રવ્યાનુયોગની દૃષ્ટિએ પહેલાં બે પદો પોતાના આત્માનું જ શુદ્ધ સ્વરૂપ છે અને પછીનાં ત્રણ પદો શુદ્ધ સ્વરૂપની સાધક અવસ્થાના શુદ્ધ પ્રતીકરૂપ છે.

૮–ચરણકરણાનુયોગની દૃષ્ટિએ સાધુ અને શ્રાવકની

સામાચારીના પાલનમાં મંગલ માટે અને વિઘ્નનિવારણ માટે તેનું ઉચ્ચારણ વારંવાર આવશ્યક છે.

૯-ગણિતાનુયોગની દૃષ્ટિએ નવકારનાં પદોની નવની સંખ્યા ગણિત શાસ્ત્રની દૃષ્ટિએ બીજી સંખ્યાઓ કરતાં અખંડતા અને અભંગતાનું વિશિષ્ટ સ્થાન ધરાવે છે તથા નવની સંખ્યા નિત્ય અભિનવ ભાવોની ઉત્પાદક થાય છે. નવકારની આઠ સંપદાઓ અનંત સંપદાઓને અપાવનાર થાય છે તથા અણિમાદિ આઠ સિદ્ધિઓને સાધી આપે છે અને નવકારના અડસઠ અક્ષરો અડસઠ તીર્થો સ્વરૂપ બનીને તેનું ધ્યાન કરનારના તારક બને છે.

૧૦-ધર્મકથાનુયોગની દૃષ્ટિએ અરિહન્તાદિ પાંચ પરમેષ્ઠિઓનાં જીવનચરિત્રો અદ્‌ભૂત કથાઓ સ્વરૂપ છે, નમસ્કારનું આરાધન કરનાર જીવોની કથાઓ પણ આશ્ચર્ય-કારક ઉન્નતિને દર્શાવનારી છે તથા એ સર્વ કથાઓ સાત્ત્વિકાદિ રસોનું પોષણ કરનારી છે.

૧૧-ચતુર્વિધસંઘની દૃષ્ટિએ નવકાર મંત્ર સૌને એક સાંકળે સાંધનારો તથા બધાઓને સમાન દરજ્જે પહોંચાડનારો છે.

૧૨-ચરાચરવિશ્વની દૃષ્ટિએ નવકારના આરાધકો સર્વ જીવોને અભય આપનારા નિવડે છે, સદા ય સકળ વિશ્વની એક સરખી સુખ શાન્તિ ચાહે છે અને તે માટે શકય તેટલા બધા જ પ્રયત્નો કોઇપણ જાતના બદલાની આશા કે ઇચ્છા વિના નિરંતર કર્યા કરે છે.

૧૩-વ્યક્તિગતઉન્નતિની દૃષ્ટિએ કોઈપણ જાતની બાહ્ય

સાધન-સામગ્રીના અભાવે પણ સાધક કેવળ માનસિક બળથી સર્વોચ્ચ ઉન્નતિની ટોચે પહોંચી શકે છે.

૧૪-સમષ્ટિગતઉન્નતિની દૃષ્ટિએ પરસ્પરને સમાન આદર્શના પૂજક બનાવી સત્શ્રદ્ધા, સજ્જ્ઞાન તથા સચ્ચારિત્રના સત્પન્થે ટકી રહેવાનું ઉત્તમ બળ સમર્પે છે.

૧૫-અનિષ્ટનિવારણની દૃષ્ટિએ નવકારનું સ્મરણ અશુભ કર્મના વિપાકોદયને રોકી દે છે અને શુભ કર્મના વિપાકોદયને અનુકૂળ બને છે, તેથી નવકારના પ્રભાવે બધાં અનિષ્ટો ઈષ્ટ રૂપે બદલાઈ જાય છે. જેમ કે અટવી મહેલ સમાન, સર્પ ફૂલની માળા સમાન, વિગેરે બને છે.

૧૬-ઈષ્ટસિદ્ધિની દૃષ્ટિએ નવકાર શારીરિક બળ, માનસિક બુદ્ધિ, આર્થિક વૈભવ, રાજકીય સત્તા, ઐહિક-સંપત્તિ તથા બીજાં પણ અનેક પ્રકારનાં ઐશ્વર્ય, પ્રભાવ અને ઉન્નતિને આપનાર થાય છે, કારણ કે તે ચિત્તની મલિનતા અને દોષોને દૂર કરીને નિર્મળતા અને ઉજ્જવળતાને પ્રગટાવી આપે છે. સર્વ ઉન્નતિનું બીજ ચિત્તની નિર્મળતા છે, એ નિર્મળતા નવકારથી સહજ રીતે સિદ્ધ થાય છે.

卐 卐 卐

**અંતકાળે જેણે શ્રી નવકાર મહામંત્રને યાદ કર્યો તેણે સકળ સુખને આમંત્રણ કર્યું છે અને સકળ દુઃખોને હંમેશ માટે તિલાંજલિ આપી છે.**

卐 卐 卐

# પંચ પરમેષ્ઠિ—નમસ્ક્રિયાનો પ્રભાવ.

પંચ પરમેષ્ઠિ નમસ્કાર એ સર્વ પાપોનો પ્રણાશ કરનાર તથા સર્વ મંગલોનું મૂળ છે, એમ સાક્ષાત્ શ્રી નમસ્કાર સૂત્રમાં જ ફરમાવ્યું છે. તેનો વિસ્તારથી મહિમા બતાવવા માટે શાસ્ત્રોમાંથી ઉધ્ધૃત કરીને નાના પ્રકરણો રૂપે રચેલાં કેટલાંક પ્રકરણો આજે પણ મળી આવે છે. તેમાંથી બે પ્રકરણો—એક સંક્ષેપથી ફળને બતાવનાર તથા બીજું વિસ્તારથી ફળને બતાવનાર છે અને તે મૂળ પ્રાકૃત ઉપરથી સરળ ગુજરાતીમાં અનુવાદરૂપે બહાર પણ પડેલાં છે.

શાસ્ત્રકારોએ સંક્લેશ વખતે, કષ્ટ વખતે તથા ચિત્તની અરતિ અને અસમાધિ વખતે વારંવાર નવકારને યાદ કરવા ફરમાવ્યું છે.

અસમાધિઓને અને અશાંતિઓને અદૃશ્ય કરવાનો સિદ્ધ, શીઘ્ર અને અમોઘ ઉપાય જ્ઞાનીઓએ શ્રી નવકાર મંત્ર, તેનાં પદો અને તેના પ્રત્યેક અક્ષરોના અવલંબનનો બતાવ્યો છે. વિધિ પૂર્વક તેનો આશ્રય લેનારને શ્રી નવકાર મંત્ર અપૂર્વ શાન્તિ આપે છે, અનન્ત કર્મોનો નાશ કરાવે

છે, તેમ જ સદ્ધર્મ અને તેના પરિણામે મળતાં અનંત સુખોનો ભાગી બનાવે છે. જેમ બીજમાથી અંકુર, અંકુરમાંથી વૃક્ષ અને વૃક્ષમાંથી પત્ર, પુષ્પ અને ફળ સ્વાભાવિક રીતે જ ઉત્પન્ન થાય છે તેમ શ્રી પંચ પરમેષ્ઠિ નમસ્કારરૂપી ભાવબીજમાંથી કાળક્રમે સદ્ધર્મની ચિંતારૂપી અંકુરાઓની, સદ્ધર્મશ્રવણ અને અનુષ્ઠાનાદિરૂપ વૃક્ષની અને તેની શાખા-પ્રશાખાઓની તથા સુદેવ-મનુષ્યોનાં સુખોરૂપી પત્રોની અને કુસુમોની તેમજ સિદ્ધિગતિનાં અક્ષય સુખોરૂપી સદા અમ્લાન અને પરિપકવ મોક્ષફળની પ્રાપ્તિ સ્વયમેવ થાય છે.

શ્રીપંચ પરમેષ્ઠિ નમસ્કાર એ ભાવધર્મનું બીજ છે અને ભાવધર્મની સિદ્ધિથી પ્રાપ્ત થનારાં સ્વર્ગ અને અપ-વર્ગનાં સુખોનું પણ બીજ છે. જેનાથી સ્વર્ગાપવર્ગનાં દુર્લભ સુખો પણ સુલભ અને સહજ બને તે નમસ્કારથી અન્ય સુખોની પ્રાપ્તિ કે સાધારણ દુઃખોથી નિવૃત્તિ શકય ન બને એ કલ્પના જ અયોગ્ય છે. સુખ મેળવવાના કે દુઃખ દૂર કરવાના અર્થી એવા આત્માઓએ નવકાર જેવી વિના મૂલ્યે મળેલી કે મળી શકે એવી અસાધારણ ચીજથી અત્યંત દૂર ન રહેવું જોઇએ.

નવકાર એ પરમમંત્ર છે. એટલું જ નહિ, પણ પરમ શાસ્ત્ર છે, પરમ શાસ્ત્ર છે-એટલું જ નહિ, પણ સર્વ શાસ્ત્રોમાં શિરોમણિભૂત મહાશાસ્ત્ર છે, શાસ્ત્રોમાં એને મહાશ્રુતસ્કંધ નામથી સંબોધેલો છે, લોકમાં રહેલા પંચા-સ્તિકાયની જેમ નવકારને શાશ્વત અને સહજસિદ્ધ તરીકે ફરમાવેલો છે, એનો મહિમા અભૂતપૂર્વ છે. પ્રત્યેક પુણ્યવાન્

આત્મા તે મહિમાવંત વસ્તુની આરાધનામાં રસ લેતો થાય અને પ્રત્યેક દુ:ખના પ્રતીકાર માટે શાસ્ત્રોક્ત વિધિ મુજબ જીવનમાં તેને સ્થાન આપતો થઈ જાય, એ અતિ આવશ્યક છે.

卐 卐 卐

**શ્રી નવકારના પ્રભાવથી** વ્યાધિ, જળ, અગ્નિ, ચોર, સિંહ, હાથી, સંગ્રામ અને સર્પ વિગેરેના ભયો પણ નાશ પામે છે.

卐 卐 卐

# શ્રી નમસ્કાર મહામંત્રની
# અચિન્ત્ય કાર્યશક્તિ

માનવ જીવનમાં નમસ્કારનું સ્થાન ઘણુ ઉંચું છે. મનુષ્યહૃદયની કોમળતા, ગુણગ્રાહકતા અને ભાવુકતાનો તે પરિચાયક છે. પોતાથી શ્રેષ્ઠ અને પવિત્ર એવા મહાન્ આત્માઓને ભક્તિભાવથી ગદ્દગદિત થઇને નમસ્કાર કરવો એ માનવ માત્રનો સહજ ધર્મ છે, એથી અહંતાનો નાશ થાય છે અને યોગ્યના ચરણોમાં પોતાની જાતને સમર્પણ-કર્યાનો આત્મસંતોષ અનુભવાય છે.

નમસ્કાર એ નમ્રતા અને ગુણગ્રાહકતાનું એક વિશુદ્ધ પ્રતીક છે, નમસ્કાર વડે ઉત્તમ આત્માઓથી પોતાની હીનતા અને તેઓની ઉચ્ચતાનો એકરાર થાય છે. એટલું જ નહિ, પણ આ એકરાર પોતામાં ઉત્તમ ગુણોનો આધાયક હોવાથી માનવ માત્રનો પરમ–ધર્મ બની જાય છે. વિશુદ્ધ નમસ્કાર વડે ઉપાસકના આત્મામાં ઉપાસ્ય પ્રત્યે ભક્તિનું એવું સામ્રાજ્ય સ્થપાય છે કે આ ભક્તિભાવ સત્સંસ્કારને ગ્રહણ કરવા માટેનું એક સરળ–અને સરસ સાધન થઈ પડે છે.

પોતાનાથી અધિક–વિકસિત આત્માઓને જોઇને અગર સાંભળીને ભક્તિભાવથી દ્રવિત થવું અને તેમના પ્રત્યે ભક્તિભાવ સહિત બહુમાન અને સન્માન પ્રદર્શિત કરવાં એ પ્રમોદ ભાવનાનું એક સ્વરૂપ છે. પ્રમોદ ભાવના વડે હૃદય વિશાળ, ઉદાર અને ઉદાત્ત બને છે અને આ ભાવ-નાના અભ્યાસથી ગુણોની પ્રાપ્તિ સુલભ થાય છે. એટલું

જ નહિ, પણ હૃદયમાં રહેલા ઈર્ષ્યા, અસૂયા, આદિ દોષો બળીને ખાખ થઈ જાય છે.

મહાન્ આત્માઓને નમસ્કાર કરવા માત્રથી આવું મોટું ફળ મળે, એ વાત આજના તર્કપ્રધાન યુગમાં સુસંગત કેવી રીતે કરવી ? એવો પ્રશ્ન થવો જેમ સહજ છે, તેમ તેનો ઉત્તર પણ તેટલો જ સરળ છે.

સ્થૂલ જગતમાં હાથ–પગ હલાવવા વગેરેને જ ક્રિયા મનાય છે, આંતર જગતમાં તેમ નથી. આંતર જગતમાં ક્રિયાની રીત જુદી છે, સૂર્યનો ઉદય થતાની સાથે જ ચોરો પલાયન કરી જાય છે તેમાં સૂર્યને કાંઈ કરવું પડતું નથી, સૂર્યના નિમિત્ત માત્રથી તે ક્રિયા આપોઆપ થઈ જાય છે. એ જ રીતે કમળને વિકસાવવા માટે સૂર્યને કમળની પાસે જવું પડતું નથી, ગગન મંડળમાં સૂર્યનો ઉદય થતાંની સાથે જ કમળો સ્વયમેવ ખીલી ઉઠે છે. પરમેષ્ઠિ નમસ્કારમાં આ જ નિયમ લાગુ પડે છે. પાપરૂપી ચોરોને ભગાડવા માટે અને ભવ્યાત્માઓના હૃદયરૂપી કમલોને વિકસાવવા માટે પરમેષ્ઠિઓ માત્ર આલંબનરૂપ–નિમિત્ત છે, તેમના નિમિત્ત માત્રથી તે કાર્ય આપોઆપ થઈ જાય છે. નમસ્કાર વડે સાધક જે પરમોચ્ચ આલંબનોનો સંપર્ક સાધે છે તે આલંબનો સૂર્યની જેમ નિમિત્ત બનીને સાધકના આત્માની વિશુદ્ધિ કરે છે અને અશુદ્ધિને દૂર હઠાવી દે છે.

જૈનધર્મમાં શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કારને ઘણું ઉંચું સ્થાન આપવામાં આવ્યું છે. કારણ કે–તે બધી ધર્મક્રિયાઓમાં કેન્દ્રસ્થાને છે, તેને સર્વ શાસ્ત્રોનું નવનીત માન્યું છે,

તેને સર્વ ધર્મભાવનાઓનો મૂળશ્રોત કહ્યો છે, એમાં આલંબન તરીકે સર્વ દેશના અને સર્વ કાળના સર્વશ્રેષ્ઠ મહાપુરૂષોનો સંગ્રહ કરી લેવામાં આવે છે. તે સર્વનું પરમોચ્ચ આલંબન પામીને સાધકનો આત્મા પાપ-વાસનાથી રહિત અને ધર્મવાસનાથી યુક્ત બની જાય છે, તે કારણે સર્વ મંગલોમાં તેને પહેલું મંગળ માન્યું છે. સર્વ મંગળોમાં તેને રાજાનું સ્થાન છે, જ્યારે બીજાં બધાં મંગળો તેના સેવકોનું કામ કરે છે.

જૈન મતમાં બાહ્ય મંગળ એ સર્વથા અને સર્વદા મંગળ નથી. દહીં એ મંગળ છે, પણ જ્વરવાળાને અમંગળ છે. અક્ષત એ મંગળ છે, પણ ઉડીને આંખમાં પડે તો અપમંગળ બને છે. પરમેષ્ઠિ નમસ્કાર એ મહામંગળ છે, તેનો સંબંધ આંતર જગતની સાથે છે, તેથી તે એકાંતિક અને આત્યંતિક મંગળ છે. જ્યારે જ્યારે તેનો આશ્રય લેવામાં આવે ત્યારે ત્યારે તે અવશ્ય ફળદાયી બને છે, તે શુભ ભાવ રૂપ છે, તેથી અશુભ ભાવોનો નાશ કરે છે અને અધિક અધિક મંગળમય ભાવોને જગાડે છે. મનુષ્યનો આત્મા એક દૃષ્ટિએ ભાવમય હોવાથી પરમેષ્ઠિ નમસ્કાર વડે તે શુભ અને મંગળ ભાવમય બને છે, અશુભ અને અમંગળ ભાવોને જીતી જાય છે, પરિણામે સાધક સદાને માટે સુખ અને સદ્‌ગતિનો ભાગી બને છે.

卐 卐 卐

# શ્રી નમસ્કાર મહામંત્રની વ્યાપકતા.

જગતમાં મુખ્યત્વે ત્રણ પ્રકારના માનવીઓ જોવામાં આવે છે. શાસ્ત્રાનુસારી, તર્કાનુસારી અને ભાવનાનુસારી. પહેલો વર્ગ આજ્ઞાપ્રધાન મનોવૃત્તિવાળો હોય છે, બીજો વર્ગ યુક્તિપ્રધાન મનોવૃત્તિવાળો હોય છે અને ત્રીજો વર્ગ આજ્ઞાથી અને યુક્તિથી નિરપેક્ષ-કેવળ ભાવ અને લાગણીપ્રધાન મનોવૃત્તિવાળો હોય છે. એ ત્રણે પ્રકારના (વર્ગવાળા) મનુષ્યોને શ્રી નમસ્કાર મહામંત્રની વ્યાપકતા અને શ્રેષ્ઠતા પ્રતિબોધિત કરવા માટે શાસ્ત્રકાર મહર્ષિઓએ અથાગ પ્રયત્ન કર્યો છે.

## ૧-શાસ્ત્રાનુસારી વર્ગ

શાસ્ત્રાનુસારી વર્ગ આજ્ઞાપ્રધાન મનોવૃત્તિવાળો હોય છે, આજ્ઞા એટલે આપ્ત વચન. જૈનશાસનમાં આપ્ત તરીકે વીતરાગ અને સર્વજ્ઞની ગણના છે, જેઓ રાગાદિ દોષોથી સર્વથા રહિત છે અને એ જ કારણે જેઓ સર્વજ્ઞ-સર્વદર્શી થએલા છે, તેઓનું વચન એ જ આજ્ઞા છે. એવી આજ્ઞાને અનુસરવાની વૃત્તિ શિષ્ટપુરૂષોમાં સ્વાભાવિક જ હોય છે.

શાસ્ત્રાનુસારી–આજ્ઞાપ્રધાન આત્માઓને શ્રી નમસ્કાર મહામંત્રની સર્વશાસ્ત્રવ્યાપકતા અને સર્વ શ્રુતઅભ્યંતરતા સમજવાને માટે શ્રી તીર્થંકર દેવો વડે પ્રકાશિત અને શ્રી ગણધરદેવો વડે ગુમ્ફિત શ્રી આવશ્યક સૂત્રની સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરિ વિરચિત ટીકા [પૃ૦ ૩૭૬] માં ફરમાવ્યું છે કે–

" तत्र सूत्रं सूत्रानुगमे सत्युच्चारणीयं, तच्च पञ्च–नमस्कारपूर्वकं, तस्याऽशेषश्रुतस्कन्धाऽन्तर्गतत्वात् "

**અર્થ**–અહીં સૂત્ર એટલે સામાયિકસૂત્ર, તેના અનુગમ એટલે વ્યાખ્યાન સમયે સૂત્ર ઉચ્ચારવું જોઇએ અને તે ઉચ્ચાર શ્રી પંચનમસ્કાર પૂર્વક કરવો જોઇએ, કારણ કે પંચ–નમસ્કાર સર્વ શ્રુતસ્કંધની અંતર્ગત રહેલો છે.

### આવશ્યક નિર્યુક્તિ

સામાયિક સૂત્રનું ઉચ્ચારણ કરવાનું વિધાન હોવાથી પરમેષ્ઠિ નમસ્કાર મંત્રનું ઉચ્ચારણ કરવું જોઇએ, તે કારણે સામાયિક સૂત્રનું વ્યાખ્યાન કરવા પહેલાં શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કારનું વ્યાખ્યાન કરવું જોઇએ. એ વાતને વિશેષ સ્પષ્ટ કરતાં ટીકાકાર મહર્ષિ ફરમાવે છે કે—

" अतोऽसावेव सूत्रादौ व्याख्येयः, सर्वसूत्रादित्वात्, सर्वसम्मतसूत्रादिवत्, सूत्रादित्वं चाऽस्य सूत्रादौ व्याख्यायमान–त्वात् निर्युक्तिकृतोपन्यस्तत्वाच्च "

**અર્થ**—એ કારણે સૂત્રની આદિમાં શ્રી પંચ નમસ્કારની જ વ્યાખ્યા કરવી જોઇએ, કારણ કે તે સર્વ સૂત્રની આદિમાં છે. 'જે સર્વ સૂત્રની આદિમાં હોય તેની વ્યાખ્યા

સૌ પહેલાં કરવી જોઇએ' એ વાત સર્વ શિષ્ટોને સમ્મત છે, શ્રી પંચ નમસ્કારની આદિ સૂત્રતા એ ઉપરથી સિદ્ધ થાય છે કે–નિર્યુક્તિકાર ભગવાને સૌ પ્રથમ તેનો ઉપન્યાસ કર્યો છે અને વ્યાખ્યા પણ સૌ પ્રથમ તેની કરી છે.

આ રીતે નિર્યુક્તિકાર શ્રુતકેવલી ભગવંત શ્રી ભદ્રબાહુસ્વામિજીના પ્રામાણ્યથી ટીકાકાર મહર્ષિ શ્રી હરિભદ્રસૂરિજી પણ શ્રીપંચપરમેષ્ઠિનમસ્કારને સર્વ શ્રુતની અભ્યંતર એટલે સર્વ શાસ્ત્રમાં વ્યાપક તરીકે પ્રતિપાદન કરે છે અને સર્વ પ્રથમ તેનું ઉચ્ચારણ અને તેની જ વ્યાખ્યા કરવી જોઇએ, એમ કહીને શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કારની સર્વશ્રુતશ્રેષ્ઠતા જાહેર કરે છે.

## આવશ્યકસૂત્રના કર્તા

શ્રી આવશ્યકસૂત્રના કર્તા અર્થથી શ્રી અરિહંત દેવો છે અને સૂત્રથી શ્રી ગણધર ભગવંતો છે, શ્રી આવશ્યક નિર્યુક્તિના કર્તા ચૌદ પૂર્વધર શ્રુતકેવલી ભગવંત શ્રી ભદ્રબાહુસ્વામિજી છે તથા મૂલસૂત્ર અને તેની નિર્યુક્તિ ઉપર ટીકાના રચનારા ચૌદસો ચુમ્માલીસ ગ્રન્થના પ્રણેતા સમર્થ શાસ્ત્રકાર શ્રી હરિભદ્ર સૂરીશ્વરજી છે. તેઓશ્રી ફરમાવે છે કે સૂત્રનું વ્યાખ્યાન કરવા પહેલાં સૂત્રનું ઉચ્ચારણ કરવું જોઇએ, આ સૂત્રનું ઉચ્ચારણ શ્રી પંચનમસ્કાર પૂર્વક કરવું જોઇએ, કારણ કે શ્રી પંચનમસ્કાર એ સર્વ શ્રુતની અભ્યંતર રહેલો છે, સર્વ શ્રુતની અભ્યંતર એટલે સર્વ સિદ્ધાન્તમાં વ્યાપક. શ્રીજિનાગમનું કોઈ પણ સૂત્ર કે કોઈ પણ શાસ્ત્ર

શ્રી પંચનમસ્કાર રહિત છે જ નહિ, શ્રી પંચનમસ્કાર એ સર્વ શ્રુત અને સર્વ શાસ્ત્રની અભ્યંતર રહેલો જ છે, પછી તે સ્પષ્ટપણે ઉલ્લિખિત કરાયેલો હોય કે ન હોય. સ્પષ્ટપણે ઉલ્લેખ કરાએલો ન હોય તો પણ તે ત્યાં રહેલો જ છે, એમ સમજવું જોઇએ. કારણ કે પંચનમસ્કારના ઉચ્ચારણ વિના કોઈપણ શાસ્ત્રનું અધ્યયન કે અધ્યાપન શ્રી જૈનશાસનમાં વિહિત નથી.

## આદિમંગળતા

શ્રી પંચનમસ્કારની સર્વશ્રુતઅભ્યતંરતા અને આદિ-મંગળતાને શાસ્ત્રકારોનાં વચનથી જાણીને તેની આચરણા શ્રી નિર્યુક્તિકાર ભગવંતથી માંડીને આજ પર્યંતના સઘળા શ્રુતધરોએ માન્ય રાખેલી છે અને આજે પણ કોઇ પણ સૂત્ર, વ્યાખ્યાન, કે પ્રવચનના પ્રારંભમાં સૌ પ્રથમ શ્રી પંચનમસ્કારને સ્મરવામાં આવે છે તથા સર્વ પ્રકારની શુભ ક્રિયાઓના પ્રારંભમાં આદિમંગળ તરીકે તેને જ ગણવામાં આવે છે.

## ૨—તર્કાનુસારી વર્ગ

શાસ્ત્રાનુસારી વર્ગ પછી બીજો નંબર તર્કાનુસારી વર્ગનો આવે છે. શાસ્ત્રાનુસારી વર્ગ જેમ આજ્ઞાપ્રધાન હોય છે, તેમ તર્કાનુસારી વર્ગ યુક્તિપ્રધાન હોય છે. લોકોમાં રાજાના વચનની જેમ લોકોત્તર પુરૂષોમાં શ્રીતીર્થંકર-ગણધરોનું વચન કોઈના તરફથી યુક્તિની અપેક્ષા રાખતું નથી, રાજાની આજ્ઞા તે આજ્ઞા જ છે, જેમ તેની સામે બુદ્ધિ કે યુક્તિની

વાતો ટકતી નથી, તેમ શ્રીતીર્થંકર-ગણધરોનાં વચનની સામે પણ યુક્તિ અકિંચિત્કર અને બુદ્ધિ નિર્બળ છે. અતીન્દ્રિય જ્ઞાનથી જોએલા પદાર્થો છદ્મસ્થબુદ્ધિથી કદી ખંડિત થઇ શકતા નથી. શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કારની સર્વ શ્રુતઅભ્યન્તરતા અને સર્વશ્રુતવ્યાપકતા આપ્ત વચનથી સિદ્ધ છે, તેને યુક્તિ કે દલીલોના આધારની લેશ માત્ર અપેક્ષા નથી. તેમ છતાં આપ્તવચનની મહત્તા હજુ જેઓના ખ્યાલમાં આવી નથી તેવા બુદ્ધિજીવી વર્ગના પણ અનુગ્રહ અર્થે પંચપરમેષ્ઠિ નમસ્કારની શ્રેષ્ઠતા તથા સર્વધર્મવ્યાપકતા સિદ્ધ કરવા માટે શાસ્ત્રકાર મહર્ષિઓએ પ્રતિપાદન (પ્રયત્ન) કરવામાં કચાશ રાખી નથી.

## ધર્મબીજનું વપન

આચાર્ય ભગવંત શ્રી હરિભદ્રસૂરીશ્વરજી શ્રી લલિતવિસ્તરા નામની ચૈત્યવંદન સૂત્રની વૃત્તિ [પૃ૦ ૮] માં ફરમાવે છે કે-'धर्मं प्रति मूलभूता वन्दना' અર્થાત્-ધર્મપ્રાપ્તિનું મૂલભૂત કારણ વન્દના, અપર નામ નમસ્કાર છે. કહ્યું છે કે-

"विधिनोप्ताद्यथा बीजादङ्कुराद्युदयः क्रमात् ।
फलसिद्धिस्तथा धर्मबीजादपि विदुर्बुधाः ॥"

**અર્થ**-વિધિ પૂર્વક વાવેલા બીજથી જેમ અંકુરાદિકનો ઉદય થાય છે તેમ વિધિપૂર્વક વાવેલા ધર્મબીજથી પણ ક્રમે કરીને મોક્ષરૂપી ફલની સિદ્ધિ થાય છે, એમ પંડિત પુરૂષો ફરમાવે છે.

સત્પુરુષોની પ્રશંસાદિ કરવું એ ધર્મબીજોનું વપન

છે, ધર્મચિન્તાદિ તેના અંકુરાઓ છે અને નિર્વાણની પ્રાપ્તિ તેનું ફલ છે. આ પ્રશંસા એટલે વર્ણવાદ અને આદિ શબ્દથી તેઓ પ્રત્યે કુશલચિત્ત, ઉચિત કૃત્યકરણ, વગેરે સમજવું. સત્પુરુષો પ્રત્યે મન વડે કુશળચિત્ત ધારણ કરવું, કાયા વડે તેઓનું ઉચિત કૃત્ય કરવું અને વાણી વડે તેઓની પ્રશંસા–સ્તુતિ ઈત્યાદિ કરવું તે હૃદયરૂપી ભૂમિકામાં ધર્મબીજનું વપન કરવાની શુભ ક્રિયા છે, ધર્મચિન્તાદિ તેના અંકુરા છે, તેમાં ધર્મની ચિન્તા અને આદિ શબ્દથી ધર્મની ઈચ્છા, ધર્મનો અભિલાષ, ધર્મની અભિરૂચિ, ઈત્યાદિ ધર્મબીજના અંકુરાઓ જાણવા. ધર્મની ચિન્તા પછી ધર્મનું શ્રવણ થાય છે, ધર્મનું શ્રવણ થયા પછી ધર્મનું અનુષ્ઠાન થાય છે, તેના ફળ રૂપે દેવ અને મનુષ્યની સંપદાઓ મળે છે અને પરિણામે નિર્વાણ સુખની પ્રાપ્તિ થાય છે. એ બધાં ધર્મબીજમાંથી ક્રમશઃ ઉત્પન્ન થનારાં અંકુર, કાણ્ડ, નાલ, પુષ્પ અને ફલ સ્વરૂપ છે.

### બીજાંકુર ન્યાય

પંચ પરમેષ્ઠિ નમસ્કાર એ બીજરૂપ બનીને કાલના પરિપાકથી નિર્વાણરૂપી ફલનો હેતુ થાય છે, તેથી તેની જિજ્ઞાસા એટલે વસ્તુને સત્ય સ્વરૂપે જાણવાની ઇચ્છા, એ પણ પરમ મહોદયને સૂચવનારી છે. સાચી જિજ્ઞાસા થયા પછી સદ્‌ગુરૂનો યોગ થાય છે, સદ્‌ગુરૂના યોગે પરમેષ્ઠિ નમસ્કારના સ્વરૂપનો બોધ તથા તેમાં સ્થૈર્ય ઉત્પન્ન થાય છે, એ સ્થૈર્યના યોગે શાસ્ત્રોક્ત વિધિ મુજબ ક્રિયા થાય છે અને એ ક્રિયાના પ્રતાપે કર્મમલ ઘટે છે. પરિણામે

નિર્વાણસુખની પ્રાપ્તિ થાય છે. પરમેષ્ઠિ નમસ્કારને શાસ્ત્રોમાં ચિન્તામણિથી અને કલ્પવૃક્ષથી પણ અધિક ફલદાયી કહ્યો છે, તે વચન આ અપેક્ષાએ ચરિતાર્થ થાય છે.

**સૂર્ય–ખદ્યોત દૃષ્ટાન્ત**

તર્કાનુસારી પ્રત્યે જેમ બીજાંકુર ન્યાયથી નવકારની સર્વધર્મવ્યાપકતા સિદ્ધ થાય છે તેમ સૂર્ય–ખદ્યોતના દૃષ્ટાંતથી પણ શાસ્ત્રકાર ભગવંતો શ્રી નવકારની શ્રેષ્ઠતા સિદ્ધ કરી બતાવે છે. આચાર્ય ભગવંત શ્રીહરિભદ્રસૂરીશ્વરજી યોગ-દૃષ્ટિસમુચ્ચય નામક ગ્રન્થરત્નમાં ફરમાવે છે કે–

"तात्त्विक: पक्षपातश्च, भावशून्या च या क्रिया ।
अनयोरन्तरं ज्ञेयं, भानुखद्योतयोरिव ॥१॥"

**અર્થ**–તાત્ત્વિક પક્ષપાત અને ભાવશૂન્ય ક્રિયા, એ બે વચ્ચે સૂર્ય અને ખજુઆ જેટલું અંતર સમજવું.

અહીં પક્ષપાત એટલે શુભેચ્છા, અંતરંગ આદર, પરમાર્થ રાગ. નમસ્કાર એ પરમેષ્ઠિઓ પ્રત્યે અને તેમના ગુણો પ્રત્યે પરમાર્થ રાગને સૂચવે છે, અંતરંગ આદરને બતાવે છે. લોકમાં જેમ ભાવ વિનાનું ભોજન લુકખું છે તેમ લોકોત્તરમાં ભાવ વિનાની ભક્તિ વન્ધ્ય છે. પરમેષ્ઠિઓ પ્રત્યેના ભાવ વિના, અંતરંગ આદર વિના, તેમની આજ્ઞાનું પાલન પણ તેવું જ છે. નમસ્કાર એ હૃદયના ભાવનો ઉત્પાદક છે, હૃદયના ભાવનો પૂરક છે, અથવા હૃદયના ભાવનો સૂચક છે, એ કારણે તેને બુદ્ધિમાન્ પુરુષોએ સર્વ પ્રથમ સ્થાન આપેલું છે.

### ૩–લાગણીપ્રધાન વર્ગ

આજ્ઞાપ્રધાન અને યુક્તિપ્રધાન વર્ગ ઉપરાંત એક મોટો વર્ગ એવો છે કે જે કેવળ લાગણી પ્રધાન હોય છે, શાસ્ત્રોનાં વચનો કરતાં કે તે વચનોને સિદ્ધ કરનારી યુક્તિઓ કરતાં પણ આ વર્ગનું દૃષ્ટાંતો, કથાનકો, કે ચરિત્રો વધારે આકષર્ણ કરે છે. આ વર્ગને શાસ્ત્રવચન કે હેતુ–યુક્તિની બહુ અપેક્ષા હોતી નથી. જે ક્રિયાવડે જે લોકોને ફાયદો થયો હોય તેનાં કથાનકો કે ચરિત્રો સાંભળીને તે વર્ગ તેના તરફ દોરાય છે. એવો વર્ગ પ્રમાણમાં હંમેશાં મોટો હોય છે. તે વર્ગ લાગણી પ્રધાન હોય છે, ઘણી વખતે બુદ્ધિજીવી વર્ગમાં જે લાગણી જોવામાં આવતી નથી તે લાગણી એ વર્ગમાં જોવામાં આવે છે. લાગણી પ્રધાનતાના બળે જ તે વર્ગ ધર્મ પ્રત્યે આકર્ષણવાળો રહે છે. આવા વર્ગને નમસ્કારની વ્યાપકતા સમજાવવા માટે શાસ્ત્રકાર ભગવંતોએ પુષ્કળ દૃષ્ટાન્તો, કથાનકો અને ચરિત્રો કહેલાં છે.

### કથાનુયોગનો પ્રભાવ

નવકારના પ્રભાવે સર્પ ધરણેન્દ્ર બને છે અને સમળી રાજકુમારી તરીકે જન્મે છે, અરણ્યનો ભિલ્લ રાજા બને છે અને તેની સ્ત્રી ભિલ્લડી રાજરાણી તરીકે ઉત્પન્ન થાય છે, પશુઓને ચારનાર ગોવાલનો બાળક પરમ શીલસંપન્ન સુદર્શન શેઠ થાય છે અને ભયંકર કોઢ રોગથી વ્યાપ્ત કાયાવાળો શ્રીપાળકુમાર પરમરૂપ અને લાવણ્યનો ભંડાર બને છે. નવકારના પ્રભાવે ઘોર વિપત્તિ વચ્ચે રહેલા જુગારીઓ પણ પ્રાણાંત આપત્તિમાંથી ઉગરી ગયા છે તથા

સુશીલ અને સમ્યગ્દૃષ્ટિ મહાસતીઓને પણ જ્યારે પતિ આદિ તરફથી પ્રાણાંત આપત્તિઓ આવી છે ત્યારે એક નવકાર વડે જ તેઓનું રક્ષણ થયું છે. નવકારના પ્રભાવે સ્મશાનમાં રહેલું શબ સુવર્ણ પુરૂષ બની જાય છે તથા અંધકારમાં રહેલો સર્પ દિવ્ય સુગંધ યુક્ત પુષ્પની માળા બની જાય છે.

આ દૃષ્ટાંતો કોરા બુદ્ધિજીવી વર્ગ ઉપર કદાચ ઓછી અસર નિપજાવતાં હોય તો પણ લાગણી પ્રધાન વિશાળ જનતા ઉપર તેનો જબ્બર પ્રભાવ વિસ્તરે છે. જૈનકુળમાં ઉત્પન્ન થએલા આમવર્ગ ઉપર શ્રી નવકાર મંત્રનો પ્રભાવ આજે પણ પોતાની પ્રબળ અસર ઉપજાવી રહ્યો છે, તેની પાછળ આ ચરિત્રો અને કથાનકોની ઘણી મોટી અસર છે. બુદ્ધિજીવી વર્ગ ઉપર આની અસર ન પડતી હોય તો તેનું કારણ કેવળ તેમની બુદ્ધિજીવિતા નથી, પણ કંઇક અંશે લાગણી શૂન્યતા પણ છે એમ માનવું જોઇએ. કારણ કે બુદ્ધિજીવી વર્ગની અંદર અગ્રેસર એવા સર્વ પૂર્વ મહાપુરુષો ઉપર આ નવકારનો પ્રભાવ પડ્યો છે અને તેના પ્રભાવને વર્ણવનારાં ચરિત્રોએ તેમના જીવનને નવકારથી ભાવિત કરવા માટે મોટી સહાય પણ કરી છે.

## સાચી બુદ્ધિ અને તેનું ફળ

લાગણી શૂન્ય બુદ્ધિમત્તા બાહ્યદૃષ્ટિએ ગમે તેટલી આકર્ષક જણાતી હોય તો પણ આંતરદૃષ્ટિએ તેનું કશું જ મૂલ્ય નથી. આજ્ઞા અને યુક્તિથી સિદ્ધ એવા પણ પરમેષ્ઠિ નમસ્કારના ફળને વર્ણવતાં ચરિત્રો અને કથાનકોની અસર જેઓના અંતઃકરણ ઉપર નિપજતી નથી તેઓની

બુદ્ધિ તેમને કેવળ ભાર રૂપ બને છે, બુદ્ધિનું ફળ જે ભાવ અને ભાવનું ફળ જે મોક્ષ, તેનાથી તેઓ સદા વંચિત રહે છે. સાચી બુદ્ધિ તે છે કે જે સદ્‌વસ્તુ પ્રત્યે, સદ્‌વસ્તુને સિદ્ધ કરનારી યુક્તિ પ્રત્યે અને સદ્‌વસ્તુનો પ્રભાવ વર્ણવનાર ચરિત્ર, કથાનક, કે દૃષ્ટાન્ત પ્રત્યે સદ્‌ભાવને પેદા કરે, વસ્તુને ઓળખવા માટેની સર્વ બાજુઓનું એક સરખું મૂલ્યાંકન કરી શકે.

શ્રી નવકારનો પ્રભાવ અધમમાં અધમ મનુષ્યો અને ક્રૂરમાં ક્રૂર તિર્યંચો ઉપર પણ પડ્યો છે, તેવું જણાવતાં ભિલ્લ અને મહિષીપાલ વગેરે મનુષ્યોનાં દૃષ્ટાન્તો છે તેમ સર્પ અને સમળી ઇત્યાદિ તિર્યંચોનાં ઉદાહરણો પણ છે ચોરી અને જારી કે દ્યુત અને શિકાર જેવા મહાવ્યસનોને સેવનારા પણ નવકારના પ્રભાવથી ભવસમુદ્રને તરી ગયા છે.

એ રીતે શાસ્ત્રવચન, તર્કબુદ્ધિ અને સ્વાનુભવસંવેદન, એ ત્રણેથી સિદ્ધ શ્રી પંચપરમેષ્ઠિનમસ્કારનો પ્રભાવ સર્વ કાળ અને સર્વલોકમાં સર્વ વિવેકી આત્માઓના અંતઃકરણ ઉપર વિજયવંત છે.

卐 卐 卐

**ચિત્તથી ચિંતવેલું, વચનથી પ્રાર્થેલું અને કાયાથી પ્રારંભેલું ત્યાં સુધી જ સફળ નથી થતું કે જ્યાં સુધી શ્રી પરમેષ્ઠિ નવકાર મહામંત્રને સ્મરવામાં આવ્યો નથી.**

卐 卐 卐

# નમસ્કાર મનુષ્યનો સ્વભાવસિદ્ધ ધર્મ

પોતાથી મહાન્, પવિત્ર અને નિર્મળ આત્માઓને નમસ્કાર કરવાની પ્રથા માનવસૃષ્ટિમાં નવી નથી, કિન્તુ અનાદિકાળથી ચાલી આવેલી છે. મહાપુરૂષોના પવિત્ર વ્યક્તિત્વનું આકર્ષણ જ કોઈ એવું હોય છે કે–ભક્તિશીલ વ્યક્તિ આપોઆપ તેમના ચરણકમળોમાં ઝુકી પડે છે, નમસ્કારના રૂપમાં સર્વસ્વ સમર્પણ કરવા તૈયાર થઇ જાય છે, આત્મોન્નતિની સાધના માટે ઉત્કંઠિત સાધકના હૃદયમાં આત્મનિષ્ઠ મહાપુરૂષો પ્રત્યે ભક્તિ અને સમર્પણનો ભાવ સ્વયમેવ જાગ્રત થઇ જાય છે. જ્યાં સુધી ઈષ્ટતમને નમસ્કાર કરી ન લે, ત્યાં સુધી તેના આંતર મનને શાંતિ થતી નથી. આરાધ્યતમ આત્માઓને નમતાંની સાથે આરાધક આત્માના અંતરાત્મામાં દિવ્ય શાંતિ પથરાઇ જાય છે અને સંસારના તોફાનોથી ક્ષુબ્ધ થયેલું અંતઃકરણ નમનીયને નમવાથી સ્વસ્થ અને હલકું બને છે. આથી એ નક્કી થાય છે કે ઉત્તમ આત્માઓને નમસ્કાર કરવો એ કેવળ ધાર્મિક રિવાજ કે ઔપચારિક સભ્યતા જ નથી, કિન્તુ મનુષ્ય પ્રકૃતિની ભીતરમાં રહેલો એક ઉત્તમ સ્વભાવસિદ્ધ સહજ ધર્મ છે.

શ્રી જિનાગમોમાં પરમેષ્ઠિ નમસ્કારને મહાશ્રુતસ્કંધ તરીકે વર્ણવેલો છે, પ્રત્યેક શાસ્ત્રની આદિમાં તેને સ્થાન આપેલું છે, તેથી તે સમસ્ત શ્રુતસ્કંધની અભ્યન્તર રહેલો છે. જ્યાં જ્યાં શાસ્ત્રોનાં નામોની યાદી આપેલી છે ત્યાં ત્યાં બીજા શાસ્ત્રોની સાથે નમસ્કારની સ્વતંત્ર ગણના કરી નથી, તે એમ જણાવવા માટે કે નમસ્કાર એ સર્વશ્રુતસ્કંધોની અંદર વ્યાપીને રહેલો છે. શ્રીભગવતી સૂત્રની ટીકામાં આચાર્ય શ્રીમદ્ અભયદેવસૂરીશ્વરજી ફરમાવે છે કે–

"अत एवायं समस्तश्रुतस्कन्धानामादावुपादीयते, अत एव चायं तेषामभ्यन्तरतयाऽभिधीयते, यदाह–'सो सव्वसुयक्खंधऽब्भंतरभूओ' त्ति।" (पृष्ट २)

**અર્થ**–"એ જ કારણે આ પરમેષ્ઠિ નમસ્કાર સમસ્ત શ્રુતસ્કન્ધોની (તે તે સમસ્ત શાસ્ત્રોની) આદિમાં ગ્રહણ કરાય છે અને એટલા જ માટે તેની સર્વશ્રુત અભ્યન્તરતા ગણાય છે. કહ્યું છે કે–'તે સર્વશ્રુતસ્કંધોમાં અભ્યંતરભૂત છે.' ઇત્યાદિ"

પરમેષ્ઠિઓ પાંચ છે. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ. એ પાંચ વિશ્વના મહાન્ આત્માઓ છે. શાસ્ત્રોમાં તેમનાં પુષ્કળ ગુણગાન કરવામાં આવ્યાં છે. એ કોઇ વ્યક્તિ વિશેષનાં નામો નથી, પરન્તુ આધ્યાત્મિક વિકાસ થવાથી પ્રાપ્ત થએલા પાંચ મંગળમય ઉચ્ચપદોનાં–સર્વોચ્ચ સ્થાનોનાં નામો છે.

શ્રી જિનેશ્વરદેવો વડે સ્થાપિત કરાએલો ધર્મ એ

કોઈ વ્યક્તિગત ધર્મ નથી, કિન્તુ આંતર શત્રુઓ ઉપર વિજય પ્રાપ્ત કરવા માટેનો વિશ્વવ્યાપી રાજમાર્ગ છે. ઇન્દ્રિયો ઉપર, ઇન્દ્રિયોના વિકારો ઉપર, મન ઉપર, મનની મલિન વાસનાઓ ઉપર અને એ દરેકના કારણભૂત કર્મશત્રુઓ ઉપર વિજય પ્રાપ્ત કરવાનો શ્રેષ્ઠમાર્ગ એનું નામ જૈનધર્મ છે. જૈનધર્મનું એ મંતવ્ય છે કે સંસારનો કોઈ પણ પ્રાણી જો પોતાની જાત ઉપર, પોતાની ઇન્દ્રિયો અને મન ઉપર, વિકારો અને વાસનાઓ ઉપર વિજય મેળવે, તો તે અભિનન્દનનું પાત્ર છે, મહાત્મા તરીકે અને યાવત્ પરમાત્મા તરીકે પૂજવા લાયક છે. પરમેષ્ઠિ નમસ્કારમાં એ જ કારણે કોઈ વ્યક્તિ વિશેષનાં નામો નથી, કેવળ આધ્યાત્મિક ભૂમિકાઓનાં વર્ણન છે. સર્વ કાળ અને સર્વલોકમાં જે કોઈ આંતર શત્રુઓના વિજેતા થયા, થશે અને થાય છે, તે સર્વને તેમાં નમસ્કાર કરવામાં આવ્યો છે. જૈનધર્મની આ ભવ્ય અને ઉદાત્ત ભાવના એ સમષ્ટિ ઉપાસનાનું સુંદર અને ભાવભર્યું ચિત્ર છે—

'नमो लोए सव्वसाहूणं।' એ પદમાં રહેલા 'लोए' અને સર્વ શબ્દની વ્યાખ્યા કરતાં શ્રીભગવતીસૂત્રની ટીકામાં કહ્યું છે કે—

'लोके'=मनुष्यलोके, न तु गच्छादौ, ये सर्वसाधवस्तेभ्यो नमः।'

**અર્થ**—'લોકે' એટલે માત્ર ગચ્છાદિમાં રહેલા નહિ, કિન્તુ મનુષ્યલોકમાં જે કોઈ સાધુઓ (થયા, થશે કે) છે, તે સર્વને નમસ્કાર થાઓ."

અહીં કોઈ શંકા કરે કે અરિહંત આદિ મહાન્ છે, પવિત્ર છે, સર્વગુણ સંપન્ન છે, પરન્તુ તેથી બીજાઓને શું

લાભ ? તેઓ પોતે તો વીતરાગ હોઈ ભક્તને સ્વર્ગ કે મોક્ષ કાંઇ પણ આપી શકતા નથી, પછી તેમને નમસ્કાર કરવાથી શું ?

એનો ઉત્તર એક જ છે કે–પવિત્રતમ આત્માઓને નમસ્કાર કરવો એ વિવેકી મનુષ્યમાત્રનો સ્વભાવસિદ્ધ ધર્મ છે. આદર્શસ્વરૂપ મહાન્ આત્માઓને નમવું, પૂજવું, એ સહૃદય માનવીહૃદયનો એક સ્વતંત્ર અને સહજસિદ્ધ ભાવ છે, એમાં આપવા–લેવાનો કોઈ પ્રશ્ન છે જ નહિ, ગુણીજનોને જોઇને હૃદયમાં પ્રમોદ પામવો એ મનુષ્ય આત્માનું દિવ્યગાન છે, ગુણવાન્ આત્માઓને પુનઃ પુનઃ નમસ્કાર કરવાથી આત્મા એમના ગુણો તરફ આકર્ષિત થાય છે, અંતરથી તેમના જેવો બનવા ઇચ્છે છે. ઉપાસ્યના ગુણો જેવા ગુણો પોતામાં આવે તે માટે અભિરૂચિ જાગે છે. ભક્તમાંથી ભગવાન્ અને આત્મામાંથી પરમાત્મા બનવાનો નમસ્કાર એક રાજમાર્ગ છે, ધ્યેયના અનુસારે ધ્યાતા અંતે ધ્યેયરૂપમાં પરિવર્તિત થાય છે, એ એક સનાતન સત્ય છે, તેનો સાક્ષાત્કાર નમસ્કાર વડે થાય છે. નમસ્કાર એ નમસ્કાર્ય પાસેથી કાંઇ લેવા માટે છે એમ નથી, કિન્તુ પોતાના આત્માને નમસ્કાર્ય સ્વરૂપ બનાવવા માટે છે. ભાવની વિશુદ્ધિ માટે, ભાવનાની પવિત્રતા માટે અને આદર્શની સ્થિરતા માટે પવિત્ર અને આદર્શભૂત પુરૂષોને નમવું, વારંવાર નમવું, એ માનવ જીવનનું એક પવિત્રતમ કર્તવ્ય છે. નમસ્કારનો આ આંતરિક રહસ્યભૂત ભાવ છે અને તે શ્રી નમસ્કાર–મહામંત્રના પવિત્ર પદો વડે સૂચિત થાય છે.

સંસારમાં અનંતાનંત આત્માઓ રહેલા છે. ચાર ગતિ, પાંચ જાતિ અને ચોરાસી લાખ જીવાયોનિઓમાં પોતપોતાના કર્માનુસારે જીવો સુખ દુઃખ ભોગવી રહ્યા છે, તેમાંથી અનંત આત્માઓ એવા છે કે જેઓ સંસાર-યાત્રાને પાર કરી, સિદ્ધ, બુદ્ધ અને મુક્ત બની, અજરા-મરપદને પ્રાપ્ત કરી ચૂકયા છે. એ રીતે કર્મથી બદ્ધ અને કર્મથી મુક્ત બંને પ્રકારના આત્માઓ લોકમાં રહેલા છે, પરન્તુ તેમાંના જે જીવો મુક્ત થઈ ચૂકયા છે અને મુક્ત થવા માટે જે સતત પ્રયત્નશીલ છે, તેઓ જ નમસ્કારનાં પાત્રો છે. જૈનશાસ્ત્રમાં તેને પંચ પરમેષ્ઠિ કહ્યા છે. તેનો અર્થ એ છે કે સંસારના અનંતાનંત આત્માઓમાં આધ્યા-ત્મિક દૃષ્ટિથી પાંચ પ્રકારના આત્માઓ સર્વથી શ્રેષ્ઠ છે, સર્વથી મહાન્ છે, સર્વથી ઉચ્ચ-દશાને પામેલા અને પામનારા છે, પરમપદે પહોંચેલા અને પહોંચનારા છે, એટલે પવિત્ર સ્વરૂપને પ્રાપ્ત કરી ચૂકેલા અને પ્રાપ્ત કરનારા છે. અન્ય વાસના મગ્ન આત્માઓની અપેક્ષાએ આધ્યાત્મિક વિકાસની ઉચ્ચ ભૂમિકા ઉપર રહેલા છે. અરિહંત આદિ પાંચ પદો વડે સંસારના એ સર્વોચ્ચ આત્માઓને સંગ્રહી લેવામાં આવ્યા છે.

બીજી બાજુ સંસારનાં મોટામાં મોટાં પદો ઇંદ્ર અને ચક્રવર્તીનાં છે, એ પદોને પામેલા પણ આ પાંચ પ્રકારના આત્માઓની આગળ અલ્પ છે, તુચ્છ છે, હીન છે. ભૌતિક સત્તાના મોટામાં મોટા પ્રતિનિધિ અસંખ્ય દેવ-દેવતાઓ ઉપર શાસન ચલાવવાવાળા સ્વર્ગના ઇંદ્ર પણ ત્યાગ માર્ગના પ્રતિનિધિ સ્વરૂપ આ પાંચ મહાન્ ત્યાગી

વર્ગની આગળ ઝુકે છે. નમસ્કાર મહામંત્રમાં એ પાંચે પરમેષ્ઠિઓને નમસ્કાર કરવામાં આવ્યો છે, તેથી તેને **પરમેષ્ઠિમંત્ર** પણ કહેવાય છે.

જીવત્વની દૃષ્ટિએ બધા જીવો સમાન છે, પછી ભલે તે બદ્ધ હોય કે મુક્ત, પરંતુ જે જીવ જ્ઞાનાદિથી હીન અને રાગ–દ્વેષાદિથી અધિક છે તે આધ્યાત્મિક માર્ગમાં અવંદનીય છે, જે જ્ઞાનાદિથી મહાન્ છે અને રાગ–દ્વેષાદિથી હીન છે તે ત્રિકાલ વંદનીય છે. અરિહંત અને સિદ્ધ આદિ પૂર્ણ રૂપે રાગાદિથી હીન અને જ્ઞાનાદિથી પૂર્ણ છે, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ પ્રાયઃ એક દેશથી રાગાદિની હીનતા અને જ્ઞાનાદિની વિશેષતાવાળા છે, એમ જૈનધર્મના પ્રાણભૂત વીતરાગભાવ અને સર્વજ્ઞભાવ સર્વથી કે ઘણા અંશથી એ પાંચે પદોમાં સ્પષ્ટતયા અભિવ્યક્ત થએલો છે.

બીજી રીતે જૈન ધર્મનાં મૂળ તત્ત્વો ત્રણ છે, દેવ–તત્ત્વ, ગુરુતત્ત્વ અને ધર્મતત્ત્વ. તેમાં અરિહંત અને સિદ્ધ આત્મ–વિકાસની પૂર્ણ અવસ્થા–પરમાત્મદશા પર પહોંચેલા છે તેથી પૂર્ણરૂપથી પૂજ્ય છે અને દેવતત્ત્વની કોટિમાં ગણાય છે. આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ આત્મવિકાસની અપૂર્ણ અવસ્થામાં છે, છતાં પૂર્ણતાને માટે સતત પ્રયત્ન–શીલ છે, તેથી પોતાથી નીચી શ્રેણિવાળાને પૂજ્ય છે અને પોતાથી ઉંચી શ્રેણિવાળાના પૂજક છે, માટે તેમનો ગુરુ–તત્ત્વમાં સમાવેશ કરવામાં આવ્યો છે. વળી સર્વત્ર વ્યક્તિથી ભાવમાં લક્ષણા કરી શકાય છે તેથી અરિહંતાદિ તે તે

પદોની લક્ષણા વડે અર્હદ્‌ભાવ, સિદ્ધભાવ, આચાર્યભાવ, ઉપાધ્યાયભાવ અને સાધુભાવ ગ્રહણ કરી શકાય છે. તેનો અર્થ એ છે કે અરિહંતોને નહિ, પણ અર્હદ્‌ભાવને આ નમસ્કાર છે, સાધુને નહિ પણ સાધુતાને નમસ્કાર છે, એ રીતે લક્ષણાથી પાંચેમાં રહેલો અર્હદાદિભાવ એ નમસ્કારનું લક્ષ્ય બિંદુ છે અને આ ભાવ એ જ ધર્મ-તત્ત્વ છે. અહિંસાદિ ધર્મો અને જ્ઞાનાદિ આત્મભાવો આ પાંચે પદોના પ્રાણ છે, એટલે નમસ્કાર મંત્રમાં દેવતત્ત્વ અને ગુરૂ-તત્ત્વની સાથે ધર્મતત્ત્વનો પણ અંતર્ભાવ થઈ જાય છે અને દેવતત્ત્વ ગુરૂતત્ત્વની સાથે ધર્મતત્ત્વને પણ નમસ્કાર કરી લેવામાં આવે છે.

આ નમસ્કારસૂત્ર સમસ્ત જૈની આરાધનાઓનું કેન્દ્ર છે, અરિહંતાદિ પાંચ પદો અને તેઓમાં રહેલો ભાવ સર્વ સાધકોને માટે આરાધ્ય છે, તેથી દરેક કાર્યના પ્રારંભમાં સર્વ પ્રથમ તેમને નમસ્કાર કરવા વડે શ્રદ્ધાંજલિ અર્પણ કરાય છે. ઉઠતી વખત, સુતી વખત, શુભકાર્ય કરતી વખત, સ્વાધ્યાય કરતી વખત, પ્રતિક્રમણ વખતે, વિહાર વખત કે ગોચરી વખત, સર્વત્ર નમસ્કાર મહામંત્રનો મંગલધ્વનિ ગુંજતો જ રહે છે, પ્રત્યેક કાર્ય કરતી વખતે મહાન્ પવિત્ર આત્માઓ પ્રત્યે શ્રદ્ધા-ભક્તિ પ્રદર્શિત કરવાથી મોહાન્ધકાર દૂર થાય છે, અજ્ઞાન, સંશય, વિપર્યય, આદિ અજ્ઞાનનો નાશ થાય છે, એથી આત્મશક્તિનો વિકાસ થાય છે અને આત્મ-શક્તિના વિકાસથી દુઃખનો અંત આવે છે. દુઃખનું મૂળ મોહાંધકારમાં, અજ્ઞાનમાં, સંશયમાં કે વિપરીત જ્ઞાનમાં છે,

એથી આત્મશક્તિનો હ્રાસ થાય છે. જ્યાં એ સર્વનો અભાવ હોય ત્યાં દુ:ખ ટકતું નથી.

છેલ્લે, વસ્તુ ગમે તેટલી મહત્ત્વપૂર્ણ હોય પણ જ્યાં સુધી તેના મહત્ત્વનું વ્યવસ્થિત રીતે નિરૂપણ કરવામાં ન આવે ત્યાં સુધી જનસમૂહનું તેના પ્રત્યે આકર્ષણ થઈ શકતું નથી, એ ઉદ્દેશની પૂર્તિ માટે શ્રી નમસ્કાર મહામંત્રની ચૂલિકા છે. ચૂલિકામાં પાંચે પરમેષ્ઠિઓને કરેલા નમસ્કારનું ફળ પ્રગટપણે દર્શાવેલું છે. સર્વ વિઘ્નોનો નાશ અને સર્વ મંગળોનું આગમન એ આ પાંચેને કરેલા નમસ્કારનું સ્પષ્ટ ફળ છે. એ રીતે ચૂલિકા સહિત મૂળમંત્ર શ્રી પંચમંગળ મહાશ્રુતસ્કંધ તરીકે જૈન આમ્નાયમાં પ્રસિદ્ધ છે.

卐 卐 卐

**જે ભાવપૂર્વક એક લાખ નવકારને ગણે છે તથા વિધિપૂર્વક શ્રી અરિહંતદેવને પૂજે છે તે આત્મા અવશ્ય તીર્થંકરનામ ગોત્રને ઉપાર્જે છે.**

卐 卐 卐

# નમસ્કાર–મહામંત્રની સર્વશ્રેષ્ઠ ઉપાદેયતા.

---

કોઇપણ વસ્તુની ઉપાદેયતા તેના ફળ ઉપર અવ–લંબેલી છે, જેનું ફળ સર્વશ્રેષ્ઠ તેને વિષે બુદ્ધિમાન્ પુરૂષોની પ્રવૃત્તિ સર્વથી અધિક; એ નિયમ સર્વ ક્ષેત્રોમાં એક સરખો પ્રવર્તી રહ્યો છે, પછી તે ક્ષેત્ર ધાર્મિક હો કે સાંસારિક; જેનાથી ઉભયલોકનું કલ્યાણ સિદ્ધ થાય તે ધાર્મિક ક્ષેત્ર કહેવાય છે, જેનાથી કેવળ આ લોકના સુખની સિદ્ધિ થાય તે ક્ષેત્ર સાંસારિક છે. આલોકનાં સઘળાં પ્રયોજનોની સિદ્ધિનો ઉપાય મુખ્યત્વે ધન છે, તેથી ધનોપાર્જન માટે સંસારીઓની પ્રવૃત્તિ વિશેષ ઝુકેલી રહે છે, જેઓને આ લોક સાથે પરલોકના પ્રયોજનની સિદ્ધિનો પણ હેતુ રહેલો હોય છે, તેઓ ધનાર્જન સાથે ધર્મોપાર્જન માટે પણ સતત પ્રયત્નશીલ રહે છે. ધનનો અર્થી જેમ સઘળા પ્રકારના ધનમાં રત્નોને મુખ્ય સ્થાન આપે છે; કારણ કે તેનું મૂલ્ય અધિક ઉપજે છે અને બોજ ઓછો રહે છે, તેમ ધર્મનો અર્થી બુદ્ધિમાન્ મનુષ્ય પણ હંમેશાં અલ્પબોજ અને મહામૂલ્યવાળી વસ્તુને જ વધારે ઝંખે છે. શ્રી નમસ્કાર મહામંત્રને શાસ્ત્રકારોએ

એવી જ ઉપમા આપીને સ્તવ્યો છે કહ્યું છે કે–:

" રત્નતણી જેમ પેટી ભાર અલ્પ બહુ મૂલ્ય,
ચૌદ પૂર્વનો સાર એ મંત્ર છે તેહને તુલ્ય;
સકલ સમય અભ્યંતર પદ એ પંચ પ્રમાણ,
મહા સુઅખંધ તે જાણો ચૂલા સહિત સુજાણ."

**—ઉપાધ્યાય શ્રી યશોવિજયજી.**

અહીં નવકારને કેવલ રત્ન જ નહિ પણ રત્નોની પેટી કહી છે અને તેના પ્રત્યેક અક્ષરોને મહામૂલ્યવાન્ રત્નો તરીકેની ઉપમા આપી છે. આગળ વધીને નવકારમંત્રને ચૌદપૂર્વની તુલ્ય કહ્યો છે, કારણ કે ચૌદપૂર્વો વડે જ્ઞાની પુરૂષોને જે પ્રયોજન સાધવું ઇષ્ટ છે તે અવસ્થાવિશેષે કેવળ એક નવકાર મંત્રથી સિદ્ધ થઈ જાય છે. નવકાર મંત્રના પ્રથમ પાંચ પદો સઘળા સિદ્ધાંતોની અભ્યંતર સમાયેલા છે, કારણ કે એ પાંચ પદોનું સ્મરણ, ધ્યાન, ઉચ્ચારણ કર્યા વિના કોઇ પણ સિદ્ધાંતની વાચના થઈ શકતી નથી. શ્રુતકેવલી ભગવાન્ શ્રીભદ્રબાહુસ્વામિજીએ સૌથી પ્રથમ નિર્યુક્તિ શ્રી નમસ્કાર મહામંત્રની રચેલી છે અને તે પૂર્વે કે ત્યાર પછી કોઇપણ સૂત્રની વ્યાખ્યા કરવા પહેલાં નમસ્કાર મંત્રની વ્યાખ્યા આદિ સૌ પ્રથમ કરવું તે શિષ્ટ પુરૂષોને માન્ય પ્રણાલિકા છે પ્રથમનાં પાંચે પદો અને ચૂલિકાનાં ચાર પદો મળીને સંપૂર્ણ શ્રી નમસ્કાર મંત્રને શ્રી મહાનિશીથ આદિ માન્ય આગમોમાં મહાશ્રુતસ્કંધ તરીકે વર્ણવેલો છે અને તે સિવાયનાં અન્ય આગમોને કેવળ શ્રુતસ્કંધ તરીકે સંબોધેલાં છે.

શ્રી મહાનિશીથ સિદ્ધાંતમાં આ નમસ્કાર મહામંત્રને સ્પષ્ટ રીતિએ નવપદો, અડસઠ અક્ષરો અને આઠ સંપદાઓ-વાળો જણાવ્યો છે. ત્યાં કહ્યું છે કે:—

આ નમસ્કાર મંત્ર કે જેનું બીજું નામ શ્રી પંચમંગળ મહાશ્રુતસ્કંધ છે, તેનું વ્યાખ્યાન મહાપ્રબંધ(વિસ્તાર)થી સૂત્રથી પૃથગ્ભૂત નિર્યુક્તિ ભાષ્ય અને ચૂર્ણિવડે અનંત ગમ-પર્યવ સહિત જેવી રીતે અનંત જ્ઞાન-દર્શનને ધારણ કરનારા શ્રી તીર્થંકરદેવો વડે કરાયેલું છે, તેવી જ રીતે સંક્ષેપથી કરાયું હતું, પરંતુ કાલ પરિહાણિના દોષથી તે નિર્યુક્તિ, ભાષ્ય અને ચૂર્ણિઓ વિચ્છેદ પામી છે, વ્યતીત થતા કાલ સમયમાં મોટી પદાનુસારી ઋદ્ધિને વરેલા અને દ્વાદશાંગ સૂત્રને ધારણ કરનારા શ્રી વજ્રસ્વામી થયા, તેઓએ આ શ્રી પંચમંગળ મહાશ્રુતસ્કંધનો ઉદ્ધાર કરીને મૂલ સૂત્ર શ્રી મહાનિશીથની અંદર લખ્યો. આ શ્રી મહાનિશીથ શ્રુતસ્કંધ સમસ્ત પ્રવચનના સારભૂત, પરમ તત્ત્વભૂત તથા અતિશયવાળા અત્યંત મહાન્ અર્થોથી ભરેલું છે, એમાં શ્રી નવકાર સૂત્રનું વ્યાખ્યાન નીચે મુજબ કર્યું છે—

**પ્રશ્ન**-હે ભગવન્! આ અચિંત્ય ચિંતામણિકલ્પ શ્રી પંચ મંગલ-મહાશ્રુતસ્કંધનો શો અર્થ કહેલો છે?

**ઉત્તર**-હે ગૌતમ! અચિંત્ય ચિંતામણિકલ્પ શ્રી પંચમંગલ-મહાશ્રુતસ્કંધ સૂત્રનો અર્થ આ પ્રમાણે કહેલો છે. "આ પંચમંગલ મહાશ્રુતસ્કંધ જેમ તલમાં તેલ, કમળમાં મકરંદ અને સર્વ લોકમાં પંચાસ્તિકાય રહેલા છે

તેમ સકલ આગમોમાં અંતગર્ત રહેલ છે અને તે યથાર્થ ક્રિયાનુવાદ–સદ્‌ભૂતગુણકીર્તન સ્વરૂપ તથા યથેચ્છ ફલ પ્રસાધક પરમ સ્તુતિવાદ રૂપે છે. પરમસ્તુતિ જગતમાં જે ઉત્તમ હોય તેની કરવી જોઇએ, જગતમાં જે કોઈ ઉત્તમ થઇ ગયા, જે કોઇ થાય છે અને જે કોઈ થશે, તે સર્વ અરિહંતાદિ પાંચ જ છે, તે સિવાય બીજા નથી જ. તે પાંચ અનુક્રમે અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ છે. તે પાંચેનો ગર્ભાર્થ–સદ્‌ભાવ એટલે પરમ રહસ્ય ભૂત અર્થ નીચે મુજબ છે." ત્યારબાદ ચૂલિકા સહિત પાંચે પદોનો વિસ્તૃત અર્થ જણાવીને અંતે કહ્યું છે કેઃ—

**" ताव न जायइ चित्तेण, चिंतिअं पत्थिअं च वायाए ।**
**काएण समाढत्तं, जाव न सरिओ नमुक्कारो ॥ "**

**અર્થ**–'ચિત્તથી ચિંતવેલું, વચનથી પ્રાર્થેલું અને કાયાથી પ્રારંભેલું કાર્ય ત્યાં સુધી જ સિદ્ધ થતું નથી કે જ્યાં સુધી શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કારને સ્મરવામાં નથી આવ્યો'

વર્તમાન શ્રી મહાનિશીથ સૂત્રની મૂળપ્રતિ આચાર્ય શ્રી હરિભદ્રસૂરિએ મથુરા નગરીમાં શ્રી સુપાર્શ્વનાથ સ્વામીના સ્તૂપ આગળ પંદર ઉપવાસ કરીને શાસનદેવતા પાસેથી મેળવેલી છે, પરંતુ તે ઉધેઈ આદિ વડે ખંડખંડ થયેલી તથા સડી ગયેલા પત્તાવાળી હોવાથી તેઓએ તેને સ્વમતિ અનુસાર શોધી છે તથા તેને બીજા યુગપ્રધાન શ્રુતધર આચાર્યોએ માન્ય કરેલી છે.

પંચ પરમેષ્ઠિઓને નમસ્કારરૂપ આ નવકાર મંત્ર

સર્વ મંત્રોમાં શિરોમણિભૂત ગણાય છે, એને છોડીને સ્વતંત્રપણે સેવવામાં આવતા બીજા મંત્રોને કલ્પતરૂને છોડીને કંટકતરૂને સેવવા સમાન અનિષ્ટ ફળને આપનારા તરીકે શાસ્ત્રોમાં વર્ણવેલા છે. કહ્યું છે કે:—

'તજે એ સાર નવકાર મંત્ર, જે અવર મંત્ર સેવે સ્વતંત્ર;
કર્મ પ્રતિકૂળ બાઉલ સેવે, તેહ સુરતરૂ ત્યજી આપ ટેવે. (૧)

નવકાર મંત્રનું આ મહત્ત્વ યથાર્થ રીતે સમજવા માટે શાસ્ત્રદૃષ્ટિ, આગમદૃષ્ટિ, અથવા આગમાનુસારી અતિ-સૂક્ષ્મ જ્ઞાનદૃષ્ટિની આવશ્યકતા છે. સર્વકાળના સ્વ-પર આ-ગમવેદી શ્રુતધર મહર્ષિઓએ અડસઠ અક્ષર પ્રમાણ માત્ર આ નાનકડા સૂત્રને મહામંત્ર અને મહાશ્રુતસ્કંધ તરીકે સ્વીકારેલ છે, તેનાં મુખ્ય કારણોનો વિચાર કરતાં એમ લાગે છે કે ધનવાનની સેવા વિના જેમ ધનસિદ્ધિ થતી નથી તેમ ધર્મવાનની સેવા વિના ધર્મની સિદ્ધિ પણ અશક્ય છે. પૂ. શ્રી હરિભદ્રસૂરિજી લલિતવિસ્તરા નામક ચૈત્યવંદન સૂત્રની ટીકામાં ફરમાવે છે કે:-'धर्मं प्रति मूलभूता वन्दना' અર્થાત્ ધર્મ માર્ગમાં જીવને આગળ વધવામાં મૂલભૂત કારણ કોઇ પણ હોય તો તે ધર્મસિદ્ધ પુરૂષોને ભાવથી કરવામાં આવતી વંદના જ છે. એ વન્દનાથી આત્મક્ષેત્રમાં ધર્મબીજનું વપન થાય છે અને તેમાંથી ધર્મચિન્તાદિરૂપ અંકુરાઓ તથા ધર્મશ્રવણ અને ધર્મઆચરણ આદિરૂપ શાખા-પ્રશા-ખાઓ તથા સ્વર્ગ--અપવર્ગ આદિના સુખોની પ્રાપ્તિરૂપ ફુલ-ફળાદિ પ્રગટે છે.

અરિહંતાદિ પાંચે પરમેષ્ઠિઓનું મહત્ત્વ કેવળ ધર્મ-સિદ્ધિ અને ધર્મની સાધનાના કાર્ય ઉપર અવલંબેલું છે, તેથી ધનના અર્થી જીવોને ધનવાન્ પ્રત્યેના આદરની જેમ ધર્મના અર્થી આત્માઓ માટે ધર્મસાધક અને ધર્મસિદ્ધ પુરૂષો પ્રત્યેના આદરનું કાર્ય અનિવાર્ય થઈ પડે છે. બીજા શબ્દોમાં જેને ધનવાન્ પ્રત્યે આદર–બહુમાન નથી તે જેમ ધનનો અર્થી છે એમ સિદ્ધ થતું નથી, તેમ ધર્મવાન્ પ્રત્યે જેને અંતરંગ આદરભક્તિ જાગ્રત થઈ નથી તેને ધર્મનો અર્થી પણ ગણી શકાતો નથી. ધર્મના અર્થી માટે જેમ ધર્મ સ્વરૂપ પંચ પરમેષ્ઠિઓને નિત્ય અનેકશઃ નમસ્કાર કરવાનું કાર્ય અનિવાર્ય થઇ પડે છે, તેમ જેઓમાં હજુ ધર્મનું અર્થિપણું તે પ્રમાણમાં જાગ્રત થયું નથી તેઓમાં પણ તે જગાડવા માટે પરમ પરમેષ્ઠિઓને નમસ્કાર સ્વરૂપ નમસ્કાર મંત્રના સ્મરણાદિનું અવલંબન અતિ અગત્યનું થઈ પડે છે. ધર્મ પ્રત્યેની પ્રીતિ કોઇને જેમ સહજસિદ્ધ હોય છે, તેમ કોઇને પ્રયત્નસાધ્ય પણ હોય છે. તે ઉભય પ્રકારની પ્રીતિ નમસ્કાર વડે સિદ્ધ થાય છે. તેથી ધર્મરૂપી આંતર ધનની ઝંખનાવાળા સત્પુરૂષો નમસ્કાર પ્રત્યે સદા આદરયુક્ત ચિત્તવાળા રહે તેમાં લેશમાત્ર આશ્ચર્ય નથી.

અંકગણિતમાં એક(૧)ની સંખ્યાને જેટલું મહત્ત્વ છે, તેટલું જ મહત્ત્વ ધર્મક્ષેત્રમાં પરમેષ્ઠિ નમસ્કારને પ્રાપ્ત થાય છે. ધર્મમય અને ધર્મસ્વરૂપ પરમેષ્ઠિઓ પ્રત્યે નમવાના ભાવ વિનાનાં ધર્મ અનુષ્ઠાનો પણ શૂન્ય છે, ફળ રહિત છે, છાર ઉપરનું લીંપણ કે ઝાંખર ઉપરનું ચિત્રામણ જેમ

ટકી શકતાં નથી, તેમ ધર્મીઓને નમસ્કાર વિનાનાં ધર્માનુષ્ઠાનો પણ ક્ષણજીવી છે. મૂળ વિનાનાં વૃક્ષ કે પાયા વિનાનાં મકાન જેમ નાશ પામવાને સર્જાયેલાં છે તેમ પરમેષ્ઠિઓ પ્રત્યે ભક્તિભાવ વિનાનાં તપ, જપ, શ્રુત કે ચારિત્ર પણ ફળના અનુબંધ રહિત છે, ઉંચે ચઢાવીને નીચે પટકનારાં છે. એ જ અર્થને બતાવનાર ગાથા શ્રી નવકાર બૃહદ્ ફળ પ્રકરણમાં નીચે મુજબ કહી છે.

" सुचिरंपि तवो तवियं, चिन्नं चरणं सुयं च बहु पढियं ।
जइ ता न नमुक्कारे, रई तओ तं त्र(ति)यं विहलं ॥१॥"

**અર્થ**–'લાંબા કાળસુધી તપને તપ્યા, ચારિત્રને પાળ્યું તથા ઘણાં પણ શાસ્ત્રોને ભણ્યા, પણ જો નમસ્કારને વિષે રતિ ન થઈ તો સઘળું નિષ્ફળ ગયું જાણવું.'

ચતુરંગ સેનાને વિષે જેમ સેનાની મુખ્ય છે તેમ દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપરૂપી ચતુરંગ આરાધનાને વિષે નવકાર એ મુખ્ય છે. અથવા નમસ્કાર રૂપી સારથીથી હંકારાયેલો અને જ્ઞાનરૂપી ઘોડાઓથી જોડાએલો જે તપ, નિયમ તથા સંયમ રૂપી રથ તે જીવને મુક્તિરૂપી નગરીએ પહોંચાડવાને સમર્થ થઈ શકે છે, એવો શાસ્ત્રકારોનો સિદ્ધાન્ત છે, તેથી શ્રી જિનશાસનમાં શ્રી નમસ્કાર મહામંત્રને સૌથી વિશિષ્ટ સ્થાન આપવામાં આવ્યું છે અને સર્વ–આરાધનામાં તેની ગણના મુખ્ય તરીકે મનાયેલી છે. 'નવલાખ જપંતાં નરક નિવારે' ઇત્યાદિ અનેક સુભાષિતો નવકારની શ્રેષ્ઠતાને સાબિત કરવા માટે પ્રમાણરૂપ છે. અંત

સમયે શ્રુતધરોને પણ અન્ય સઘળા શ્રુતનું અવલંબન છોડીને એક નવકારનું જ અવલંબન લેવા માટે શાસ્ત્રકારોનું ફરમાન છે, ઘર સળગે ત્યારે ઘરનો સ્વામી શેષ વસ્તુને છોડીને આપત્તિ નિવારણ માટે સમર્થ એવા એક મહારત્નને જ ગ્રહણ કરે, અથવા રણસંકટ વખતે સમર્થ સુભટ પણ જેમ શેષ શસ્ત્રોને છોડીને એક અમોઘ શસ્ત્રને જ ગ્રહણ કરે તેમ અંત સમયે મહારત્ન સમાન અથવા કષ્ટ સમયે અમોઘ શસ્ત્ર સમાન એક શ્રી નવકારને જ ગ્રહણ કરવાનું શાસ્ત્ર વચન છે, કારણ કે તેનો બોજ ઓછો છે અને મૂલ્ય ઘણું છે. બોજ ઓછો એ રીતે છે કે તેના અક્ષરો માત્ર અડસઠ જ છે. મૂલ્ય અધિક એ કારણે છે કે તે ધર્મ વૃક્ષના મૂળને સીંચે છે, ધર્મ પ્રાસાદના પાયા તરીકેનું કાર્ય કરે છે, ધર્મપુરમાં પ્રવેશ કરવાના દ્વાર રૂપ બની રહે છે અને ધર્મરત્નના સંગ્રહ માટે પરમ નિધાનની ગરજ સારે છે. તેમાં પણ કારણ એ છે કે તે સર્વ જગતમાં ઉત્તમ એવા ધર્મને સાધી ગયેલા, સાધી રહેલા, અને ભવિષ્યમાં સાધી જનારા સર્વ શ્રેષ્ઠ પુરૂષોને પ્રણામ રૂપ છે, તેઓ પ્રત્યે હાર્દિક વિનયરૂપ છે, ભાવ પૂર્વક તેઓના સત્ય ગુણોના સમુત્કીર્તન સ્વરૂપ છે અને તેથી યથેચ્છ ફળને સાધી આપનાર છે, આ એકડાને સિદ્ધ કર્યા વિના જેઓ ધર્મના અન્ય અનુષ્ઠાનો વડે યથેચ્છ ફળની આશા સેવે છે તેઓ બારાક્ષરી ભણ્યા વિના જ સકળ સિદ્ધાન્તના પારગામી થવાની મિથ્યા આશા સેવનારા છે. નવકાર એ ધર્મ ગણિતનો એકડો છે, અથવા ધર્મ સાહિત્યની બારાક્ષરી છે.

જેમ એકડાનો કે બારાક્ષરીનો પ્રથમ અભ્યાસ બાળકને કષ્ટદાયી ભાસે છે તથા અતિ પ્રયત્ન સાધ્ય હોય છે, તેમ ધર્મના એકડા કે બારાક્ષરી સ્વરૂપ નવકારનો પણ યથાસ્થિત અભ્યાસ ધર્મ માટે બાળક તુલ્ય જીવોને અતિ કષ્ટસાધ્ય અને અરૂચિકર ભાસે છે, તો પણ તે કસોટીમાંથી પસાર થયા વિના ધર્મ માર્ગમાં સાચી પ્રગતિ સિદ્ધ થઇ શકી નથી, થઈ શકતી નથી અને થઈ શકશે પણ નહિ, એ ત્રિકાળ સત્ય છે. નવકારનો એ અભ્યાસ આકરો કે અરૂચિકર માનીને જેઓ છોડી દે છે, અથવા તેની ઉપેક્ષા કરે છે, તેઓ વસ્તુતઃ પોતાના ધાર્મિક જીવનની જ ઉપેક્ષા કરે છે.

શ્રી જૈનશાસનની પ્રત્યેક ક્રિયાના પ્રારંભમાં નવકારના સ્મરણની આજ્ઞા ફરમાવવામાં આવી છે. તેની પાછળ જે ગંભીર રહસ્ય છુપાયેલું છે તે આથી સ્પષ્ટ થશે. ઉંઘતાં કે જાગતાં, ખાતાં કે પીતાં, જીવતાં કે મરતાં, નવકારની અંદર ચિત્તને એકાગ્ર કરવાનો અભ્યાસ પાડવા માટેની શાસ્ત્રકારોની આ આજ્ઞાનું પરમ રહસ્ય સમ્યગ્દૃષ્ટિ શાસ્ત્રાનુસારી મધ્યસ્થદૃષ્ટિ જીવોના ખ્યાલમાં તુરત આવી શકે તેમ છે. એ ખ્યાલ આવ્યા પછી આત્મહિતના વિશેષ અર્થી આત્માઓને અધિકાધિક સંખ્યામાં નવકારને ગણવાનું શાસ્ત્રીય પ્રતિપાદન કેટલું મહત્ત્વનું છે, તે તુરત સમજાઇ જાય તેમ છે.

અંતમાં કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજીનો શ્રી નવકાર મંત્રના માહાત્મ્યને વર્ણવતો એક અપૂર્વ શ્લોક ટાંકીને આ લેખ પૂરો કરીશું. તેઓ શ્રી ફરમાવે છે કેઃ—

"कृत्वा पापसहस्राणि, हत्वा जन्तुशतान्यपि ।
अमुं मन्त्रं समाराध्य, तिर्यञ्चोऽपि दिवं गताः ॥१॥"

**અર્થ**–'હજારો પાપો અને સેંકડો હત્યાઓ કરનારા તિર્યંચો પણ આ મંત્રને સમ્યક્ આરાધીને દેવગતિને પામ્યા છે.'

શાસ્ત્રદૃષ્ટિએ જેમ નવકાર અતિ મહત્ત્વનું સ્થાન ધરાવે છે તેમ મંત્રદૃષ્ટિએ પણ તેનું ઘણું મહત્ત્વ ભર્યું સ્થાન છે. સ્વોપજ્ઞ વૃત્તિયુત શ્રીયોગશાસ્ત્ર નામક મહાગ્રંથમાં કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજીએ તે ઉપર ઘણો પ્રકાશ પાડયો છે, તેઓશ્રીએ નવકાર મંત્રના વિવિધ રીતે કરવામાં આવતા જાપનું અને તેના ફળનું ત્યાં વિસ્તૃત વિવેચન કર્યું છે, અર્થી જીવોને તે સ્થળેથી જોઈ લેવા ભલામણ છે.

卐 卐 卐

ગારૂડિક મંત્ર જેમ સર્પના વિષનો નાશ કરે છે તેમ શ્રી નમસ્કાર મંત્ર સમસ્ત પાપરૂપી વિષનો નાશ કરે છે.

卐 卐 卐

# આંતરિક ધન શ્રીનવકાર.

---

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી સ્વરચિત યોગ-શાસ્ત્રના તૃતીય પ્રકાશમાં શ્રાવકની દિનચર્યાનું વર્ણન કરતાં પ્રથમ જ ફરમાવે છે કે—

'ब्राह्मे मुहूर्ते उत्तिष्ठेत्, परमेष्ठिस्तुतिं पठन्' અર્થાત્ શ્રાવક નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતાં શય્યાનો ત્યાગ કરે. નમસ્કાર એટલે વિનયનો એક પ્રકાર, વિનય એટલે જેનાથી આઠે કર્મોનો વિલય થાય એવી એક અદ્‌ભૂત-સામર્થ્યવાળી ક્રિયા, વિનય એટલે ચિત્તની અનુસ્રોતવૃત્તિ, આત્માનો એક સ્વચ્છ પરિણામ. ક્લિષ્ટકર્મનો વિગમ થયા વિના નમસ્કારનો પરિણામ ઉત્પન્ન થતો નથી. એ કારણે નમસ્કારનો પરિણામ એ આત્માની નિર્મળતાનું એક પ્રતીક છે.

ધર્મનું મૂળ વિનય છે, 'विणयमूलस्स' એવું વિશેષણ ધર્મને અપાયું છે અને 'સિંચે તે સુધારસેજી ધર્મવૃક્ષનું મૂળ' એમ પણ કહ્યું છે. આ વિનયનું ફળ શુશ્રૂષા, શુશ્રૂષાનું ફળ શ્રુતજ્ઞાન, એમ ક્રમશઃ વિરતિ, આશ્રવનિરોધ, સંવર, તપ, સર્વસંવર અને પરિણામે મોક્ષ થાય છે. વળી 'तस्मात् कल्या-

णानां, सर्वेषां भाजनं विनयः' અર્થાત્ 'તે કારણે સર્વ કલ્યાણોનું ભાજન એક વિનય ગુણ છે ' એમ દશપૂર્વધર શ્રી ઉમાસ્વાતિ વાચક પ્રવર શ્રી પ્રશમરતિ પ્રકરણમાં પણ ફરમાવે છે.

મોક્ષમાર્ગમાં વિનયગુણની એ કારણે પ્રધાનતા છે કે તેનું પરિણામ ઉત્તરોત્તર ઘણું સુંદર આવે છે, બીન જોખમી આત્મકલ્યાણનો તે માર્ગ છે. એ ગુણના પાલનથી જ ભગવાન્ શ્રી ગૌતમમહારાજાનું નામ મંગળમય મનાય છે.

દુનિયાનું પણ કોઈ કાર્ય કે કોઈ કળા વિનય વિના સિદ્ધ થાય નહિ. વિનય ગુણના પાલન વિના કદાચ કોઇ ગુણ પ્રાપ્ત થાય તો પણ તે પરિણામે વિનાશક બને છે, કારણ કે ત્યાં જોખમ છે, અભિમાનની પુષ્ટિ થાય અને પરિણામે પતન થાય, માટે વિનયનું પાલન સૌથી પ્રથમ જરૂરી છે.

પરમેષ્ઠિ નમસ્કાર એ વિનય ગુણ સ્વરૂપ છે, નમસ્કારનું સ્વરૂપ અને નમસ્કારથી થતો લાભ, જો આ રીતે બુદ્ધિ–પૂર્વક વિચારાય તો નમસ્કાર પ્રત્યે રુચિ–પ્રેમ જાગ્યા સિવાય રહે નહિ અને તે એટલે સુધી જાગે કે કોટિકલ્પે પણ તેનો અંત આવે નહિ. તે પ્રેમ અનંત, અક્ષય અને અભંગ બની જાય. કારણ પ્રેમનો વિષય અરિહંતાદિ પોતે જ સ્વરૂપથી અનંત–અક્ષય છે. કહ્યું છે કે—

' ઉદક બિંદુ સાયર ભલ્યો, જેમ હોય અક્ષય અભંગ,
વાચક યશ કહે પ્રભુ ગુણે, તિમ મુજ પ્રેમ પ્રસંગ. '

(શ્રી અનંતજિન સ્તવન)

દ્રવ્ય પ્રાપ્તિ આદિ માટે દુનિયામાં જે ઉત્સાહભેર પ્રવૃત્તિ થાય છે તે પ્રવૃત્તિમાં ફળનો વિશ્વાસ છે અને એ વિશ્વાસને કારણે અનેકવાર નિષ્ફલતા મળવા છતાં પણ કદી ઉત્સાહનો સર્વથા ભંગ થતો નથી. અહીં નમસ્કારના ફલમાં વિશ્વાસ જાગતો નથી તેથી ઉત્સાહ પ્રગટતો નથી. બીજી વાત દ્રવ્ય આદિકના સ્વરૂપનું પણ ત્યાં ચોક્કસ ભાન છે કે દ્રવ્ય એટલે કાગળનો કટકો નહિ, પણ હજારની નોટ. સોનું–ચાંદી એટલે ધાતુના ટુકડા નહિ, પણ જેનાથી સર્વ કાર્યો સિદ્ધ થાય, જેનાથી કુટુંબમાં, સમાજમાં, રાષ્ટ્રમાં સ્થાન મળે અને ટકે એવી એક વસ્તુ, એવું ત્યાં સચોટ જ્ઞાન છે. જગતમાં નિર્ગુણી એવા જીવો પણ પૂજાય છે ત્યાં દ્રવ્યનો ચમત્કાર છે એ નજરે દેખાય છે. વળી સામાન્ય મનુષ્યો ગુણના પૂજારી હોતા નથી પણ દ્રવ્યના પૂજારી હોય છે. આ બધું પ્રત્યક્ષ જોવામાં આવતું હોવાથી ત્યાં ઉત્સાહભેર પ્રવૃત્તિ કોઇના પણ ઉપદેશ વિના થતી જોવામાં આવે છે. બસ, એવો જ વિશ્વાસ અહીં આવી જાય કે–બાહ્ય સુખનું કારણ ધન છે, પણ તે ધનનું ય કારણ ધર્મ છે, તો ધનપ્રાપ્તિ કરતાં પણ ધર્મપ્રાપ્તિમાં ઉત્સાહ વધી જાય. જેની પાસે ધર્મરૂપી મૂડી છે તે જ ખરો ધનવાન્ છે અને વર્તમાનમાં જે ધર્મ-ધનની કમાણી કરી રહ્યા છે તેઓ જ ભાગ્યશાળી છે, ભાવિમાં તે નિયમા ધનવાન્ થવાના છે. ધર્મ વગરના ધની ભવિષ્યના કંગાલ છે, અજ્ઞાની જગત ધર્મના ફ્લને જુએ છે, સમજુ માણસ ધર્મના મૂલને પ્રધાનતા આપે છે. સર્વ સિદ્ધિઓનું અમોઘ બીજ ધર્મ છે. નમસ્કારથી ધર્મરૂપી

કલ્પવૃક્ષના મૂલનું સિંચન થાય છે. આ વિચાર બારીકાઈથી કરવો જોઈએ, બુદ્ધિને અહીં બરાબર કસવી જોઈએ, સૂક્ષ્મ-બુદ્ધિ મલ્યાનું આ જ ખરૂં ફળ છે.

નમસ્કાર એ જો ધર્મ છે તો તેની ગણત્રી કયા ધર્મમાં થઇ શકે? એ પ્રશ્નનો ઉત્તર એ છે કે ધર્મની આરાધના ત્રણ રીતે થઈ શકે છે, ૧-કરવા દ્વારા, ૨-કરાવવા દ્વારા, ૩-અનુમોદના દ્વારા. આ ત્રણ પ્રકારના ધર્મમાંથી નવકાર દ્વારા અનુમોદના સ્વરૂપ ધર્મનો જે ત્રીજો પ્રકાર છે તેની આરાધના થઈ શકે છે. પરિસ્થિતિ એવી છે કે શરૂઆતમાં ધર્મ કરવા દ્વારા ઓછો થઈ શકે છે, કારણ કે ધર્મ મહાન્ છે અને કરનાર પોતે અલ્પ છે. પોતાને જે સાધનો મલ્યાં છે તે પણ અતિ અલ્પ છે, અલ્પ સાધનો દ્વારા અનંત એવા ધર્મની-શરૂઆતમાં જ પૂર્ણ આરાધના થવી શક્ય નથી, પોતે શક્તિ મુજબ જ આચરણમાં લાવી શકે છે. પરંતુ ધર્મ વસ્તુ અંતરમાં રૂચિકર બનેલી હોવાથી માત્ર કરેલા તેટલા પોતાના અલ્પ ધર્મથી તેને સંતોષ થતો નથી, એટલે "બીજા પણ આ સુંદર વસ્તુને કરો" એવી ભાવનાથી પોતાને જે કાંઈ સામગ્રી મળી છે તેનો તેમાં ઉલ્લાસથી સદુપયોગ કરે છે અને માને છે કે નશ્વર એવાં આ સાધનો દ્વારા જો કોઇને ધર્મમાર્ગમાં સ્થિર કરી શકાતા હોય તો તે જ તેનું વાસ્તવિક ફળ છે. ધૂળ જેવી વસ્તુમાંથી સુવર્ણ પ્રાપ્ત કરવા જેવું તેમાં તેને લાગે છે અને આવી ભાવનાથી તેના આત્માને એક મોટો લાભ થાય છે. ધર્મ ઉપરના પ્રેમને લીધે ધર્મને માટે પોતાની

સામગ્રીનો ઉપયોગ કરવાથી એવું શુભાનુબંધી પુણ્ય બંધાય છે કે જન્માંતરમાં તેને ઉત્તમકુળ, સુદેવ-ગુરૂ-ધર્મનો યોગ અનાયાસે મળે છે, રૂચે છે, પાળવાનું સામર્થ્ય પ્રગટે છે અને વર્તમાનમાં જે ઓછાશ હતી તે ઓછાશ ટળી જાય એવી સામગ્રી અને સંજોગો તેને પ્રાપ્ત થઇ જાય છે. આ કરાવવારૂપ ધર્મનું ફળ થયું. માત્ર કરવાથી અને કરાવવાથી પણ ધર્મના અંતને પહોંચી શકાય તેમ નથી, પણ ત્રીજો પ્રકાર જે અનુમોદનાનો છે તે પ્રકાર દ્વારા જ ચિત્તને સંતોષ થાય તેવી આરાધના થઇ શકે છે. કરવામાં શક્તિ મુજબ જ બને છે, કરાવવામાં જો કે અનેકને કરાવી શકાય છે તો પણ તેમાં હદ છે, એ બધું કર્યું-કરાવ્યું ભેગું કરવામાં આવે તો પણ અનુમોદનારૂપ ધર્મની સામે સાગરની સામે એક બિંદુ તુલ્ય પણ ન થાય. કારણ કે અનુમોદનામાં દેશ, કાળ, કે દ્રવ્યનો કોઇ પ્રતિબંધ નથી. અનુમોદના વર્તમાનમાં આપણી આજુબાજુ થતા ધર્મની થઇ શકે, તેમ ભૂતકાળમાં બીજાઓએ આચરેલા ધર્મની પણ થઈ શકે. પરિપૂર્ણ ધર્મ જેમણે આચર્યો છે તેઓની પણ થઈ શકે અને આ ભરતક્ષેત્ર સિવાયના મહાવિદેહ આદિ ક્ષેત્રોમાં વિચરતા વર્તમાન તીર્થંકરોના ધર્મની પણ થઈ શકે. ટુંકમાં સર્વકાળમાં અને સર્વક્ષેત્રમાં થએલા થતા અને થનારા ધર્મની આરાધના માટે અનુમોદના સ્વરૂપ ધર્મની આરાધના સિવાય બીજો ઉપાય નથી. કાળની આદિ નથી, અનાદિ કાળથી સર્વ ક્ષેત્રોમાં ધર્મ આરાધાતો આવ્યો છે, તેમાં પરિપૂર્ણ ધર્મ સાધનારા પણ અનંત

આત્માઓ થયા છે, તે બધા અરિહંત ભગવંતો, સિદ્ધ ભગવંતો, આચાર્ય ભગવંતો, ઉપાધ્યાય ભગવંતો, સાધુ ભગવંતો, દેશવિરતિ ધર્મ પાળનારાઓ, સમ્યગ્દૃષ્ટિ દેવો–મનુષ્યો, આદિના અને બીજા પણ માર્ગાનુસારી વિગેરે જીવોના ધર્મોની આરાધના અનુમોદના સિવાય બીજી રીતે થવી શક્ય નથી. આ બધાના ધર્મનો સરવાળો અનંત અનંત થઈ જાય છે.

અનુમોદના કરનારો જેની અનુમોદના કરે છે તેના ધર્મનો ભાગીદાર બની જાય છે. અનુમોદના રૂચિ વિના ન હોય અને જેને જેવી રૂચિ હોય તે મુજબ એનું ઘડતર થાય. અનુમોદનાથી જીવનું શુભપુણ્ય એટલું બધું વધી જાય છે કે તે પોતે આજે એક બિંદુ સ્વરૂપ છે પણ અનુમોદના–રૂપ ધર્મમાં ભળી જવાથી અક્ષય–અનંત સાગર સ્વરૂપ બની જાય છે.

અનુમોદનાના આ અનંત ફળને ખ્યાલમાં રાખીને જ શાસ્ત્રકારોએ નવકારનું માહાત્મ્ય ગાયું છે. નવકારના એક એક અક્ષરના સ્મરણથી સાત સાત સાગરોપમનાં પાપો ટળે, એ ફળ પણ વ્યવહારથી છે અને તે તો અતિ અલ્પ ગણાય. વસ્તુતઃ નવકારના એક એક અક્ષરના સ્મરણથી પ્રતિ સમય અનંત અનંત પાપની રજ ટળે અને જીવ સર્વ કર્મનો વિચ્છેદ કરી અલ્પ સમયમાં મોક્ષના અનંત સુખને પ્રાપ્ત કરે તે એનું પરમાર્થ ફળ છે. જીવની મુક્તિ આજ સુધી થઈ નથી એનું કારણ શોધવું હોય તો તે એક જ છે કે તે નમસ્કાર મંત્રથી નમનીય પંચપરમેષ્ઠિઓને ભાવપૂર્વક એકે વાર નમ્યો નથી, ત્યાં અંતરથી નમ્ર બન્યો

નથી. પરમેષ્ઠિઓને ભાવપૂર્વક નમવાના પરિણામ સિવાય જે ધર્મકરણી થાય છે, તે વિશુદ્ધ નથી પણ અશુદ્ધ છે, અભિમાનની વૃદ્ધિ માટે છે. આરાધના વધે તેમ નમ્રતા વધે તો સમજવું કે ધર્મવૃદ્ધિ થઈ રહી છે. પણ મોટે ભાગે જીવ નમ્ર બનવા માટે નહિ, સૌથી અધિક શ્રેષ્ઠ બનવા અને સૌને નમાવવા સારૂ જ પ્રયત્ન કરી રહ્યો હોય છે અને એ કારણે ધર્મ પ્રવૃત્તિમાં પણ જ્યાં નમવું જોઈએ ત્યાં તેને નમ્રતાનો ભાવ આવતો નથી. એ બધો ભાવઅંધાપો છે અને તે અંધાપાની પુષ્ટિ થતી જ આવે છે, તેથી નમ્ર બનાતું નથી અને નમ્ર બન્યા સિવાય ધર્મ પ્રવેશી શકતો નથી.

એ અંધાપો તો જ ટળે જો ગુણાનુરાગી દૃષ્ટિ થાય, ગુણાનુરાગી દૃષ્ટિ તો જ થાય જો પોતામાં ભરાયેલા અનંત દોષો અને અશુદ્ધિઓ ખ્યાલમાં આવે. એ ખ્યાલમાં આવે એટલે ગુણ-ગણમણિના ભંડાર સરખા અરિહંતો હજારો સૂર્યો કરતાં પણ વધુ દેદીપ્યમાન-ભાસમાન થાય અને એ ભાસમાન થયા પછી જ્યારે લઘુતા, નમ્રતા અને પોતાનું અસામર્થ્ય સાચી રીતે ખ્યાલમાં આવે ત્યારે તો આ નવકારને ચિંતામણિ અને કલ્પવેલડીની ઉપમા પણ તુચ્છ જેવી લાગે અને અનાદિનું અંદરનું અંધારૂ ઉલેચાય. પછી આ જગતમાં અરિહંતાદિ પંચપરમેષ્ઠિઓએ પોતાના જીવનમાં કેવો પુરૂષાર્થ કર્યો છે અને આંતર શત્રુઓને જીતવા માટે કેવા કેવા જંગ ખેલ્યા છે, કેવી કઠોર સાધના કરી છે, અજ્ઞાનમાં મગ્ન થએલા જગત ઉપર એમની કેવી કરૂણા છે તેનો સાચો ખ્યાલ આવે. પછી તેમની બધી જ ચેષ્ટાઓ

કરૂણારસની મૂર્તિ સમી ભાસે, તેમની સઘળી પ્રવૃત્તિ કેવળ જગતના કલ્યાણ માટે જ લાગે અને એમના પુરૂષાર્થનો વિચાર કરવામાં આવે તો મહાન્ આશ્ચર્ય થાય કે આવા કટુ સંસારમાં પણ અમૃતના કુંભ સમાન આત્માઓ શી રીતે ઉત્પન્ન થતા હશે ? જગતના શિક્ષણથી જુદું આવું શિક્ષણ એમને કોણે આપ્યું હશે ? જગતની વચ્ચે રહીને પોતાના (જગતથી તદ્દન વિલક્ષણ) માર્ગમાં શી રીતે ટકી રહ્યા હશે ? તેમનું આંતરબળ કેટલું હશે ? અપાર–દુઃખ સહન કરતી વખતે પણ આનંદમાં મગ્ન રહી જગતને દુઃખ ઉપર વિજય મેળવવાનો માર્ગ જો આવા પુરૂષો ન હોત તો બીજા કોણ બતાવત ? આજે જે કાંઈ સુખ, શાંતિ, દાન, દયા, પરોપકાર, કે ધર્મ દૃશ્યમાન થાય છે, તે તેમના વિના ઉત્પન્ન પણ થઈ શકે તેમ નહોતું. એ રીતે જે કાંઈ સારૂં છે ત્યાં પ્રત્યેક ઠેકાણે એમની કરૂણાનાં દર્શન થઈ શકે. સર્વત્ર સારૂં ઉત્પન્ન ક્યાંથી થયું ? તેનો ઉત્તર એ આવે કે 'એ બધું એક નાનકડા નવકારમાંથી જ ઉત્પન્ન થયું છે'

જો નવકાર ન હોય તો જગત ભલે કદાચ હોત પણ જગતમાં સારૂં તો ન જ હોત. જગતમાં જે કાંઈ સારૂં છે, તેને નવકારે ઉપજાવ્યું છે–ટકાવ્યું છે, તેનો યશ બીજા જે કોઈ લેવા જાય છે તેમાં તેમનું અજ્ઞાન જ કારણભૂત છે.

વિચારો ! નવકાર કેટલો વ્યાપક છે ? શાસન અરિહંતનું કહેવાય, એ અરિહંત પણ નવકારના માત્ર એક અંશરૂપ છે.

નવકારમાં બધું સમાઈ જાય છે. અનંતા અરિહંતો નવકારનો એક માત્ર અંશ છે, સર્વ જિનમંદિરો એ પણ નવકારના એક અંશનો અંશ છે અને સર્વ સાધુઓ પણ નવકારની અંતર્ગત આવી જાય છે. જે કાંઈ જગતમાં સારૂં છે તે બધું નવકાર રૂપી ઈશ્વરનું સર્જન છે અને નવકારમાં ત્રણે ભુવનની સારભૂત સર્વ વસ્તુઓ આવી જાય છે.

પરમેષ્ઠિઓ મહાન્ ઐશ્વર્યશાળી છે, તેમને નમસ્કાર કરવાથી આત્મામાં ગુણ લક્ષ્મી ઉભરાવા લાગે છે.

બીજમાં અંકુરો થવાની યોગ્યતા તો છે, પણ તેને માટે જેમ યોગ્ય સામગ્રીની અપેક્ષા છે તેમ આત્મામાં ગુણ લક્ષ્મી ઠાંસી ઠાંસીને ભરેલી છે તેને પ્રગટ થવા માટે સામગ્રી જોઈશે, તે સામગ્રીમાંની એક શ્રી પંચપરમેષ્ઠિઓને નમસ્કાર કરવો તે છે. જિનેશ્વરોને ભાવથી નમસ્કાર કરવો તે ગુણલક્ષ્મી પ્રગટ કરવાનો અમોઘ ઉપાય છે. કહ્યું છે કે–

'યોગનાં બીજ ઈહાં ગ્રહે, જિનવર શુદ્ધ પ્રણામો રે.'

નમસ્કારની ક્રિયાથી અનાદિની જે ભાવ દરિદ્રતા હતી, તે ટળી જાય છે અને આત્મિક ગુણોના ઓઘના ઓઘ ઉભરાવા લાગે છે. આંતર સંપત્તિનું દર્શન થતાં તેને બાહ્ય વસ્તુની ઓછાશની દીનતા રહેતી નથી.

એથી જ કહેવાય છે કે **નવકારનો ગણનાર કદી પણ દીન ન હોય.** કહ્યું છે કે–**પ્રભુની ઓળખાણ થતાંની સાથે જ બધી દીનતા ચાલી જાય છે** અને એથી જ આરાધક આત્માઓ મુખ્ય માગણી કરે છે કેઃ–

" जिनधर्मविनिर्मुक्तो, मा भुवं चक्रवर्त्यपि " અર્થાત્ જિનધર્મથી રહિત હું ચક્રવર્તી પણ ન થાઉં.

નવકાર એ આંતરિક ધન છે અને પુણ્યાનુબંધી પુણ્યના ઉદયથી તેની પ્રાપ્તિ થાય છે.

卐　　卐　　卐

શું નવકાર એ મહારત્ન છે? ચિન્તામણિ છે? અથવા શું કલ્પવૃક્ષ છે? નહિ, નહિ, નહિ! તે સર્વથી પણ અધિક છે, ચિન્તામણિ આદિ એક જન્મના સુખને આપે છે, જ્યારે પ્રવર એવો પરમેષ્ઠિ નમસ્કાર મહામંત્ર સ્વર્ગ અને અપવર્ગને પણ આપે છે.

卐　　卐　　卐

# નમસ્કારની ધારણા

શરીરની બહાર કે અંદર કોઈ એક સ્થાનમાં મનોવૃત્તિને એકાગ્ર કરવા પ્રયત્ન કરવો તેનું નામ ધારણા છે. કહ્યું છે કે 'देशबन्धश्चित्तस्य धारणा' અર્થાત્ ચિત્તને કોઇ એક સ્થાન પર બાંધવું તે ધારણા છે. ધારણાના અભ્યાસીએ સિદ્ધાસન, પદ્‌માસન કે સ્વસ્તિકાસન, વિગેરેમાંથી કોઈ એક આસને બેસવું જોઇએ તથા ઇંદ્રિયોને અને મનને સ્વસ્થ કરવાં જોઇએ. નવકારની ધારણા મુખ્યત્વે નવકારના અક્ષરો ઉપર કે પંચપરમેષ્ઠિઓની આકૃતિઓ ઉપર કરવાની હોય છે અને તે મૂર્તિઓ કે અક્ષરોને શરીરની અંદર કે બહાર અષ્ટદલકમળ ઉપર સ્થાપન કરવાના છે. આ ધારણા શરૂ કરવા પહેલાં સંસારના સર્વ વિષયો પ્રત્યે વૈરાગ્ય અને પંચપરમેષ્ઠિઓ પ્રત્યે પરમ અનુરાગ પ્રકટાવવાનો હોય છે. જેમ કે સંસારના સર્વ પદાર્થો અનિત્ય, અશરણ અને દુઃખદાયક છે ત્યારે પંચપરમેષ્ઠિ ભગવંતો શાશ્વત, શરણભૂત અને મંગળદાયક છે.

ધારણાનો અભ્યાસ કરતાં અંતઃકરણની વૃત્તિમાં બે મુખ્ય દોષો આવે છે, એક લય અને બીજો વિક્ષેપ. નિદ્રાધીનતા તે લય છે અને ધારણાના વિષયથી અન્ય વિષયના આકારે ચિત્તનું પરિણમવું તે વિક્ષેપ છે. લયના હેતુઓ અજીર્ણ, અત્યાહાર, અતિશ્રમ, આદિ દોષો છે, તેનો નાશ કરવા માટે હિત-મિત-ભોજી થવું, શક્તિથી વિશેષ શ્રમનો

ત્યાગ કરવો, ઉચિત નિદ્રા લેવી, તથા ચિત્તનો તમોગુણ જેમ ઓછો થાય તેવો આહાર–વિહારાદિનો અભ્યાસ પાડવો જોઈએ. વિક્ષેપદોષ ટાળવા માટે એકાગ્રતાનો અભ્યાસ પાડવો અને વૈરાગ્ય તથા સમભાવની ભાવના વધારવી જોઈએ. લય અને વિક્ષેપથી જુદો ચિત્તનો એક ત્રીજો દોષ છે તેને કષાય કહેવાય છે. કષાય એટલે તીવ્રરાગ–દ્વેષ, તેને ધીરતા અને સાવધાનતાથી દૂર કરવા. રાગના હેતુઓ અનુકૂળ શબ્દાદિ વિષયો છે અને તેના હેતુભૂત ધન, માન તથા સ્ત્રી પુત્રાદિ છે, દ્વેષના હેતુઓ પ્રતિકૂળ એવા તે જ વિષયો છે. વિષયની અસારતા, તુચ્છતા અને અપકારકતાનો પુનઃ પુનઃ વિચાર કરવાથી કષાય દોષ અર્થાત્ રાગ–દ્વેષની તીવ્રતા ટળી જાય છે.

એ રીતે ધારણાનો અભ્યાસ દૃઢ કરવા માટે વિષય–વિરાગ પ્રબળ કરવો જોઈએ અને ધ્યેયમાં પ્રીતિને દૃઢ કરવી જોઈએ. જ્યારે જ્યારે લય, વિક્ષેપ અને કષાય દોષનો સંભવ જણાય ત્યારે ત્યારે તેના પ્રતિપક્ષી ઉપાયો વડે તેનું નિવારણ કરતા રહેવું જોઈએ.

ધારણાનો અભ્યાસ કર્યા પછી શરૂઆતના કેટલાય દિવસો સુધી ચિત્ત કેટલોક વખત ધ્યેયાકાર સ્થિતિમાં, કેટલોક વખત લયાવસ્થામાં, કેટલોક વખત વિક્ષેપાવસ્થામાં અને કેટલોક વખત કષાયાવસ્થામાં રહે છે. જેમ જેમ વૈરાગ્ય ભાવના વધતી જાય છે અને ધ્યેયવિષયમાં પ્રીતિ જામતી જાય છે તેમ તેમ લય, વિક્ષેપ અને કષાયાદિ ન્યૂન થવા માંડે છે અને ધારણાનો અભ્યાસ પરિપક્વ–પણાને પામતાં ધ્યાનાભ્યાસના અધિકારી થવાય છે.

ધારણા સિદ્ધિ માટે વૈરાગ્યભાવના અને ભક્તિભાવ-નાને પ્રબળ બનાવવી આવશ્યક છે. વૈરાગ્યભાવના વડે વિષય તૃષ્ણાનો ઉચ્છેદ થાય છે અને ભક્તિભાવના વડે ધર્મવિષયક અરૂચિ અને પ્રમાદ દોષ ટળી જાય છે. સંસારની અંદર જીવને એક બાજુ પંચ વિષયો છે અને બીજી બાજુ પંચ પરમેષ્ઠિઓ છે. પંચવિષયોનું આકર્ષણ અનાદિનું છે, પંચ પરમેષ્ઠિઓનું આકર્ષણ અભ્યાસથી સાધ્ય છે. વિષયોના આકર્ષણથી જીવ રાગદ્વેષને વશ થઇ અનંતકર્મ ઉપાર્જન કરે છે અને પંચપરમેષ્ઠિઓ ઉપરના ભક્તિભાવથી જીવ અનંત અનંત કર્મનો ક્ષય કરે છે. કર્મના સંચયથી જીવ જન્મ મરણના ચક્રમાં પડે છે અને કર્મના ક્ષયથી જન્મ મરણના ચક્રમાંથી મુક્તિ મેળવે છે, એ તત્ત્વને સમજીને સાધકે શાસ્ત્ર અને ગુરુના ઉપદેશ મુજબ પંચપરમેષ્ઠિ નમસ્કારની ધારણાનો અભ્યાસ કરવો જોઇએ તથા ચિત્તમાં વિષય-રાગના સ્થાને ભક્તિ રાગ કેળવવા માટે શ્રદ્ધા, ઉત્સાહ અને સાવધાનતા પૂર્વક પ્રયત્ન ચાલુ રાખવો જોઇએ.

卐 卐 卐

**પરલોકના માર્ગે પ્રયાણ કરતા જીવરૂપી મુસાફરને આ લોકરૂપી ઘરમાંથી નીકળતી વેળા શ્રી નવકારમંત્ર એ પરમ ભાથા તુલ્ય છે.**

卐 卐 卐

# નમસ્કાર મહામંત્રનું ધ્યાન.

'ध्यानं चैकाग्र्यसंवित्ति।'

(શ્રીજ્ઞાનસાર, ધ્યાનાષ્ટક.)

ધ્યાન એટલે એકાગ્ર બુદ્ધિ, અર્થાત્ વિજાતીય જ્ઞાનના અંતર રહિત સજાતીય જ્ઞાનની ધારા તે ધ્યાન છે. ધારણામાં જ્ઞાનની ધારા વચ્ચે વચ્ચે વિચ્છેદ પામે છે, જ્યારે ધ્યાનમાં તેવું થતું નથી *

ચક્ષુ આદિ ઇંદ્રિયો પોતાના રૂપ આદિ વિષયો તરફ સ્વભાવથી જ પ્રબળ વેગ વડે ધસ્યા કરે છે, ઇંદ્રિઓને અનુસરનારૂં મન પણ રાતદિવસ વિષય ચિન્તનમાં જ પ્રવૃત્ત રહે છે, તેથી ધ્યાનનો અભ્યાસ કરનારે વિષયો તરફ જતાં મન તથા ઇંદ્રિયોને વિષયોમાં દોષદર્શનરૂપી વૈરાગ્યદૃષ્ટિ વડે રોકવાં જોઇએ. વિષયપ્રવણ મનની વિષયપ્રવણુતા, વિષયોની અસત્યતા, અસારતા અને અપકારકતાનો વિચાર કરવાથી મન અટકી જાય છે અને ઇંદ્રિયોની ચપળતા, મનની સાવધાનતા, દૃઢતા તથા ધીરતા દ્વારા જીતાઈ જાય છે.

---

* પાતંજલ યોગસૂત્ર મુજબ ધારણાના વિષયમાં ચિત્તની વૃત્તિઓના પ્રવાહને તેલની ધારાની જેમ અવિચ્છિન્નપણે ચાલુ રાખવો એ ધ્યાન છે.

જુઓ, '**तत्र प्रत्ययैकतानता ध्यानम्।**' [પા. યો. સૂ. ૩-૨]

પ્રશસ્ત વિષયના ધ્યાનનો અભ્યાસ વધવાથી અંતઃ-કરણની યોગ્યતા વધે છે, જ્ઞાન અને આનંદની વૃદ્ધિ અનુભવાય છે, ઇંદ્રિયો તથા શરીર સાત્ત્વિક બને છે તથા ધ્યાનાભ્યાસરૂપ પુણ્યના પ્રકર્ષથી બાહ્ય વ્યવહાર પણ અનુકૂળતાવાળો બની જાય છે.

કંટાળ્યા વિના નિયમ પૂર્વક અભ્યાસ કરવાથી સમય જતાં જેમ મોટા મોટા ગ્રન્થોનું અધ્યયન કરી શકાય છે, નિત્ય નિયમ પૂર્વક ઉંચે ચઢવાથી જેમ મોટા મોટા પર્વતો ઠેકી શકાય છે, નિત્ય ઉત્સાહ પૂર્વક ચાલ્યા કરવાથી જેમ સમસ્ત પૃથ્વીને પ્રદક્ષિણા આપી શકાય છે, તેમ આગ્રહ પૂર્વક ઉદ્વેગ પામ્યા વિના નિયમિત ધ્યાનાભ્યાસ ચાલુ રાખવાથી કાળે કરીને અનેક વિષયાકારે પરિણમવાના મનના સ્વભાવને પલટાવીને એક જ ધ્યેયના આકારે સ્થિર રાખી શકાય છે.

મનને ચિરકાલથી અનેક વિષયોના આકારમાં પરિણમ-વાની ટેવ પડેલી છે, તેને એક જ ધ્યેયાકારે સ્થિર કરવાનું કામ અતિ કઠિન છે, તો પણ આગ્રહવાળા પ્રયત્નથી જેમ અન્ય મોટાં કાર્યો સુલભ થાય છે તેમ આ કાર્ય પણ સુકર બને છે. ધ્યાનાભ્યાસીએ ધ્યાનાભ્યાસથી લેશ પણ કંટાળ્યા વિના નિત્ય નવા નવા ઉત્સાહથી ધ્યાનાભ્યાસરૂપ કાર્ય ચાલુ રાખવું જોઇએ. ધ્યાનાભ્યાસી જો યોગ્ય પ્રયત્ન પૂર્વક પોતાના મનને શુદ્ધ ધ્યેયમાં જોડવા માટે પ્રયત્ન ચાલુ રાખે તો સ્થૂલ અને ચંચલ એવા મનને ધ્યાનના બળથી સૂક્ષ્મ અને એકાગ્ર કરવામાં અવશ્ય સફળ થઈ શકે છે.

અશુદ્ધ મનને શુદ્ધ કરવાનું અને ચંચલ મનને સ્થિર કરવાનું કાર્ય અતિ દુષ્કર છે, તો પણ પંચપરમેષ્ઠિના ધ્યાનથી અને ભક્તિપૂર્વકના નમસ્કારથી તે સુલભ બને છે. કારણ કે પંચપરમેષ્ઠિ શુદ્ધસ્વરૂપવાળા, સ્થિર અને શાશ્વત છે.

સમુદ્રથી દૂર રહેલા સ્થાનમાંથી મનુષ્ય જેમ જેમ સમુદ્રની સમીપ આવતો જાય છે તેમ તેમ સમુદ્ર પરથી આવતા પવનની શીતલ લહેરો વડે તેનો તાપ શમતો જાય છે અને આનંદ વધતો રહે છે તેમ ધ્યાનવડે મનુષ્ય પોતાના બહિર્મુખ મનને જેમ જેમ પરમતત્ત્વની અભિમુખ કરી સમીપ આવતો જાય છે તેમ તેમ અંતઃકરણમાં અપૂર્વ શાંતિ, સમતા, તૃપ્તિ અને નિર્ભયતાનો આનંદ અનુભવતો જાય છે. અથવા મોટા રાજાની સાથે અનુકૂળ સંબંધથી જોડાયેલા સામાન્ય માણસની પણ બાહ્ય–આંતર સ્થિતિમાં મોટો ફેર પડી જાય છે, તેમ જ્ઞાનાનંદ સ્વભાવ વાળા પંચપરમેષ્ઠિઓ સાથે ધ્યાન વડે એકતાને અનુભવનારો મનુષ્ય પણ પોતાની અંદરની અને બહારની સ્થિતિમાં મોટો ભેદ અનુભવ્યા સિવાય રહેતો નથી. જ્યાં જ્યાં તે સ્થિતિ બદલાતી ન જણાય ત્યાં ત્યાં સમજવું કે તે પરમેષ્ઠિઓનું ધ્યાન યોગ્ય રીતે કરતો ( કરી શક્યો ) નથી. ધારણા કાલે ધ્યેયની પ્રતીતિ ન્યૂન હોય છે અને અહંવૃત્તિની પ્રતીતિ વિશેષ હોય છે, ધ્યાન કાળે ધ્યેયની પ્રતીતિ પ્રબળ બને છે અને અહંવૃત્તિની પ્રતીતિ ઘટી જાય છે. ચોર આદિના ભયવાળા નગરમાં રહેનારા ધનાઢ્યો પોતાના ધનને પ્રયત્ન પૂર્વક ગોપવી રાખે છે, તેમ ધ્યાનાભ્યાસીએ ધ્યાનથી ઉત્પન્ન

થતા લોકોત્તર આનંદને અને અનુભવાતી ધ્યાનાનંદની વિલક્ષણુ પ્રતીતિઓને પ્રયત્ન પૂર્વક ગોપવવી જોઇએ.

ચિત્તની નિર્મળતા કર્યા વિનાનું ધ્યાન કથન માત્ર છે. બગલા અને બીલાડાનું ધ્યાન હોવા છતાં દુર્ધ્યાન ગણુાય છે, તેથી ધ્યાન કરનાર ધ્યાતાએ પ્રયત્ન પૂર્વક પોતાના ચિત્તને નિર્મળ કરવું જોઇએ. કહ્યું છે કે 'જેણે પોતાનાં શરીર ઇંદ્રિયો અને કષાયોને જીત્યા નથી તથા રાગ-દ્વેષને દબાવ્યા નથી તેણે કાણી પખાલમાં પાણી ભરવાની જેમ ધ્યાન કરવાની નિષ્ફળ ચેષ્ટા કરી છે'

જે મનને વશ કરવાનું કાર્ય મોટા પર્વતને મૂળમાંથી ઉખેડી નાખવા જેવું, અગ્નિનું ભક્ષણુ કરવા જેવું, ભૂખ્યા સિંહની સામે થવા જેવું, મહાસાગરને ભુજાઓ વડે તરવા જેવું, પૃથ્વીને બાથ ભરવા જેવું, આકાશમાં નિરાલંબ ઉડવા જેવું, તરવારની ધાર પર ઉઘાડા પગે ચાલવા જેવું અને પ્રબળ વેગથી વાતા વાયુને રોકવા જેવું અતિ દુષ્કર છે, તે કાર્ય પણુ પરમાત્મ સ્વરૂપને પામેલા પરમેષ્ઠિઓના સતત ધ્યાનથી સિદ્ધ થાય છે. માત્ર તેમાં સતત મંડયા રહેવું જોઇએ. કહ્યું છે કે—

"उत्साहान्निश्चयाद् धैर्यात्, संतोषात् तत्त्वदर्शनात् ।
मुनेर्जनपदत्यागात्, षड्भिर्योगः प्रसिध्यति ॥१॥"

અર્થાત્ મનને વશ કરવા રૂપ યોગનું કાર્ય છ પ્રકારે સતત પ્રયત્ન કરવાથી સિદ્ધ થાય છે, તે પ્રકારો નીચે મુજબ છે.

૧–ઉત્સાહાત્=વીર્યોલ્લાસ વધારવાથી,

૨–નિશ્ચયાત્='આ મારૂં પરમ કર્તવ્ય છે' એવો એકાગ્ર પરિણામ રાખવાથી.

૩–ધૈર્યાત્=કષ્ટ વખતે પણ સ્થિર રહેવાથી.

૪–સંતોષાત્=આત્મારામતા ધારણ કરવાથી.

૫–તત્ત્વદર્શનાત્=યોગ એ જ તત્ત્વ છે, પરમાર્થ છે, એવો વિચાર કરવાથી.

૬–જનપદત્યાગાત્=ગતાનુગતિક લોકના વ્યવહારનો પરિત્યાગ કરવાથી,

ઉત્સાહાદિ આ છ વસ્તુ વડે યોગ સિદ્ધ થાય છે, આ યોગ એટલે ધ્યાન અથવા એકાગ્રતાનો પરિણામ.

આકાશમાં રહેલા તારાઓ, પૃથ્વી પરની રેતીના કણીયાઓ તથા મેઘમાંથી વર્ષતા વરસાદના બિંદુઓની સંખ્યા ગણવી જેટલી દુષ્કર છે તેથી પણ અધિક દુષ્કર ચંચળ એવા મનને વશ કરવું તે છે, તો પણ ઉત્સાહાદિ છ હેતુઓ સહિત પ્રયત્ન કરવામાં આવે તો પંચપરમેષ્ઠિઓના ધ્યાન વડે મન વશ થઈ શકે છે અને ધ્યાતા શાંતતા સ્થિરતા, નિશ્ચળતા, નિર્ભયતા આદિ ગુણોને અનુભવે છે.

卐 卐 卐

**જન્મ, જરા અને મરણથી દારૂણ એવા આ ભવારણ્યમાં મંદપુણ્યવાળાઓને શ્રી નવકારની પ્રાપ્તિ કદી પણ થતી નથી.**

卐 卐 卐

# શુભ ધ્યાનના પ્રકારો અને નમસ્કાર મહામંત્ર

---

## ધ્યાનનો આરોહણ ક્રમ

વિશુદ્ધ લેશ્યાવાળો ધ્યાનનો અધિકારી છે, અથવા રાગ-દ્વેષનો વિજય કરવા વડે જેણે મનઃશુદ્ધિ કરી છે તે ધ્યાનનો અધિકારી છે. રાગ-દ્વેષનો વિજય સમતાભાવથી થાય છે અને સમતાભાવની સિદ્ધિ મમતાનો નાશ કરનારી શુભ ભાવનાઓથી થાય છે. મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય અને માધ્યસ્થ્યથી પવિત્ર ચિત્તવાળો તથા શુભ ભાવનાઓથી ભાવિત થયેલો આત્મા ધ્યાનારોહણ કરી શકે છે.

ધ્યાનનું સ્થાન પર્વતની ગુફા, જીર્ણ ઉદ્યાન, શૂન્ય ગૃહ, વગેરે જ્યાં મનુષ્યોનું આવાગમન ન હોય, મનને વિક્ષેપ કરનારા નિમિત્તોનો અભાવ હોય, ત્યાં પ્રાણીનો ઉપઘાત ન થાય તેવા ઉચિત શિલાતલ આદિ ઉપર પર્યંકાદિ કોઈપણ આસન વાળીને જે રીતે પોતાના મન વચન કાયાના યોગોનું સમાધાન રહે અને મંદમંદ પ્રાણનો સંચાર થાય તે રીતે બેસવું. પ્રાણનો અતિ નિરોધ કરવાથી ચિત્તની વ્યાકુળતા થવાનો સંભવ છે. કહ્યું છે કે-

'ऊसासं न निरुंभइ' અર્થાત્ શ્વાસોચ્છ્વાસને રોકવો નહિ, તેમ કરવાથી એકાગ્રતાને હાનિ પહોંચે છે. પછી ચક્ષુ આદિ ઇંદ્રિયોને પોતાના વિષયોથી રોકી હૃદય, લલાટ, યા મસ્તક આદિ કોઈ પણ સ્થાન કે જે વધારે પરિચિત હોય, ત્યાં મનોવૃત્તિને એકાગ્ર કરી, પૂર્વ અથવા ઉત્તર દિશા સન્મુખ, પ્રસન્ન મુખવાળા થઈને શુભ ધ્યાન કરવું. તે ધ્યાન બે પ્રકારનું છે, બાહ્ય અને આંતર. બાહ્યધ્યાન સૂત્ર અર્થના પરાવર્તનરૂપ છે, અથવા દૃઢવ્રતતા, શીલાનુરાગ તથા વચન, કાયા અને મનના વ્યાપારોને દૃઢતાથી રોકી રાખવા વગેરે બાહ્ય ધ્યાન છે. આંતરધ્યાન તે છે કે જેને બીજો જાણી ન શકે, માત્ર અનુમાન કરી શકે તેવું કેવળ સ્વ-સંવેદનગ્રાહ્ય. તે સંક્ષેપથી ચાર પ્રકારનું છે, અન્યત્ર તેના દશ પ્રકારો પણ બતાવ્યા છે. આંતરધ્યાનને આધ્યાત્મિક ધર્મધ્યાન પણ કહે છે, અહીં પંચપરમેષ્ઠિના સ્મરણમાં તે દશે પ્રકારના ધ્યાનનો કેવી રીતે સમાવેશ થાય છે, તેનો ટુંકમાં વિચાર દર્શાવ્યો છે.

૧–**અપાયવિચય**–અપાયને અંગે વિચાર તે અપાય-વિચય. મન વચન કાયાના દુષ્ટ વ્યાપારો આત્માને અપાય કારક છે, તે દુષ્ટ વ્યાપારોથી આત્મા ભવમાં ભટકે છે, શ્રેષ્ઠ રાજ્ય પ્રાપ્ત થયા પછી જેમ કોઈ બાલિશ આત્મા ભિક્ષા માટે ભટકે તેમ મન વચન કાયાના શુદ્ધ વ્યાપાર-વાળા જીવને મોક્ષ સ્વાધીન છતાં દુષ્ટ વ્યાપારો વડે તે ભવભ્રમણ કરે છે. અહીં 'મારા તે દુષ્ટ વ્યાપારોને હું કેવી રીતે રોકું' એ પ્રકારના સંકલ્પવાન્ જીવને અપાય વિચય

ધર્મ ધ્યાન થાય છે, કારણ કે તેમાં દોષ વર્જનની પરિણતિ છે, આ પરિણતિ કુશળમાં પ્રવૃત્તિ કરાવનાર છે. શ્રી નવકાર મંત્રના બળે યોગોનો કામ ક્રોધાદિરૂપ અશુભ અભ્યાસ ટળીને જ્ઞાનાદિ શુભ અભ્યાસની વૃદ્ધિ થાય છે, તેથી નવકારનો આશ્રય તે અપાયવિચય ધર્મધ્યાનનો જ એક પ્રકાર છે,

૨–**ઉપાયવિચય**–કુશળ વ્યાપારોનો સ્વીકાર તે ઉપાય-વિચય છે. 'મોહ પિશાચથી આત્માની રક્ષા કરાવનાર કુશળ વ્યાપારોવાળો હું કેવી રીતે બનું' એ જાતિનો સંકલ્પ-પ્રબંધ તે ઉપાયવિચય છે. શ્રી નમસ્કાર મંત્રની આરાધના વડે તે પાર પડે છે.

૩–**જીવવિચય**–માત્ર પોતાના આત્માનો વિચાર કરવામાં ઉપયોગી એવું ધ્યાન તે જીવવિચય છે. જેમ કે 'મારો આત્મા અસંખ્ય પ્રદેશવાળો છે, સાકાર–અનાકાર ઉપયોગ યુક્ત છે, અનાદિ અનંત છે, કૃતકર્મના ફળને ભોગવવાવાળો છે, કર્મસંબંધથી ભવમાં ભ્રમવાવાળો છે અને કર્મવિયોગથી મોક્ષને પામવાવાળો છે' આ જાતિનો વિચાર નમસ્કાર મંત્રમાં અનુસ્યૂત છે, તેથી તેનું આરાધન જીવવિચય ધર્મધ્યાનસ્વરૂપ છે.

૪–**અજીવવિચય**–ધર્મ, અધર્મ, આકાશ, કાળ, પુદ્ગલ, કે જે અનુક્રમે ગતિ, સ્થિતિ, અવગાહ, વર્તનાદિ અને ગ્રહણ ગુણવાળા છે તથા અગુરૂલઘુ આદિ અનંત પર્યાયવાળા છે, તે અજીવોનો વિચાર સ્થિર ચિત્તથી જેમાં થાય તે અજીવવિચય ધર્મધ્યાન છે. આ ધ્યાન દેહ અને

આત્માના અભેદપણાની ભ્રાંતિને નિવારણ કરનાર છે, કે જે ભ્રાંતિ અનંત શોક અને આતંક આદિનું કારણ છે. શ્રી નવકાર મંત્રનું ધ્યાન પણ ભેદજ્ઞાનનું સાધક છે, માટે તેની આરાધના અજીવવિચય ધર્મધ્યાન સ્વરૂપ બને છે.

૫-**વિપાકવિચય**-કર્મના વિપાકનું ચિન્તન તે વિપાકવિચય છે. અરિહંતની પદવીથી માંડીને નારકીની વિપત્તિ સુધી જેનું એકછત્રી સામ્રાજ્ય વર્તે છે, તે શુભાશુભ કર્મના મધુર-કટુક ફલોનો વિચાર કરવો તે વિપાકવિચય છે. વલી જે કર્મ મૂલ-ઉત્તર પ્રકૃતિના ભેદે અનેક પ્રકારનું છે, પુદ્‌ગલાત્મક છે, ક્ષીરનીરન્યાયે આત્માની સાથે અનાદિ કાળથી સંબંધિત છે; લોહાગ્નિ ન્યાયે આત્માને પીડા કારક છે, તે કર્મના ફલની અભિલાષાથી આ ધર્મધ્યાન આત્માને વિમુખ કરનાર છે અને ભાવ વૈરાગ્યનું કારણ બને છે, શ્રીનમસ્કારમંત્રનું ધ્યાન કર્મવિપાકથી છોડાવનાર છે, તેથી આ ધ્યાન પણ તેની અંતર્ગત રહેલું છે.

૬-**વિરાગવિચય**-આ શરીર અશુચિ છે, શુક્ર-શોણિતરૂપી અશુચિથી ઉત્પન્ન થયેલું છે, મદિરાના ઘટની જેમ શુચિ ન થાય તેવું છે, વિનશ્વર છે, જેમાં જવા માત્રથી મિષ્ટાન્ન વિષ્ટારૂપ અને અમૃત પણ મૂત્ર રૂપ થઈ જાય છે, અનિત્ય છે, અપરિત્રાણ છે, યમની પીડા વખતે પિતા, માતા, ભ્રાતા ભગિની, પુત્રવધૂ કે પુત્ર, કોઈથી પણ રક્ષણ ન થઈ શકે તેવું છે, જેમાંથી નિરંતર અશુચિ વહે છે અને નવ છિદ્રો વડે નિરંતર અશુચિ બહાર નીકળે છે, તેથી નક્કી

થાય છે કે તેની અંદર સુંદર કાંઈ નથી, આ જાતિનો શરીરના સ્વભાવનો વિચાર વૈરાગ્યનો હેતુ થાય છે. તથા વિષયો પરિણામે કટુ છે, કિંપાકવૃક્ષના ફલોના ઉપભોગની ઉપમાવાળા છે, સ્વભાવથી ભંગુર છે, પરાધીન છે, સંતોષ-રૂપી અમૃતરસના આસ્વાદનના શત્રુ છે અને તેનાથી ઉત્પન્ન થનારૂં સુખ લાલાને ચાટવાથી થનારા બાળકના દુગ્ધાસ્વાદના સુખની જેમ અપારમાર્થિક છે, તેમાં આસ્થા રાખવી વિવેકીઓને યુક્ત નથી, તેનાથી વિરામ પામવું એ જ શ્રેયસ્કર છે, વિરતિ એ જ કલ્યાણકારી છે.

વળી આ ગૃહવાસ સળગતા અગ્નિની જ્વાલા સમાન છે, જેમાં વિષયથી સ્નિગ્ધ એવી ઇંદ્રિયો રૂપી લાકડાં બળે છે; જેમાંથી ધૂમની ઘટાની જેમ અજ્ઞાનની પરંપરા પ્રસરી રહી છે, એ જ્વાલાને શમાવવાનું સામર્થ્ય માત્ર એક ધર્મરૂપી મેઘમાં રહેલું છે, તેથી તેમાં જ એક પ્રવૃત્તિ કરવી તે ઉચિત છે. આવું ધર્મધ્યાન રાગના હેતુઓનો નિરોધ કરનાર હોવાથી તથા પરમાનંદના આસ્વાદ તુલ્ય આનંદને સાક્ષાત્ આપનાર હોવાથી અવશ્ય કરવા લાયક છે. નવકાર મંત્રની આરાધનામાં આ વિરાગવિચય ધર્મધ્યાન ભરેલું છે.

૭-**ભવવિચય**-સ્વકૃતકર્મના ફલનો ઉપભોગ કરવા માટે જીવને ફરી ફરી જન્મ લેવો પડે છે, ત્યાં અરઘટ્ટ-ઘટીયંત્રના ન્યાયથી મૂત્ર, પુરીષ અને આંતરડામય દુર્ગન્ધી જઠરરૂપી કોટરોમાં વારંવાર વસવું પડે છે, ત્યાં વસનાર જંતુને કોઈ સહાય નથી, ઈત્યાદિ ભવપરિવર્તનનો વિચાર

સત્પ્રવૃત્તિમાં હેતુભૂત એવા ભવનિર્વેદનું કારણ થાય છે. શ્રી નવકાર મંત્રના ધ્યાનથી આ ભવનિર્વેદ પોષાય છે, પુષ્ટ થાય છે, તેથી તે ભવવિચય ધર્મધ્યાનનો જ એક પ્રકાર છે.

૮-**સંસ્થાન વિચય**-નીચે વેત્રાસન (ખુરસી) જેવો, મધ્યમાં ઝાલર જેવો, આગળ મુરજ (ડમરૂ) જેવો ચૌદરાજ પ્રમાણ લોક છે, વગેરે ચિન્તન વારંવાર કરવાથી ચિત્તનો અન્ય વિષયોમાં. થતો સંચાર અટકી જાય છે અને એકાગ્રતા પ્રાપ્ત થાય છે. શ્રી નવકાર મંત્રના ધ્યાનમાં પણ ચૌદરાજ-લોકનો વિચાર આવી જાય છે, તેથી તે પણ સંસ્થાન-વિચય ધ્યાનનો જ એક પ્રકાર છે.

૯-**આજ્ઞાવિચય**-પરલોક-બંધ-મોક્ષ-ધર્મ-અધર્માદિ અતીન્દ્રિય અને સૂક્ષ્મ ભાવોને વિષે આપ્ત વચનને પ્રમાણ તરીકે ધારણ કરવાથી સકલ સંશયો વિલીન થઈ જાય છે અને સકલ પ્રવૃત્તિને જીવાડનાર પ્રાણતુલ્ય શ્રદ્ધાની સંતતિ અવિચ્છિન્ન બને છે, તેથી અત્યંત દુઃખથી જાણી શકાય તેવા અને જ્યાં હેતુ-ઉદાહરણાદિની પહોંચ નથી, તેવા સૂક્ષ્મ અને અતીન્દ્રિય પદાર્થો પણ અસત્ય નથી, જિનવચન પ્રામાણ્યથી સત્ય છે, એવી પ્રતીતિ ધારણ કરવી તે આજ્ઞાવિચય ધર્મધ્યાન છે. નમસ્કાર શ્રી જિનાજ્ઞાને અનુસ-રવા રૂપ હોવાથી નવકારમંત્રનું ચિન્તન આજ્ઞાવિચય ધર્મ ધ્યાનનો જ એક પ્રકાર છે.

૧૦-**હેતુવિચય**-આગમ વિષયક વાદવિવાદ વડે જેની બુદ્ધિ સ્થિર ન થાય તેવા તર્કાનુસારી બુદ્ધિવાળા પુરૂષની

આગમ વિષયક પરીક્ષા તે હેતુવિચય ધર્મધ્યાન છે. સ્યાદ્વાદ-પ્રરૂપક આગમો કષ, છેદ અને તાપથી શુદ્ધ છે, તેથી અવશ્ય આશ્રય કરવા લાયક છે, એ રીતે વિશિષ્ટ શ્રદ્ધાની અભિવૃદ્ધિ કરનાર હોવાથી હેતુવિચય ધર્મધ્યાન કર્તવ્ય છે. શ્રી નવકાર મંત્ર પણ કષ, છેદ, તાપની પરીક્ષાથી શુદ્ધ હોવાથી તેનું ધ્યાન હેતુવિચય ધર્મધ્યાનનો એક પ્રકાર બને છે.

卐 卐 卐

દીર્ઘકાળ સુધી તપથી તપ્યા, ચારિત્ર પાળ્યું અને ઘણાં શાસ્ત્રો ભણ્યા પણ જો નવકાર પ્રત્યે પ્રીતિ ન થઇ, તેનું શરણુ ન કર્યું તો તો તે સર્વ નિષ્ફળ ગયું.

卐 卐 卐

# ભાવમંગલ શ્રી નવકાર

' मङ्ग्यते-साध्यते हितमनेनेति मङ्गलम् ' અર્થાત્ જેનાથી હિત સધાય છે તે મંગલ, અથવા હિત ધર્મથી જ સધાય છે, તેથી હિતસાધક ધર્મને જે લાવે તે મંગલ. કહ્યું છે કે– ' मङ्गं-धर्मं लातीति मङ्गलम् ' અહીં મંગ એટલે ધર્મ, તેને લાવે તે મંગલ. એવો બીજો અર્થ પણ મંગલનો થાય છે, અથવા ધર્મની પ્રાપ્તિ અધર્મના નાશથી થાય છે, સર્વ અધર્મોનું મૂળ કારણ વિષય, કષાયો અને તેના ફલ સ્વરૂપ ચાર ગતિમાં પરિભ્રમણરૂપ સંસાર છે, તેથી 'સંસાર પરિભ્રમણનો ક્ષય કરે તે મંગલ' એવો ત્રીજો અર્થ પણ મંગલનો થાય છે. કહ્યું છે કે–' मां भवात्-संसारात् गालयति-अपनयतीति मङ्गलम् અર્થાત્ 'માં'=મને સંસારથી ગાલે–પાર ઉતારે, મારા સંસારને દૂર કરે તે મંગલ.

એ રીતે મંગલ એટલે હિતનું સાધન, મંગલ એટલે ધર્મનું ઉપાદાન અને મંગલ એટલે અધર્મના મૂલભૂત સંસાર પરિભ્રમણનું જ મૂલોચ્છેદન. સુખસાધક અને દુઃખ–નાશક પદાર્થને મંગલરૂપ માનવાની રૂઢિ સંસારમાં પ્રસિદ્ધ છે, પરંપરાએ પણ દુઃખોચ્છેદક અને સુખપ્રાપક પદાર્થો મંગલરૂપ મનાય છે, તથા જેમાં કષ્ટ નિવારણનું કે સુખ આપવાનું (નિશ્ચિત નહિ પણ સંદિગ્ધ) સામર્થ્ય હોય તે પદાર્થો પણ મંગલરૂપ ગણાય છે. જેમ કે દધિ, દૂર્વા, અક્ષત, શ્રીફળ, પૂર્ણકળશ અને સ્વસ્તિકાદિક પદાર્થો.

એ રીતે સુખના નિશ્ચિત કે સંદિગ્ધ સાધનભૂત સર્વ કોઈ વસ્તુઓ જગતમાં મંગલરૂપ ગણાય છે. અહિંસા, સંયમ અને તપરૂપ ધર્મો તથા સ્વાધ્યાય, ધ્યાન અને જ્ઞાનાદિ ગુણો, એ દુઃખધ્વંસ અને સુખસિદ્ધિનાં નિશ્ચિત સાધનો છે, તેથી તે ભાવમંગલ ગણાય છે, દધિ, દૂર્વા, અક્ષત, શ્રીફળ, પૂર્ણકળશ અને સ્વસ્તિકાદિ સંદિગ્ધ સાધનો છે તેથી તે સર્વ દ્રવ્યમંગલ ગણાય છે, દ્રવ્યમંગલો જેમ સુખનાં સંદિગ્ધ સાધનો છે, તેમ તે અપૂર્ણ સુખને આપનારાં પણ છે. ભાવ-મંગલો એ સુખનાં નિશ્ચિત સાધનો છે અને તેનું સેવન કરનારને તે સંપૂર્ણ અને અવિનાશી સુખને આપે છે, તેથી દ્રવ્યમંગલ કરતાં ભાવમંગલનું મૂલ્ય ઘણું વધારે છે.

જૈનશાસ્ત્રોમાં અનેક પ્રકારનાં ભાવમંગલો છે, તે સર્વમાં શ્રી પંચ પરમેષ્ઠિ નમસ્કારને પ્રધાન મંગળ કહેલું છે તેનાં મુખ્ય બે કારણો છે, એક તો પંચ પરમેષ્ઠિ નમસ્કાર એ સ્વયં ગુણસ્વરૂપ છે અને બીજું ગુણોના બહુમાન સ્વરૂપ છે. અહિંસા, સંયમ અને તપ, તથા સ્વાધ્યાય, ધ્યાન અને જ્ઞાન, વિગેરે સ્વયં ગુણસ્વરૂપ છે પણ ગુણોના બહુમાન સ્વરૂપ નથી. વળી શ્રી પંચ પરમેષ્ઠિ નમસ્કાર એ સર્વ સદ્-ગુણોમાં શિરોમણિભૂત વિનય ગુણના પાલન સ્વરૂપ છે, મોક્ષનું મૂળ વિનય છે, વિનય વિના જ્ઞાન નથી, જ્ઞાન વિના દર્શન નથી, દર્શન વિના ચારિત્ર નથી અને ચારિત્ર વિના મોક્ષ નથી. બીજી રીતે મોક્ષને માટે ચારિત્રની જરૂર છે, ચારિત્ર માટે શ્રદ્ધાની જરૂર છે, શ્રદ્ધા માટે જ્ઞાનની જરૂર છે અને જ્ઞાન માટે વિનયની જરૂર છે. આ વિનય સ્વરૂપ શ્રી નમસ્કાર છે.

યોગ્યનો વિનય તે સદ્દવિનય છે. શ્રી પંચ પરમેષ્ઠિ નમસ્કારમાં તાત્ત્વિક ગુણોને ધારણ કરવાવાળી (વિનયને પાત્ર એવી ત્રિકાલ અને ત્રિલોકવર્તિ) સર્વ વ્યક્તિઓને નમસ્કાર કરવામાં આવે છે.

પંચ પરમેષ્ઠિ નમસ્કારમાં નમસ્કારને યોગ્ય વ્યક્તિઓ સર્વ પ્રધાન હોવાથી તેમને નમસ્કાર એ સર્વ વિનયોમાં-પ્રધાનવિનયસ્વરૂપ બની જાય છે. પ્રધાનવિનયગુણના પાલનથી પ્રધાન (યથાર્થ) જ્ઞાન, પ્રધાન (તાત્ત્વિક) દર્શન-(શ્રદ્ધા), પ્રધાન (શ્રેષ્ઠ) ચારિત્ર અને પ્રધાન (અવ્યાબાધ) સુખની પ્રાપ્તિ થાય છે. પરમેષ્ઠિઓને નમસ્કારસ્વરૂપ પ્રધાન-વિનયગુણના પાલન વિનાનું જ્ઞાન, ધ્યાન કે સંયમ, એ સર્વ પ્રધાન-મોક્ષ સુખને આપવાને સમર્થ થઈ શકતાં નથી.

શ્રી પંચ પરમેષ્ઠિ નમસ્કાર એ જેમ પ્રધાનવિનય-ગુણના પાલન સ્વરૂપ છે, તેમ ગુણોના બહુમાન સ્વરૂપ પણ છે. ગુણબહુમાન એ ચિત્તનો અચિંત્ય શક્તિ યુક્ત ધર્મ છે. ગુણ બહુમાનના-આશયવાળું ચિત્ત થોડા જ સમયમાં સર્વ પ્રકારની અશુદ્ધિઓ અને અહંકારાદિ દોષોથી રહિત બની જાય છે.

કાચી માટીના ઘડામાં ભરેલું પાણી જેમ પ્રતિક્ષણ ઘટનો નાશ કરનારૂં થાય છે, તેમ ચિત્તરૂપી કુંભમાં રહેલું ગુણબહુમાન રૂપી જળ ચિત્તના દોષોને અને મલિનતાને પ્રતિક્ષણ ક્ષય કરનારૂં થાય છે. ગુણબહુમાનને ધારણ કરનાર માનસિક ભાવ જેમ અચિન્ત્ય પ્રભાવ સંપન્ન છે

તેમ ગુણ બહુમાનને વ્યક્ત કરનારી વાચિક અને કાયિક ચેષ્ટાઓ પણ પ્રભાવસંપન્ન બની જાય છે. શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કારમાં એ ત્રણે વસ્તુઓ રહેલી છે. મનથી નમવાનો ભાવ, વચનથી નમવાનો શબ્દ, અને કાયાથી નમવાની ક્રિયા, એ રીતે જ્ઞાન, શબ્દ અને ક્રિયા રૂપ વિવિધ-ક્રિયાથી યુક્ત શ્રીપંચપરમેષ્ઠિ નમસ્કાર પાપધ્વંસ અને કર્મક્ષયના અનન્ય કારણ રૂપ બની જાય છે, તેથી તે સર્વોત્કૃષ્ટ (ભાવ) મંગળ સ્વરૂપ છે અને તેથી જ શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કારની-ચૂલિકામાં ફરમાવ્યું છે કે—

"एष पञ्चनमस्कारः, सर्वपापप्रणाशनः ।
मङ्गलानां च सर्वेषाम्, मुख्यं भवति मङ्गलम् ॥१॥"

**અર્થ**-પાંચે પરમેષ્ઠિઓને કરેલો આ નમસ્કાર સર્વ પાપોનો પ્રકર્ષે કરીને નાશ કરનારો છે તથા સર્વ મંગલોમાં પ્રથમ-પ્રધાન-સર્વોત્કૃષ્ટમંગલ સ્વરૂપ છે. ૧.

卐 卐 卐

**શ્રી નવકારના પ્રભાવથી ચોરો રક્ષક બને છે, ગ્રહો અનુગ્રહ કરે છે અને અપશુકનો શુભ-શુકનરૂપ બની જાય છે.**

卐 卐 卐

# નવકારનું આહ્‌વાન–ઘોષણા

"ताव न जायइ चित्तेण, चिंतियं पत्थियं च वायाए।
काएण समाढत्तं, जाव न सरिओ नमुक्कारो ॥१॥"

અર્થાત્ શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કાર મહામંત્રને જ્યાં સુધી સ્મર્યો નથી, ત્યાં સુધી જ ચિત્તથી ચિંતવેલું, વચનથી પ્રાર્થેલું અને–કાયાથી આરંભેલું કાર્ય થતું નથી. (૧)

ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોની–જેમ નવકાર એ શાશ્વત છે, શ્રી તીર્થંકરોની ધર્મ દેશનાની જેમ એના ઉપકારો અનંતા છે. જગતમાં કોઈપણ એવું પાપ નથી કે જેનો પ્રતિકાર નવકારના આશ્રયથી અશક્ય હોય. નવકારના અક્ષરો કેવળ અક્ષરો જ નથી, કિન્તુ સાક્ષાત્ અક્ષરમયી દેવતાઓ–જ્યોતિઃપુંજો છે. એનો આશ્રય લેનાર, એનું વિધિપૂર્વક શ્રવણ કે સ્મરણ કરનાર સર્વદા સુરક્ષિત છે.

નવકારની એ પ્રતિજ્ઞા છે કે–મારો આશ્રય લેનાર કોઇ પણ હોય, તેનાં સર્વ પાપોનો મારે સમૂલ નાશ કરવો. આ પ્રતિજ્ઞાને ખોટી પાડનાર આજ સુધી કોઈ નીકળ્યું નથી. એને ખોટી પાડવાનો પ્રયાસ કરનાર પોતે જ ખોટો પડે છે.

નવકારની બીજી પ્રતિજ્ઞા એ છે કે-મારો આશ્રય લેનારનો આશ્રય સર્વ કોઇને લેવો પડે છે. દુનિયામાં જેટલા શુભ અને શ્રેષ્ઠ સજીવ કે નિર્જીવ પદાર્થો છે, તે સઘળા નવકારના દાસ છે. નવકારની આ બીજી પ્રતિજ્ઞા છે અને તે ટંકશાળી છે. એની સત્યતાની કસોટી કરવા માટે નવકારનું સમગ્ર વિશ્વને આમંત્રણ છે. વિશ્વની સામે નવકારનું આ આહ્વાન છે-જાહેર ઉદ્‌ઘોષણા છે કે-ઉઠો! જાગો! અને શ્રી નવકારના આ આહ્વાનનો હર્ષ પૂર્વક સ્વીકાર કરો! તેનો સ્વીકાર કરવા માટે શ્રી નવકારનું સર્વ કોઇને પ્રેમ ભર્યું આમંત્રણ છે.

卐 卐 卐

ત્રણ ભુવનમાં રહેલા વિવેકી સુરો, અસુરો, વિદ્યાધરો તથા મનુષ્યો, સુતાં-જાગતાં, બેસતાં-ઉઠતાં કે હરતાં-ફરતાં શ્રી નમસ્કાર મહામંત્રને યાદ કરે છે.

卐 卐 卐

# સ્વાધ્યાય અને નવકાર

મદિરા, વિષય, કષાય, નિદ્રા અને કુથલી, એ પાંચ પ્રકારનો પ્રમાદ જેમ આત્માનું અધઃપતન કરી સંસાર-સાગરમાં રૂલાવે છે, તેમ વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા, એ પાંચ પ્રકારનો સ્વાધ્યાય આત્માને સંસારસાગરથી પાર ઉતારી મુક્તિના અવ્યાબાધ સુખમાં ઝીલાવે છે, આ છે સ્વાધ્યાયનું વિશદ સ્વરૂપ. સૌથી સહેલામાં સહેલો અલ્પજ્ઞ પણ કરી શકે એવો અને અવસરે દ્વાદશાંગીનું પણ સ્થાન લે તેવો સ્વાધ્યાય શ્રી નવકારનો છે, એ વસ્તુને આ લેખમાં સંક્ષેપથી પણ સ્પષ્ટ કરવા પ્રયત્ન કર્યો છે.

શ્રી જિનશાસનમાં સ્વાધ્યાયને મોક્ષનું પરમ અંગ કહ્યું છે. પ્રત્યુપેક્ષણા, પ્રમાર્જના, ભિક્ષાચર્યા, વૈયાવૃત્ય, આદિ સંયમના અસંખ્ય વ્યાપારોમાંથી કોઇપણ યોગમાં વર્તતો જીવ પ્રતિ સમય અસંખ્ય ભવોનાં કર્મોને ખપાવે છે, તો પણ સ્વાધ્યાય યોગમાં વર્તતો જીવ સ્થિતિ અને રસ વડે કર્મોને વિશેષે કરીને ખપાવે છે.

કર્મક્ષયના મુખ્ય હેતુઓ બે છે. મન, વચન અને કાયાના

અશુભ વ્યાપારોનો નિગ્રહ અને તે ત્રણેનું શુભ વ્યાપારોમાં પ્રવર્તન. આ બન્ને હેતુઓ સ્વાધ્યાયયોગમાં જે રીતે સિદ્ધ થાય છે તે રીતે પ્રાયઃ અન્ય વ્યાપારો વખતે સિદ્ધ થઈ શકતા નથી. આ વાત કેવળ આગમથી જ નહીં પરંતુ યુક્તિ અને અનુભવથી પણ સિદ્ધ છે.

શ્રી જિનમતમાં સ્વાધ્યાય પાંચ પ્રકારનો કહ્યો છે-વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા. ગુરૂ પાસે સૂત્ર-અર્થ ગ્રહણ કરવાં તે વાચના, સંદેહ નિવારણ માટે પૂછવું તે પૃચ્છના, અસંદિગ્ધ સૂત્રાર્થની પુનઃ પુનઃ પરિવર્તના (પઠન) તે પરાવર્તના, પુનઃ પુનઃ વિચારણા તે અનુપ્રેક્ષા અને અનુગ્રહ બુદ્ધિથી યોગ્યની આગળ કથન કરવું તે ધર્મકથા. આ પાંચે પ્રકારનો સ્વાધ્યાય મન-વચન કાયાના અશુભ વ્યાપારોનો નિરોધ કરાવી શુભમાં એકાગ્રતાપૂર્વક પ્રવર્તન કરાવે છે, તેથી કર્મક્ષયનો અસાધારણ હેતુ બની પરંપરાએ પરમપદની પ્રાપ્તિ કરાવે છે. શાસ્ત્રો કહે છે કે આદર પૂર્વક સ્વાધ્યાયની લીનતા એ યાવત્ સર્વજ્ઞપદ અને તીર્થંકરપણાની પ્રાપ્તિનો પણ હેતુ બને છે. પાંચે પ્રકારનો સ્વાધ્યાય પદાર્થોના પરમાર્થને જણાવનારો છે અને ક્ષણે ક્ષણે સદ્ગતિના મૂળરૂપ પરમ વૈરાગ્યનો હેતુ બને છે.

આ સ્વાધ્યાય ઉત્કૃષ્ટતયા ચૌદ પૂર્વધરોને હોય છે, મહા-પ્રાણ ધ્યાનાદિના સામર્થ્યથી અંતર્મુહૂર્ત્ત કાલમાં તેઓ ચૌદ પૂર્વોનું અને બારે અંગોનું પરાવર્તન કરે છે. દશ પૂર્વધરોને દશ પૂર્વોનો સ્વાધ્યાય હોય છે, નવ પૂર્વધરોને નવ પૂર્વોનો

અને એ રીતે ઘટતાં ઘટતાં જેને બીજું કાંઈ પણ આવડતું ન હોય તેને પણ પંચ પરમેષ્ઠિ નમસ્કારનો સ્વાધ્યાય હોય છે. કારણ કે આ પંચ પરમેષ્ઠિ નમસ્કાર દ્વાદશાંગનો અર્થ છે, તેથી તે અતિમહાન્ છે.

શ્રી પંચ પરમેષ્ઠિ નમસ્કાર દ્વાદશાંગનો અર્થ હોવાનાં ત્રણ કારણો છે. (૧) દ્વાદશાંગના સ્થાને તેનો ઉપયોગ થાય છે, (૨) પરિણામની વિશુદ્ધિનું કારણ છે અને તેનાથી (૩) જ્ઞાન–દર્શન–ચારિત્રનું પણ આરાધન થાય છે.

શાસ્ત્રોમાં કહ્યું છે કે ઘરમાં આગ લાગે ત્યારે લોક જેમ કણ–કપાસાદિ અન્ય વસ્તુને છોડીને એકાદ મહામૂલા કિંમતી રત્નને ગ્રહણ કરે છે, અથવા રણસંગ્રામને વિષે સુભટ બીજો ઉપાય ન હોય ત્યારે તલવાર–ભાલા વગેરે શસ્ત્રોને છોડીને એક અમોઘ બાણ કે શક્તિ આદિ શસ્ત્રને ગ્રહણ કરે છે, તેવી રીતે મરણ કાળ ઉપસ્થિત થાય ત્યારે પૂર્વધરો પણ જ્યારે અન્ય શ્રુત યાદ રાખવા અસમર્થ થાય, ત્યારે દ્વાદશાંગને છોડીને શ્રી અરિહંત આદિના નમસ્કારને જ યાદ કરે છે, તેથી આ નમસ્કાર દ્વાદશાંગનો અર્થ છે તે સાબિત થાય છે.

અથવા સઘળું દ્વાદશાંગ પણ પરિણામની વિશુદ્ધિ માટે જ ભણાય છે, પરમ પુરૂષ પરમેષ્ઠિઓને નમસ્કાર કરવા દ્વારા પણ તે જ અર્થ સિદ્ધ થાય છે, તેથી તે દ્વાદશાંગાર્થ છે.

અથવા જ્ઞાન–દર્શન–ચારિત્ર એ જ દ્વાદશાંગાર્થ છે, તે ગુણો શ્રી અરિહંતાદિ પાંચની અંદર રહેલા છે, પણ બીજામાં

નથી, શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કાર દ્વારા તે ત્રણની જ સાધના થાય છે, તેથી પણ તે દ્વાદશાંગાર્થ છે.

એ રીતે દ્વાદશાંગના સાધ્ય અર્થનો સાધક હોવાથી અને મરણકાળે પણ સુખ પૂર્વક સ્મરણીય હોવાથી એક અપેક્ષાએ આ નમસ્કારનું માહાત્મ્ય દ્વાદશાંગથી પણ વધી જાય છે.

શાસ્ત્રકારોએ નામાદિ મંગળોમાં આ નમસ્કારને પ્રથમ મંગળ કહ્યું છે અને વ્યાધિ, તસ્કર, અગ્નિ, આદિના સર્વ ભયોને દૂર કરનાર બતાવ્યો છે. કહ્યું છે કે—

"हरइ दुक्खं कुणइ सुहं, जणइ जसं सोसए भवसमुद्दं ।
इहलोयपारलोइय–सुहाण मूलं नमोक्कारो ॥१॥"

અર્થાત્ આ નવકાર દુ:ખને હરે છે, સુખને કરે છે, યશને ઉત્પન્ન કરે છે, ભવસમુદ્રને શોષે છે, તથા આ લોક અને પરલોકના સુખોનું મૂળ છે.

卐 卐 卐

**શ્રી નમસ્કાર મહામંત્ર એ સર્વશ્રેયોમાં પરમ શ્રેય: છે, સર્વમંગલોમાં પરમ મંગળ છે, સર્વપૂજ્યોમાં પરમ પૂજ્ય છે અને સર્વ ફળોમાં શ્રેષ્ઠ–પરમફળ સ્વરૂપ છે.**

卐 卐 卐

# નમસ્કાર મહામંત્રનો ઉપકાર.

(૧)

**" मग्गो अविप्पणासो, आयारो विणयया सहायत्तं ।
पंचविहनमोक्कारं, करेमि एएहि हेऊहिं ॥१॥"**

[ આવશ્યક નિર્યુક્તિ ગાથા. ૨૯૪૪ ]

**અર્થ**:–માર્ગ, અવિપ્રણાશ, આચાર, વિનય અને સહાય, એ પાંચ હેતુઓ વડે હું પાંચ પ્રકારનો નમસ્કાર કરૂં છું. (૧)

નિર્યુક્તિકાર શ્રુતકેવળી ભગવંત શ્રી ભદ્રબાહુસ્વામિજી આવશ્યકનિર્યુક્તિની ઉપરોક્ત ગાથામાં શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતોને પાંચ કારણો વડે નમસ્કાર કરવાનું ફરમાવે છે, તેમાં પ્રથમ પરમેષ્ઠિને નમસ્કારનું કારણ 'માર્ગ' છે. એ વિષયમાં ટીકાકાર મહર્ષિ ફરમાવે છે કે પાંચ પરમેષ્ઠિઓમાં પ્રથમ પરમેષ્ઠિ શ્રી અરિહંત ભગવંતો સૌથી પ્રથમ નમસ્કારને લાયક છે, તેમાં કારણ 'મોક્ષમાર્ગ' છે. અર્થાત્ સમ્યગ્દર્શન આદિ મોક્ષમાર્ગ તેઓએ બતાવેલો છે અને તે માર્ગે ચાલવાથી ભવ્ય જીવોને મુક્તિ મળે છે. એ રીતે ભવ્ય જીવોને મુક્તિની સાધનામાં સાક્ષાત્ હેતુ મોક્ષમાર્ગ જ છે

અને તે માર્ગને સૌથી પ્રથમ દર્શાવનારા અરિહંત ભગવંતો છે, તેથી અરિહંત ભગવંતો પણ પરંપરાએ મોક્ષના હેતુ હોવાથી પૂજ્ય છે.

પરંપરાએ મોક્ષમાર્ગના ઉપકારી તરીકે જેમ અરિહંત ભગવંતો છે, તેમ વસ્ત્ર, આહાર શય્યા, આસન, આદિ પણ સાધકોને મોક્ષ માર્ગનાં સાધનો છે, તેથી તે પણ પૂજાને પાત્ર કેમ નહિ? અને તેને આપનાર ગૃહસ્થો પણ ઉપકારી કે પૂજ્ય કેમ નહિ? એ પ્રશ્નનો ઉત્તર આપવો જોઈએ.

ભાષ્યકાર ભગવંત શ્રીજિનભદ્રગણિક્ષમાશ્રમણ અને ટીકાકાર મહર્ષિ મલ્લધારી શ્રીહેમચંદ્રસૂરીશ્વરજી તે પ્રશ્નનો ઉત્તર આપતાં શ્રી વિશેષાવશ્યકભાષ્યમાં મૂળ ગાથા ૨૯૪૮ તથા તેની ટીકામાં ફરમાવે છે કે—

**"जं पच्चासन्नतरं, कारणमेगंतियं च नाणाइं ।**
**मग्गो तद्दायारो, सयं च मग्गो त्ति ते पुज्जा ॥१॥"**

**અર્થ**–પરંપરાએ જ્ઞાનાદિ રત્નત્રયરૂપ મોક્ષમાર્ગમાં ઉપયોગી કેવળ વસ્ત્રાદિ, કે તેને આપનાર ગૃહસ્થાદિ જ ઉપકારી છે એમ નહિ, એક યા બીજા પ્રકારે ત્રણે જગત ઉપકારી છે. પરંતુ તે બધાં દૂર દૂરનાં કારણ છે, એટલું જ નહિ પણ તે અનેકાંતિક એટલે કારણ બને કે ન બને એવાં છે. સૌથી નજીકનું અને અવશ્ય ફળ આપનારૂં કારણ તો રત્નત્રય જ છે, તેને આપનારા અરિહંતો છે, તેથી તે માર્ગ અને તેને આપનારા અરિહંતભગવંતો ખરેખરા ઉપકારી અને પૂજ્ય છે. વસ્ત્રાદિ સાધનો અને ગૃહસ્થાદિ તો અરિહંત

ભગવંતોથી પ્રાપ્ત થયેલા જ્ઞાનાદિ રત્નત્રયને સંભવિત ઉપકાર કરનારા છે, તેથી પૂજ્યત્વની કક્ષામાં આવતા નથી. એટલું જ નહિ, પરંતુ એથી પૂજ્ય વસ્તુઓની ઈયત્તા (મર્યાદા) ન રહેવાથી અનવસ્થા દોષ પણ પ્રાપ્ત થાય છે. તે ઉપરાંત વિશેષ કારણ તો તે છે કે અરિહંત ભગવંતો કેવળ માર્ગ દર્શાવનાર જ નહિ, સ્વયં માર્ગરૂપ પણ છે, અરિહંતોના દર્શન માત્રથી પણ ભવ્યજંતુઓને મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાય છે. ઉપદેશથી જેમ અરિહંતો મોક્ષમાર્ગને આપનારા થાય છે, તેમ ઉપદેશ સિવાય તેમનાં દર્શન, પૂજન, સ્તવન અને ધ્યાનાદિથી પણ મોક્ષ અને મોક્ષ-માર્ગની પ્રાપ્તિ કરાવનારા થાય છે, એ અરિહંત ભગવંતોની વિશેષતા છે. કહ્યું છે કે—

"नामाकृतिद्रव्यभावैः, पुनतस्त्रिजगज्जनम् ।
क्षेत्रे काले च सर्वस्मिन्नर्हतः समुपास्महे ॥१॥"

**અર્થ**—નામ વડે, આકૃતિ વડે, દ્રવ્ય વડે અને ભાવ વડે ત્રણે જગતને પવિત્ર કરનારા સર્વ ક્ષેત્રના અને સર્વ કાળના શ્રી અરિહંતોની અમે ઉપાસના કરીએ છીએ. (૧)

અરિહંત ભગવંતો 'ઉપદેશ વડે જ મોક્ષના અને તેના માર્ગના દાતાર છે' એવો એકાંત નિયમ જૈનશાસનમાં નથી. ઉપદેશ વડે, આજ્ઞાપાલન વડે, જેમ અરિહંત ભગવંતો મોક્ષ અને તેના માર્ગની પ્રાપ્તિના હેતુભૂત છે, તેમ તેમના નામ સ્મરણાદિ, કે આકૃતિના દર્શનાદિ વડે પણ ક્લિષ્ટ કર્મનો ક્ષય કરાવી મોક્ષની અને તેના માર્ગની પ્રાપ્તિના

હેતુભૂત બને છે. અરિહંતભગવંતોનું નામ અને રૂપ જેમ કર્મનો ક્ષયોપશમ કરાવનાર અને માર્ગ પમાડનાર છે તેમ, તેમનાં દ્રવ્ય અને ભાવ પણ અંતરાયાદિ કર્મોને હઠાવનાર અને જ્ઞાનાદિ ગુણોને પ્રગટાવનાર થાય છે. અહીં દ્રવ્ય એટલે તેઓની પૂર્વોત્તર અવસ્થાઓ, તેનું શ્રવણ, મનન, ચિન્તન. ભાવ એટલે સમવસરણસ્થ ધર્મોપદેશ વખતની ચતુર્મુખ અવસ્થા, તેનું ધ્યાન, નમન, પૂજન વગેરે સમજવું. અરિહંત ભગવંતોની એવી એક પણ અવસ્થા નથી કે જેનું ધ્યાન, ચિન્તન કે મનન આદિ ભવ્યજીવોને મોક્ષની, મોક્ષમાર્ગની કે બોધિબીજની પ્રાપ્તિનો હેતુ ન બને. એમ માર્ગપ્રાપ્તિનું અસાધારણ કારણ હોવાથી અને સ્વયં પણ માર્ગ સ્વરૂપ હોવાથી અરિહંત ભગવંતો ઉપકારી છે, પૂજ્ય છે અને તે કારણે મોક્ષના અર્થી જીવોને નમસ્કરણીય છે. કહ્યું છે કે—

**'તાહરૂં ધ્યાન જે સમકિત રૂપ,**
**તેહી જ જ્ઞાનને ચારિત્ર તેહ જ છે જી.**
**તેહથી જાયે સઘળાં હો પાપ,**
**ધ્યાતા રે ધ્યેય સ્વરૂપ હોવે પછે જી,**

[પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ]

卐 卐 卐

## નમસ્કાર મહામંત્રનો ઉપકાર-(૨)

અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ, એ પાંચ પરમેષ્ઠિઓને કરવામાં આવતો નમસ્કાર એ મંગળનો હેતુ બને છે, પણ ક્યારે ? એનો ખ્યાલ ન હોય તો રોજ અનેકવાર નમસ્કાર કરવા કે ગણવા છતાં અધ્યવસાયોની વિશુદ્ધિ ન થાય અને તે ભાવમંગળનો હેતુ ન બને, એમ પણ બનવા જોગ છે. શાસ્ત્રમાં કહ્યું છે કે—

'प्रणिधामकृतं कर्म, मन्ये तीव्रविपाकवत् ।'

અર્થાત્ પ્રણિધાન એટલે ચિત્તની એકાગ્રતા, તે વડે કરાયેલું કર્મ તીવ્રવિપાક એટલે ઉત્કટ ફળને આપનારૂં થાય છે. એથી વિપરીત એકાગ્રતા કે તન્મયતાથી રહિત કરાતું એવું જ કર્મ મંદવિપાકવાળું, અથવા શૂન્ય ફળવાળું પણ થાય છે.

આથી સમજાશે કે કર્મનું જેટલું મહત્ત્વ છે, તેટલું જ બલ્કે તેથી પણ અધિક મહત્ત્વ તેની પાછળ રહેલી એકાગ્રતાનું છે. પણ આ એકાગ્રતા લાવવી શી રીતે ?

કેવળ ઇચ્છામાત્રથી કાર્યસિદ્ધિ થતી નથી, અથવા એકાગ્રતા એ જરૂરી છે એટલું સમજવા માત્રથી પણ એકાગ્રતા આવતી નથી. એકાગ્રતા લાવવા માટે રસ (Interest) જોઇએ અને રસ તેમાં જ આવી શકે કે જેમાં આપણો કાંઇ સ્વાર્થ સરતો હોય.

અરિહંતના નમસ્કાર વડે આપણો કોઈ સ્વાર્થ સરતો દેખાય, તો જ તેમાં રસ આવી શકે છે. એ સ્વાર્થ શું છે ? તેને શ્રી ભદ્રબાહુસ્વામિજી નમસ્કારનિર્યુક્તિની એક ગાથા વડે સ્પષ્ટ કરી આપે છે, ઉપર તે આપણે જોઈ આવ્યા.

તેમાં કહ્યું છે કે અરિહંતભગવંતને નમસ્કાર કરવા વડે હું 'માર્ગ' ને ચાહું છું. સિદ્ધભગવંતના નમસ્કાર વડે હું 'અવિપ્રણાશ'ને ચાહું છું. આચાર્ય ભગવંતના નમસ્કાર વડે 'આચાર' ને ચાહું છું. ઉપાધ્યાય ભગવંતના નમસ્કાર વડે હું 'વિનય' ને ચાહું છું અને સાધુ ભગવંતને નમસ્કાર કરવા વડે હું 'સહાય'ને ઇચ્છું છું.

'માર્ગ, અવિપ્રણાશ, આચાર, વિનય અને સહાય, એ પાંચ વસ્તુઓ મુખ્યપણે પરમેષ્ઠિને નમસ્કાર કરવા વડે મને પ્રાપ્ત થઈ શકે છે, બીજા કોઈ પણ ઉપાયથી તે પ્રાપ્ત થઇ શકે તેમ નથી જ, તેથી હું એ પાંચને જ નમસ્કાર કરૂં છું.' આવો પૂ. આ. શ્રી ભદ્રબાહુસ્વામિજીનો દૃઢ સંકલ્પ છે. તેથી તેઓ કહે છે કે–'पंचविहनमोक्कारं, करेमि एएहिं हेऊहिं ।' અર્થાત્ એ પાંચ હેતુઓથી હું પાંચ પ્રકારનો નમસ્કાર કરૂં છું.

'માર્ગ' હેતુનો વિચાર આપણે ઉપર કરી આવ્યા છીએ. બીજા 'અવિપ્રણાશ' હેતુનો વિચાર હવે કરવાનો છે.

સિદ્ધ ભગવંતોને નમસ્કાર કરતી વખતે એકાગ્રતા લાવવામાં મુખ્ય હેતુ સિદ્ધ ભગવંતોની 'અવિનાશિતા' નો ખ્યાલ છે. એ અવિનાશિતાનો વિચાર એમ સૂચવે છે કે–અરિહંત પદવીને અંત છે, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ અવસ્થાઓને પણ અંત છે, માત્ર એકજ સિદ્ધ અવસ્થા જ એવી છે કે જેના ઉપર કાળની ફાળ નથી. દેવ, દેવેન્દ્ર, ચક્રવર્તી, કે અહમિન્દ્રનાં પદોને અને સુખોને અંત છે, કિન્તુ સિદ્ધ ભગવંતોના સુખને અંત નથી. સાદિ–

અનંતકાળ સુધી અવ્યાબાધ પણે કોઈ પણ સુખનો ઉપભોગ થઈ શકે તો તે એક સિદ્ધનાં સુખનો જ થઈ શકે તેમ છે.

પૂજ્ય ઉપાધ્યાય ભગવંત શ્રીયશોવિજયજી મહારાજ આઠમી યોગદૃષ્ટિના વર્ણનમાં ફરમાવે છે કે—

**'સર્વ શત્રુક્ષય, સર્વ વ્યાધિલય,**
**પૂરણ સર્વ સમીહાજી;**
**સર્વ અર્થ યોગે સુખ તેહથી,**
**અનંતગુણ નિરીહાજી' (૧)**

અર્થાત્ સર્વ શત્રુઓનો ક્ષય થવાથી, સર્વ વ્યાધિઓનો વિલય થવાથી, સર્વ ઇચ્છાઓ પૂર્ણ થવાથી અને સર્વ પદાર્થોનો સંયોગ થવાથી સંસારી જીવને જે સુખ થાય તેથી અનંતગુણ સુખ એક સિદ્ધ ભગવંતને હોય છે અને તેનો કદી અંત આવતો નથી.

સુખની આ સ્થિતિ સિદ્ધ ભગવંત સિવાય બીજા કોઇને પ્રાપ્ત થતી નથી, તેથી તેવા અવિનાશી સુખના અર્થી આત્માઓને માટે સિદ્ધ ભગવંતનો નમસ્કાર પરમ ઉપાદેય છે. અવિનાશીપણાના પ્રણિધાનથી સિદ્ધ ભગવંતને થતો નમસ્કાર તન્મયતાને લાવી આપે છે અને એ તન્મયતા નમસ્કારને ભાવનમસ્કાર બનાવે છે. આ ભાવનમસ્કાર એ જ પરમાર્થમંગળ છે.

પરમાર્થમંગળ એ વસ્તુતઃ આત્માના શુભઅધ્યવસાયોને છોડીને બીજું કાંઈ જ નથી. અવિનાશી ગુણના પ્રણિધાન વડે સિદ્ધ ભગવંતોને કરેલો નમસ્કાર શુભ અધ્યવ-

સાયને જગાડનારો થાય છે તેથી તે ભાવમંગળ છે. ભાવમંગળ એટલે નિશ્ચયથી મંગળ. મંગળનું કાર્ય અનિષ્ટનું નિવારણ અને ઈષ્ટનો લાભ કરવાનું છે, તે જેનાથી થાય કે ન થાય તે દ્રવ્યમંગળ અને જેનાથી અવશ્ય થાય તે ભાવમંગળ છે.

સમ્યગ્દૃષ્ટિને મન સમગ્ર સંસાર એ અનિષ્ટ છે, એક મુક્તિનું સુખ એ ઈષ્ટ છે. તેની અવશ્ય સિદ્ધિ સિદ્ધભગવંતના નમસ્કારથી ત્યારે થાય કે જો તે પ્રણિધાનપૂર્વક કરવામાં આવે. એ પ્રણિધાનને લાવવા માટે નમસ્કારની કે બીજી કોઈ પણ ક્રિયાની પાછળ પ્રશસ્ત હેતુ જોઇએ, તો જ પ્રણિધાન આવી શકે. તેથી શ્રુતકેવળી ભગવંત શ્રીભદ્ર-બાહુસ્વામિજી તે હેતુઓને જ અહીં નમસ્કારની પાછળ પ્રધાન હેતુ તરીકે સ્થાન આપે છે.

અરિહંત નમસ્કારની પાછળ 'માર્ગ' હેતુ પ્રધાન છે, તો સિદ્ધ નમસ્કારની પાછળ 'અવિનાશ' હેતુ પ્રધાન છે, એથી એ પણ સિદ્ધ થાય છે કે બીજા ગૌણ હેતુઓ અનેક સંભવે છે; જેમ જેમ તે હેતુઓનું પ્રણિધાન વધતું જાય છે, તેમ તેમ નમસ્કારની ભાવરૂપતા-પરમાર્થમંગળમયતા વધતી જાય છે. ગૌણ હેતુઓમાં અરિહંત ભગવંતનો 'શબ્દ' અને સિદ્ધ ભગવંતનું 'રૂપ' કહી શકાય, અરિહંત ભગવંતનું 'ઔદાર્ય' અને સિદ્ધ ભગવંતનું 'દાક્ષિણ્ય' કહી શકાય, અરિહંત ભગવંતનો 'ઉપશમ' અને સિદ્ધ ભગવંતનો 'સંવેગ' કહી શકાય, એ રીતે અરિહંતની 'મૈત્રી' અને સિદ્ધ ભગવંતનું 'માધ્યસ્થ્ય,' અરિહંત ભગવંતની 'અહિંસા'

અને સિદ્ધ ભગવંતનું 'સત્ય,' વગેરે વગેરે પણ કહી શકાય. એ રીતે અનંત અનંત ગુણોમાંથી એકેક ગુણને જુદો જુદો લઇને તેના પ્રણિધાન પૂર્વક અરિહંત, સિદ્ધ, વગેરે પરમ પંચ પરમેષ્ઠિઓને નમસ્કાર કરવાનો અભ્યાસ પાડવામાં આવે તો એકાગ્રતા વધી જાય, શાસ્ત્રે ફરમાવેલું તચ્ચિત્ત, તન્મન, તલ્લેશ્ય, તદધ્યવસાય, તત્તીવ્રાધ્યવસાન, વગેરે વિશેષણોવાળું ચિત્ત બની જાય. સાથે જ કાચી માટીના કુંભમાં ભરેલા જળના દૃષ્ટાંતે અશુભ કર્મોનો સમૂળ ક્ષય થઈ જાય અને સર્વ શુભ મંગળોની પ્રાપ્તિ સુલભ બની જાય.

આ છે પંચ પરમેષ્ઠિ ભગવંતના ભાવ નમસ્કારની પ્રાપ્તિનો સરળમાં સરળ ઉપાય. સૌ કોઈ ભવ્ય આત્માઓ તેનો આદર કરી પોતાનું સર્વોત્તમ કલ્યાણ સાધો.

卐 卐 卐

## નમસ્કાર મહામંત્રનો ઉપકાર-(૩)

ઉપર આપણે જોઈ આવ્યા કે-પ્રણિધાનપૂર્વક કરાયેલું કર્મ ઉત્કટ ફળને આપનારું થાય છે, તે પ્રણિધાન એટલે ચિત્તની એકાગ્રતા. એકાગ્રતાનો બીજો પર્યાય તન્મયતા છે. તન્મયતા કે એકાગ્રતા લાવવાનો ઉપાય ક્રિયામાં રસ પેદા કરવો તે છે અને રસ તે જ ક્રિયામાં ઉત્પન્ન થઈ શકે કે જે ક્રિયા કરવાથી કરનારને ઉત્તમ લાભની સંભાવના હોય.

પરમેષ્ઠિ નમસ્કારથી જીવને શું લાભ થાય છે, અથવા કઈ વસ્તુના લાભ માટે પરમેષ્ઠિ નમસ્કાર કરવાનો છે? એ સંબંધી જ્ઞાન જેટલું સ્પષ્ટ, તેટલો નમસ્કારની ક્રિયામાં રસ અધિક પેદા થઈ શકે છે.

શ્રુતકેવલી ભગવંત શ્રી ભદ્રબાહુસ્વામિજીના શબ્દોમાં આપણે જોઇ આવ્યા કે પ્રથમપરમેષ્ઠિ શ્રી અરિહંત પરમાત્માના નમસ્કારથી જીવને 'માર્ગની પ્રાપ્તિ થાય છે, અથવા 'માર્ગ'હેતુ માટે શ્રી અરિહંત પરમાત્માને નમસ્કાર કરવો જોઇએ. આ 'માર્ગ' એટલે ભાવમાર્ગ, અર્થાત્ રત્નત્રયસ્વરૂપ મોક્ષ માર્ગ જાણવો. કહ્યું છે કે-'**सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः ।**' અર્થાત્ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, એ રત્નત્રય જ મોક્ષમાર્ગ છે. અરિહંત નમસ્કાર વડે રત્નત્રયરૂપી મોક્ષ માર્ગની પ્રાપ્તિ થાય છે.

અરિહંત નમસ્કાર એ જ નિશ્ચયથી રત્નત્રય સ્વરૂપ મોક્ષ માર્ગ છે. અરિહંત નમસ્કાર વખતે થતી અરિહંત પદની 'ધારણા' સમ્યગ્દર્શન ગુણની શુદ્ધિ કરે છે, અરિહંત પદનું 'ધ્યાન' સમ્યક્જ્ઞાનગુણની શુદ્ધિ કરે છે અને અરિહંત

પદની 'તન્મયતા' સમ્યક્ચારિત્ર ગુણની શુદ્ધિ કરે છે. દર્શન ગુણ સમ્યક્ તત્ત્વરુચિરૂપ છે, જ્ઞાન ગુણ સમ્યક્તત્ત્વબોધરૂપ છે અને ચારિત્ર ગુણ સમ્યક્તત્ત્વપરિણતિરૂપ છે.

અરિહંતપદના નમસ્કાર વડે 'ધારણા' અરિહંતપદની બંધાય છે, 'ધ્યાન' અરિહંતપદનું થાય છે અને 'તન્મયતા' અરિહંતપદની સધાય છે. પુનઃ પુનઃ નમસ્કાર વડે જેમ જેમ અરિહંત પદની ધારણા વધતી જાય છે, તેમ તેમ જીવનો સમ્યક્તત્ત્વપરિણતિરૂપ ચારિત્ર ગુણ પ્રગટ થતો જાય છે. અરિહંતનો નમસ્કાર કરતી વખતે જ અરિહંતપદ સંબંધી ધારણા, ધ્યાન તથા તન્મયતા સધાય છે અને તેના પરિણામે થતી જીવનશુદ્ધિ તથા પુણ્યવૃદ્ધિ વડે ઉત્તરોત્તર રત્નત્રયસ્વરૂપ મોક્ષ માર્ગની પ્રાપ્તિ થતી જાય છે. આ બધું થવાની પાછળ હેતુ શુદ્ધપ્રણિધાન છે.

પ્રણિધાન કહો કે એકાગ્રતા કહો, તે થવાની પાછળ હેતુ 'માર્ગનું લક્ષ્ય' છે. સાધ્યના લક્ષ્યપૂર્વક થતી ક્રિયા કેવળ ક્રિયા જ નથી, કિન્તુ રસપૂર્વકની ક્રિયા છે. ક્રિયાની પાછળ રસ ભળવાથી તે ક્રિયા કેવળ કાયવાસિત કે વાગ્‌વાસિત ન રહેતાં મનોવાસિત પણ બને છે. એ રીતે મન, વચન અને કાયા ત્રણેથી વાસિત થએલી નમસ્કારની ક્રિયાને જ શાસ્ત્રોમાં 'નમસ્કાર પદાર્થ' કહ્યો છે. શ્રી નમસ્કાર નિર્યુક્તિમાં શ્રીમદ્ ભદ્રબાહુસ્વામિજી ફરમાવે છે કે—

"मणसा गुणपरिणामो, वाया गुणभासणं च पंचण्हं ।
काएण संपणामो, एस पयत्थो नमुक्कारो ॥१॥"

**અર્થ**-મન વડે આત્માનું પંચ પરમેષ્ઠિના ગુણોમાં પરિણમન, વચન વડે તેમના ગુણોનું કીર્તન અને કાયા વડે સમ્યગ્ વિધિયુક્ત તેમને પ્રણામ, એ નમસ્કારનો પદાર્થ છે. અર્થાત્ નમસ્કારપદનો એ ખરો અર્થ છે.

સાચો નમસ્કાર થવા માટે કાયાથી પ્રણામ અને વાણીથી ગુણોના ઉચ્ચારણની સાથે મનનું પરમેષ્ઠિના ગુણોમાં પરિણમન પણ આવશ્યક છે. એ પરિણમન પરમેષ્ઠિ નમસ્કારની પાછળ રહેલા હેતુઓનું શુદ્ધ ચિંતન કરવાથી થાય છે.

અરિહંત ભગવંતના નમસ્કારની પાછળ જેમ 'માર્ગ' હેતુ છે, તેમ સિદ્ધ ભગવંતના નમસ્કારની પાછળ 'અવિ-નાશ' એ હેતુ છે. સંસારની સર્વ વસ્તુઓ વિનાશી છે, એક સિદ્ધપદ જ અવિનાશી છે. અવિનાશીપદની સિદ્ધિ માટે થતો સિદ્ધ ભગવંતનો નમસ્કાર એ હેતુપૂર્વકનો નમસ્કાર છે, તેથી તે ભાવનમસ્કાર બને છે. કોઈ પણ ક્રિયાને ભાવક્રિયા બનાવવા માટે શાસ્ત્રે ચિત્તને આઠ પ્રકારનાં વિશેષ-ણોથી વિશિષ્ટ બનાવવાનું ફરમાન કર્યું છે. તે વિશેષણોને સમજવાથી આપણી ક્રિયા ભાવક્રિયા છે કે કેમ ? તે સમજી શકાય છે. સાથે જ તે ભાવક્રિયા ન હોય તો તેને ભાવ ક્રિયા કેમ બનાવાય ? તેનું જ્ઞાન મળે છે. શ્રી અનુયોગદ્વાર-સૂત્રમાં ભાવક્રિયાનું લક્ષણ બતાવતાં ફરમાવ્યું છે કે—

'जण्णं समणे वा, समणी वा, सावए वा, साविया वा, तच्चित्ते, तम्मणे, तल्लेसे, तदज्झवसिए, तत्तिव्वज्झवसाणे, तदट्ठोवउत्ते, तदप्पिअकरणे, तब्भावणाभाविए, अन्नत्थ कत्थइ मणं अकरेमाणे उभओकालं आवस्सयं करेइ ।'

**અર્થ**–સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા, ઉભયકાળ આવશ્યકને કરે. કેવી રીતે ? તચ્ચિત્ત, તન્મન, તલ્લેશ્યા, તદ્ અધ્યવસાય, તત્ તીવ્ર અધ્યવસાન, તદ્ અર્થોપયુક્ત, તદ-ર્પિતકરણ અને તદ્ ભાવનાથી ભાવિત થઇને અન્યત્ર કોઈ પણ સ્થાને મનને કર્યા વિના કરે, એવી ક્રિયા ભાવક્રિયા છે અને એ રીતે થતું આવશ્યક એ ભાવ આવશ્યક છે.

અહીં સામાન્ય ઉપયોગને તત્ચિત્ત કહે છે, વિશેષ ઉપયોગને તન્મન કહે છે, ઉપયોગની વિશુદ્ધિને તલ્લેશ્યા કહે છે, જેવો ભાવ તેવો જ ભાવિતસ્વર જ્યારે બને ત્યારે લેશ્યાની વિશુદ્ધિ થઈ ગણાય છે. જેવો સ્વર તેવું-જ ધ્યાન બને ત્યારે ચિત્ત તદધ્યવસિત અને તેવું જ તીવ્ર-અધ્યવસાનવાળું બન્યું ગણાય છે. તદ્અર્પિતકરણ, તદ્ અર્થોપયુક્ત અને તદ્ભાવનાભાવિત, એ ચિત્તનાં ત્રણ વિશેષણો ચિત્તની વધતી જતી એકાગ્રતાને સૂચવે છે. સર્વ કરણો એટલે મન, વચન અને કાયા, તથા કરણ, કરાવણ અને અનુમોદન, તે વડે યુક્ત ચિત્ત, અર્થ, ભાવાર્થ અને રહસ્યાર્થમાં ઉપયોગયુક્ત ચિત્ત અને એ ત્રણેની ભાવનાથી ભાવિત અંતઃકરણ બને ત્યારે આવશ્યકાદિ ક્રિયા ભાવક્રિયા કહેવાય છે. નમસ્કારની ક્રિયાને પણ ભાવક્રિયા બનાવવી હોય તો ચિત્ત અથવા અંતઃકરણને ઉપર્યુક્ત વિશેષણોથી વિશિષ્ટ બનાવવું જોઇએ, અંતઃકરણ એ વિશેષણોથી વિશિષ્ટ ત્યારે જ બને કે જ્યારે નમસ્કારની ક્રિયા હેતુપુરઃસર બને, અર્થાત્ ક્રિયા પાછળના હેતુઓનું સ્પષ્ટ જ્ઞાન અને લક્ષ્ય હોય.

શ્રીઅરિહંતના અને શ્રીસિદ્ધના નમસ્કારના હેતુઓનું જ્ઞાન થયા પછી શ્રી આચાર્યનમસ્કારની પાછળ રહેલા હેતુનું જ્ઞાન જરૂરી છે, તે હેતુ આચારપ્રધાન છે. આચાર્યનો આચાર પાંચ પ્રકારનો, અથવા છત્રીસ પ્રકારનો, અથવા એકસોને આઠ પ્રકારનો છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્ય એ પાંચ આત્માના મુખ્ય ગુણો છે, તેને પ્રકટ કરવા માટેના પાંચ આચારો અનુક્રમે જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, અને વીર્યાચાર, એ નામથી ઓળખાય છે. તેમાં જ્ઞાનાચારના આઠ પ્રકારો છે, દર્શનાચારના આઠ પ્રકારો છે, ચારિત્રાચારના આઠ પ્રકારો છે અને તપાચારના બાર પ્રકારો છે, એ આચારના છત્રીસ પ્રકારો જાણવા. એ જ કુલ છત્રીસ પ્રકારના આચારોને ત્રણ પ્રકારના વીર્યાચાર વડે ગુણવાથી એકસોને આઠ પ્રકારના આચારો થાય છે, એનું વિસ્તૃત વિવેચન શ્રી આવશ્યક સૂત્ર અને તેની ટીકા વગેરેમાં આપેલું છે. એ સર્વ આચારોના જ્ઞાનમાં અને પાલનમાં કુશળ હોય તે ત્રીજા પદે પ્રતિષ્ઠિત ભાવઆચાર્ય છે. ઉપાધ્યાયભગવંત અને સાધુભગવંત પણ આ સર્વ આચારથી પૂર્ણ હોય છે, પરંતુ તેઓ આચાર્યભગવંતની આજ્ઞા વડે પ્રેરાયેલા હોવાથી ગૌણ છે. પંચાચારના પાલક અને પ્રવર્તક મુખ્યતયા આચાર્ય ભગવંત જ કહેવાય છે, તથા આચાર્ય ભગવંતોના આ 'આચાર' ગુણનું પ્રણિધાન આચાર્ય નમસ્કારની પાછળ હોવું જોઇએ.

પાંચ વિષયોથી મુંઝાયેલા વિશ્વમાં પાંચ પરમેષ્ઠિઓમાં રહેલા સર્વ શ્રેષ્ટ પાંચ વિષયોને અલગ પાડીને, તે તે

વિષયોના પ્રણિધાનપૂર્વક પાંચ પરમેષ્ઠિઓને નમસ્કાર કરવામાં આવે તો પણ તે નમસ્કાર ભાવનમસ્કાર બની શકે છે. પાંચ વિષયોમાં મુખ્ય વિષય શબ્દ છે અને શબ્દમાં સર્વ શ્રેષ્ઠ-શબ્દ એક શ્રીઅરિહંતપરમાત્માઓનો છે. સમવસરણમાં બિરાજમાન થઇ અરિહંત ભગવંતો જ્યારે ધર્મદેશના આપે છે ત્યારે તેમનો શબ્દ-ધ્વનિ આષાઢી મેઘની ગર્જનાથી પણ અધિક મધુર અને ગંભીર હોય છે, અથવા જાણે મંથન થતા સમુદ્રનો જ ધ્વનિ ન હોય તેમ પ્રભુના મુખ-માંથી નીકળતા શબ્દનો ધ્વનિ શ્રોતાઓના ચિત્તના સંતાપને હરનારો થાય છે, વિષયરૂપી વિષના આકર્ષણને ટાળનારો થાય છે. શ્રી અરિહંતના શબ્દની જેમ સિદ્ધોનું રૂપ અને તેનું પ્રણિધાન ત્રણે લોકમાં રહેલા સર્વ પ્રકારના રૂપની સુંદરતાના મિથ્યા આકર્ષણને હરનારું થાય છે.

અહીં શંકા થાય કે સિદ્ધને વળી રૂપ કેવું ? અશ-રીરી સિદ્ધભગવંતોને શરીર નથી, તો પછી રૂપ તો હોય જ ક્યાંથી ?

પણ અહીં રૂપ શબ્દનો અર્થ શરીરનું રૂપ ન લેતાં આત્માનું રૂપ લેવું જોઇએ. વળી શરીરનું પણ રૂપ કે સૌંદર્ય અંતે તો આત્માના રૂપને આભારી છે. જીવરહિત શરીરનું રૂપ રૂપ ગણાતું નથી. શરીરમાં જીવ હોય ત્યાં સુધી શરીરનું રૂપ આકર્ષે છે, એટલે સંસારી જીવના દેહનું સૌંદર્ય પણ વસ્તુતઃ શરીરની અંદર રહેલા ચેતનની ચેતનાના સૌંદર્યની સાથે સંબંધ રાખે છે. સિદ્ધ ભગવંત અશરીરી

છે, તેથી તેમનું રૂપ અને સૌંદર્ય સર્વ સંસારી જીવોના શરીરના રૂપ અને સૌંદર્યથી વિલક્ષણ છે. એ રૂપ દેહનું નથી, તો પણ દેહમાં રૂપ કે જે ચેતનની હયાતિના કારણે છે, તે ચેતનનું છે, તેથી તે સર્વશ્રેષ્ઠ અને સર્વાધિક છે.

સિદ્ધનું રૂપ સર્વ રૂપોથી ચઢિયાતું છે, તેથી તેનું ધ્યાન અન્ય સર્વ રૂપી પદાર્થોના રૂપના અયોગ્ય આકર્ષણને પળવારમાં વિખેરી નાખે છે, તેવી રીતે આચાર્ય ભગવંતના આચારનો ગંધ-શીલની સુગંધ સર્વ લૌકિક સુગંધી પદાર્થોની સુગંધના અયોગ્ય આકર્ષણને ટાળી દે છે. જીવને શબ્દ વગેરે વિષયોની વાસના અનાદિ કાળની છે, તે વાસનાને નષ્ટ કરવા માટે એક બાજુ તે વિષયોની વિરસતાનું ચિન્તન અને બીજી બાજુ પરિણામે સુંદર એવા વિષયોની સુંદરતાનું પ્રણિધાન અતિ આવશ્યક છે, ગંધની વાસનાને નિર્મૂલ કરવા માટે આચાર્યોના ભાવઆચારોની સુવાસનું-પંચાચારના પાલનથી ઉત્પન્ન થતી શીલરૂપી સુગંધનું પ્રણિધાન ઉત્તમ પ્રણિધાનની ગરજ સારે છે.

શ્રી અરિહંતોનો ગંભીર ધ્વનિ, શ્રી સિદ્ધોનું અવિનાશી રૂપ અને શ્રીઆચાર્યોના સદાચારની સુવાસ જોઇ આવ્યા, હવે શ્રી ઉપાધ્યાયોના સ્વાધ્યાયનો રસ તથા શ્રી સાધુઓની નિર્મળ કાયાનો સ્પર્શ તથા બંનેનું પ્રણિધાન નમસ્કારની ક્રિયાને ભાવક્રિયામાં કેવી રીતે પલટાવે છે, તે જોઇશું.

卐 卐 卐

## નમસ્કાર મહામંત્રનો ઉપકાર-(૪)

શ્રુત કેવલી ભગવંત શ્રી **ભદ્રબાહુસ્વામીજી** ફરમાવે છે કે-'માર્ગ, અવિપ્રણાશ, આચાર, વિનય અને સહાય' એ પાંચ હેતુઓ માટે હું શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતોને નમસ્કાર કરું છું. હેતુપૂર્વકની ક્રિયા ફલવતી છે, હેતુ કે સંકલ્પ વિહીન કર્મ ફળતું નથી. નમસ્કાર કરવાની પાછળ પાંચ પ્રકારના હેતુઓ શ્રુતકેવળી ભગવંત **શ્રીભદ્રબાહુસ્વામી**એ શ્રીનમસ્કારની નિર્યુક્તિ કરતાં ફરમાવ્યા છે. આ પાંચ હેતુઓ તો માત્ર ઉપલક્ષણ છે, 'માર્ગ' હેતુ માટે જ શ્રી અરિહંતને નમવાનું છે એમ નથી, પણ જેવી રીતે અરિહંતો માર્ગોપદેશક છે તેથી નમસ્કારને પાત્ર છે, તેવી રીતે તેઓ ઔદાર્યાદિ અનંત ગુણોથી અલંકૃત છે માટે પણ નમસ્કરણીય છે. પાંચ હેતુ બતાવીને પાંચની સંખ્યાનો નિયમ નથી કર્યો, પણ ક્રિયાને ફલવતી બનાવવા માટે તે હેતુપૂર્વક કરવી જોઈએ એ નિયમ દર્શાવ્યો છે. તે હેતુ તરીકે શ્રી અરિહંતોની માર્ગોપદેશકતા પણ લેવાય, અરિહંતોનું અનુપમ ઔદાર્ય પણ લેવાય, અરિહંતોનો અનુપમ ઉપશમ, અનુપમ મૈત્રીભાવ, અનુપમ અહિંસા, વગેરે કોઈ પણ ગુણ લેવાય. અરિહંતોમાં રહેલી કોઈપણ વિશેષતાને આગળ કરીને જ્યારે શ્રી અરિહંતને નમસ્કાર કરવામાં આવે ત્યારે નમસ્કાર પ્રણિધાન પૂર્વકનો બને છે, ચિત્તની એકાગ્રતા લાવનારો થાય છે. ચિત્તની એકાગ્રતા કદી પણ બળાત્કારે આવતી નથી, અને કદાચ આવે તો પણ તે દીર્ઘકાળ ટકતી નથી. ચિત્તનો સ્વભાવ જ એવો છે કે

તેને જેમાં રસ આવે તેમાં તે તુરંત જ સ્થિર થઈ જાય છે. શ્રી અરિહંતના નમસ્કારમાં ચિત્તને સ્થિર કરવું હોય તો અરિહંતમાં રહેલી કોઈ વિશેષતા કે જેમાં પોતાને રસ હોય તેને આગળ કરવી જોઇએ, તેની સામે લક્ષ્ય કેન્દ્રિત કરવું જોઇએ. એ કરતાંની સાથે જ ચિત્તની લીનતા આવી જાય છે, લીનતા આવે તેની સાથે જ મંગળનું આગમન અને વિઘ્નોનું વિદારણ થઈ જાય છે.

શ્રી નમસ્કાર મંત્ર મંગળમય છે, સર્વ મંગળમાં પ્રધાન મંગળ છે, સર્વ પાપનો આત્યંતિક ક્ષય કરનાર છે, વિગેરે વિશેષણો તો જ ચરિતાર્થ થાય કે જો તેના સ્મરણમાં, જાપમાં કે ધ્યાનમાં ચિત્ત લયલીન બને. એ લીનતા લાવવાનું એક સાધન શ્રી અરિહંતાદિ પરમેષ્ઠિઓમાં રહેલી વિશેષતાઓનું પ્રણિધાન છે

શ્રી અરિહંત પરમાત્માઓમાં મોક્ષમાર્ગની આદ્ય પ્રકાશકતાની સાથે વિશુદ્ધ સમ્યગ્દર્શન છે અને એ સમ્યગ્દર્શન પામવાની જેટલી સામગ્રી જોઇએ તે બધી એક સામટી તેઓમાં એકત્ર થયેલી છે. શ્રી આઠ મહાપ્રાતિહાર્યોની પૂજા, સમવસરણની સમૃદ્ધિ, અતિશયવાળી ધર્મકથા, દેવોની પૂજા, પુણ્યનાં પ્રત્યક્ષ ફળ, વગેરે અગણિત વસ્તુઓ તેને જોનાર, સાંભળનાર કે પરીચયમાં આવનાર પ્રત્યેક વ્યક્તિને અપૂર્વ શ્રદ્ધાવાન અને ધર્મ પ્રત્યે પરમ આદરવાન બનાવવાનું અચિન્ત્ય સામર્થ્ય ધરાવે છે.

શ્રી અરિહંતોનું જ્ઞાન, શ્રી અરિહંતોનો વૈરાગ્ય, શ્રી

અરિહંતોનો ધર્મ, શ્રી અરિહંતોનું ઐશ્વર્ય, વગેરે એકેક વસ્તુ એવી છે કે તે તેનું પ્રણિધાન કરનાર આત્માના અંતઃકરણમાં સમ્યક્ત્વનો સૂર્ય પ્રગટાવે છે, મિથ્યાત્વનું ઘોર અંધારું હંમેશ માટે નિવારણ કરી દે છે. નમસ્કારને ભાવ નમસ્કાર બનાવવા માટે—નમસ્કારની ક્રિયામાં ચિત્તનો ભાવ જગાડી આપવા માટે આ સરળમાં સરળ યુક્તિ છે.

શ્રી ષોડશક આદિ ગ્રન્થોમાં ધર્મસિદ્ધિનાં પાંચ લક્ષણો કહ્યાં છે, તેમાંનું પહેલું લક્ષણ ઔદાર્ય અર્થાત્ કાર્પણ્યનો ત્યાગ છે, બીજું લક્ષણ ધૈર્ય અને ગાંભીર્યયુક્ત દાક્ષિણ્ય છે, ત્રીજું લક્ષણ ત્રણે કાળના પાપની જુગુપ્સા છે, ચોથું લક્ષણ નિર્મળ બોધ છે અને પાંચમું લક્ષણ જનપ્રિયત્વ છે.

અરિહંતોનું અનુપમ ઔદાર્ય તેમની ધર્મસિદ્ધિને સૂચવે છે. વળી અરિહંતોમાં ક્ષાયિક ભાવે સમ્યક્ત્વ ગુણ પ્રગટ્યો છે અને સમ્યક્ત્વનું પ્રથમ લક્ષણ ઉપશમ એટલે અપરાધી પ્રત્યે પણ ક્રોધનો અભાવ છે. વળી શ્રી અરિહંતોમાં મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્ય, એ સમ્યક્ત્વની ચારે ભાવનાઓ પરાકાષ્ઠાને પામેલી છે. વળી શ્રી અરિહંતોએ પ્રકાશેલું લોકાલોકના સ્વરૂપનું જ્ઞાન એ અદ્વિતીય છે, વિશ્વમાં અજોડ છે, શ્રી અરિહંતોની અહિંસા સર્વલોક વ્યાપી છે. સમસ્ત જીવરાશિને આવરી લેનારી છે, એ વગેરે ગુણોના પ્રણિધાનપૂર્વક થતો અરિહંતોનો નમસ્કાર ગુણબહુમાનના ભાવવાળો છે અને ગુણબહુમાનનો ભાવ અચિન્ત્ય શક્તિયુક્ત છે, એમ શાસ્ત્રો સાક્ષી પૂરે છે. કહ્યું છે કે—

"भत्तीइ जिणवरिंदाणं, खिज्जंति पुव्वसंचिया कम्मा।
गुणपगरिसबहुमाणो, कम्मवणदवाणलो जेण ॥१॥"

**અર્થ**-જિનવરેન્દ્રોની ભક્તિ વડે પૂર્વ સંચિત કર્મો ક્ષયને પામે છે, કારણ કે ગુણપ્રકર્ષનું બહુમાન એ કર્મરૂપી વનને બાળવા માટે દાવાનળનું કામ કરે છે.

શ્રી અરિહંતોની જેમ શ્રી સિદ્ધ ભગવંતના 'અવિનાશિતા' આદિ ગુણોના પ્રણિધાનપૂર્વક થતો નમસ્કાર ગુણબહુમાનના ભાવવાળો બને છે, તેથી તે પણ અચિન્ત્ય શક્તિયુક્ત અને કર્મવનને બાળવા માટે દાવાનળ તુલ્ય બને છે. એ રીતે શ્રી આચાર્યનો નમસ્કાર પણ જ્યારે આચાર્યમાં રહેલા ભાવાચાર, સારલ્ય, પાપજુગુપ્સા, ભવનિર્વેદ, કારુણ્ય, ઔચિત્ય, આદિ ગુણોના પ્રણિધાનપૂર્વક થાય છે, ત્યારે તે ગુણબહુમાનને પેદા કરનારો થાય છે અને તેથી અસંખ્ય ભવોનાં ઉપાર્જન કરેલાં કર્મોને બાળી નાખે છે.

ઉપર આપણે શ્રી અરિહંતોનો સર્વશ્રેષ્ઠ શબ્દ-ધર્મોપદેશ, શ્રી સિદ્ધોનું સર્વરૂપોનું કારણ અને સંસારના સર્વ રૂપોથી ચઢિયાતું એવું અવિનાશી રૂપ, શ્રી આચાર્યોના આચાર અને તેના પાલનથી પ્રગટ થતી ભાવસુવાસ, તે બધાના પ્રણિધાનપૂર્વક કરાતો નમસ્કાર ભાવનમસ્કાર બને છે એ વાત જોઈ આવ્યા. હવે શ્રી ઉપાધ્યાય ભગવંતનો નમસ્કાર કેવી રીતે ભાવ નમસ્કાર બને તે જોઈએ. શબ્દ, રૂપ અને ગંધ, એ જેમ અનુક્રમે શ્રોત્ર, ચક્ષુ અને ઘ્રાણના વિષયો છે. તેમ રસ અને સ્પર્શ એ અનુક્રમે રસનેન્દ્રિય

અને સ્પર્શનેન્દ્રિયના વિષયો છે અને તેનું આકર્ષણ જીવને અનાદિનું છે. તે ટાળવાના ઉપાય તરીકે અને તે દ્વારા ઉપાધ્યાયના નમસ્કારને ભાવનમસ્કાર બનાવવા માટે શ્રી ઉપાધ્યાય ભગવંતોનો સ્વાધ્યાય અને તેથી ઉત્પન્ન થતો એક પ્રકારનો રસ, તે બન્નેનું પ્રણિધાન આવશ્યક છે. દ્વાદશાંગી-રૂપ પ્રવચનનો સ્વાધ્યાય નિરંતર કરવો અને અન્યને કરાવવો, એ શ્રી ઉપાધ્યાય ભગવંતોનું સર્વ શ્રેષ્ઠ કર્તવ્ય છે. વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથારૂપ પાંચ પ્રકારના સ્વાધ્યાયરૂપી ભાવરથ ઉપર આરૂઢ થયેલા ચોથા શ્રી ઉપાધ્યાય પરમેષ્ઠિઓ નીર્વિઘ્ને શ્રી મુક્તિનગરી પ્રત્યે પ્રયાણ કરી રહ્યા છે. એ સ્વાધ્યાયનો રસ અતીન્દ્રિય તૃપ્તિને આપે છે કે જે તૃપ્તિ ષડ્રસયુક્ત ભોજનનો નિરંતર સ્વાદ કરનારને પણ કદી થતી નથી. **રસનાનો વિષય જે રસ, તેની તૃપ્તિને ઇચ્છતા ષડ્રસનાં ભોજન કરનારા પુરુષની કહેવાતી તૃપ્તિ એ તો અતૃપ્તિને વધારનારી છે, જ્યારે નિત્ય શ્રી શ્રુતજ્ઞાનના અભ્યાસથી ઉપાધ્યાય ભગવંતોને થતી તૃપ્તિ તે અનાદિ વિષયની અતૃપ્તિને શમાવનારી છે અને અતીન્દ્રિય તૃપ્તિના નિરૂપમ આનંદને આપનારી છે.** શાશ્વત એવા મોક્ષ સુખના આસ્વાદની વાનકીસ્વરૂપ અતીન્દ્રિય તૃપ્તિનું પ્રણિધાન રસનેન્દ્રિયના વિષયરૂપ રસની અનાદિ તૃષ્ણાને શમાવીને પરંપરાએ મોક્ષના અતીન્દ્રિય અવ્યાબાધ સુખને મેળવી આપનારું થાય છે. આ રીતે થતો ભાવ-નમસ્કાર સર્વ પ્રકારનાં પુણ્યકાર્યોના સમૂહોમાં સ્વામી તુલ્ય

બને છે. આ ભાવનમસ્કાર વિના અનંત વખત ગ્રહણુ કરેલાં શ્રમણુલિંગો દ્રવ્યલિંગો બન્યાં છે અને તેની સાધના અકૃત-કૃત્ય રહી છે. કહ્યું છે કે—

" यथा नक्षत्रमालायां, स्वामी पीयूषदीधितिः ।
तथा भावनमस्कारः सर्वस्यां पुण्यसंहतौ ॥१॥"
" जीवेनाकृतकृत्यानि, विना भावनमस्कृतिं ।
गृहितानि विमुक्तानि, द्रव्यलिङ्गान्यनन्तशः ॥२॥"

**અર્થ**—નક્ષત્રમાળામાં જેમ ચંદ્ર સર્વનો સ્વામી છે, તેમ સર્વ પ્રકારના પુણ્ય સમૂહમાં ભાવનમસ્કાર એ મુખ્ય છે. ભાવનમસ્કાર વિના જીવે અનંતવાર દ્રવ્યલિંગો લીધાં અને મૂકયાં, છતાં કાર્યસિદ્ધિ થઈ નથી (૧-૨)

કાર્યની સિદ્ધિ માટે નમસ્કાર જરૂરી છે અને તે ગુણબહુમાનના ભાવથી આવે છે, તેથી શ્રી અરિહંતાદિ પરમેષ્ઠિઓના એક એક વિશિષ્ટ ગુણને પ્રધાન બનાવી તેના પ્રણિધાન પૂર્વક નમસ્કારનો અભ્યાસ પાડવો જરૂરી છે.

શ્રી ઉપાધ્યાય ભગવંતના સ્વાધ્યાય રસની જેમ શ્રી સાધુ ભગવંતના સંયમ અને તપથી પવિત્ર થયેલા ગાત્રના સ્પર્શ ગુણનો અચિંત્ય પ્રભાવ અને તેના પ્રણિધાનનું સ્વરૂપ હવે જોઇએ.

卐 卐 卐

## નમસ્કાર મહામંત્રનો ઉપકાર-(૫)

શ્રી પંચપરમેષ્ઠિઓને કરવામાં આવતો નમસ્કાર ગમે તેવા પાપી અને અધમ જીવને પણ પવિત્ર અને ઉચ્ચ બનાવનાર છે. શ્રી અરિહંતપદે, શ્રી સિદ્ધપદે, શ્રી આચાર્ય-પદે, શ્રી ઉપાધ્યાયપદે અને શ્રી સાધુપદે રહેલા નિર્મળ આત્માઓ જગત ઉપર જે ઉપકાર કરે છે તેવા ઉપકારને બીજા કોઈ સ્થાને રહેલા આત્માઓ કરી શકતા નથી. દેવેન્દ્રો કે ચક્રવર્તીઓ, વાસુદેવો-પ્રતિવાસુદેવો કે બળદેવો, રાજાઓ-મહારાજાઓ કે રાષ્ટ્રપતિઓ, વિશ્વની ભૌતિક સમૃદ્ધિના આ સર્વ અધિપતિઓનો ઉપકાર, આધ્યાત્મિક સમૃદ્ધિના સ્વામી અને ઈશ્વર એવા **શ્રી પંચપરમેષ્ઠિઓના** ઉપકારની આગળ નગણ્ય છે, તુચ્છ છે, તૃણ તુલ્ય છે અને એથી જ એ પરમેષ્ઠિઓને કરવામાં આવતો ભાવનમસ્કાર સર્વ પાપોનો સમૂલ નાશ કરવાને સમર્થ છે.

શ્રી અરિહંતાદિ પરમેષ્ઠિઓના આધ્યાત્મિક ઉપકારને જેમ જેમ સમજવામાં આવે છે તેમ તેમ તેઓ પ્રત્યે વિશેષ વિશેષ બહુમાન પેદા થતું જાય છે. શ્રી અરિહંતોનો એ ઉપકાર **માર્ગદેશકતાનો** છે, શ્રી સિદ્ધોનો એ ઉપકાર **અવિનાશિતાનો** છે, શ્રી આચાર્યોનો એ ઉપકાર **આચાર-સંપન્નતાનો** છે, શ્રી ઉપાધ્યાયોનો એ ઉપકાર **વિનય-સંપન્નતાનો** છે અને શ્રી સાધુ ભગવંતોનો એ ઉપકાર મુક્તિમાર્ગમાં **સહાયદાયકતાનો** છે. પ્રથમ ચાર પરમે-ષ્ઠિઓના ઉપકારોનું યત્કિંચિત્ વર્ણન આપણે કર્યું, હવે

પાંચમા પદે રહેલા સાધુ ભગવંતોનો વિશેષ ઉપકાર શું છે અને નમસ્કાર કરનાર ઉપર તે કેવી રીતે થાય છે, તે જોઇએ.

શરીરમાં ઇન્દ્રિયો પાંચ છે, લોકમાં પરમેષ્ઠિ ભગવંતો પણ જાતિથી પાંચ છે. દરેક ઇન્દ્રિયનો એક એક વિષય છે અને તે વિષય પ્રત્યેનો અનુરાગ જીવને અનાદિ સિદ્ધ છે, ત્યારે શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતો પ્રત્યેનો ભક્તિરાગ જીવને પ્રયત્નથી કેળવવાનો છે. વિષયો પ્રત્યેનો રાગ અને પરમેષ્ઠિ પ્રત્યેનો રાગ એક જ કાળે, એક જ ચિત્તમાં સંભવતો નથી. એક જડ છે તો બીજો ચેતન છે. જડના ધર્મો અને ચેતનના ધર્મો જુદા છે. શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ, એ જડના ધર્મો છે, જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય, એ ચેતનાના ધર્મો છે. જડના ધર્મો જેને ગમે તેને ચેતનના ધર્મો કેમ ગમે ? અને ચેતનના ધર્મો જેને ગમે તેને જડના ધર્મો કેમ ગમે ? અન્યોએ પણ કહ્યું છે કે, “ જ્યાં રામ ત્યાં કામ નહિ અને જ્યાં કામ ત્યાં રામ નહિ. ” અંધકાર અને પ્રકાશ બે એક જગ્યાએ કદી પણ રહી શકે નહિ, એવી રીતે એક જ ચિત્તમાં વિષયોનો રાગ અને પરમેષ્ઠિઓની ભક્તિ સમકાળે ટકી શકે નહિ. પરમેષ્ઠિઓ પ્રત્યે ભક્તિરાગ ઉત્પન્ન કરવો હોય તો વિષયો પ્રત્યે વૈરાગ્ય કેળવવો જ રહ્યો. તે વૈરાગ્ય કેળવવાનો ઉપાય વિષયોની વિપાકવિરસતા અને વિનશ્વરતાનું વારંવાર ચિંતન કરવું તે છે. પરંતુ આ કાર્ય ધારવા જેટલું સહેલું નથી, વારંવારના સુખાનુભવથી વિષયો પ્રત્યે કેળવાયેલી દઢરાગવાસના એટલી તો ઉંડી હોય છે કે ચિંતન માત્રથી તે નાશ પામતી નથી. ઉલટું અનેકશઃ અભ્યાસથી કેળવેલી

વૈરાગ્યભાવના એક જ વારના વિષયસંસર્ગથી પણ ચાલી જતી અનુભવાય છે. વૈરાગ્યનો આ માર્ગ સામા પ્રવાહે તરવા બરોબર છે, તે માર્ગે સિદ્ધિ અનુભવનાર પુરૂષ વિરલ હોય છે. અનેક જન્મના પુષ્કળ અભ્યાસના પરિણામે કોઈ વિરલ જીવને જ્ઞાન અને વિચારના આ માર્ગે વૈરાગ્યની સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

બીજો એક માર્ગ સરળ છે અને તે સામાન્ય મનુષ્યોથી પણ આચરી શકાય તેવો છે. મોટા ભાગના જીવો આ માર્ગે ચાલીને સહેલાઇથી સિદ્ધિને મેળવી શક્યા છે. આ માર્ગ વિષયો પ્રત્યે વૈરાગ્ય કેળવવાનો નથી પરંતુ વિષયો પ્રત્યેના રાગનું સ્થાન બદલવાનો છે. આ માર્ગમાં અનાદિ-સિદ્ધ રાગવાસનાની સામે થવાને બદલે તેને અનુકુળ વર્તન કરી સ્વાર્થ સાધી લેવાનો છે. સાદી ભાષામાં કહીએ તો 'લાડવો આપીને કલ્લી કાઢી લેવા જેવો' આ સરળ માર્ગ છે.

ઇન્દ્રિયોના વિષયો પ્રત્યે જીવને જે સહજ અનુરાગ છે તેનું સ્થાન મોટે ભાગે કુત્સિત, બીભત્સ અને અપ્રશસ્ત હોય છે. જીવને કિન્નરીઓના મધુર શબ્દો ગમે છે, કામીનીઓનાં મનોહર રૂપ ગમે છે, સુવાસિત પદાર્થોની સુંદર ગંધ ગમે છે, સ્વાદિષ્ટ વસ્તુઓના મધુર રસો ગમે છે અને સુકુમાર પદાર્થોના કોમળ સ્પર્શ ગમે છે, પરંતુ એ બધા ક્ષણવિપરિણામી હોય છે, તેનાથી મળતું સુખ કેળના થડની જેમ અસાર હોય છે, તેથી જીવને તૃપ્તિ થતી નથી, અતૃપ્તિ વધે છે. તેનાથી મળતાં સુખોનો અનુભવ રાગ-

વાસનાને ઘટાડવાને બદલે વધારે દૃઢ કરે છે. એ જ શબ્દ, રૂપ, ગંધ- રસ અને સ્પર્શનાં સ્થાન અપ્રશસ્તના બદલે પ્રશસ્ત સ્વીકારવામાં આવે તો તેથી રાગવાસના શીથીલ થાય છે, ચંચળતા મટે છે અને જીવને શાંતિ પ્રાપ્ત થાય છે. વિષયોનો રાગ જે વાસનાઓને વધારનારો થાય છે, તે જ રાગ જો પ્રશસ્ત સ્થાનો ઉપર કેળવવામાં આવે તો જ્ઞાન–દર્શન–ચારિત્રને વધારનારો થાય છે. રાગના સાધનને પણ વૈરાગ્યનાં સાધન બનાવવાની આ એક અપૂર્વ યુક્તિ છે, એ યુક્તિનો આશ્રય લઈને જ શાસ્ત્રકાર ભગવંતોએ તીવ્ર રાગ વાસનાવાળા ગૃહસ્થો માટે દ્રવ્યસ્તવનું વિધાન કર્યું છે. વિવિધ પ્રકારના દ્રવ્યો ઉપર રહેલી રાગ–દ્વેષની વાસના એ ક્રમે નાશ કરી શકાય છે. પરમેષ્ઠિ નમસ્કારને પણ ભાવ–નમસ્કાર બનાવવા માટે ભક્તિમાર્ગની આ સુંદર યોજના છે.

શ્રી અરિહંત ભગવંતોની ધર્મ દેશના અને તેમના મુખ કમળમાંથી નિકળતો આષાઢી મેઘના જેવો ગંભીર તથા ધીર ધ્વનિ એક એવા પ્રકારનો શબ્દ છે કે જે શબ્દનું શ્રવણ કરવાથી, મનન અને ચિંતન કરવાથી, સ્મરણ અને ધ્યાન કરવાથી, રાગના બદલે જ્ઞાન, અવિવેકના બદલે વિવેક તથા મૂર્છાના બદલે ત્યાગ વધે છે. એ જ ન્યાય શ્રી સિદ્ધભગવંતોના રૂપને, શ્રી આચાર્ય ભગવંતોના શીલ સુગંધને, શ્રી ઉપાધ્યાય ભગવંતોના સ્વાધ્યાયરસને તથા શ્રી સાધુભગવંતોના ગાત્રસ્પર્શને લાગુ પડે છે, રાગના સાધનભૂત તે બધા વિષયો વૈરાગ્યના હેતુભૂત બની જાય છે.

શ્રી સિદ્ધભગવંતને બાહ્ય રૂપ નથી, તો પણ આંતર રૂપ છે. શ્રી આચાર્યભગવંતને બાહ્ય પદાર્થોની સુગંધ નથી તો પણ શીલ અને સદાચારના પાલનથી પ્રગટેલી આંતર સુગંધ અવશ્ય છે. શ્રી ઉપાધ્યાયભગવંત પાસે બાહ્ય રસ નથી તો પણ દ્વાદશાંગ પ્રવચનના નિત્ય સ્વાધ્યાયથી ઉત્પન્ન થતો નિર્મળ જ્ઞાનનો અને પવિત્ર વચનોનો રસ અવશ્ય છે. શ્રી સાધુભગવંત પાસે કામીનીઓના જેવા કોમળ અંગસ્પર્શ નથી, તો પણ ઉગ્રતપને કઠોર સંયમના પાલનથી ઉત્પન્ન થયેલો નિર્મળ અને પવિત્ર સ્પર્શ અવશ્ય છે, પછી ભલે તે તેમની પવિત્ર કાયાનો હો! અથવા તે કાયાને સ્પર્શેલા પવિત્ર વાયુ અને વાતાવરણનો હો! આ રીતે પાંચે પરમેષ્ઠિઓના ધ્યાનમાં, ચિંતનમાં કે સ્મરણમાં મનને પાંચે ઇંદ્રિયોના વિષયો મળી રહે છે. તેથી મન પોતાની સહજ ચપળતાનો ત્યાગ કરી સ્થિરત્વને પામે છે.

આ સ્થળે સાધુભગવંતોનો સ્પર્શ પવિત્ર હોવાનાં અનેક કારણોમાંનાં કેટલાંક કારણો આ છે–સાધુપણું અંગીકાર કરવાના પ્રથમ દિવસથી જ પાંચસમિતિ અને ત્રણગુપ્તિથી યુક્ત પાંચે મહાવ્રતોનું તેઓ સતત પાલન કરે છે, પાંચે પ્રકારના સ્વાધ્યાય સહિત પાંચે પરમેષ્ઠિઓનું સતત ધ્યાન કરે છે, પાંચે જ્ઞાનના આરાધન વડે પંચમી ગતિને પ્રાપ્ત કરવા માટે સતત ઉદ્યમી રહે છે, આ વગેરે કારણોથી સાધુ ભગવંતોની કાયા, તેમની ઇન્દ્રિયો અને મન, તેમના વિચારો તથા તેમની આસપાસનું વાતાવરણ હમેશાં વિશુદ્ધ રહે છે. આ વાતાવરણને સ્પર્શનાર અથવા

તેનું માત્ર મનથી ધ્યાન કરનાર, ચિંતન અને સ્મરણ કરનાર આત્મા સ્પર્શનેંદ્રિયના અયોગ્ય અનુરાગથી મુક્ત થાય છે, એટલું જ નહિ પણ દેવાંગનાઓના સ્પર્શને પણ તેની આગળ તુચ્છ સમજે છે, તાલપુટ વિષ તુલ્ય સમજે છે. જે સ્પર્શનેન્દ્રિયનો વિષય દુઃખ અને દુર્ગતિનો હેતુ છે તેને જ જો સ્થાનપલટો આપવામાં આવે તો તે સુખ અને સદ્ગતિનો હેતુ થઈ જાય છે. વસ્તુતઃ સુખ અને સદ્ગતિનું સાધન શુભ ધ્યાન છે. સાધુનો સ્પર્શ, અથવા સાધુને સ્પર્શેલા વાતાવરણનો સ્પર્શ, અથવા એ પવિત્ર સ્પર્શનો માત્ર માનસિક વિચાર પણ જીવના શુભ ધ્યાનને ઉત્તેજે છે. આ શુભ ધ્યાનના બળે જીવ સદ્ગતિનો અધિકારી થાય છે. અપ્રશસ્ત વિષયો જેમ અશુભ ધ્યાનને જગાડે છે તેમ પ્રશસ્ત વિષયો શુભ ધ્યાનને જગાડવાનું સામર્થ્ય ધરાવે છે. કહ્યું છે કે—

“सल्लं कामा विसं कामा, कामा आसीविसोवमा।
कामे य पत्थेमाणा, अकामा जंति दुग्गइं ॥१॥”

**અર્થ**-વિષયો એ શલ્ય છે, વિષ છે અને આશી-વિષની ઉપમાવાળા છે. તે વિષયોની ઈચ્છા કરવા માત્રથી જેની પાસે તે વિષયો નથી તેઓ પણ દુર્ગતિમાં જાય છે.

જો અપ્રશસ્ત વિષયો, એનું ચિંતન કરવા માત્રથી અશુભ ધ્યાનને ઉત્તેજવા દ્વારા દુર્ગતિને આપવાની તાકાત ધરાવે છે, તો એથી વિરૂદ્ધ પ્રશસ્ત વિષયો એનું ચિંતન કરવાથી શુભ ધ્યાન જગાડે અને તે દ્વારા સદ્ગતિ પમાડે

તેમાં આશ્ચર્ય જેવું શું છે? અનુભવ પણ તેમ જ કહે છે. દુર્ગતિદાયક સ્પર્શનેન્દ્રિયનો વિષય આ રીતે તેનું સ્થાન પલટાઈ જવાથી સદ્‌ગતિનું કારણ બને છે, તેથી જ સાધુ ભગવંતોનો સ્પર્શ અને તેનું પ્રણિધાન જેના ગર્ભમાં છે, એવો પરમેષ્ઠિ નમસ્કાર દ્રવ્ય નમસ્કાર મટીને ભાવ નમસ્કાર બની જાય છે.

અહીં એક વાત અવશ્ય વિચાર માગે છે કે અપ્રશસ્ત વિષયોના ધ્યાનમાં જેવી તીવ્રતા આવે છે તેવી તીવ્રતા પ્રશસ્ત વિષયોના ધ્યાનમાં અનુભવાતી નથી, તેથી અપ્રશસ્ત વિષયોનું ધ્યાન દુર્ગતિદાયક બને એ વાત માન્ય છે પણ પ્રશસ્ત વિષયોમાં જ્યાં સુધી તેવી તીવ્રતા ન આવે ત્યાં સુધી તે સદ્‌ગતિદાયક કેવી રીતે બને? એ વાત તદ્દન સાચી છે. માટે જ કહ્યું છે કે—

“ध्यायतो विषयान् पुंसः, सङ्गस्तेषूपजायते ।
सङ्गात् संजायते कामः, कामात् क्रोधोऽभिजायते ॥१॥
क्रोधाद् भवति संमोहः, संमोहात् स्मृतिविभ्रमः ।
स्मृतिभ्रंशाद् बुद्धिनाशो, बुद्धिनाशात् प्रणश्यति ॥२॥”

**અર્થ**—વિષયોનું ધ્યાન કરનાર પુરૂષને તેમાં આસક્તિ ઉત્પન્ન થાય છે, આસક્તિથી કામના જાગે છે, કામનાથી ક્રોધ ઉત્પન્ન થાય છે, ક્રોધથી મોહ, મોહથી સ્મૃતિભ્રંશ, સ્મૃતિભ્રંશથી બુદ્ધિનાશ અને બુદ્ધિનાશથી સર્વ વિનાશ સર્જાય છે. (૧-૨)

અપ્રશસ્ત વિષયોના ધ્યાનની પરંપરામાં જે અનર્થો

સર્જાય છે તે સર્વલોક પ્રસિદ્ધ છે, કિન્તુ પ્રશસ્ત વિષયના ધ્યાનથી સર્જાતી અર્થપરંપરાનો પ્રત્યક્ષ અનુભવ બહુ થોડાને થાય છે. એની પાછળ અનેક કારણો છે, તેમાં મુખ્ય કારણ અભ્યાસનો અભાવ છે. અભ્યાસથી જ દરેક વસ્તુ સિદ્ધ થાય છે. પ્રશસ્ત વિષયોના ધ્યાનનો અભ્યાસ કોઈ વિરલ આત્મા જ કરે છે, પરંતુ જે કોઇ કરે છે તેને તેનું ફળ અવશ્ય મળે છે.

શાસ્ત્રોમાં દ્રવ્યઆવશ્યકને ભાવઆવશ્યક બનાવવા માટે જે ક્રમ કહ્યો છે તે ક્રમ મુજબ અભ્યાસ કરવામાં આવે તો દ્રવ્યનમસ્કારને પણ ભાવનમસ્કાર બનાવી શકાય છે.

શ્રીઅનુયોગદ્વારસૂત્રમાં એ ક્રમ કહ્યો છે કે–

**“से समणे वा० समणी वा तच्चित्ते, तम्मणे, तल्लेसे, तदज्झवसिए, तत्तिव्वज्झवसाणे, तदट्ठोवउत्ते, तदप्पिअकरणे, तब्भावणाभाविए, अन्नत्थ कत्थइ मणं अकरेमाणे, उमओकालं आवस्सयं करेंति”**

**અર્થ**–સાધુ, સાધ્વી, શ્રાવક અથવા શ્રાવિકા, ઉભયકાળ આવશ્યકને કરે, તે કેવી રીતે ?

‘તત્ ચિત્તથી’=અહીં ‘ચિત્ત’ શબ્દ સામાન્ય ઉપયોગના અર્થમાં છે, અંગ્રેજીમાં તેને ‘Attention’ (એટેન્શન) કહી શકાય. ‘તન્ મનથી’=અહીં ‘મન’ શબ્દ વિશેષ ઉપ–યોગના અર્થમાં છે, અંગ્રેજીમાં તેને ‘Interest’ (ઇન્ટરેસ્ટ) કહી શકાય. તત્ લેશ્યાથી=અહીં ‘લેશ્યા’ શબ્દ ઉપયોગ વિશુદ્ધિના અર્થમાં છે, અંગ્રેજીમાં તેને Desire (ડીસાયર) કહી શકાય.

તદ્ અધ્યવસાયથી=વિશુદ્ધિનું ચિહ્ન ભાવિતસ્વર છે, જેવો ભાવ તેવો જ ભાવિતસ્વર, એ ઉપયોગની વિશુદ્ધિનું સૂચક છે. જેવો સ્વર તેવું જ ધ્યાન થવા લાગે, ત્યારે તેને 'તદધ્યવસાય' કહેવાય છે, અંગ્રેજીમાં તેને Will (વીલ) કહી શકાય. તે જ ધ્યાન જ્યારે તીવ્ર બને ત્યારે તેને 'तत्तिव्वज्झवसाणे' કહેવાય છે, અંગ્રેજીમાં તેને "Power of Imagination" (પાવર ઓફ ઇમેજીનેશન) કહી શકાય. तदट्ठोवउत्ते=તેના અર્થમાં ઉપયુક્ત. અંગ્રેજીમાં તેને Viusalisation (વીસ્વેલીઝેશન) કહી શકાય. ત્યારબાદ 'तदप्पियकरणे'= તેને વિષે અર્પ્યાં છે સર્વ કરણ જેણે, અંગ્રેજીમાં તેને Identification (આઇડેન્ટીફીકેશન) કહી શકાય. છેવટે 'तब्भावणाभाविए'= તેની જ ભાવનાથી ભાવિત થવું, જેને અંગ્રેજીમાં Complete Absorption (કમ્પ્લીટ એબ્સોરેપ્શન) કહી શકાય.

તત્ ચિત્તથી માંડીને 'તદ્ભાવનાભાવિત' પર્યંતની બધી અવસ્થાઓ અપ્રશસ્ત વિષયોના ચિંતન વખતે જીવને અનાયાસે સિદ્ધ થઈ જાય છે, કારણ કે તેનો અભ્યાસ જીવને અનંત કાળથી છે. પ્રશસ્ત વિષયોના ધ્યાનમાં તેમ બનતું નથી, કારણ કે તેનો ચિરકાલિન અભ્યાસ નથી, પ્રયત્નથી તે સિદ્ધ કરવાનો હોય છે. એટલા માટે શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં કહ્યું છે કે–'अन्नत्थ कत्थइ मणं अकरेमाणे' અર્થાત્ અન્યત્ર કોઈપણ સ્થળે મનને ન જવા દેવા પૂર્વક આવશ્યકને કરે ત્યારે તે આવશ્યક ભાવઆવશ્યક બને છે. જે વાત આવશ્યકને લાગુ પડે છે તે જ વાત નમસ્કારાદિ કોઈપણ સદ્ અનુષ્ઠાનને લાગુ પડે છે.

પંચ પરમેષ્ઠિઓમાં રહેલા પ્રશસ્ત વિષયોના ધ્યાનથી જેમ એકાગ્રતા લાવી શકાય છે, તેમ તેઓમાં રહેલા પ્રત્યેક વિશેષગુણને પ્રધાનતા આપીને ધ્યાન કરવામાં આવે તો પણ એકાગ્રતા સાધી શકાય છે. એ એકાગ્રતા દ્રવ્ય નમસ્કારને ભાવનમસ્કારમાં પલટવાનું સામર્થ્ય ધરાવે છે. સામાન્ય નિયમ એવો છે-કે સ્થૂલ ઉપરથી સૂક્ષ્મમાં જવું, મૂર્ત ઉપરથી અમૂર્તમાં જવું અને સાલંબનથી નિરાલંબનમાં જવું. વિષયો સ્થૂલ, મૂર્ત અને પરિચિત છે તેથી તેના આલંબન વડે સૂક્ષ્મ, અમૂર્ત અને અપરિચિતમાં પહોંચી શકાય છે.

પરમેષ્ઠિઓ પાંચ છે, વિષયો પણ પાંચ છે. વિષયો પરિચિત છે, પરમેષ્ઠિઓ અપરિચિત છે. પરિચિત વિષયોના આલંબનથી અપરિચિત પરમેષ્ઠિઓના સ્વરૂપનો પરિચય પામી શકાય છે. એ રીતે પાંચ પાંચનાં પ્રશસ્ત જોડલાં જેટલાં બને, તે દરેકનું આલંબન લઇને શ્રી પંચપરમેષ્ઠિના ધ્યાનમાં તન્મય બની શકાય છે અને એ તન્મયતા દ્વારા નમસ્કારને ભાવ નમસ્કારમાં બદલી શકાય છે.

પાંચ પરમેષ્ઠિઓમાં રહેલાં પાંચ મહાવ્રતો, પાંચ આચારો, સમ્યકત્વનાં પાંચ લિંગો અને ધર્મ સિદ્ધિનાં પાંચ લક્ષણો, મૈત્રી આદિ ભાવો, ક્ષમા વગેરે ધર્મો, જે સાધારણ રીતે આપણને પરિચિત છે, તેને પાંચ પાંચની સંખ્યામાં યોજીને પંચપરમેષ્ઠિનું વિશુદ્ધ પ્રણિધાન થઇ શકે છે.

જેમકે " અરિહંતોમાં રહેલી અહિંસા, સિદ્ધોમાં રહેલું સત્ય, આચાર્યોમાં રહેલું અચૌર્ય, ઉપાધ્યાયોમાં રહેલું બ્રહ્મચર્ય અને સાધુઓમાં રહેલું આકિંચન્ય, ઈત્યાદિ."

જો કે અરિહંતમાં અહિંસાની સાથે સત્ય વગેરે ગુણો પણ રહેલા છે, તેમ સિદ્ધોમાં, આચાર્યોમાં, ઉપાધ્યાયોમાં અને સાધુઓમાં પણ એ દરેક ગુણો રહેલા છે, તો પણ ધ્યાનની સગવડતા ખાતર પ્રત્યેકમાં એક એક ગુણ જુદો કલ્પીને ચિંતવવાથી ધ્યાન સુદૃઢ થાય છે. એમ સર્વ વિષયમાં આશય સમજવો.

આ પ્રણિધાન પૂર્વક થયેલો નમસ્કાર ભાવનમસ્કાર ગણાય છે અને તેના ફળરૂપે જીવને બોધિલાભ, સ્વર્ગનાં સુખો તથા પરંપરાએ સિદ્ધિગતિનાં અનંત અને અવ્યાબાધ સુખો પણ મળી શકે છે.

卐 卐 卐

**શ્રદ્ધા અને બહુમાનરૂપી સ્નેહ અને વાટથી ધન્ય પુરૂષોના મનોભવનમાં પ્રકાશતો નવકારરૂપી દીપક મિથ્યાત્વરૂપી અંધકારને હરી લે છે.**

卐 卐 卐

# શ્રી નવકારમાં નવ રસો

સાહિત્યના ક્ષેત્રમાં 'રસ' એક અગત્યની વસ્તુ છે, કાવ્યશાસ્ત્રમાં તેને મહત્ત્વનું સ્થાન છે, રસશાસ્ત્ર ઉપર મોટાં મોટાં વિવેચનો લખાયાં છે. આ રસો નવની સંખ્યામાં છે અને તેમાં નવમો રસ 'શાંત' છે. કેટલાક આચાર્યો તેને રસ માનતા નથી, તેમના મતે રસોની સંખ્યા માત્ર આઠની છે. કેટલાક તે આઠની સાથે નવમો શાંત રસ પણ માને છે અને વળી કેટલાક આચાર્યોએ નવ રસો ઉપરાંત 'વાત્સલ્ય' નામનો દસમો રસ પણ સ્વીકાર્યો છે. શ્રી નમસ્કાર મહામંત્રમાં આ રસો કેવી રીતે અંર્તભાવ પામે છે, એ વિચારવાનું અહિં પ્રસ્તુત છે.

કલિકાલ સર્વજ્ઞ શ્રીહેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ 'વાત્સલ્ય' રસને સ્વતંત્રરસ નહિ માનતા શાંત સહિત માત્ર નવ રસોને જ રસ તરીકે સ્વીકારે છે. તે નવ રસોનાં નામો અનુક્રમે (૧) શૃંગાર, (૨) હાસ્ય, (૩) કરૂણ, (૪) રૌદ્ર, (૫) વીર, (૬) ભયાનક, (૭) બીભત્સ, (૮) અદ્‌ભુત અને (૯) શાંત છે. તે પ્રત્યેકના વિભાવ, અનુભાવ અને વ્યભિચારી ભાવો કાવ્યાનુશાસન નામની અનુપમકૃતિમાં

તેમણે વિસ્તારથી બતાવેલા છે. નવરસના સ્થાયીભાવોનાં નામો પણ ત્યાં કહ્યાં છે, તે અનુક્રમે (૧) રતિ, (૨) હાસ, (૩) શોક, (૪) ક્રોધ, (૫) ઉત્સાહ, (૬) ભય, (૭) જુગુપ્સા, (૮) વિસ્મય અને (૯) શમ છે.

આ નવ સ્થાયીભાવો દરેક મનુષ્યમાં જન્મજાત રહેલા હોય છે, તેથી તેને સ્થાયી અર્થાત્ સ્થિર ભાવો કહેલા છે. એ સ્થાયીભાવો જે નિમિત્તોને પામીને અભિવ્યક્ત થાય તે આલંબનવિભાવ અને જે નિમિત્તોને પામીને વૃદ્ધિ પામે તે ઉદ્દીપનવિભાવ કહેવાય છે. એ અભિવ્યક્તિ અને વૃદ્ધિ વખતે થતી ભિન્ન ભિન્ન શારીરિક ચેષ્ટાઓને સાત્ત્વિકભાવ અથવા અનુભાવ કહેવાય છે અને તે વખતે અનુભવાતી જુદી જુદી માનસિક વૃત્તિઓને વ્યભિચારીભાવ અથવા સંચારીભાવ કહેવાય છે. આથી એ નક્કી થયું કે ચોક્કસ નિમિત્તોને પામીને થતા આંતર–બાહ્ય અનુભવોનું પુનઃ પુનઃ પરિશીલન એ જ રસ રૂપે પરિણમે છે. આ રસાનુભવ અનુભવ કાળે અલૌકિક આનંદને આપે છે, તેથી તેને 'બ્રહ્માસ્વાદસોદર' પણ કહે છે. અહીં 'બ્રહ્મ' એટલે આત્મસ્વરૂપ, તેનો આસ્વાદ એટલે અનુભવ, તેને સોદર એટલે સમાન, અર્થાત્ સાક્ષાત્ આત્મસ્વરૂપના આસ્વાદતુલ્ય જેનો અનુભવ છે, તે 'બ્રહ્માસ્વાદસોદર' કહેવાય છે.

કેવળ માનસિક ભાવોના આવેગને જ અહીં રસ કહ્યો નથી, કિન્તુ તેના રસનને–આસ્વાદનને રસ કહ્યો છે. જુદા જુદા ભાવોની સાથે તે ભાવોનો અનુભવ લેનાર

આત્માનું પણ રસન-સ્મરણ જેમાં છે તે રસ છે. કહ્યું છે કે-'भावस्मरणं रसः' અર્થાત્ ભાવોનું સ્મરણ તે રસ છે. તાત્પર્ય કે-કેવળ આવેગોનો અનુભવ નહિ, પણ એ અનુભવોનું સ્મરણ કરનાર આત્માનો અનુભવ તે રસ છે. 'अहं क्रोधवानस्मि, अहं शोकवानस्मि, अहं भक्तिमानस्मि' વગેરે સ્મરણાત્મક અનુભવ એ જ રસનું રસત્વ છે. ટુંકમાં વિભાવ, અનુભાવ અને વ્યભિચારી ભાવો વડે અભિવ્યક્ત થતો સ્થાયીભાવ તે રસ છે.

અહીં વિભાવ એટલે વિશેષ કારણો. તેના બે ભેદ છે, આલંબનવિભાવ અને ઉદ્દીપનવિભાવ. જે આલંબનોને અર્થાત્ નિમિત્તોને પામીને રસની ઉત્પત્તિ થાય તેને 'આલંબનવિભાવ' અને જે નિમિત્તોને પામીને રસની અભિવૃદ્ધિ થાય તેને 'ઉદ્દીપનવિભાવ' કહ્યો છે. બીજા અનુભાવને સાત્ત્વિકભાવ પણ કહે છે. તે મોટા ભાગે રસાનુભવ વખતે થતી ભિન્ન ભિન્ન પ્રકારની શારીરિક ચેષ્ટાઓરૂપ છે. ત્રીજા વ્યભિચારીભાવોને સંચારીભાવો પણ કહે છે, કારણ કે તે દરેક રસના અનુભવોમાં એક સરખા નથી રહેતા, પણ ફરી જનારા હોય છે. કાવ્યશાસ્ત્રોમાં તે દરેકનાં હેતુઓ સ્વરૂપ અને ફળ વિસ્તારથી વર્ણવેલાં છે. અહીં તો તેનું સૂચન માત્ર કરીને શ્રી નમસ્કાર મહામંત્રના સ્મરણ અને જાપ વખતે દરેક રસોનો અનુભવ કેવી રીતે કરી શકાય તેનું જ માત્ર સંક્ષેપથી-વર્ણન કરીશું.

'શાંતરસ' એ રસાધિરાજ છે, બધા રસોનો તે રાજા

છે. સાત્ત્વિકભાવના પ્રકર્ષ વખતે બધા રસો શાંતરસમાં પરિણામ પામે છે, શ્રી નમસ્કાર મહામંત્ર એ શાંતરસનો ખજાનો છે, શાંતરસનો ભંડાર છે; અથવા શાંતરસથી ભરેલો મહાસાગર છે. તેમાં રહેલા પાંચે પરમેષ્ઠિઓ એકાંત શાંતરસથી ભરેલા અમૃતના કુંડ સમાન છે-મૂર્તિમાન્ શાંત રસનાં ઝરણાં છે. શાંતરસના વિભાવોને, અનુભાવોને અને વ્યભિચારીભાવોને સમજવાથી આ વસ્તુ વધારે સ્પષ્ટ થશે.

શ્રીકાવ્યાનુશાસન નામના ગ્રંથરત્નમાં કહ્યું છે કે- ' वैराग्यादिविभावो यमाद्यनुभावो धृत्यादि व्यभिचारी शमः शान्तः' (अ० ३-सू-५) અર્થાત્ વૈરાગ્યાદિ વિભાવોથી, યમનિયમાદિ અનુભાવોથી અને ધૃતિ, સ્મૃતિ, આદિ-વ્યભિચારી ભાવોથી અભિવ્યક્ત થતો તૃષ્ણાક્ષયરૂપ શમ, એ શાંતરસ છે.

શાંતરસના આલંબનવિભાવ તરીકે વૈરાગ્યાદિ છે અને ઉદ્દીપનવિભાવ તરીકે સત્સંગાદિ છે. 'વૈરાગ્ય આદિ' શબ્દથી વૈરાગ્ય ઉપરાંત સંસારભીરૂતા તથા સંસારનું-મોક્ષનું વાસ્તવિક સ્વરૂપ સમજાવનાર તત્ત્વજ્ઞાન, સંસારના પારને પામેલા વીતરાગ પુરૂષોનું પરિશીલન, તેમના પરિશીલનથી પ્રાપ્ત થતો સદ્ગુણ વિકાસ અને સદાચારના લાભરૂપી અનુગ્રહ, વગેરે ગ્રહણ કરવાનાં છે. 'સત્સંગ આદિ' શબ્દથી સત્સંગ ઉપરાંત સત્ શાસ્ત્રનું શ્રવણ, મનન અને અધ્યયન, તથા તીર્થક્ષેત્ર, દેવસ્થાન, નિર્જનઅરણ્ય, ગિરિગુહા, પુણ્યાશ્રમ, વગેરે લેવાનાં છે. એ રીતના બાહ્ય-અભ્યંતર નિમિત્તોના બળે શાંત-રસની ઉત્પત્તિ અને અભિવૃદ્ધિ થાય છે.

યમ-નિયમ આદિનું પાલન, સમિતિ-ગુપ્તિ આદિ વ્રત નિયમોનું સેવન, મૂલગુણ અને ઉત્તરગુણોનું ધારણ, વગેરે અનુભાવના સ્થાને છે, એથી મન-વચન કાયાની ચેષ્ટાઓ વિશુદ્ધ બને છે.

મતિ, સ્મૃતિ, ધૃતિ, નિર્વેદ, આદિ વ્યભિચારીભાવો છે, તેથી તૃષ્ણા ક્ષયરૂપી શમરસ ચર્વણાને પ્રાપ્ત થાય છે અને વારંવાર ચર્વણાને પ્રાપ્ત-થએલો 'શમ' શાંતરસપણે પરિણમે છે.

જ્યાં આ શાંત રસ હોય છે, ત્યાં સાત્ત્વિકભાવને પામેલા બીજા આઠે રસો તેની ઉચ્ચ દશામાં હયાતિ ધરાવે છે. એ જ કારણે શાન્તરસ એ બધા રસોનો રાજા ગણાય છે. બીજા બધા રસોનું જ્યારે ઉચ્ચીકરણ થાય છે ત્યારે તે દરેક શાંતરસ સ્વરૂપ બની જાય છે, એ રસોનું ઉચ્ચીકરણ, ઊર્ધ્વીકરણ કે સાત્ત્વિકીકરણ કેવી રીતે થાય છે અને તે વખતે બધા રસો કેવી રીતે શાંતરસમાં ભળી જાય છે, તે સમજવા માટે દરેક રસોના વિભાવ, અનુભાવ અને સંચારીભાવો સહિત સ્થાયીભાવોને પણ સમજવા જોઇએ. અહિં નામ માત્ર તેને જણાવીને, તે બધાનો શાંતરસમાં કેવી રીતે અંતર્ભાવ થાય છે, તે જોઇશું.

શૃંગારાદિ રસોનાં નામો આપણે જોઈ આવ્યા. તે દરેકનો સ્થાયીભાવ શું છે તે હવે જોઇએ. શૃંગારનો સ્થાયીભાવ 'રતિ,' હાસ્યનો સ્થાયીભાવ 'હાસ', કરૂણનો સ્થાયીભાવ 'શોક' રૌદ્રનો સ્થાયીભાવ 'ક્રોધ', વીરનો સ્થાયીભાવ 'ઉત્સાહ', ભયાનકનો સ્થાયીભાવ 'ભય', બીભ-

ત્સનો સ્થાયીભાવ 'જુગુપ્સા' અને અદ્‌ભુતનો સ્થાયીભાવ 'વિસ્મય' છે. રતિથી માંડીને વિસ્મય પર્યંતના સ્થાયીભાવો દરેક જીવમાં કાયમ હોય છે, તેને પ્રગટ થવાની સામગ્રી મળતાની સાથે જ તે બહાર આવે છે. દા. ત. શૃંગારરસનો સ્થાયીભાવ 'રતિ' છે અને રતિ સંયોગ વિષયક ઇચ્છારૂપ છે, તેથી નાયક–નાયિકા, તેની ચેષ્ટા તથા બીજા નિમિત્તો મળતાની સાથે જ શૃંગારનો પ્રાદુર્ભાવ થાય છે. તેનું ઊર્ધ્વીકરણ કરવું હોય તો આલંબન અને ઉદ્દીપનવિભાવો પલટી નાખવા જોઇએ. નાયક–નાયિકા અને તેની ચેષ્ટાઓના સ્થાને પંચપરમેષ્ઠિ ભગવંતો અને તેમની ઉદાત્ત પ્રવૃત્તિઓને જોતાં કે સ્મરણ કરતાંની સાથે જ તેઓના સંયોગ વિષયક ઇચ્છારૂપી રતિભાવ ઉદ્દીપન થાય છે, પરિણામે પંચપરમેષ્ઠિના વિરહકાળે તેમનો સમાગમ કરવાની ઇચ્છારૂપ અને સમાગમકાળે તેમની સેવા કરવાની ઇચ્છારૂપ ઉચ્ચકોટિનો શૃંગાર અનુભવાય છે. આ ઉચ્ચકોટિનો શૃંગાર વિષયસુખોની ઇચ્છારૂપ તૃષ્ણાનો નાશ કરનાર હોવાથી શાંતરસથી અભિન્ન છે.

એ રીતે જેમ શૃંગાર શાંતમાં પરિણમે છે તેમ બીજા બધા રસો તેની ઉચ્ચ અવસ્થામાં શાંતરસરૂપ બની જાય છે. જેમકે વિકૃતવેષ વગેરે જોવાથી ઉત્પન્ન થતો હાસ્યરસ, સંસાર નાટકમાં કર્મના સંબંધથી વિવિધ પ્રકારના વેષ ધારણ કરતા અને વિવિધ પ્રકારના નાચ નાચતા સંસારી જીવોની વિડંબનાઓ જોઇને ઉત્પન્ન થતો હાસ્યરસ અહીં શાંત રસમાં પલટાઇ જાય છે. એ પ્રમાણે તે જ સંસારી જીવોને ઇષ્ટ નાશ અને અનિષ્ટની પ્રાપ્તિથી થતી ચિત્તવૃત્તિરૂપ

શોકનું દર્શન કરતાં ઉચ્ચકોટિનો કરૂણરસ જાગે છે, જે શાંતનું જ એક સ્વરૂપ છે. ક્રોધાદિ ષડ્રિપુઓ વડે કરાતા અપકારથી થતું ચિત્તવૃત્તિઓનું પ્રજ્વલન રૌદ્રરૂપ હોવા છતાં અહીં શાંતરસરૂપ બની જાય છે. વિષયકષાયને પરાસ્ત કરવાનો તથા દીનદુઃખી જીવોને સહાય કરવાનો ઉત્સાહ શ્રેષ્ઠ વીરરસરૂપ બની શાન્તરસરૂપે રૂપાંતર પામે છે. આંતર શત્રુઓ વિવશ ન કરે તે માટેનો ભય શ્રેષ્ઠ કોટિના ભયાનકરસમાં પરિણમી શાંતરસમાં મળી જાય છે. ઇન્દ્રિયોના વિષયો પ્રત્યે તથા હાડમાંસના શરીરની અશુચિતા પ્રત્યે પ્રગટતી જુગુપ્સા એ ઉચ્ચ કોટિના બીભત્સ રસમાં બદલાઇને પરિણામે શાંતરસનો જ એક પ્રકાર બની જાય છે. વિશ્વની અનંતતા અને અગાધતા, તથા ધર્મ અને તેના ફલની લોકોત્તરતા સાથે અચિન્ત્યતાના વિચારમાંથી ઉત્પન્ન થતો વિસ્મય ઉચ્ચકોટિના અદ્ભૂતરસમાં પલટાઇને શાંતરસનો જ એક વિભાગ બની જાય છે. એ રીતે બધા રસો તેની ઉચ્ચ અવસ્થામાં શાંતરસરૂપે પરિણમે છે.

શાંતરસને વરેલા શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતો આ રીતે ઉચ્ચકોટિની રતિ, ઉચ્ચકોટિનું હાસ, ઉચ્ચકોટિનો શોક, ઉચ્ચકોટિનો ક્રોધ, ઉચ્ચકોટિનો ઉત્સાહ, ઉચ્ચકોટિનો ભય, ઉચ્ચકોટિની જુગુપ્સા અને ઉચ્ચકોટિના વિસ્મયને ધારણ કરનારા છે. આ ઉચ્ચકોટિના રતિ, હાસ, આદિ ઉચ્ચકોટિના શમસ્વરૂપ બની શાંતરસનો અનુભવ કરાવે છે. સર્વ પ્રકારના ઉચ્ચરસો તેના અંતિમ સ્વરૂપમાં શાંતરસરૂપ થઈ જાય છે તેથી શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતો કેવળ શાંતરસ સ્વરૂપ

છે, એટલું જ નહિ પણ ઉચ્ચકોટિના શૃંગાર, હાસ્ય, કરૂણ, રૌદ્ર, વીર, ભયાનક, બીભત્સ અને અદ્‌ભુત આદિ રસોથી પણ ભરેલા છે, એમ કહેવું લેશ પણ ખોટું નથી.

પરમેષ્ઠિ ભગવંતોમાં શૃંગાર રસ છે, પણ તે નાયક–નાયિકાનો નહિ કિન્તુ અંતરાત્મભાવ અને પરમાત્મભાવ વચ્ચેની રતિ–પ્રીતિનો છે. હાસ્યરસ છે, તે વિદૂષકના વિકૃત વેષાદિના દર્શનથી થનારો નહિ, કિન્તુ ભવનાટકની વિડંબના અને વિષમતાના દર્શનથી ઉપજે છે. કરૂણ રસ છે, પણ ઇષ્ટ નાશ અને અનિષ્ટની પ્રાપ્તિથી થતી મલિન ચિત્તવૃત્તિ–વાળો નહિ, કિન્તુ ઇષ્ટવિયોગ અને અનિષ્ટસંયોગથી સદા સંતપ્ત અને શોકાતુર જગતને દુઃખ–પંક અને અજ્ઞાન–અંધકારમાંથી ઉદ્ધાર કરવાનો છે. રૌદ્રરસ છે, પણ બાહ્ય શત્રુઓએ કરેલા અપકારથી થતા મનના પ્રજ્વલનરૂપ નહિ, કિન્તુ આંતર શત્રુઓનો સમૂલ ઉચ્છેદ કરવાની પ્રશસ્ત મનોવૃત્તિરૂપ છે. વીરરસ છે, તે પણ બાહ્યયુદ્ધમાં જીતવાના ઉત્સાહરૂપ નહિ, કિન્તુ લોકોત્તર કાર્યમાં ઉત્સાહ ધારણ કરવારૂપ છે. ભયાનકરસ છે તે પણ રૌદ્રદર્શનાદિથી થતી અનર્થની શંકારૂપ નહિ, કિન્તુ આંતરારિ વિવશ ન કરે તેની સાવચેતીરૂપ છે. બીભત્સરસ છે, તે પણ બાહ્ય અશુચિ પદાર્થોને જોવાથી નહિ, કિન્તુ અશુચિ સ્વરૂપ સ્વશરીર અને પાંચ ઇન્દ્રિયોના બીભત્સ વિષયોની વિપાકવિરસતાના દર્શનથી થયેલી વિરક્તિરૂપ છે. અદ્‌ભુતરસ છે, પણ તે કોઈ બાહ્ય અપૂર્વ અર્થના દર્શનથી થયેલા ચિત્તના વિસ્મયરૂપ નહિ, કિન્તુ આત્માની અને કર્મની અચિન્ત્ય શક્તિના

પરિણામે ઉત્પન્ન થયેલી વિશ્વની અગાધતા અને અનંતતાના દર્શનથી ઉપજતી ચિત્તની પ્રસન્નતારૂપ છે.

પરમેષ્ઠિ ભગવંતોમાં રહેલો શાંતરસ આ રીતે વિષયોના ભેદથી અનેક રસરૂપ બની જાય છે અને તે શુદ્ધ રસોનો આસ્વાદ કરનારા પરમેષ્ઠિ ભગવંતોને કરવામાં આવતો નમસ્કાર પણ જેમ શાંતરસનો અનુભવ કરાવે છે તેમ તેની સાથે બીજા બધા ઉચ્ચ કોટિના રસોનો પણ અનુભવ કરાવે છે. 'ધ્યાતા ધ્યેય સ્વરૂપ બને' એ ન્યાયથી શાંતરસનો ધ્યાતા પણ શાંતરસ સ્વરૂપ બની જાય છે. જેમ જેમ નમસ્કારનું ધ્યાન વધતું જાય છે, તેમ તેમ નમસ્કાર કરનારમાં અપૂર્વકોટિની રતિ, અપૂર્વ કોટિનું હાસ, અપૂર્વ કોટિની કરૂણા, અપૂર્વ કોટિની રૌદ્રતા, અપૂર્વ કોટિની વીરતા, અપૂર્વ કોટિની ભયાનકતા, અપૂર્વ કોટિની જુગુપ્સા અને અપૂર્વ કોટિની અદ્ભુતતા પ્રગટે છે. તેમાંની એક પણ વસ્તુ તૃષ્ણાને વધારનારી થતી નથી, કિન્તુ ક્રમે ક્રમે તૃષ્ણાનો, વાસનાનો અને ઇચ્છાઓનો ક્ષય કરી અપૂર્વ કોટિની સમતાનો અનુભવ કરાવે છે; આત્માને શાંતરસના અનંત સાગરમાં નિમગ્ન કરી દે છે.

શ્રી પંચપરમેષ્ઠિને નમસ્કાર કરવારૂપ નવકાર મંત્રના સ્મરણથી વૈરાગ્ય, સંસારભીરૂતા, જીવાદિ તત્ત્વોનું જ્ઞાન અને વીતરાગભાવનું પરિશીલન થયા જ કરે છે. વળી તેના ચિન્તનથી અચિન્ત્ય શક્તિયુક્ત પરમેષ્ઠિ ભગવંતોના અનુગ્રહ સ્વરૂપ સદ્ગુણોનો વિકાસ અને સદાચારનો લાભ

થતો જાય છે, સાથે સાથે રત્નત્રય સ્વરૂપ મોક્ષમાર્ગની આરાધના પણ વધતી જાય છે. શ્રી પંચપરમેષ્ઠિના સ્મરણ સાથે પાપની જુગુપ્સા અને ધર્મની પરમાર્થ પરાયણતાની ભાવના જોડાયેલી જ છે, સંસારની નિઃસારતા અને મોક્ષ-માર્ગની સારભૂતતાનો વિચાર પણ શ્રી નમસ્કાર મહામંત્રની સાથે વણાએલો છે. શ્રી નમસ્કાર મહામંત્રના સ્મરણાદિ-કાળે મોટે ભાગે પવિત્ર ભૂમિનો સંસ્પર્શ અને પવિત્ર પુરૂષોનો સમાગમ રહે છે. વળી સાધુધર્મને અનુરૂપ સમિતિ-ગુપ્તિ આદિ સદાચારોનું પાલન તથા શ્રાવક ધર્મને યોગ્ય દાન, પૂજન તથા અણુવ્રત-ગુણવ્રતનું સેવન પણ હોય છે. ધર્મ-શ્રવણ, શાસ્ત્ર સ્વાધ્યાય, અધ્યાત્મચિંતા, વગેરે સદ્‌ગુણો પણ શ્રી નમસ્કાર મંત્રના સ્મરણ સાથે અનુસ્યૂત હોય છે. એ બધા અનુક્રમે શાંતરસના વિભાવ, અનુભાવ અને વ્યભિ-ચારીભાવ બનીને તૃષ્ણા ક્ષયરૂપ 'શમ' નામના સ્થાયીભાવનું ચર્વણ કરાવે છે. આ ચર્વણ પુનઃ પુનઃ થવાથી શાંતરસનો પ્રાદુર્ભાવ થાય છે.

એ રીતે શ્રી નમસ્કાર મહામંત્રની સાથે નવેરસોનો સંબંધ અને શ્રી નમસ્કારના સાધકને નમસ્કારની સાધના વડે મળતો નવેરસોના આસ્વાદનો અપૂર્વ લાભ અહીં સંક્ષેપથી વર્ણવ્યો છે. વિસ્તાર બહુશ્રુતો પાસેથી સમજવો.*

*[ક્ષાયિક અને ક્ષાયોપશમિક ભાવોને વરેલા શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતોમાં શૃંગારાદિ ઔદયિક ભાવો હોતા નથી, છતાં આ લેખમાં તેની ઘટના કેમ કરવામાં આવી છે ? એ પ્રશ્નનું સમાધાન

卐 卐 卐

**પુણ્યાનુબંધિ પુણ્યના ઉદયથી જેને નમસ્કાર મહામંત્રની પ્રાપ્તિ થાય છે તેને નરકગતિ અને તિર્યંચગતિનું ભ્રમણ અટકી જાય છે અને સ્વર્ગાપવર્ગનાં દ્વાર ઉઘડી જાય છે.**

卐 卐 卐

એ છે કે–ઔદયિકભાવના શૃંગારાદિ રસો પરમેષ્ઠિ ભગવંતોમાં નથી, તો પણ ક્ષાયિક અને ક્ષાયોપશમિક ભાવો તો તેઓમાં રહેલા જ છે અને તેને જ અહીં શૃંગારાદિ રસોનાં નામ આપીને ઘટાવવામાં આવ્યા છે, તે બતાવવા માટે શૃંગારાદિ રસોની સાથે ઉચ્ચ, ઉદાત્ત અને સાત્ત્વિક, આદિ શબ્દો મૂકેલા છે. વસ્તુતઃ પંચ પરમેષ્ઠિઓમાં અપ્રશસ્ત ભાવોનો લેશ પણ નથી, કિન્તુ ઉચ્ચકોટિના પ્રશસ્તભાવો છે, તેને જ જુદા જુદા રસોનાં નામ આપી ઓળખાવવામાં આવ્યા છે. શ્રી અરિહંત ભગવંતો, શ્રી સિદ્ધ ભગવંતો અને શ્રી કેવળજ્ઞાની ભગવંતોમાં મોહકર્મનો સમૂલ ક્ષય થયેલો હોવાથી પ્રશસ્ત ભાવોની ઘટના તેઓમાં ભૂતપૂર્વ નયથી સમજવાની છે. આ વિષય ઘણો ગહન હોવાથી બહુશ્રુતો પાસેથી વિનયપૂર્વક સમજવા પ્રયત્ન કરવો જરૂરી છે.]

॥ अर्हं ॥

॥ नमः श्रीजिनप्रवचनाय ॥

॥ नमोऽर्हत्सिद्धाचार्योपाध्यायसर्वसाधुभ्यः ॥

# પરમેષ્ઠિ-નમસ્કાર

# પરિશિષ્ટ

# પરિશિષ્ટ નં-૧

# શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કાર મહામંત્ર

---

मूलमन्त्र–नमो अरिहंताणं–१
नमो सिद्धाणं–२
नमो आयरियाणं–३
नमो उवज्झायाणं–४
नमो लोए सव्वसाहूणं–५

[પદ–૫, ગુરૂ ૩, લઘુ ૩૨, કુલ અક્ષર ૩૫]

चूलिका–एसो पंचनमुक्कारो, सव्वपावप्पणासणो ।
मंगलाणं च सव्वेसिं, पढमं हवइ मंगलं ॥१॥

[પદ–૪, લઘુ–૪, ગુરૂ–૨૯, કુલ અક્ષર ૩૩]

**અર્થ**–અરિહંતોને નમસ્કાર થાઓ !
સિદ્ધોને નમસ્કાર થાઓ !
આચાર્યોને નમસ્કાર થાઓ !
ઉપાધ્યાયોને નમસ્કાર થાઓ !
લોકમાં સર્વ સાધુઓને નમસ્કાર થાઓ !

આ પાંચને કરેલો નમસ્કાર સર્વ પાપોનો મૂળથી નાશ કરનાર અને સર્વ મંગલોમાં પ્રથમ મંગલરૂપ થાય છે.

[પદ–૯, સંપદા ૮, ગુરૂ–૭, લઘુ ૬૧, કુલ અક્ષર૬૮]

# પરિશિષ્ટ નં-૨

## 'श्रीआत्मरक्षाकरं वज्रपञ्जराख्यं महास्तोत्रम्'

[ શ્રી નમસ્કાર મહામંત્રનો વિધિપૂર્વક જાપ કરનાર મહાનુભાવ પુણ્યાત્માએ જાપના પ્રારંભમાં આ સ્તોત્ર વડે મુદ્રાઓ સહિત સ્વશરીરની રક્ષા કરવી, મુદ્રાઓ ગુરૂગમથી શીખી લેવી, આત્મરક્ષા પૂર્વક જાપ કરવાથી અનેક ફાયદાઓ થાય છે.]

ॐ परमेष्ठिनमस्कारं, सारं नवपदात्मकम् ।
आत्मरक्षाकरं वज्र-पञ्जराभं स्मराम्यहम् ॥१॥
ॐ नमो अरिहंताणं, शिरस्कं शिरसि स्थितम् ।
ॐ नमो सव्वसिद्धाणं, मुखे मुखपटं वरम् ॥२॥
ॐ नमो आयरियाणं, अङ्गरक्षातिशायिनी ।
ॐ नमो उवज्झायाणं, आयुधं हस्तयोर्दृढम् ॥३॥
ॐ नमो लोए सव्वसाहूणं, मोचके पादयोः शुभे ।
एसो पंच नमुक्कारो, शिला वज्रमयी तले ॥४॥
सव्वपावप्पणासणो, वप्रो वज्रमयो बहिः ।
मंगलाणं च सव्वेसिं, खादिराङ्गारखातिका ॥५॥
स्वाहान्तं च पदं ज्ञेयं, पढमं हवइ मंगलं ।
वप्रोपरि वज्रमयं, पिधानं देहरक्षणे ॥६॥
महाप्रभावा रक्षेयं, क्षुद्रोपद्रवनाशिनी ।
परमेष्ठिपदोद्भूता, कथिता पूर्वसूरिभिः ॥७॥

**यश्चैनं कुरुते रक्षां, परमेष्ठिपदैः सदा।**
**तस्य न स्याद्भयं व्याधि-राधिश्चापि कदाचन ॥८॥**

**ભાવાર્થ**-નવપદસ્વરૂપ જગતના સારભૂત આ પરમેષ્ઠિ નમસ્કાર આત્મરક્ષા કરવા માટે વજ્રના પંજર સમાન છે, તેનું હું સ્મરણ કરું છું. (૧)

'**ॐ नमो अरिहंताणं।**' આ મંત્ર મુગટરૂપે મસ્તકે રહેલો છે, એમ જાણવું, (રક્ષા કરતી વખતે મસ્તકે હાથ સ્પર્શવો.)

'**ॐ नमो सिद्धाणं।**' આ મંત્ર મુખ પર શ્રેષ્ઠ વસ્ત્ર તરીકે રહેલો છે, એમ જાણવું. (બોલતાં મુખ પર હાથ સ્પર્શવો.) (૨)

'**ॐ नमो आयरियाणं।**' આ મંત્રને અતિશાયી અંગ-રક્ષક તરીકે જાણવો. (બોલતાં શરીર પર હાથ સ્પર્શવો.)

'**ॐ नमो उवज्झायाणं।**' આ મંત્રને બે હાથમાં રહેલા મજબૂત આયુધ (શસ્ત્ર) તરીકે સમજવો. (બોલતાં બે હાથમાં શસ્ત્ર પકડવાની ચેષ્ટા કરવી.) (૩)

'**ॐ नमो लोए सव्वासाहूणं।**' આ મંત્રને પગમાં રહેલી મંગળકારી મોજડીઓ જાણવી. (બોલતાં બે પગ નીચે હાથ સ્પર્શવો.)

'**एसो पंच नमुक्कारो।**' આ મંત્રને પાદતળે રહેલી વજ્રની શિલાના સ્થાને સમજવો. (બોલતાં જે આસન પર બેઠા હોય તેને હાથથી સ્પર્શ કરતાં મનમાં વિચારવું કે હું વજ્રશિલા ઉપર બેઠો છું, તેથી જમીનમાંથી કે પાતાલ લોકમાંથી મને કોઈ વિઘ્ન થઈ શકશે નહિ.) (૪)

'सव्व पावप्पणासणो ।' આ મંત્રને ચારે દિશાઓમાં વજ્રમય કિલ્લો જાણવો. (બોલતાં એમ વિચારવું કે મારી ચારે તરફ વજ્રનો કોટ છે, બે હાથથી ચારે બાજુ કોટની કલ્પના કરતાં અંગુલી ફેરવવી.)

'मंगलाणं च सव्वेसिं ।' આ મંત્રને ખેરના અંગારાની ખાઈ સમજવી. (બોલતી વેળા વિચારવું કે વજ્રના કોટની બહાર ચારે બાજુ ખાઈ ખોદેલી છે) (૫)

'पढमं हवइ मंगलं ।' આ મંત્રને કિલ્લાની ઉપર વજ્રમય ઢાંકણુ સમજવું. (બોલતી વેળા વિચારવું કે વજ્રમય કોટ ઉપર આત્મરક્ષા માટે વજ્રમય ઢાંકણુ રહેલું છે) [આ પદને અંતે 'स्वाहा' મંત્ર પણ સમજી લેવો.] (૬)

'પરમેષ્ઠિ પદોથી પ્રગટ થએલી મહાપ્રભાવવાળી આ રક્ષા 'સર્વ ઉપદ્રવોને નાશ કરનારી છે' એમ પૂર્વાચાર્યોએ કહેલું છે. (૭)

પરમેષ્ઠિ પદો વડે આ રીતે જે નિરંતર આત્મરક્ષા કરે છે તેને કોઈ પણ પ્રકારના ભય, શારીરિક વ્યાધિ, અને માનસિક પીડાઓ કદી પણ થતી નથી. (સર્વ ઉપદ્રવોનો નિવારક આ મંત્ર છે.) (૮)

卐 卐 卐

**શ્રી નમસ્કાર મહામંત્ર સર્વ રક્ષકોનો પણ રક્ષક છે.**

卐 卐 卐

# પરિશિષ્ટ નં–૩

# શ્રી મહાનિશીથ સૂત્રોક્ત નામગ્રહણનો વિધિ અને ફળ

" नामं पि सयलकम्मट्ठ–मलकलंकेहिं विप्पमुक्काणं ।
तियसिंदच्चियचलणाणं, जिणवरिंदाणं जो सरइ ॥१॥"
" तिविहकरणोवउत्तो, खणे खणे सीलसंजमुज्जुत्तो ।
अविराहियवयनियमो, सो विहु अइरेण सिज्झिज्ज ॥२॥"

**અર્થ**–સકલ અષ્ટ કર્મરૂપી મલના કલંકથી સર્વથા મુક્ત થયેલા અને દેવેન્દ્ર વડે પૂજાયેલા છે ચરણકમળો જેઓના, એવા શ્રી જિનવરેન્દ્રોના નામનું પણ જેઓ ત્રણ પ્રકારના કરણો (મન–વચન–કાયા) વડે ઉપયુક્ત (સાવધ) થઈને, પ્રતિક્ષણ શીલ અને સંયમમાં ઉદ્યુક્ત રહીને અને વ્રત તથા નિયમની વિરાધનાથી બચી જઇને સ્મરણ કરે છે તેઓ અલ્પકાલમાં જ સિદ્ધિ ગતિને પામે છે. (૧–૨)

(શ્રીમહાનિશીથ સૂત્ર, અ૦ ૨)

卐 卐 卐

શ્રી જિનેશ્વરનું નામ કામનો નાશ કરવા સાથે સર્વ કામનાઓને પૂર્ણ કરે છે.

卐 卐 卐

# પરિશિષ્ટ નં—૪

## આચાર્યપુરંદર શ્રી હરિભદ્રસૂરિવિરચિત
## શ્રી યોગબિન્દુ નામક ગ્રન્થરત્નમાં
# 'શ્રી નમસ્કારનો મહિમા અને જપનું વિધાન'

[૧]

**मूलम्**–" अक्षरद्वयमप्येतच्छ्रूयमाणं विधानतः
गीतं पापक्षयायोच्चैर्योगसिद्धैर्महात्मभिः ॥४०॥"
॥ योगबिन्दौ ॥

टीका–अक्षरद्वयमपि किं पुनः पञ्चनमस्कारादीन्यनेकान्यक्षराणीत्यपि शब्दार्थः । एतत् ' योग' इति शब्दलक्षणं 'श्रूयमाणम्–आकर्ण्यमानम् । तथाविधाऽर्थानवबोधेऽपि, 'विधानतो' विधानेन–श्रद्धासंवेगादिशुद्धभावोल्लासकरकुड्मलयोजनादिलक्षणेन । 'गीतम्' उक्तं 'पापक्षयाय' मिथ्यात्वमोहाद्यकुशलकर्मनिर्मूलनायोच्चैरत्यर्थम् । कैर्गीतमित्याह–'योगसिद्धैः' योगः सिद्धो निष्पन्नो येषां ते तथा, तैर्जिनगणधरादिभिः 'महात्मभिः' प्रशस्तभावैरिति । ॥४०॥

**મૂળનો અર્થ**–આ બે અક્ષરો પણ વિધાન પૂર્વક સાંભળવામાં આવે તો અત્યંત પાપ ક્ષયને માટે થાય છે, એમ યોગસિદ્ધ મહાપુરૂષોએ કહેલું છે. (૪૦)

**ટીકાનો અર્થ**–બે અક્ષરો પણ, અર્થાત્ પંચનમસ્કારાદિ અનેક અક્ષરોનું તો કહેવું જ શું ? 'યોગ' એવા માત્ર બે અક્ષરોને જ, તેવા પ્રકારનો તેનો અર્થ ન જાણવા છતાં,

શ્રદ્ધા સંવેગાદિ શુદ્ધ ભાવોલ્લાસ પૂર્વક અને બે હાથ જોડવા પૂર્વક સાંભળવામાં આવે તો તે મિથ્યાત્વમોહ આદિ અકુશલ કર્મનું અત્યંત નિમૂર્લન કરનાર થાય છે, એમ યોગ જેમને સિદ્ધિને માટે (સિદ્ધ) થયો છે. એવા શ્રી જિનેશ્વર ગણધરાદિ મહાપુરૂષોએ કહ્યું છે. (૪૦)

[૨]

**मूलम्–मासोपवासमित्याहुर्मृत्युघ्नं तु तपोधनाः ।**
**मृत्युञ्जयजपोपेतं, परिशुद्धं विधानतः ॥१३४॥**

**(योगबिन्दौ)**

**ટીકા**–'मासोपवासं' मासं यावदुपवासो यत्र तत्तथा इत्येतत् 'आहुः' उक्तवन्तः । 'मृत्युघ्नं तु' मृत्युघ्ननामकं पुनस्तपः । 'तपोधनाः' तपःप्रधानाः मुनयः । 'मृत्युंजयजपोपेतं' पञ्चपरमेष्ठिनमस्कारादिरूपं मृत्युंजयसंज्ञमन्त्रस्मरणसमन्वितं । 'परिशुद्धम्' इहलोकाशंसादिपरिहारेण । 'विधानतः' कषायनिरोध–ब्रह्मचर्य–देवपूजादिरूपाद्विधानात् ॥१३४॥

**મૂળનો અર્થ**–મૃત્યુંજય જપથી સહિત પરિશુદ્ધ વિધાન પૂર્વક કરેલો માસોપવાસનો તપ મૃત્યુઘ્ન એટલે મૃત્યુને હણનાર થાય છે, એમ તપોધન મહાપુરૂષો ફરમાવે છે.

**ટીકાનો અર્થ**–પંચપરમેષ્ઠિ નમસ્કારાદિરૂપ **મૃત્યુંજય નામક** મંત્રના સ્મરણ સહિત, 'પરિશુદ્ધ' એટલે ઇહલોકની આશંસાદિ દોષો રહિત અને 'વિધાન પૂર્વક' એટલે બ્રહ્મચર્ય દેવપૂજાદિરૂપ વિધિના પાલન પૂર્વક, એક મહિના સુધી લાગટ ઉપવાસ કરવામાં આવે, તેને તપ–પ્રધાન મહામુનિઓ **મૃત્યુઘ્નતપ** કહે છે. (૧૩૪)

[૩]

"आदिकर्मकमाश्रित्य, जपो ह्यध्यात्ममुच्यते ।
देवतानुग्रहाङ्गत्वादतोऽयमभिधीयते ॥३८०॥
जपः सन्मन्त्रविषयः, स चोक्तो देवतास्तवः ।
दृष्टः पापापहारोऽस्माद्विषापहरणं यथा ॥३८१॥
देवतापुरतो वाऽपि, जले वाऽकलुषात्मनि ।
विशिष्टद्रुमकुञ्जे वा, कर्तव्योऽयं सतां मतः ॥३८२॥
पर्वोपलक्षितो यद्वा, पुत्रंजीवकमालया ।
नासाग्रस्थितया दृष्ट्या, प्रशान्तेनाऽन्तरात्मना ॥३८३॥
विधाने चेतसो वृत्तिस्तद्वर्णेषु तथेष्यते ।
अर्थे चाऽऽलम्बने चैव, त्यागश्चोपप्लवे सति ॥३८४॥
मिथ्याचारपरित्याग, आश्वासात्तत्रवर्तनम् ।
तच्छुद्धिकामता चेति, त्यागोऽत्यागोऽयमीदृशः ॥३८५॥
यथाप्रतिज्ञमस्येह, कालमानं प्रकीर्तितम् ।
अतो ह्यकरणेऽप्यत्र, भाववृत्तिं विदुर्बुधाः ॥३८६॥
मुनीन्द्रैः शस्यते तेन, यत्नतोऽभिग्रहः शुभः ।
सदाऽतो भावतो धर्मः, क्रिया काले क्रियोद्भवः ॥३८७॥"

(योगबिन्दौ)

**અર્થ**–ધાર્મિક પુરૂષનું પ્રધાન લક્ષણ (કર જપાદિ રૂપ) જપ છે, એ પણ અધ્યાત્મ કહેવાય છે. જે દેવતાનો જપ કરવામાં આવે તે દેવતાના અનુગ્રહનું તે અંગ છે. એ કારણે હવે જપને કહીએ છીએ. (૩૮૦). જપનો વિષય વિશિષ્ટ મંત્ર છે, તે મંત્ર દેવતાની સ્તુતિરૂપ હોય છે,

દેવતાની સ્તુતિરૂપ વિશિષ્ટ મંત્રના (પુનઃ પુનઃ પરાવર્તનરૂપ) જપથી પાપનો અપહાર થાય છે. જેમ તેવા પ્રકારના મંત્રોથી (સ્થાવર જંગમ) વિષનો અપહાર થતો પ્રત્યક્ષ દેખાય છે (૩૮૧). આ જપ દેવતાની સન્મુખ અથવા સ્વચ્છ જળવાળા જળાશયોની આગળ અથવા પત્રો-પુષ્પો અને ફળોથી લચેલાં વૃક્ષોવાળા વનપ્રદેશની અંદર કરવા માટે સત્પુરૂષોની આજ્ઞા છે (૩૮૨). હાથની આંગળીઓ ઉપર, કે રૂદ્રાક્ષ નામક વૃક્ષના ફૂલની માળા ઉપર, નાસિકાના અગ્ર ભાગ ઉપર દૃષ્ટિ સ્થિર કરીને તથા અંતરાત્માથી શાંત થઈને (૩૮૩). મંત્રોના અક્ષરોને વિષે, અર્થને વિષે અને પ્રતિમાદિ આલંબનને વિષે ચિત્તની વૃત્તિ પરોવવી. ચિત્તની વિપરીત ગતિ થવા લાગે ત્યારે જપનો ત્યાગ કરવો. (૩૮૪). વ્યાકુળ ચિત્ત વખતે જપનો ત્યાગ કરવાથી (અંદરથી અશાંત છતાં બહારથી શાંત આકાર કરવારૂપ) માયાચારનો ત્યાગ થાય છે તથા વિશ્રાંતિ લેવાથી જપમાં સારી રીતે પ્રવૃત્તિ થાય છે. એ રીતે શુદ્ધિની કામનાથી કરેલો ત્યાગ એ અત્યાગ છે (૩૮૫). (બે ઘડી આદિ) જેટલા કાળ માટે પ્રતિજ્ઞા લીધી હોય તેટલા કાળ પ્રમાણ જપ કરવો, પ્રતિજ્ઞા કરવાથી જપ સિવાયના કાળે પણ જપમાં મનોવૃત્તિ કાયમ રહે છે, એમ બુધ પુરૂષો કહે છે (૩૮૬.) (જપ સિવાયના કાળે પણ શુભ વૃત્તિ રહેતી હોવાથી) મહામુનિઓએ પ્રતિજ્ઞા લેવા રૂપ અભિગ્રહને વખાણ્યો છે, અભિગ્રહ વડે ભાવરૂપ ધર્મ થાય છે, અને ક્રિયા કાળે ક્રિયાથી (પણ) ધર્મ થાય છે. (માટે અભિગ્રહને વખાણ્યો છે.) (૩૮૭).

# પરિશિષ્ટ નં—૫

# નમસ્કારના અર્થની ભાવના

## યાને

# નમસ્કારનો બાલાવબોધ

[ આ બાલાવબોધના કર્તા કોણ છે તે નિર્ણય થઈ શકતો નથી તો પણ એક સમર્થ જ્ઞાની અને શ્રદ્ધાળુ આત્માની એ કૃતિ છે એમ તેને વાંચતાં જ સમજાઈ જાય છે. તેમાં 'વિ. સં. ૧૭૨૮ વર્ષે ચૈત્ર સુદ ૮ ભોમે ગણી શ્રી તિલકવિજય વાચનાર્થ' એમ અંતે લખેલું હોવાથી તેથી પણ પ્રાચીન છે એ નિઃશંક છે. રાધનપુર પાસેના સાંતલપુર ગામમાં પૂ. પં૦ શ્રી મુક્તિવિજય ગણિવરના ભંડારની હસ્તલિખિત પ્રતનો આ ઉતારો છે, નમસ્કારના જપની સાથે તેના અર્થની ભાવના કરવામાં આવે તો તે જપ શીઘ્ર ફલદાયી થાય છે. આરાધકોને પરમેષ્ઠિ નમસ્કારના અર્થની શાસ્ત્રોક્ત ભાવના કરવા માટે આ બાલાવબોધ ઘણો ઉપયોગી નીવડે તેવો છે. તેમાં વર્ણવેલી વસ્તુ વિશુદ્ધિ ગુરુ પરંપરાથી પ્રાપ્ત છે અને આજ સુધી અવિચ્છિન્ન પ્રવાહથી ચાલી આવેલી સંઘમાન્ય છે. ભાષા પ્રાસાદિક છે, વાંચતાં જ આલ્હાદ ઉત્પન્ન કરે તેવી છે. નવે પદોનો શાસ્ત્રોક્ત અર્થ જાણવાનું પ્રમાણભૂત સાધન હોવાથી અહીં તેને અક્ષરશઃ મૂળ ભાષામાં જ લીધી છે. ]

॥ श्री शङ्खेश्वरपार्श्वनाथाय नमः ॥

**'नमो अरिहंताणं'** 'મારો નમસ્કાર શ્રી અરિહંતને હો!' જે શ્રી અરિહંત ભગવંતો ૩૪ અતિશય સહિત, ૩૫ વચનાતિશય પરિકલિત, ૧૮ દોષ અદૂષિત—(તે ૧૮

દોષો અનુક્રમે ૫–અંતરાય, હાસ્યાદિષટ્, કામ, મિથ્યાત્વ, અજ્ઞાન, નિદ્રા, અવિરતિ, રાગ અને દ્વેષ), અષ્ટ મહાપ્રાતિહાર્ય સહિત, (તે પ્રાતિહાર્યો (૧) બાર ગુણું ઉંચું અશોક વૃક્ષ, (૨) કુસુમની વૃષ્ટિ, (૩) પરમેશ્વરની વાણી યોજન લગી ગુહરી ગાજે, (૪) ૨૪ જોડા ચામરો ઢળે, (૫) ચાર સુવર્ણમય સિંહાસન, (૬) પૂર્વ વિભાગે ૧૨ આદિત્ય થકી અધિક તેજે કરી ભામંડળ ઝળહળે, (૭) મસ્તક ઉપર (આકાશમાં) દેવ દુંદુભિ વાજે અને (૮) ઉપરા ઉપર ત્રણ ત્રણ છત્ર એવંકારે ચાર દિશામાં ૧૨ છત્ર ધરાવે, એ આઠ પ્રાતિહાર્યો યુક્ત). ત્રણ ગઢ, તેમાં પહેલો ગઢ રત્નમય અને મણિમય કોશીસાં, બીજો ગઢ સુવર્ણમય અને રત્નમય કાંગરા, ત્રીજો ગઢ રજતમય અને સુવર્ણમય કોશીસાં હોય, સુવર્ણમય ભૂપીઠ બાંધીચું. ઉંધેબીંટે પંચવર્ણી ફુલના પગર. બાર પર્ષદા પૂરાય, તે કેવી ? સાધુ, વૈમાનિકદેવી અને સાધ્વી, એ ત્રણ પર્ષદા, આગ્નેય ખૂણે રહે, જ્યોતિષ્, ભવનપતિ, વ્યંતર, એ ત્રણેની દેવીઓ નૈઋત્ય ખૂણે રહે જ્યોતિષી, ભવનપતિ અને વ્યન્તર, એ ત્રણે દેવો વાયવ્ય ખૂણે રહે અને વૈમાનિકદેવો, પુરૂષો અને મનુષ્યની સ્ત્રીઓ, એ ત્રણ ઈશાન ખૂણે, એ રીતે પર્ષદા પૂરાય. ૮૦૦૦૦ પાવડીયાં ચિહું પાસે ત્રણ ત્રણ પોળે, એ પ્રમાણે ૧૨ પોળ, અપૂર્વ તોરણ, કળાકૃત સમવસરણ માંહી **ત્રિભુવન લક્ષ્મી સહિત, અંતરંગ વૈરી રહિત, વિશ્વાધીશ, પરમ જગદીશ** સુર્વણમયી કમળે બેઠા, સમસ્ત જીવરાશિ દીઠા, યોજન ગામિની વાણી, સર્વ ભાષાનુસારિણી, અનંત દુઃખ નિવારિણી,

સકલ સૌખ્ય કારિણી, ઈસ્યી વાણીએ ચિહું મુખે ચિહું પ્રકારે પરમેશ્વર ધર્મોપદેશ દેતા, કેવળજ્ઞાન ધરતા, ચૌદ રાજલોકના મસ્તક ઉપર ૪૫ લાખ યોજન પ્રમાણ મુક્તિશિલા તીહાં પહુતા, અનંતબલ, અનંતગુણ, અનંતજ્ઞાન, પુરૂષમાંહી ઉત્તમોત્તમ, એવા જિનનું જે નામ તેને નામઅરિહંત કહીએ, જે ત્રિભુવનમાંહી શ્રી વીતરાગની મૂર્તિ તેને સ્થાપના-અરિહંત કહીએ, જે શ્રી શ્રેણિકાદિ મહાપુરૂષો (ભાવિ) તીર્થંકર પદવી યોગ્ય જીવ તે દ્રવ્યઅરિહંત કહીએ, જે વિહરમાન પરમેશ્વર શ્રી **સીમંધરસ્વામિ** પ્રમુખ તીર્થંકરો તે ભાવઅરિહંત કહીએ, એહવા જે અરિહંત અનંતાનંત હુઇઆ, અને થશે અને થઈ રહ્યા છે, તેહનું ધ્યાન પંચ-વર્ણ અષ્ટદલ કમલરૂપે ધ્યાઇએ. તે પરી સાંભળો–

નાભિકમળે, તિહાં કમળનું નાળ, તિહાંથી (નાભિથી) વૃદ્ધિ પામી બ્રહ્મ પ્રદેશે વિકાસ પામ્યું, અરિહંત શ્વેતવર્ણ જિસ્યું મુક્તાફલનો હાર, જિમ વૈતાઢ્યપર્વત, જિમ પૂર્ણિ-માનો ચંદ્ર, જિમ ક્ષીરસમુદ્રનું ફીણ, જિમ સ્ફટિકરત્ન, જિસી સિદ્ધશિલા નિર્મળ, જિસ્યું શ્વેત આતપત્ર (છત્ર), જિસ્યો ઐરાવણ ગજેન્દ્ર, જિમ દેવદૂષ્ય વસ્ત્ર, જિસ્યો દક્ષિણાવર્ત શંખ, જિસ્યું કામધેનુ દૂધ, તિસ્યા પરમેશ્વર નિર્મળ, દુષ્ટાષ્ટકર્મ ૧૫૮ પ્રકૃતિ રહિત, ઇસ્યા ઉજ્વળ અરિહંત. જે જગન્નાથ આકાશની પરે નિરાલંબ, પૃથ્વીની પરે સર્વંસહ, મેરૂની પરે નિષ્પ્રકંપ, સમુદ્રની પરે ગંભીર, ચંદ્રમાની પરે સૌમ્ય, સૂર્યની પરે તપ તેજ, સિંહની પરે અક્ષોભ્ય, બાવનાચંદનની પરે શીતલ, વાયુની પરે અપ્રતિ-

બદ્ધ, ભારંડપક્ષીની પરે અપ્રમત્ત, જગત્રય વંદનિક, મહા મુનીશ્વરને ધ્યાવવા યોગ્ય, કેવળજ્ઞાને કરી ત્રિભુવન દિનકર, ઇસ્યા શ્રી વીતરાગ રહે. 'नमो अरिहंताणं' એ પદમાં તેમને મારો નમસ્કાર હો.

**'नमो सिद्धाणं'** એ પદથી મારો નમસ્કાર શ્રી-સિદ્ધોને હો! જે સિદ્ધો સિદ્ધાંતે ૧૫ ભેદે કહ્યા છે. (૧) તીર્થંકર સિદ્ધ (શ્રી ઋષભદેવાદિ), (૨) અતીર્થંકર સિદ્ધ--પુંડરિકગણધરાદિ, (૩) તીર્થસિદ્ધ-અનેક ગણધરો, (૪) અતીર્થસિદ્ધ-મરૂદેવામાતા, (૫) ગૃહસ્થ લિંગે સિદ્ધ-શ્રી-ભરતેશ્વરાદિ, (૬) અન્યલિંગેસિદ્ધ-વલ્કલચિરી, (૭) સ્વલિંગ-સિદ્ધ-અનેક સાધુઓ, (૮) સ્ત્રીલિંગસિદ્ધ-આર્યા ચંદનબાલાદિ, (૯) પુરૂષલિંગસિદ્ધ-અનંત પુરૂષો, (૧૦) નપુંસકલિંગ-સિદ્ધ-ગાંગેય, (૧૧) પ્રત્યેકબુદ્ધસિદ્ધ-કરકંડુ, (૧૨) સ્વયં-બુદ્ધ સિદ્ધ, (૧૩) બુદ્ધબોધિતસિદ્ધ, (૧૪) એકસિદ્ધ, (૧૫) અનેકસિદ્ધ. જિહાં એક સિદ્ધ છે તિહાં અનંતા સિદ્ધો રહેલા છે. તે શરીર રહિત, સમ્પૂર્ણ જ્ઞાન-દર્શન-ચારિત્ર ધરતા, કેવળજ્ઞાને કરી સર્વ જીવના ભેદાનુભેદ જાણતા, અનંત ગુણ-અનંત બળ-અનંત વીર્ય સહિત, જન્મ-જરા-મરણ-રોગ-શોક-વિયોગ-આધિ-વ્યાધિ-પ્રમુખ સકલ દુઃખ થકી મુક્ત, ઈન્દ્ર-ઉપેન્દ્રાદિ સર્વ દેવતાનાં સુખ અને ચક્રવર્તી આદિ મનુષ્યોનાં સુખ, તે એકત્રિત કીજે, તે પિંડ અનંત ગુણું કીજે (તો પણ) તે એક સિદ્ધને (સુખને) અનંતમે ભાગે ન આવે. એવા સિદ્ધનાં સુખ આકાશે ન માય. સિદ્ધ થયા, બુદ્ધ થયા, ચૌદરાજને પારે સમય સમય પ્રત્યે

અનંતાનંત સુખ ભોગવતાં, જે સિદ્ધ રક્ત કાન્તિ ધરતા, જિસ્યું ઉગતો સૂર્ય, હિંગુલનો વર્ણ, દાડિમ જાસુલનું ફુલ, અર્ધગુંજારંગ, નિષધપર્વત, રક્તોત્પલ કમલ, મરકત રત્ન ચોળનોરંગ, કંકુનોરોળ, ચુના સહિત તંબોળ, ઈસી રક્ત વર્ણે સિદ્ધની પાંખડી ધ્યાઇએ.

સંસ્થાન, સંઘયણ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, જે સિદ્ધને રહ્યા નથી, ૪૫ લાખ યોજન પ્રમાણ મુક્તિશિલા ઉપર, યોજનનાં ૨૪મા ભાગમાં અવસ્થાન કરતાં શરીર રહિત કેવળ તેજઃપુંજાકાર, ત્રૈલોક્યનું સાર, એવા સિદ્ધો 'नमो सिद्धाणं' એ પદમાં રહ્યા છે, તેને મારો નમસ્કાર હો !

**'नमो आयरियाणं'** મારો નમસ્કાર શ્રી આચાર્યોને હો, જે શ્રી આચાર્ય પંચવિધ આચાર પરિપાળે, રાગદ્વેષ અંગ થકી ટાળે, સકલ સિદ્ધાન્ત સૂત્રના અર્થને જાણે, ભવ્ય જીવ પ્રતિબોધી માર્ગે આણે, દંભ રહિત, છત્રીસ ગુણ સહિત, (તે છત્રીસ ગુણ–પાંચ ઇન્દ્રિયને સંવરે. નવ બ્રહ્મચર્યની વાડમાં વસે. ક્રોધ, માન, માયા, લોભ, ૪ કષાય પરિહરે. સર્વ પ્રાણાતિપાત વિરમણવ્રત, સર્વ મૃષાવાદ વિરમણ વ્રત, સર્વ અદત્તાદાન વિરમણ વ્રત, સર્વ મૈથુન વિરમણ વ્રત, સર્વ પરિગ્રહ વિરમણ વ્રત, એ પાંચ મહાવ્રત ધરે. ઇર્યાસમિતિ આદિ અષ્ટ પ્રવચન માતા પરિપાલે. એ ૩૬ ગુણ ધારે). શુદ્ધ પ્રરૂપક, જ્ઞાન–ક્રિયા–સંયમના આધાર, શ્રી જિનશાસન સાધાર, સકલ વિદ્યા નિધાન, યુગપ્રધાન, ગુણગણ રત્નાકર, મહિમા મહોદધિ, અતિશય સમુદ્ર, મહા–ગીતાર્થ, જ્ઞાનપરમાર્થ, શ્રીસૂરિમંત્ર સ્મરણ કરણ તત્પર,

શ્રી સૂરિવર. તેહનો વર્ણ-જિસ્યો તપાવ્યું સુવર્ણ, હરિદ્રાનો રંગ, આઉલનું ફુલ, હરિયાલનો વાન, પરિપકવ સહકારનું ફુલ, શિખરીપર્વત, પીતવર્ણરત્ન, તિસ્યા શ્રી આચાર્ય પીળી કાંતિ ધરતા, 'नमो आयरियाणं' ઇણીપદે શ્રી આચાર્યને મારો નમસ્કાર હો.

**'नमो उवज्झायाणं'**પદથી મારો નમસ્કાર ઉપાધ્યાયને હોજો, શ્રીઉપાધ્યાય દ્વાદશાંગ સિદ્ધાંત ભણે. (તે કિસ્યાં ? શ્રી 'આચારાંગ' આદિ અગીયાર અંગ તથા 'રાજપ્રશ્નીય' આદિ ૧૨ ઉપાંગ, ૧૪ પૂર્વ (તેમાં) પહેલું પૂર્વ જે અંબાડી સહિત હાથી જેવડો મશીનો પુજ કીજે, તેટલે ધોળી 'ઉત્પાદ' પૂર્વ લખાય. બીજું 'આગ્રાયણી' પૂર્વ એવા બે હાથી પ્રમાણ મશી હોય (ત્યારે લખાય), ત્રીજું ચાર હાથી પ્રમાણ (મશીથી), એમ ઉત્તરોત્તર વધતાં ૧૪ મું લોકબિંદુસાર લખતાં ૮૧૯૨ હાથી પ્રમાણ મશીનો ઢેર કીજે તો લિખાય). એ ૧૪ પૂર્વને ધરે, તથા કુશલાનુબંધ, આઉર પચ્ચક્ખાણ, મરણવિધિ, ઇત્યાદિ દશ પયન્ના, ૪ મૂલસૂત્ર, ૭ છેદ, એ સિદ્ધાંત શિષ્યોને ભણાવે અને પોતે ગુણે, જે ઉપાધ્યાય (પોતે) ગુણે કરી આચાર્યપદ યોગ્ય, નિર્વિકાર, વિદ્યાના સત્રકાર, શ્રી ઉપાધ્યાય તેહનો વર્ણ, જિસ્યો પાંચીરત્ન, નીલપર્વત, વસંત માસે વનખંડ, અશોકવૃક્ષ, નીલોત્પલ કમલ, નીલા નગીનાનો વીજો, મેઘ ઉઠે મેદિની, નવે અંકુરે નીલવર્ણ, તિસ્યા ઉપાધ્યાય નીલ કાંતિએ કરી દીપ્તિવંત હુંતા. 'नमो उवज्झायाणं' એ પદમાં શ્રી ઉપાધ્યાયને મારો નમસ્કાર હો !

**'नमो लोए सव्वसाहूणं'** લોકમાંહી સર્વ સાધુને મારો નમસ્કાર હો ! જે સાધુ ૧૬ દોષ ઉત્પાદનના, ૧૬ ઉદ્‌ગમના, ૧૦ એષણાના, એવં ૪૨ દોષ વિશુદ્ધ આહાર લીએ. સમસ્ત ઇંદ્રિય દમે, સંસારે ન રમે, ૨૨ પરિષહ સહે, નવકલ્પે વિહરતા રહે, જે સાધુ સંસાર થકી ઉપરાંઠા (અળગા) ચાલે, ભવ્ય જીવને મુક્તિ સુખ હેલા માત્રમાં આપે, જે મુનીશ્વર તણા ૨૭ ગુણ ધરે, (તે કેવા ? વ્રતષટ્ક ધરે, પાંચ ઇંદ્રિય નિગ્રહે, ભાવસત્ય, કરણસત્ય, ક્ષમા, નિર્લોભતા, યથોક્ત ક્રિયાકરણ, મન–વચન–કાયનિરોધ, કાયષટ્ક (રક્ષણ), સંયમયોગ (રમણ), શીતાદિ વેદના સહન, મરણાંત ઉપસર્ગ સહે, એ ૨૭ ગુણયુક્ત હોય), એવા શાંત–દાંત–કાંત, વૈરાગ્યના સમુદ્ર, સાહસિક શિરોમણિ, ગુણવંત માંહી અગ્રેસર, સજ્જન, સદા પ્રસન્ન, જીવલોકના બાંધવ, કુગતિરૂપી સમુદ્રના શોષણહાર, કેવળધરા, ઋજુમતિ, વિપુલમતિ, શ્રુતધર, ક્ષીરાસ્રવ, સંભિન્ન સ્રોત, કોષ્ઠબુદ્ધિ, ચારણશ્રમણ, વૈક્રિય, પદાનુસારિણી, આશિવિષ, આકાશગામિની, બહુરૂપિણી, અક્ષીણમહાનસીલબ્ધિ, આદિ ૨૮ લબ્ધિના ધરનારા, મોહ, માયા, લોભ, સ્નેહના પ્રતિબંધ ખંડીયા, મહંત, ઉત્તમ સત્પુરૂષના ચિન્હને પોતે આચરણ કરી હર્ષ ઉપજાવે, પંચ પ્રકારે વિષય, ૧૬ કષાય, ૯ નોકષાય અને ઘરબાર, કુટુમ્બ પરિવાર, હર્ષ, વિષાદ, જેણે મુનીશ્વરે સર્વ પરિહર્યો, સર્વ સંગ પરિત્યાગ કરી મોક્ષમાર્ગ સાધે, બિહું પ્રકારે યતિધર્મ–શ્રાવકધર્મ બોલે, તીન રત્ન જ્ઞાન દર્શન ચારિત્ર ધરે, ચાર વિકથા છાંડે, પાંચ નિદ્રા ટાળે, પાંચ સમિતિ, પાંચ

મહાવ્રત, પાંચ સ્વાધ્યાય, પાંચ જ્ઞાન આરાધે, પંચ પરમેષ્ઠિ ધ્યાતા, પંચમ ગતિને માટે ઉત્કંઠીયા, અનેક દેવતા, મનુષ્ય, તિર્યંચના કીધા ઉપસર્ગ સહે. છ બાહ્ય છ અભ્યંતર એ બારે પ્રકારે તપ કરે, ક્ષમાના ભંડાર, ધર્મના ઢિંગ, પુણ્યે કરી પવિત્ર ગાત્ર, સૂક્ષ્મ–બાદર સર્વ જીવની રક્ષા કરે, આર્ત્ત–રૌદ્ર ધ્યાન દૂરિ છાંડે, ધર્મધ્યાન–શુકલધ્યાન ધરતાં, સર્વંસહ, સમ તૃણ–મણિ, સમ લોષ્ઠ–કાંચન, વાસી ચંદન કલ્પસમાન અને સમશત્રુમિત્ર, પરબ્રહ્મસ્વરૂપ ભાવતાં, કૃષ્ણકાન્તિ ધરતા, જિસ્યો અરિષ્ટરત્ન, શ્યામ વર્ણ ગજેન્દ્ર, કાજલવાન, સજલમેઘ, કૃષ્ણરાજી વિમાન, તિસ્યા શ્રી સાધુ ગરૂઆ, સત્તરે ભેદે સંયમ સેવતાં, સંસાર માર્ગ રૂંધતા, પાંચ ભરત, ઐરવ્રત, મહાવિદેહ પંદર ક્ષેત્ર માંહી જે સાધુ તે '**नमो लोए सव्व साहूणं**' પદમાં રહે છે–તેમને મારો નમસ્કાર હો !

'**एसो पंच नमुक्कारो**' આ પંચપરમેષ્ઠિ નમસ્કાર કિસ્યો છે ? એ પાંખડી જમણે પાસે નીલાડને કાનની વચ્ચે રાતી પીળી કાંતિ ધરતા ધ્યાયે.

'**सव्व पावप्पणासणो**' એણી જપે અનંતાનંત ભવ પ્રતિ સાત વ્યસન સેવીયા, પંદર કર્માદાન પોષીયા, મિથ્યાત્વ પ્રવર્તાવીયા, અધર્મ કરવે કરી શ્રી જિનધર્મની અવહેલના કીધી; ષટ્કાય અનેક યંત્ર જોહરવે કરી, બ્રહ્મ વ્રત ખંડીવઇ, દીનોદ્ધાર–જિર્ણોદ્ધાર ન કરવો, દાનને અણદેવે, ભાવના ન સેવે સહસ લાખ–કોટી–અનંતભવે

કર્મ બાંધીયા, તે કીસ્યા છે? જ્ઞાનાવરણ પાંચ ભેદે, તેની ઉત્કૃષ્ટી સ્થિતિ ૩૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ, જિસ્યું ચક્ષુ આગળ પડ, તીસ્યું જ્ઞાનાવરણીય પહેલું જાણવું, બીજું દર્શનાવરણીયના નવ ભેદ, ૩૦ કોડાકોડી સાગર ઉત્કૃષ્ટ સ્થિતિ, પ્રતિહાર સરિખું, ત્રીજું વેદનીયકર્મ, તેના બે ભેદ, ૨૦ (૩૦) કોડાકોડી સાગર સ્થિતિ, મધુલિપ્ત ખડ્ગધારા સદૃશ જાણવું, ચોથું મોહનીયકર્મ ૭૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ, તેના ૨૮ ભેદ, મંદિરા સરીખું જીવને પરાભવે, પાંચમું આયુકર્મ ચિહું ભેદે, તેની તેત્રીસ સાગર પ્રમાણ સ્થિતિ હડિસમાન. છટ્ઠું નામકર્મ, તેહના ૧૦૩ ભેદ, ૨૦ કોડા-કોડી સાગર પ્રમાણ સ્થિતિ, ચિત્ર(કાર) સમાન, સાતમું ગોત્રકર્મ, તેના બે ભેદ, ૨૦ કોડાકોડી સાગર પ્રમાણ કુંભ-કાર સરિખું, આઠમું અંતરાયકર્મ ૩૦ કોડાકોડી સાગર સ્થિતિ, તેના પાંચ ભેદ, ભંડારી સરીખું, એવા કર્મ સ્પૃષ્ટ, બદ્ધ, નિધત્ત, નિકાચિત, તે કર્મની પ્રકૃતિ કેટલી? બંધ ઉદય, ઉદીરણા, સત્તા તે ચિહું પ્રકારે છે, તે પ્રકારે ૧૫૮ પ્રકૃતિના બંધ સબલ તે પાપ જીવને પોહતે છે, તે સઘળાય પાપનો ફેડણહાર છે, એ પદની પાંખડી જમણા કાન પાછલ કોટ વચ્ચે પીલી નીલી કાંતિધરતા ધ્યાઇએ.

વલી એવાં પંચ પરમેષ્ઠિ કીસ્યું વર્તે?

**'मंगलाणं च सव्वेसिं पढमं हवइ मंगलं'।**

સર્વ માંગલિક માંહી પ્રથમ માંગલિક છે. તે માંગલિક ઘણા બોલાય, દધિ, દૂર્વા, સિદ્ધાર્થ, અક્ષત, વિવાહ ઉત્સવ

પ્રકરણ, બિંબ પ્રતિષ્ઠા, પ્રાસાદ, સાધુ, સાધર્મિક વાત્સલ્ય, સંઘવીપદ, એહવા માંગલિકમાંહી શ્રી નવકાર ઉત્કૃષ્ટ માંગલિક છે, એ પાંખડી ડાબા કાન પાછળ કોટ વચ્ચે નીલીકાલી કાંતિ ધરતા ધ્યાઇએ. જિમ પર્વતમાંહી મેરૂપર્વત, ગજેન્દ્રમાંહી ભદ્રજાતીય, સમુદ્રમાંહી સ્વયંભૂરમણ સમુદ્ર, દેવમાંહી શ્રી વીતરાગદેવ, ગ્રહગણમાંહી ચન્દ્રમા, સરોવરમાંહી માન સરોવર, સર્વ આભરણમાંહી મુકુટ પ્રધાન, અનેક તીર્થમાંહી શ્રી સિદ્ધક્ષેત્ર, વૃક્ષમાંહી કલ્પવૃક્ષ, કુસુમમાંહી ચંપક, સ્રીમાંહી રંભા, વાજિંત્ર માંહી ભંભા, પર્વમાંહી શ્રી પર્યુષણાપર્વ, વ્રતમાંહી શીલવ્રત, રસમાંહી અમૃત, તિમ મંત્રમાંહી નવકાર મંત્ર, રાજાધિરાજ, જેહને પ્રભાવે શાકિની, ડાકિની, ભૂત, પ્રેત, પિશાચ, ઝાટિંગ, મોગા, વ્યંતર, યક્ષ, રાક્ષસ, સિંહ, વ્યાઘ્ર, અષ્ટાપદ. સર્પ, પ્રમુખનો ભય ફિટે, અગ્નિના, ઠાકુરના, વૈરિના, ઇહલોકના ભય, પરલોકે નરકના, નિગોદના, તિર્યંચના દુઃખ, હીનજાતિ, હીનકુલ, દારિદ્રય, દૌર્ભાગ્ય, સર્વ રોગનો શમાવણહાર, સમસ્ત વાંછિત, રાજઋદ્ધિ, ભોગસંયોગ, પરિવાર, ધન ધાન્યની પ્રાપ્તિ જે મંત્રથી હોય, જે વાંછે તે પામે, એ પાંખડી કાલી-રાતી કાંતિધરતી દીપે.

શ્રી નવકાર નવપદ, આઠ સંપદ, અડસઠ અક્ષર પ્રમાણ, તેમાંહી ૭ અક્ષર ભારે, ૬૧ અક્ષર હળવા જાણવા. ઇસ્યા શ્રી પંચ પરમેષ્ઠિ મહામંત્ર માંહી આકાશગામિની વિદ્યા, સુવર્ણસિદ્ધિ, રૂપસિદ્ધિ, રસસિદ્ધિ છે. ઇસ્યું અષ્ટ દલકમલ મનવચનકાય સહિતભાવે એક નવકાર ગુણે, લાખ નવકાર

ગુણ્યાનું ફલ પામે, ઈસ્યો શ્રી પંચ પરમેષ્ઠિ મહામંત્ર નવકાર જે જીવ સમરઇ, ધ્યાયઇ, ચિંતવઇ, સદૈવ નિરંતર આરાધઇ, તે જીવ સંસારમાંહી ન ભમઇ અને સકલ વાંછિત સિદ્ધિ ફળ પામઈ.

ઇતિ શ્રી નવકારમહામંત્રબાલાવબોધ સમાપ્ત. વિ. સં. ૧૭૨૮ વર્ષે ચૈત્ર સુદી ૮ ભોમે લીપિકૃતં-ગણિ તિલકવિજય વાચનાર્થં, શુભં ભવતુ શ્રી સંઘસ્ય, ચિરં જયતુ ઇદં પુસ્તકં 'શ્રી શંખેશ્વર પાર્શ્વનાથપ્રસાદાત્ જિનપ્રસાદાચ્ચ' લેખક-પાઠકયોઃ શ્રી છ શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી ॥

卐 卐 卐

**સર્વ શુભ પ્રયત્નોની સિદ્ધિ પંચ પરમેષ્ઠિ નમસ્કાર મહામંત્રની અર્થ ભાવનામાં છે, મહામંત્રના અર્થની ભાવના સર્વ સિદ્ધિ-ઓનું બીજ અને સર્વ અનુષ્ઠાનોનો પ્રાણ છે.**

卐 卐 卐

# પરિશિષ્ટ નં—૬

# મનોવિજ્ઞાનની દૃષ્ટિએ

# શ્રી નમસ્કાર મહામંત્ર

મનોવૈજ્ઞાનિક દૃષ્ટિથી આ વિચારણીય પ્રશ્ન છે કે નમસ્કાર મહામંત્રનો મન પર શો પ્રભાવ પડે છે ? આ મન્ત્રને સર્વકાર્યસિદ્ધિપ્રદ કહેવામાં આવ્યો છે, તો આ મન્ત્રથી આત્મિક શક્તિનો વિકાસ શી રીતે થાય છે ? મનોવિજ્ઞાન માને છે કે માનવની દૃશ્ય ક્રિયાઓ તેના ચેતન મનમાં અને અદૃશ્ય ક્રિયાઓ અચેતન મનમાં થાય છે, મનની આ બન્ને ક્રિયાઓને 'મનોવૃત્તિ' કહેવાય છે. સાધારણતઃ 'મનોવૃત્તિ' શબ્દ ચેતન મનની ક્રિયાઓ બતાવવા માટે વપરાય છે. પ્રત્યેક મનોવૃત્તિના ત્રણ અંશો છે— જ્ઞાનાત્મક, સંવેદનાત્મક અને ક્રિયાત્મક. આ ત્રણે અંશો એક બીજાથી છુટા ન પાડી શકાય તેવા છે, માણુસને જે કાંઈ જ્ઞાન થાય છે તેની સાથે વેદના અને ક્રિયાત્મક ભાવ પણ અનુભવાય છે. જ્ઞાનાત્મક મનોવૃત્તિના સંવેદન, પ્રત્યક્ષીકરણ, સ્મરણ, કલ્પના અને વિચાર આ પાંચ ભેદો છે. સંવેદનાત્મક મનોવૃત્તિના સંદેશ, ઉમંગ, સ્થાયીભાવ અને ભાવનાગ્રંથી, આ ચાર ભેદો છે અને ક્રિયાત્મક મનોવૃત્તિના સહજક્રિયા, મૂલવૃત્તિ, ટેવ, ઇચ્છિતક્રિયા અને ચરિત્ર, આ પાંચ ભેદો કરવામાં આવ્યા છે. નમસ્કાર મહામંત્રના સ્મરણથી જ્ઞાનાત્મક મનોવૃત્તિ ઉત્તેજિત બને છે, તેથી તેની સાથે અભિન્ન રૂપથી

સંબદ્ધ 'ઉમંગ' સંવેદનાત્મક અનુભૂતિ અને 'ચરિત્ર' નામક ક્રિયાત્મક અનુભૂતિને ઉત્તેજન મળે છે. તાત્પર્ય એ છે કે માનવ મગજમાં જ્ઞાનવાહી અને ક્રિયાવાહી એમ બે પ્રકારની નાડીઓ હોય છે. આ બંને નાડીઓનો પરસ્પર સંબંધ હોય છે, પણ એ બંનેનાં કેન્દ્ર જુદાં હોય છે. જ્ઞાનવાહી નાડીઓ અને મગજનું જ્ઞાનકેન્દ્ર માનવના જ્ઞાનવિકાસ માટે અને ક્રિયાવાહી નાડીઓ અને ક્રિયાકેન્દ્ર તેના ચરિત્રના વિકાસ માટે કાર્ય કરે છે. ક્રિયાકેન્દ્ર અને જ્ઞાનકેન્દ્રનો ઘનિષ્ઠ સંબંધ હોવાથી નમસ્કાર મહામંત્રની આરાધના વડે (સ્મરણ અને ચિંતન વડે) જ્ઞાનકેન્દ્ર અને ક્રિયાકેન્દ્રનો સમન્વય થાય છે, તેથી માનવ મન સુદૃઢ બને છે અને તેને આત્મિક વિકાસની પ્રેરણા મળે છે.

મનુષ્યનું ચરિત્ર તેના સ્થાયીભાવોનો સમુચ્ચય માત્ર છે. જે મનુષ્યના સ્થાયીભાવો જેવા પ્રકારના હોય છે તેનું ચરિત્ર પણ તેવા પ્રકારનું હોય છે. મનુષ્યનો પરિમાર્જિત અને આદર્શ સ્થાયીભાવ જ હૃદયની અન્ય પ્રવૃત્તિઓનું નિયંત્રણ કરે છે. જે માણસનો સ્થાયીભાવ સુનિયંત્રિત નથી, અથવા જેના મનમાં ઉચ્ચ આદર્શો પ્રત્યે શ્રદ્ધારૂપ સ્થાયીભાવો ઉદ્દીપિત થયા નથી તેનું વ્યક્તિત્વ તથા ચરિત્ર સારાં હોતાં નથી. દૃઢ અને સુંદર ચરિત્ર બનાવવા માટે એ આવશ્યક છે કે માણસના મનમાં ઉચ્ચ આદર્શો તરફ શ્રદ્ધાસ્પદ સ્થાયીભાવ હોવો જોઇએ તથા તેના અન્ય સ્થાયીભાવો તે (શ્રદ્ધાસ્પદ) સ્થાયીભાવદ્વારા નિયંત્રિત હોવા જોઇએ. સ્થાયીભાવો જ માનવના અનેક પ્રકારના વિચારોના જનક હોય

છે, આ સ્થાયીભાવો જ માનવની સમસ્ત ક્રિયાઓનું સંચાલન કરે છે. ઉચ્ચ આદર્શથી ઉત્પન્ન થતા સ્થાયીભાવો અને વિવેક વચ્ચે ઘનિષ્ઠ સંબંધ છે. ક્યારે ક્યારે વિવેક વિના જ સ્થાયીભાવો મુજબ જીવન ક્રિયાઓ થાય છે–જેમકે વિવેક ના કહેતો હોય તો પણ શ્રદ્ધાવશ ધાર્મિક પ્રાચીન કાર્યોમાં પ્રવૃત્તિ થવી, અથવા કોઇની સાથે કલહ થઈ ગયા પછી તેની જુટ્ઠી નિન્દા સાંભળવાની પ્રવૃત્તિ થવી. આવા કૃત્યોમાં વિવેકનો સાથ નથી હોતો, કેવળ સ્થાયીભાવ જ કાર્ય કરતો હોય છે. વિવેક માનવની ક્રિયાઓને રોકી શકે–અથવા વાળી શકે છે, વિવેકમાં તે તે ક્રિયાઓના સંચાલનની શક્તિ નથી. તાત્પર્ય એ છે કે **આચરણને પરિમાર્જિત અને વિકસિત કરવા માટે કેવળ વિવેક પ્રાપ્ત કરવો એ જ પૂરતું નથી, પણ સાથે સાથે સ્થાયીભાવોને સુયોગ્ય અને સુદૃઢ બનાવવા જોઇએ.**

વ્યક્તિના મનમાં જ્યાં સુધી કોઈ સુન્દર આદર્શ અથવા કોઇ મહાન્ વ્યક્તિ તરફ શ્રદ્ધા અને પ્રેમનો સ્થાયીભાવ નથી, ત્યાં સુધી દુરાચારથી દૂર થઇને સદાચારમાં તેની પ્રવૃત્તિ થઈ શકતી નથી. જ્ઞાનમાત્રથી દુરાચાર રોકી શકાય તેમ નથી, તે માટે તો ઉચ્ચ આદર્શ પ્રત્યે શ્રદ્ધારૂપ ભાવનાનું હોવું અનિવાર્ય છે. નમસ્કાર મહામંત્ર એ એક એવો ઉચ્ચ અને પવિત્ર આદર્શ છે કે તેનાથી સુદૃઢ એવા સ્થાયીભાવની ઉત્પત્તિ થાય છે. જેમ જેમ નમસ્કાર મહામંત્રનો મન પર વારંવાર પ્રભાવ પડશે, અર્થાત્ દીર્ઘકાળ સુધી આ મહામંત્રની ભાવના મનમાં સ્થિર બનશે

તેમ તેમ સ્થાયીભાવોમાં સુધારો થશે જ અને ઉચ્ચ આદર્શથી નિયંત્રિત બનેલા આ જ સ્થાયીભાવો માનવના ચરિત્રના વિકાસમાં સહાયક થશે.

આ મહામંત્રના મનન, સ્મરણ, ચિંતન અને ધ્યાનથી પૂર્વાર્જિત કાષાયિક ભાવોમાં અવશ્ય પરિવર્તન થાય છે. મંગલમય આત્માઓના સ્મરણથી મન પવિત્ર થાય છે અને પુરાતન પ્રવૃત્તિઓમાં સંશોધન થાય છે. આ સંશોધનથી જીવનમાં સદાચાર આવે છે. ઉચ્ચ આદર્શથી ઉત્પન્ન થતા સ્થાયીભાવના અભાવમાં વ્યક્તિ દુરાચાર તરફ પ્રવૃત્ત બને છે, તેથી મનોવિજ્ઞાન સ્પષ્ટરૂપે કહે છે કે માનસિક ઉદ્વેગ, વાસના અને માનસિક વિકાર ઉચ્ચ આદર્શ તરફની શ્રદ્ધાના અભાવમાં દૂર કરી શકાય તેમ નથી. વિકારોને આધીન કરવાની પ્રક્રિયા બતાવતી વખતે કહેવાયું છે કે પરિણામ-નિયમ, અભ્યાસનિયમ, અને તત્પરતાનિયમ દ્વારા ઉચ્ચ આદર્શને મેળવીને વિવેક અને આચરણને દૃઢ કરવાથી જ માનસિક વિકાર અને સહજ પાશવિક પ્રવૃત્તિઓને દૂર કરી શકાય છે.

નમસ્કાર મંત્રના પરિણામનિયમનો અર્થ અહીં એ છે કે આ મંત્રની આરાધના કરનાર વ્યક્તિ જીવનમાં સંતોષની ભાવનાને જાગ્રત કરે અને સમસ્ત સુખોનું કેન્દ્ર આ મંત્રને સમજે. અભ્યાસનિયમનું તાત્પર્ય એ છે કે આ મંત્રનું મનન, ચિન્તન અને સ્મરણ નિરન્તર કરે. આ એક સિદ્ધાન્ત છે કે જે યોગ્યતાને પોતામાં પ્રગટ કરવી હોય

તે યોગ્યતાનું વારંવાર સ્મરણ તથા ચિન્તન કરવું જોઇએ. પ્રત્યેક વ્યક્તિનું ચરમ લક્ષ્ય જ્ઞાન, દર્શન, સુખ અને વીર્ય-રૂપ શુદ્ધ આત્મશક્તિને પ્રાપ્ત કરવું તે છે, આ શુદ્ધ, અમૂર્ત, રત્નત્રયસ્વરૂપ, સચ્ચિદાનંદ આત્મા જ પ્રાપ્ત કરવા યોગ્ય છે, તેથી જ રત્નત્રયસ્વરૂપ પંચપરમેષ્ઠિવાચક નમસ્કાર મહામંત્રનો અભ્યાસ પરમ આવશ્યક છે. આ મંત્રના અભ્યાસથી શુદ્ધ આત્મસ્વરૂપમાં તત્પરતાની સાથે પ્રવૃત્તિ કરવી તે તત્પરતાનિયમને જીવનમાં ઉતાર્યો કહેવાય છે. મનુષ્યમાં અનુકરણની પ્રધાનવૃત્તિ દેખાય છે, આ વૃત્તિના કારણે પંચપરમેષ્ઠિનો આદર્શ સામે રાખીને તેમના અનુ-કરણથી પોતાનો વિકાસ કરી શકાય છે.

મનોવિજ્ઞાન માને છે કે મનુષ્યમાં-ભોજન શોધવું, દોડવું, લડવું, ઉત્સુકતા, રચના, સંગ્રહ, વિકર્ષણ, શરણાગત-થવું, કામપ્રવૃત્તિ, શિશુરક્ષા, બીજા પર પ્રેમ, આત્મપ્રકાશન, વિનીતતા અને હાસ્ય, આ ચૌદ મૂલ વૃત્તિઓ (insticts) દેખાય છે. આ વૃત્તિઓનું અસ્તિત્વ સંસારના સર્વ પ્રાણિઓમાં દેખાય છે, પરંતુ મૂલ વૃત્તિઓમાં મનુષ્યની વિશેષતા એ છે કે તે આ વૃત્તિઓમાં સમુચિત પરિવર્તન કરી શકે છે. કેવલ મૂલવૃત્તિઓથી સંચાલિત જીવન અસભ્ય અને પાશવિક કહેવાશે, માટે મનુષ્યની મૂલવૃત્તિઓમાં Repression દમન, Inhibition વિલીયન, Redirecsion માર્ગાન્તરીકરણ અને Sublimasion શોધન (ઉચ્ચીકરણ), આ ચાર પરિ-વર્તનો થતાં રહે છે. (મનુષ્ય તે કરી શકે છે.)

પ્રત્યેક મૂલવૃત્તિનું બળ તેનું બરાબર પ્રકાશન થવાથી વધે છે, જો કોઈ મૂલવૃત્તિના પ્રકાશન ઉપર કાંઈ નિયંત્રણ નથી રાખવામાં આવતું તો તે મનુષ્ય માટે લાભદાયક ન બનતાં હાનિપ્રદ બને છે, માટે દમનની ક્રિયા થવી જોઇએ. ઉદાહરણ તરીકે એમ કહી શકાય કે સંગ્રહની વૃત્તિ જો સંયમિત રૂપમાં રહે તો તેથી મનુષ્યના જીવનની રક્ષા થાય છે, પરંતુ જો વધી જાય તો તે કૃપણતા અને ચોરીનું રૂપ ધારણ કરીં લે છે. આવી જ રીતે દ્વંદ્વ અથવા લડવાની પ્રવૃત્તિ પ્રાણ રક્ષા માટે ઉપયોગી છે, પણ જો તે વધી જાય છે તો મનુષ્યની રક્ષાનું કારણ ન બનતાં તેના વિનાશનું કારણ બને છે. આવી જ રીતે અન્ય મૂલવૃત્તિઓના વિષયમાં પણ કહી શકાય. તેથી જ જીવનને ઉપયોગી બનાવવા માટે એ આવશ્યક છે કે મનુષ્ય પ્રતિસમય પોતાની વૃત્તિઓનું દમન કરે અને તેઓને નિયંત્રણમાં રાખે. વ્યક્તિત્વના વિકાસ માટે મૂલ વૃત્તિઓનું દમન તેટલું જ આવશ્યક છે કે જેટલું તેઓનું પ્રકાશન.

મૂલવૃત્તિઓનું દમન વિચાર અથવા વિવેક વડે થાય છે. કોઈ બાહ્ય સત્તા વડે કરાતું દમન માનવ જીવનના વિકાસ માટે હાનિકારક થાય છે. માટે શૈશવથી જ (બાલ્યવયથી જ) નમસ્કારમંત્રના આદર્શ વડે માનવની મૂલ વૃત્તિઓનું દમન સરલ અને સ્વાભાવિક રીતે થાય છે. આ મંત્રનો આદર્શ હૃદયમાં શ્રદ્ધાને અને દૃઢ વિશ્વાસને ઉત્પન્ન કરે છે, જેથી મૂલ વૃત્તિઓના દમનમાં મોટી સહાય મળે છે. નમસ્કાર મહામંત્રના ઉચ્ચારણ, સ્મરણ, ચિન્તન, મનન

અને ધ્યાન વડે મન પર એવા સંસ્કારો પડે છે કે જેથી જીવનમાં શ્રદ્ધા અને વિવેકનું ઉત્પન્ન થવું સ્વાભાવિક થાય છે. મનુષ્યનું જીવન શ્રદ્ધા અને સદ્‌વિચારો ઉપર જ અવલંબિત છે. શ્રદ્ધા અને વિવેક વિના મનુષ્ય મનુષ્ય તરીકે જીવી ન શકે, તેથી મૂલ વૃત્તિઓનું દમન અથવા નિયંત્રણ કરવા તેને મહામંગલ નમસ્કાર મહામંત્રનું સ્મરણ પરમ આવશ્યક છે. આ પ્રકારના ધાર્મિક વાક્યોનાં ચિન્તનથી મૂલ વૃત્તિઓ નિયંત્રિત થાય છે તથા જન્મજાત સ્વભાવમાં પરિવર્તન થતું જાય છે, નિયંત્રણની પ્રવૃત્તિ ધીમે ધીમે આવે છે. જ્ઞાનાર્ણવમાં આચાર્ય શુભચન્દ્રે બતાવ્યું છે કે મહામંગલ વાક્યોની વિદ્યુત્ શક્તિ આત્મામાં એવા પ્રકારનો શૉક (Shock-કરંટ–શક્તિ) આપે છે કે જેથી આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ જન્ય સંજ્ઞાઓ સહેલાઇથી પરિષ્કૃત બની જાય છે. જીવનતલને ઉન્નત બનાવવા માટે આ પ્રકારના મંગલ વાક્યોને જીવનમાં ઉતારવાં પરમ આવશ્યક છે.

મૂલ વૃત્તિઓના પરિવર્તનનો બીજો ઉપાય 'વિલયન' છે. વિલયન બે પ્રકારે થઈ શકે છે–નિરોધથી અને વિરોધથી. નિરોધનું તાત્પર્ય એ છે કે વૃત્તિઓને ઉત્તેજિત થવાનો અવસર જ ન આપવો. આથી મૂલ વૃત્તિઓ થોડા જ સમયમાં નષ્ટ થાય છે. **વિલિયમ જેમ્સ**નું કથન છે કે જો કોઇ વૃત્તિને દીર્ઘકાળ સુધી પ્રકાશિત થવાનો અવસર ન મળે તો તે નષ્ટ પ્રાયઃ થઈ જાય છે. ધાર્મિક આસ્થા વડે વ્યક્તિ પોતાની વિકારી વૃત્તિઓને અવરુદ્ધ કરીને તેમનો નાશ કરી શકે છે. વિરોધથી વિલયન એ રીતે થાય છે કે જે એક સમયમાં

એક વૃત્તિ કાર્ય કરતી હોય, તે જ સમયે તેનાથી વિપરીત બીજી વૃત્તિને ઉત્તેજિત થવા દેવી. આવું કરવાથી બે પરસ્પર વિરોધી વૃત્તિઓનો એકી સાથે ઉદય થવાથી બંનેનું બળ ઘટી જાય છે. આ રીતે બંનેના પ્રકાશનની રીતમાં અંતર પડી જાય છે, અથવા બંને શાંત બની જાય છે. જેમ–દ્વંદ્વવૃત્તિ જ્યારે વેગ પકડતી હોય ત્યારે સહાનુભૂતિની વૃત્તિને વેગ આપવામાં આવે તો પૂર્વવૃત્તિનું વિલયન સરલતાથી થઇ જાય છે. નમસ્કાર મહામંત્રનું સ્મરણ આ દિશામાં પણ સહાયકરૂપે સિદ્ધ થાય છે. આ શુભ વૃત્તિના ઉત્પન્ન થવાથી અન્ય વૃત્તિઓને સહજ વિલીન કરી શકાય છે.

મૂલવૃત્તિના પરિવર્તનનો ત્રીજો ઉપાય 'માર્ગાન્તરી-કરણ છે. આ ઉપાય દમન અને વિલયન બન્ને ઉપાયોથી શ્રેષ્ઠ છે. મૂલવૃત્તિના દમનથી માનસિક શક્તિ સંચિત થાય છે; જ્યાં સુધી આ સંચિત શક્તિનો ઉપયોગ ન કરવામાં આવે ત્યાં સુધી તે હાનિ કરી શકે છે. નમસ્કાર મહામંત્રનું સ્મરણ એવું અમોઘ અસ્ત્ર છે કે જેથી નાનપણથી વ્યક્તિ પોતાની મૂલ વૃત્તિઓનું માર્ગાન્તરીકરણ કરી શકે છે. ચિન્તન કરવાની વૃત્તિ મનુષ્યમાં દેખાય છે, જો માણસ આ વૃત્તિમાં વિકારી ભાવનાઓને સ્થાન ન આપે અને આ પ્રકારના મંગલ વાક્યોનું ચિન્તન કરતો રહે તો એથી ચિન્તન વૃત્તિનું સુંદર માર્ગાન્તરીકરણ થાય છે. એ સત્ય છે કે મનુષ્યનું મન નિરર્થક નથી રહી શકતું, તેમાં કોઇને કોઈ પ્રકારના વિચાર અવશ્ય આવવાના જ. તેથી ચરિત્ર-ભ્રષ્ટ કરનાર વિચારોના સ્થાને ચરિત્રવર્ધક વિચારોને સ્થાન

આપવામાં આવે તો મનની ક્રિયા પણ ચાલતી રહેશે તથા તેના પર શુભ પ્રભાવ પણ પડતો રહેશે. જ્ઞાનાર્ણવમાં શ્રી શુભચન્દ્રાચાર્યે બતાવ્યું છે કે—

" अपास्य कल्पनाजालं, चिदानन्दमये स्वयम् ।
यः स्वरूपे लयं प्राप्तः, स स्याद्रत्नत्रयास्पदम् ॥
नित्यानन्दमयं शुद्धं, चित्स्वरूपं सनातनम् ।
पश्यात्मनि परं ज्योति–रद्वितीयमनव्ययम् ॥"

અર્થાત્ સમસ્ત કલ્પના જાલને દૂર કરીને પોતાના ચૈતન્ય અને આનન્દમય સ્વરૂપમાં લીન થવું, એ નિશ્ચયથી રત્નત્રયની પ્રાપ્તિનું સ્થાન છે. જે આ વિચારમાં લીન રહે છે કે, " હું નિત્ય આનન્દમય છું, શુદ્ધ છું, ચૈતન્યરૂપ છું, સનાતન છું, પરમજ્યોતિ (જ્ઞાનપ્રકાશ)રૂપ છું, અદ્વિતીય છું, ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય સહિત છું " તે વ્યક્તિ વ્યર્થ વિચારોથી પોતાની રક્ષા કરે છે, પવિત્ર વિચાર અથવા ધ્યાનમાં પોતાને લીન રાખે છે. માર્ગાન્તરીકરણનો આ સુન્દર પ્રયોગ છે.

મૂલ વૃત્તિઓના પરિવર્તનનો ચોથો ઉપાય 'શોધ' છે. જે વૃત્તિ પોતાના અપરિવર્તિતરૂપમાં નિન્દનીય કર્મરૂપે પ્રકાશિત થાય છે, તે શોધિતરૂપમાં પ્રકાશિત થાય તો શ્લાઘનીય બની જાય છે. વાસ્તવિક રીતે મૂલ વૃત્તિનું શોધન તે એક પ્રકારનું તે વૃત્તિનું માર્ગાન્તરીકરણ છે. કોઇ પણ મંગલવાક્યનું ચિન્તન આત્માને આર્ત્ત અને રૌદ્ર ધ્યાનથી દૂર રાખીને ધર્મધ્યાનમાં સ્થિર કરે છે, તેથી ધર્મધ્યાનનું પ્રધાન કારણ એવા નમસ્કાર મહામંત્રનું સ્મરણ અને

ચિન્તન આત્માનું પરમ આવશ્યક બને છે.

ઉપર્યુક્ત મનોવૈજ્ઞાનિક વિશ્લેષણનો અભિપ્રાય એ છે કે નમસ્કાર મહામંત્ર વડે કોઇ પણ વ્યક્તિ પોતાના મનને પ્રભાવિત કરી શકે છે. આ મન્ત્ર મનુષ્યના ચેતન, અવચેતન અને અચેતન ત્રણે પ્રકારના મનને પ્રભાવિત કરી અચેતન અવચેતન પર સુન્દર સ્થાયીભાવનો સંસ્કાર નાખે છે, જેથી મૂલ વૃત્તિઓનો પરિષ્કાર થાય છે અને અચેતન મનમાં વાસનાઓને એકત્ર થવાનો અવસર રહેતો નથી. આ મન્ત્રની વિદ્યુત્ શક્તિથી આરાધકનું આન્તરિક દ્વંદ્વ શાંત બની જાય છે, નૈતિક ભાવનાઓનો ઉદય થાય છે, જેથી અનૈતિક વાસનાઓનું દમન થઈ નૈતિક સંસ્કારો ઉત્પન્ન થાય છે. આંતરમાં ઉત્પન્ન થયેલી વિદ્યુત્ બાહ્ય અને આંતરમાં પ્રકાશ ઉત્પન્ન કરે છે, જેથી વાસનાત્મક સંસ્કારો ભસ્મ થઇ જાય છે અને જ્ઞાનનો પ્રકાશ વિસ્તરે છે. આ મન્ત્રના નિરન્તર ઉચ્ચારણ, સ્મરણ અને ચિન્તનથી આત્મામાં એક શક્તિ ઉત્પન્ન થાય છે, જેને આજની ભાષામાં 'વિદ્યુત્' કહી શકાય, આ શક્તિથી આત્માનું શોધન થાય છે અને સાથે સાથે આ મન્ત્રથી આશ્ચર્યજનક કાર્યો પણ કરી શકાય છે.*

* [ભારતીય જ્ઞાનપીઠ, કાશી તરફથી બહાર પડેલ '**णमोक्कार, एकम् अनुचिन्तनम्**' એ નામના હિન્દી પુસ્તકના 'મનોવિજ્ઞાન અને નમસ્કાર મંત્ર' એ પ્રકરણનો આ ગુજરાતી અનુવાદ છે. પુસ્તકના મૂળ લેખક શ્રી નેમિચંદ્રજૈન જ્યોતિષાચાર્ય છે. નમસ્કાર મંત્રના પ્રેમીઓ માટે પુસ્તક મનનીય છે.]

卐 卐 卐

# પરિશિષ્ટ નં—૭

# મંત્ર જપ

શબ્દની શક્તિના સદુપયોગ અથવા દુરૂપયોગથી ઘણા પ્રાચીન કાળથી માનવજાતિ પરિચિત છે. આદિવાસીઓએ પોતાના ગૂઢ ક્રિયાકાંડોમાં તથા પ્રતીકોમાં આ શક્તિ ગૂંથી લીધી હતી. વીસમી સદીની સંસ્કૃતિએ રાજકીય પ્રચાર અને વ્યાપારી જાહેરાતોમાં તેનો દુરૂપયોગ કર્યો છે.

'શબ્દ' અને 'ભાવ' એક બીજા સાથે સંકળાએલા છે. ઈશ્વરના 'નામ' સાથે ઇશ્વરનો 'ભાવ' જોડાયેલો છે. શબ્દની શક્તિનું આધ્યાત્મિકજીવનમાં જે મહત્ત્વ છે, તે સમજવું જોઇએ. આ મહત્ત્વ માત્ર સ્વાનુભવ વડે સમજાય તેવું છે.

જેમને જપનો અનુભવ નથી, તેમને આ ક્રિયા નિરર્થક અને યાંત્રિક લાગે છે, તેઓ તેનો તિરસ્કાર કરે છે. તેઓ કટાક્ષ પૂર્વક કહે છે કે "ચોક્કસ શબ્દો વારંવાર ગણવાથી શું લાભ ?"

સત્ય એ છે કે આપણે આપણી જાતને તપાસી નથી, શું આપણો સર્વ સમય યુક્તિપૂર્ણ વિચાર ધારામાં જાય છે ?

મોટાભાગના માનવીઓનો ભાગ્યે જ થોડો સમય કોઈ એકાદ વિષય ઉપર વ્યવસ્થિત વિચાર કરવામાં જતો હશે!

આપણી જાગૃતિના ઘણા કલાકો નિરર્થક વિચારોમાં, ત્રુટક ઇન્દ્રિયાનુભવમાં, સ્મૃતિના વેરવિખેર અંશોમાં, પુસ્તકો

કે છાપાની નકામી વિગતોમાં, કે ભય, અણુગમો, અરૂચિ, ઉશ્કેરાટ અને આળસમાં વહી જાય છે.

જો આપણે વીસ મનુષ્યોની માનસ વૃત્તિનું નિરીક્ષણ કરીશું, તો સમજાશે કે ભાગ્યે જ એક અથવા બે વ્યક્તિનું મન વ્યવસ્થિત કાર્ય કરતું હશે, બાકીના અઢાર કે ઓગણીસના વિચારો અને ભાવોની અસંબદ્ધતા આપણને આશ્ચર્ય પમાડશે.

આપણામાંના મોટાભાગના મનની આ સ્થિતિ છે, બાહ્ય સંજોગોથી આપણી વિચારધારા બંધાએલી છે. આબોહવાની ઠંડી ગરમી આપણા ભાવો પર અસર કરે છે, માખી અને મચ્છરનો ગણગણાટ આપણને વ્યગ્ર કરે છે.

આવી માનસિક પરિસ્થિતિમાં ઈશ્વરના નામના જપ વડે આપણે અનિયંત્રિત ભાવો પર કાબુ મેળવી શકીએ છીએ.

આપણા મનમાં એકાદ મિત્રનું કે શત્રુનું, કોઈ ચિંતાનુ કે ઇચ્છિત પદાર્થનું નામ આપણે ગણગણતા હોઇએ છીએ, ત્યારે આવા પ્રત્યેક શબ્દની આસપાસ તેનું પોતાનું માનસિક વાતાવરણ રચાયેલું હોય છે.

'યુદ્ધ, કેન્સર કે ધન' જેવા શબ્દનો દશહજાર વાર ઉચ્ચાર કરો, આ શબ્દ સાથે સંકળાયેલા વિચારો વડે તમારી ભાવનાઓ રંગાશે. બરાબર એવી જ રીતે ઈશ્વરનું નામ તમારા માનસિક ભાવોમાં શુભ પરિવર્તન લાવશે—અવશ્ય લાવશે.

શાસ્ત્રોમાં વારંવાર ભગવાનના નામનું શરણ લેવાની

વાત આવે છે. 'ઈશ્વરનું નામ એવો અભેદ કિલ્લો છે. જેને પ્રાપ્ત કરનારા ભક્તો ભયરહિત છે.' આ કાંઈ કવિતાની ઉપમા નથી, પરંતુ આપણા આધ્યાત્મિક જીવનનું એક વાસ્તવિક સત્ય છે.

જ્યારે મન ચિંતા કે ભય વડે અથવા શારીરિક-વેદના વડે ભયંકર વ્યગ્ર બની ગયું હોય અને સ્થિરતાપૂર્વક વિચાર ન થઈ શકતો હોય ત્યારે ઇશ્વરના નામનો જાપ કરો! સર્વ વ્યગ્રતા શમી જાય ત્યાં સુધી જાપ કરો !! જાપને દૃઢતાપૂર્વક વળગી રહો !!!

જ્યારે ભગવન્નામની શક્તિનો તમને જીવનમાં અનુભવ થશે ત્યારે તમારી શ્રદ્ધા દૃઢ બનશે. સતત અભ્યાસ વડે જપક્રિયા સ્વાભાવિક બને છે, પછી જાપ માટે ઈચ્છાપૂર્વક પ્રયત્ન કરવો પડતો નથી.

નામ જપની સાથે ભગવાનના ગુણોનું ચિંતન-ધ્યાન પણ અગત્યનું છે. નામજપ અને ધ્યાન બન્ને કાર્યો એક બીજા સાથે સંકળાએલાં છે. જપ દ્વારા તેની આગળની ભૂમિકા ધ્યાન પ્રાપ્ત થાય છે, જપ વડે આપણું ચંચળ મન કેન્દ્રિત બને છે.

આપણે વારંવાર જે 'નામ'નું ઉચ્ચારણ કરીએ છીએ તેના 'ભાવો' આપણામાં સ્ફુરે છે. જો આધ્યાત્મિક સાધનામાં આપણે ટેવાયેલા ન હોઇએ તો જપ સમયે મનમાં અનેક સંકલ્પ-વિકલ્પો જાગે છે, પરંતુ જપની દૃઢતાવડે સંકલ્પ-વિકલ્પો પણ રાજસિક કે તામસિકને

બદલે સાત્ત્વિક બનતા જાય છે. જપ દ્વારા સંકલ્પ-વિકલ્પમાં દોડતું મન ફરી ફરીને ભગવાનના નામમાં આવે છે અને ધીમે ધીમે આપણામાં એકાગ્રતા પ્રગટે છે.

ભારતમાં શિષ્ય જ્યારે ગુરુ પાસે દીક્ષા અર્થે આવતો ત્યારે ગુરુ તેને દીક્ષામંત્ર આપતા. આ મંત્રની આરાધના શિષ્યને જીવનભર કરવાની રહેતી. આ ગુરુમંત્ર ઘણો પવિત્ર ગણાતો, એને અત્યંત ગુપ્ત રાખવામાં આવતો, અને શિષ્યને ગુરુ તરફથી વ્યક્તિગત દર્શાવેલી સાધનાનું એ સત્ત્વ ગણાતું.

આ રીતે ગુરુપ્રદત્ત બીજમંત્ર દ્વારા આધ્યાત્મિક-જ્ઞાન ગુરુ-શિષ્યની પરંપરામાં આવતું.

પ્રાપ્ત થયેલો ગુરુમંત્ર અત્યંત ગુપ્ત રાખવો જોઇએ. મંત્ર ફરી ફરીને ગણવો તેનું નામ 'જપ'. મણકાની માળા વડે જપ થઈ શકે છે, માળા વડે જપ કરવાથી સ્થૂલ ક્રિયા અને સૂક્ષ્મક્રિયાનું સંધાણ સરળ બને છે. માળાના ઉપયોગથી શરૂઆતમાં સાધકનું મન સરળતાથી જપમાં પરોવાય છે અને નિત્યજપમાં સંખ્યાની ગણત્રી માટે પણ માળા સહાયક બને છે.

જપનું સાધન માત્ર હિન્દુ ધર્મમાં છે, એવું નથી. ખ્રિસ્તી ધર્મમાં પણ જપનો ઉપદેશ છે તથા મંત્રો પણ દર્શાવ્યા છે.

પ્રાર્થના અને જપ સબંધી કેટલાક ઉલ્લેખો ખ્રિસ્તી ધર્મના પુસ્તકો 'The way of Pilgrim' અને 'The Pilgrim Continues His way'માંથી અહીં આપીએ છીએ–

ઈશ્વરનું નામ સતત વાણી દ્વારા જપવું, હૃદયમાં તેનું ભાવપૂર્વક સ્મરણ કરવું અને આત્માવડે તેમાં તન્મય થવું, માનસ ચક્ષુઓથી ઈશ્વરનું સતત સાનિધ્ય અનુભવવું અને તેની કૃપા માણવી. સુતાં અને જાગતાં સર્વ જગ્યાએ સર્વ સમયે આ પ્રમાણે કરવું, ત્યારે આ ભાવના ભાવવી કે 'હે પ્રભુ! મારા ઉપર દયા કરો.'

સાધક જ્યારે આ ભાવનાથી રંગાય છે ત્યારે તે ઉંડો આત્મસંતોષ અનુભવે છે, પ્રાર્થનાની અનિવાર્ય અગત્ય તેને હવે સમજાય છે. તેને લાગે છે કે પ્રાર્થના વગર જીવી શકાય નહિ. પછી પ્રાર્થના તેના શ્વાસોચ્છવાસ સાથે વણાઇ જશે.

પોતાને આધ્યાત્મિક માર્ગમાં આગળ વધેલો ગણનારા કેટલાક લોકો એમ માને છે કે એકની એક પ્રાર્થના કરવી નિરર્થક છે, આવી યાંત્રિક અર્થહીન ક્રિયાઓ માત્ર અણસમજુ માટે છે.

બાહ્યથી યાંત્રિક દેખાતી જપક્રિયા વડે પ્રાપ્ત થતાં રહસ્યથી તેઓ અપરિચિત છે, તેઓ જાણતા નથી કે વારંવાર વાણી દ્વારા થતો જપ કઈ રીતે સાચા હૃદયની પ્રાર્થના બને છે? સમગ્ર જીવન સાથે જપ વણાઇ જાય છે, તેમાંથી પ્રસન્નતા પ્રગટે છે, આત્મસાત બની જાય છે, તેથી આત્માને પ્રકાશ તથા પોષણ પ્રાપ્ત થાય છે અને અંતે તે આત્માને ઈશ્વરમય બનાવે છે.

એક ખ્રિસ્તી સંત પ્રાર્થના માટે કહે છે કે–સંસારની ચિંતાઓમાં ડૂબેલા તથા દેવલમાં ન જઈ શકનારાઓ માટે

પણ પ્રાર્થના અશક્ય નથી. ગમે ત્યાં ગમે ત્યારે તમે ઈશ્વરની ભક્તિ કરી શકો છો–તેનું સ્મરણ કરી શકો છો.

જ્યારે ધંધે લાગેલા હો ત્યારે, જ્યારે પ્રવાસમાં હો ત્યારે, ગલ્લા ઉપર બેઠેલા હો ત્યારે, કાંઈ કામ કરતા હો ત્યારે, સર્વ સમયે, સર્વ સંયોગોમાં, સર્વ સ્થાને પ્રાર્થના થઇ શકે છે. આ માર્ગે સાધકને સફળતા મળશે અને સતત જપ વડે ઇશ્વરનું નામ તેના હૃદયમાં વણાઇ જશે. અનુભવથી તેને સમજાશે કે વારંવાર પ્રાર્થના જે મોક્ષનો અદ્વિતીય ઉપાય છે, તે વાણીનો જપ તેને મનની તન્મયતામાં લઈ જશે અને આત્માની અનંત સમૃદ્ધિનું મહારાજ્ય પ્રાપ્ત કરાવશે *

* મંત્ર જપ સંબંધી આ લખાણ પાતંજલ યોગસૂત્ર ઉપર અંગ્રેજી ટીકાના પ્રસિદ્ધ લેખક સ્વામી પ્રભવાનંદ અને ક્રીસ્ટોફર ઈશરવુડે 'How to Know God' [London Edition]એ નામના પુસ્તકના પૃ. ૩૬ થી ૪૧માં લખ્યું છે તેનો આ ગુજરાતી સારાંશ છે. સહૃદય વાચકો તેમાંથી સાર ગ્રહણ કરશે, એવી આશા છે,

卐 卐 卐

**જપદ્વારા પરમેષ્ઠિ નમસ્કારને હૃદયમાં વસાવ્યા પછી કોઇ અશુભ ભાવ ત્યાં રહી શકતો નથી.**

卐 卐 卐

# પરિશિષ્ટ નં–૮
# શ્રી નવકાર મંત્રનાં ગીતો.

(૧)

## પરમેષ્ઠિ મંત્ર નવકાર.

સમરો મંત્ર ભલો નવકાર, એ છે ચૌદપૂરવનો સાર;
એના મહિમાનો નહિ પાર, એનો અર્થ અનંત ઉદાર...૧.

સુખમાં સમરો દુઃખમાં સમરો, સમરો દિવસ ને રાત;
જીવતાં સમરો મરતાં સમરો, સમરો સૌ સંગાત....સમ૦–૨.

યોગી સમરે ભોગી સમરે, સમરે રાજા રંક;
દેવો સમરે દાનવ સમરે, સમરે સૌ નિશંક....સમ૦–૩.

અડસઠ અક્ષર એના જાણો, અડસઠ તીરથ સાર;
આઠ સંપદાથી પરમાણો, અડસિદ્ધિ દાતાર....સમ૦–૪.

નવ પદ એના નવનિધિ આપે, ભવભવના દુઃખ કાપે;
વીર વચનથી હૃદયે વ્યાપે, પરમાતમ પદ આપે....સમ૦–૫.

卐 卐 卐

(૨)

શ્રી નવકાર જપો મનરંગે, શ્રી જિનશાસન સાર;
સર્વ મંગલમાં પહેલું મંગલ. જપતાં જયજયકાર. (૧)
પહેલે પદ ત્રિભુવનજન પૂજિત, પ્રણમો શ્રી અરિહંત;
અષ્ટકર્મ વરજિત બીજે પદ, ધ્યાવો સિદ્ધ અનંત. (૨)
આચારજ ત્રીજે પદ સમરો, ગુણ છત્રીશ નિધાન;
ચોથે પદ ઉવજ્ઝાય જપીજે, સૂત્ર સિદ્ધાંત સુજાણ. (૩)
સર્વ સાધુ પંચમ પદ પ્રણમો, પંચ મહાવ્રત ધાર;
નવ પદ અષ્ટ ઇહાં છે સંપદ, અડસઠ વરણ સંભાર. (૪)
સાત અક્ષર છે ગુરુ જેહના, એકસઠ લઘુ ઉચ્ચાર;
સાત સાગરના પાતક વર્ણે, પદે પંચાસ વિચાર. (૫)
સંપૂરણ પણસય સાગરના, પાતક જાયે દૂર;
ઈહ ભવ સર્વકુશળ મનવાંછિત, પરભવ સુખ ભરપૂર. (૬)
યોગી સોવન પુરીસો કીધો, શિવકુમર ઇણે ધ્યાન;
સર્પ મિટિ તિહાં ફૂલની માળા, શ્રીમતીને પરધાન. (૭)
જક્ષ ઉપદ્રવ કરતો વાર્યો, પરચો એ પરસિદ્ધ;
ચોર ચંડપિંગલ ને હુંડક, પામે સુરતણી રિદ્ધ. (૮)
પંચ પરમેષ્ઠિ છે જગ ઉત્તમ, ચૌદપૂરવનો સાર;
ગુણ બોલે શ્રી પદ્મરાજગણી, મહિમા જાસ અપાર. (૯)

卐 卐 卐

(૩)

(સમરો મંત્ર ભલો નવકાર...એ રાગ)

ગણજો મંત્ર ભલો નવકાર, એહની સિદ્ધિનો નહિ પાર;
એના સમર્યાથી સુખ થાય, એના ગણવાથી દુઃખ જાય-ગણ૦-૧

સુખમાં ગણજો દુઃખમાં ગણજો, મરતાં પ્રેમથી સુણજો;
ત્રિકરણ યોગે હરઘડી ગણજો, અવિચળ સુખડાં વરજો-ગણ૦-૨

દેવો ગણતા દાનવ ગણતા, ગણતા રંક ને રાય;
યોગી ભોગી ધ્યાને સમરી, મુક્તિપુરીમાં જાય-ગણ૦-૩

મહિમાવંતો જુગ જયવંતો, મંગળને કરનાર;
શક્તિવંતો કર્મ ચૂરંતો, દેવગતિ દેનાર-ગણ૦-૪

મંત્ર શિરોમણિ લયથી ગણતાં, કેઈ તર્યા નરનાર;
મરણાંતે તિર્યંચો સુણતાં, વર્યા દેવ અવતાર-ગણ૦-૫

અડસઠ અક્ષર ધ્યાને સમરો, સંપદા અષ્ટ વિચાર;
નવપદ એના હૃદયે ધારો, અડસિદ્ધિ દેનાર-ગણ૦-૬

સઘળા અક્ષર મહિમાવંતા, ગણજો નર ને નાર;
પંચ પરમેષ્ઠી ભાવે નમતાં, ઉતારે ભવપાર-ગણ૦-૭

નવકાર કેરો અર્થ અનંતો, શ્રી અરિહાએ ભાંખ્યો;
ચૌદ પૂર્વના સાર રૂપે એને, સૂત્ર શિરોમણી દાખ્યો-ગણ૦-૮

ભણતાં ગુણતાં નિર્જરા થાવે, પાપ પડલ દૂર જાવે;
આતમ અરિહા સમીપે આવે, અક્ષય પદને પાવે-ગણ૦-૯

卐 卐 卐

(૪)

(રઘુપતિ રાઘવ રાજારામ......એ રાગ.)

મંગલમય સમરો નવકાર, એ છે ચૌદ પૂરવનો સાર;
જેના મહિમાનો નહિ પાર, ભવ જલધિથી તારણહાર....૧
અરિહંત શાસનના શણગાર, સિદ્ધ અનંતા સુખ દેનાર;
સૂરિ-પાઠક-મુનિ ગુરૂ મનોહાર, એ પાંચે પરમેષ્ઠિ ઉદાર....૨
નવપદ એ નવસેરો હાર, હૃદયે ધરતાં ઉતરે પાર;
અડસઠ અક્ષર તીરથ સાર, સંપદ આઠસિદ્ધિ દાતાર....૩
સતી શિરોમણિં શ્રીમતી નાર, મન શુદ્ધે ગણુતી નવકાર;
તેનું દુઃખ હરવા તત્કાળ, ફણિધર ફીટી થઇ ફૂલમાળ....૪
મુનિએ દીધો વન મોઝાર, ભીલ ભીલડીને નવકાર;
ભાવે જપતાં પૂરણ આય, બે જણ રાજા રાણી થાય....૫
સમળીને મરતાં નવકાર, દઈ મુનિએ કીધો ઉપકાર;
રાજપુત્રી થઈ કર્યો ઉદાર, સુદર્શનાએ સમળી વિહાર....૬
કમઠ કાષ્ઠમાં બળતો નાગ, દેખે પાર્શ્વકુંવર મહાભાગ;
સેવક મુખ દીધો નવકાર, ઈન્દ્ર થયો તે નાગકુમાર....૭
અમર કુંવર જપતાં નવકાર, મહાકષ્ટથી થયો ઉદ્ધાર;
રાજા તેના પ્રણમે પાય, નમસ્કાર મહિમા ફેલાય....૮
પાપપ્રણાશક શ્રીનવકાર, મહામંગલ છે શ્રીનવકાર;
વિઘ્નવિદારક શ્રીનવકાર, શિવસુખદાયક શ્રીનવકાર....૯
ક્ષણ ક્ષણ સમરો શ્રીનવકાર, પળ પળ સમરો શ્રીનવકાર;
ઘડી ઘડી સમરો શ્રીનવકાર, અહોનિશ સમરો શ્રીનવકાર....૧૦
એ નવકારનું ગીત રસાલ, ગાતાં સુણતાં મંગલમાલ;
**લબ્ધિસૂરીશ્વર** કેરો બાલ, પદ્મ નમે કરજોડી ભાલ....૧૧

卐 卐 卐

## શ્રી સિદ્ધચક્ર મહિમા ગીત.

(૫)

(રઘુપતિ રાઘવ રાજા રામ...એ રાગ)

સિદ્ધચક્રનું ધરીએ ધ્યાન, જગમાં નહિ કોઇ એહ સમાન;
નવપદ એ છે નવે વિધાન, સેવો હૃદય ધરી બહુમાન....૧
મહા ઉપકારી શ્રી અરિહંત, શુદ્ધ સ્વરૂપી સિદ્ધ અનંત;
આચારજ વાચક મુનિરાજ, પરમેષ્ઠિ હો મુજ શિરતાજ....૨
દર્શન જ્ઞાન ચરણ સુખકાર, મોક્ષમાર્ગ કહ્યો સૂત્ર મોઝાર;
તપ આદરજો બાર પ્રકાર, એ નવપદના ગુણ અપાર....૩
દેવ-ગુરૂને ધર્મનો વાસ, નવપદ પૂરે વાંછિત આશ;
વંદન કરીએ મન ઉલ્લાસ, કઠિન કર્મનો થાએ નાશ....૪
કર્મની સત્તા સામે બંડ, મોહરાયને દેવા દંડ;
હરવા ચઉગતિ દુઃખ પ્રચંડ, નવપદનો છે અંક અખંડ....૫
સેવ્યો મયણાં ને શ્રીપાલ, કોઢનો રોગ ગયો તત્કાળ;
નવપદ ધ્યાને દુઃખ વિસરાળ, પગ પગ ઋદ્ધિ સુખ વિશાળ....૬
નવપદ આરાધો શુભ ભાવ, જેનો જગમાં પ્રગટ પ્રભાવ;
માનવભવનો સાચો લ્હાવ, ફરી ફરી મળશે નહિ દાવ....૭
નવ આયંબીલની ઓળી એક, એમ નવ કરજો રાખી ટેક;
હૃદયશુદ્ધિ ને વિધિ અનુસાર, સેવી સફળ કરો અવતાર....૮
સિદ્ધચક્ર મહિમાનું ગીત, આરાધક બનવાની રીત;
લબ્ધિસૂરિ શિશુ બે કરજોડ, પદ્મ કહે હો વંદન ક્રોડ....૯

卐 卐 卐

# શુદ્ધિપત્રક*

| પૃષ્ઠ-પંક્તિ | અશુદ્ધં-શુદ્ધં |
|---|---|
| ૧૧-૧૪ | એશ્વર્ય-ઐશ્વર્ય |
| ૧૭-૨ | મૂળશ્રોત-મૂળસ્રોત |
| ૪૫-૧ | સર્વશ્રેષ્ટ-સર્વશ્રેષ્ઠ |
| ૪૬-૯ | અનુસ્રોત-અનુસ્રોત |
| ૪૮-૧૧ | નિંર્ગુણી-નિર્ગુણી |
| ૪૯-૧૦ | એધી-એવી |
| ૫૯-૨ | चैकाग्रय-चैकाग्र्य |
| ૫૯-૧૩ | મન-૦ |
| ૬૨-૪ | ધ્યાન હોવા-ધ્યાન ધ્યાન હોવા૦ |
| ૭૧-૫ | धर्मं-धर्मं |
| ૮૨-૧૭ | વસ્રાદિ-વસ્ત્રાદિ |
| ૮૫-૮ | मन्ये-मतं |
| ૯૧-૧૨ | જીવનશુદ્ધિ-જીવનીશુદ્ધિ |
| ૯૪-૧૭ | પ્રતિષ્ટિત-પ્રતિષ્ઠિત |
| ૯૪-૨૫ | શ્રેષ્ટ-શ્રેષ્ઠ |
| ૧૦૦-૪ | જિનવરેન્દ્રાની-જિનવરેન્દ્રોની |
| ૧૦૧-૧૧ | નીવિઘ્ને-નિર્વિઘ્ને |
| ૧૦૨-૮ | गृहितानि-गृहीतानि |
| ૧૦૩-૨ | મહામંત્રનો-મહામંત્રનો |
| ૧૦૫-૧ | મહામંત્રમો-મહામંત્રનો |
| ૧૦૬-૨૨ | સ્વાધ્યાય-સ્વાધ્યાય |
| ૧૧૦-૯ | શાસ્રોમાં-શાસ્ત્રોમાં |
| ૧૧૧-૧૪ | એબ્સોરેપ્શન-એબ્સોર્પ્શન |
| ૧૧૧-૧૯ | ચિરકાલિન-ચિરકાલીન |
| ૧૨૨-૯ | ન્ય યથી-ન્યાયથી |
| ૧૨૬-૪ | नमा-नमो |
| ૧૨૬-૯ | ० त्पणासणा ० त्पणासणो |
| ૧૨૬-૧૧ | લઘુ-૪, ગુરૂ-૨૯ ગુરૂ-૪, લઘુ-૨૯ |
| ૧૨૭-૧૪ | माचके-मोचके |
| ૧૨૮-૨ | यश्चैनं-यश्चैवं |
| ૧૨૮-૧૭ | सव्वा०-सव्व० |
| ૧૨૮-૨૦ | पंच नमुकारो-पंचनमुक्कारो |
| ૧૩૫-૧૬ | વિશુદ્ધિ-વિશુદ્ધ |
| ૧૪૦-૧૧ | ધોળી-ધોળી |

---

* વિરામચિન્હો વિગેરે શેષક્ષતિઓ યથાયોગ્ય સુધારીને વાંચવી.

" शिवमस्तु सर्वजगतः,
परहितनीरता भवन्तु भूतगणाः ।
दोषाः प्रयान्तु नाशं;
सर्वत्र सुखी भवतु लोकः ॥ " .

" सर्वमङ्गलमाङ्गल्यं,
सर्वकल्याणकारणम् ।
प्रधानं सर्वधर्माणाम्;
जैनं जयति शासनम् ॥ "

'નવકારના પ્રત્યેક અક્ષરમાંથી નીકળતા પ્રકાશને આત્મવ્યાપી બનાવો : એથી અજ્ઞાન-અંધકાર આત્મામાંથી પોતાની મેળે જ પલાયન થઈ જશે'

卐

'મારો સર્વતોમુખી વિકાસ સાધવાનું, મને સુખી બનાવવાનું, આપત્તિઓને દૂર કરવાનું અને સર્વ મનોરથોને સફળ બનાવવાનું જે સામર્થ્ય નમસ્કારમાં છે તે મારે માટે બીજે ક્યાંય નથી.'

卐

'પરમેષ્ઠિ નમસ્કાર સૌનું કલ્યાણ કરવા હંમેશાં તૈયાર છે, માત્ર આત્માએ પોતાના કલ્યાણની, સુખની, શાન્તિની, સર્વ જવાબદારી તેને સોંપી દેવી જોઈએ અને વચ્ચે વિઘ્નો કર્યા વિના તેને કામ કરવા દેવું જોઈએ.'

'જીવનના પ્રત્યેક દિવસની ત્રણ સંધ્યાએ તમે ૧૦૮ નમસ્કારને એવી રીતે સમર્પણ કરો કે તે વખતે તમે નમસ્કારના ધ્યાન વિના બીજું કંઈ કરી જ ન શકો! છ મહિનાના નિયમિત એકાગ્ર ધ્યાન પછી તમે જોશો કે તમારૂં જીવન પવિત્ર અને શાન્તિમય બની ગયું છે. તમારી ઈચ્છાઓ તમને કલ્પના ન આવે એ રીતે સફળ થવા લાગી છે.'

卐 卐 卐

"मंताण मंतो परमो इमुत्ति,
ध्येयाण ध्येयं परमं इमुत्ति।
तत्ताण तत्तं परमं पवित्तं,
संसारसत्ताण दुहाहयाणं॥"

[श्राद्धदिनकृत्य]

'અનેક દુઃખોથી પરાજિત સંસારી જીવો માટે 'નવકાર' સર્વમંત્રોમાં પ્રધાન મંત્ર છે, સર્વ ધ્યેયોમાં શ્રેષ્ઠ ધ્યેય છે અને સર્વ તત્ત્વોમાં પરમ પવિત્ર તત્ત્વ છે.'

卐 卐 卐

'નવકારરૂપ જે ખડક પર હું ઉભો છું, તે ખડક પર ભવસમુદ્રનાં તોફાની મોજાંઓ ગમે તેટલાં આવી પડો! મારૂં કશું જ વાંકું થઈ શકે તેમ નથી. ઉલટું તે બીચારાં મોજાંઓ ખડક સાથે અથડાઈ અથડાઈને છિન્ન ભિન્ન થઈ જશે!!'

ધી રાજનગર બુક બાઈન્ડીંગ વર્કસ—અમદાવાદ